सन्मार्गदर्शक

श्रीईश्वर-विहारीविलास

(ભાગ ૧-૨)



યોજનાર:-

પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજ શ્રીઈશ્વરરામજી.

सन्मार्गदर्शक

श्रीईश्वर-विहारीविलास

(ભાગ ૧–૨)



યોજનાર:–

પૂજ્યપાદ બ્રહ્મવિદ્‌વરિષ્ઠ મહારાજ શ્રીઈશ્વરરામજી.

realpatidar.com

॥ ॐ ॥

सन्मार्गदर्शक

श्रीईश्वर-विहारीविलास

(ભાગ ૧-૨.)

યોજનાર:-

પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજ શ્રીઓધવરામજી.
શ્રીઇશ્વર-આશ્રમ, ઇશ્વરનગર (કચ્છ)

પ્રકાશક:-

શ્રીમાન્ મિસ્ત્રી મનજીભાઇ જેરામ-માધાપુર (કચ્છ)
તથા
શ્રીમાન્ મિસ્ત્રી હીરજીભાઇ વિશ્રામ-હાજાપુર(કચ્છ)

બીજી આવૃત્તિ] શ્રીરામનૌમી [પ્રત ૫૧૦
સં. ૧૯૯૯] સર્વ હક્ક સ્વાધીન [સને ૧૯૪૩

Printed in 1943

મૂલ્ય રૂા.

નોંધ:-આ પુસ્તકની ઉપજતી કીંમતનો ઉપયોગ ત્રીજી આવૃત્તિને માટે થશે.

શ્રી સત્સંગ પ્રિ. પ્રેસમાં જીવાભાઇ વી. જેઠવાએ છાપ્યું,
રાજકોટ (કાઠિયાવાડ)

—: અનુક્રમણિકા :—

અર્પણ

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ સાક્ષાત
શ્રીઇશ્વરાવતાર મહારાજ શ્રીઇશ્વરરામજી
શ્રીગુરુદેવના અજ્ઞાનધ્વાંતહર પાવન પાદપંકજમાં
પુનઃ પુનઃ પ્રણામ સહિત તેઓશ્રીના
વરદ હસ્તમાં આ જનકલ્યાણસાધક
પુસ્તકને આદર સહિત અર્પણ
કરી હું કૃતાર્થ થાઉં છું.

22-Nov-1942

સં. ૧૯૯૯
દેવદીવાળી.

લે૦
યોજનાર.



શ્રીમાન્ મિસ્ત્રી મનજીભાઇ જેરામ,
માધાપુર (કચ્છ)

(પ્રકાશકો)



શ્રીમાન્ મિસ્ત્રી હીરજીભાઇ વિશ્રામ,
હાજાપુર (કચ્છ)



નિવેદન

સંવત્ ૧૯૮૩ માં ભાવિક જનો તેમજ શ્રદ્ધાળુ સેવકોની પ્રેરણાથી અને તેમના આગ્રહથી કચ્છ દેશમાં શ્રી ઈશ્વર–આશ્રમે પરંપરાપ્રાપ્ત જે સંત મહંતો બ્રહ્મવેત્તા મહાપુરુષો થતા આવ્યા છે, તેઓની અમૂલ્ય અમૃતમય વાણી હસ્ત-લિખિત અક્ષરોમાં જુદા જુદા કાગળે જે છિન્નભિન્ન અવસ્થામાં પડી હતી તેમજ તે મહાપુરુષોનાં શુભ જીવનચરિત્ર પરત્વે જે જે હકીકતો જાણવામાં આવી છે, તે સર્વનો સંગ્રહ કરી સર્વ જનસમાજને તેનો અમૂલ્ય લાભ આપવા રેહા ગામ નિવાસી તથા હાજાપુર ગામ નિવાસી સજ્જનસેવકોની ઉદાર આર્થિક સહાયથી આ 'શ્રી ઇશ્વર–વિહારી વિલાસ' પુસ્તકની નાગરી લિપીમાં પ્રત એક હજાર છપાવી પ્રથમાવૃત્તિ પ્રકટ કરવામાં આવી હતી; પરંતુ ઘણા આનંદની વાત છે કે, એ પ્રતો સજ્જન સેવકોના પ્રેમને લઇ થોડા સમયમાંજ ખપી ગઇ, અને એ પુસ્તકની ગુજરાતી લિપીમાં બીજી આવૃત્તિ પ્રકટ થવા તેઓ તરફથી ઉપરાઉપર માંગણી આવવાથી કેટલા-એક સુધારા–વધારાની સાથે આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રકટ કરવામાં આવી છે, અને કેટલોએક આ પુસ્તકનો ભાગ

સર્વ જનસમાજને ઉપયોગી ન જાણી તેમજ તે ભાગ પ્રથમાવૃત્તિમાં છપાઇ ગયેલો હોવાથી તે આ બીજી આવૃત્તિમાં આપવામાં આવ્યો નથી, સર્વને ઉપયોગી એવો માત્ર સાર ભાગજ આ નૂતન આવૃત્તિમાં આપવામાં આવ્યો છે.

સાચા શિષ્યને હમેશાં પોતાના ગુરુ પર સાચો પ્રેમ હોય છે, અને તે પોતાના ગુરુની શુભ કીર્તિ વધારવાનો સદા પ્રયત્ન કરે છે. આમ હોવાથી અમારા ગુરુજનોનાં જીવનચરિત્ર-રૂપી ઔષધો સદાને માટે કાયમ રહે, અને સંસારના વિવિધ દુઃખરૂપી રોગથી પીડાતા મનુષ્યોના રોગો નિવૃત્ત થાય. આવા અભિપ્રાયથી પણ આ બીજી આવૃત્તિ પ્રકટ કરવામાં આવી છે.

સર્વ સજ્જનસેવકોને તેમજ સર્વ ભાવિકજનોને મારૂં નમ્ર નિવેદન છે કે આ પુસ્તકમાં કોઇ સ્થળે દૃષ્ટિદોષથી રહી ગયેલી ભૂલો જેવું કંઇ જોવામાં આવે તો તે વાંચનાર સજ્જન ભાઇઓએ સુધારી સમજી વાંચવું, અને કેવલ ભાષા તરફ તેમજ કેવલ શબ્દશુદ્ધિ તરફ દૃષ્ટી ન કરતાં સાર તરફ દૃષ્ટી કરવી, કારણ કે સજ્જનો સારગ્રાહી હોય છે. આમ હોવાથી વાંચનાર સજ્જનો અવશ્ય સારજ ગ્રહણ કરશે, એવી આશાથી વિરમું છું.

નિવેદક,
યોજનાર.

ધન્યવાદ પત્ર

આ ઉત્તમ પુસ્તકને છપાવી પ્રસિદ્ધ કરનાર પ્રકાશકોનો સામાન્ય પરિચય તથા તેમની ધર્મ પ્રત્યેની શુભ લાગણી તેમજ ઉદારતાનો પરિચય યોગ્ય જણાતાં તે કેટલોક આ સ્થળે આપું છું.

કચ્છ દેશમાં ભુજ તાલુકે આવેલા માધાપુર નામના ગામમાં ગુર્જર ક્ષત્રિય જ્ઞાતિમાં સ્વધર્મ પરાયણ શ્રીમાન્ જેરામભાઇના સુપુત્ર મહાન્ ભક્તરાજ શ્રીમાન્ મનજીભાઇ છે. જેઓની ખ્યાતિ કચ્છ રાજ્યમાં તેમજ અન્ય જ્ઞાતિઓમાં પણ ઘણી સારી છે. તેઓ અત્યારે કલિકાલમાં મહાન્ ઉદાર અને દાતા ગણાય છે. જેમણે ઠેકઠેકાણે કુવા, મંદિરોમાં આરસ પત્થરનાં કામો તથા ધર્મશાળાઓ બંધાવી સારા પ્રમાણમાં અન્નનાં દાનો આપી ગરીબોના આશીર્વાદો મેળવ્યા છે, અને મેળવે છે. તેમની સાધુ, બ્રાહ્મણ, ગાયો અને અભ્યાગતો પર ઘણી લાગણી છે, ગામમાં વિધવાઓ તથા અનાથોને ઘણી સહાયતા કરે છે.

શ્રી ઇશ્વરરામજી–ગુરુકુલ સંસ્થામાં જેઓએ કોરી પચ્ચીશથી ત્રીશ હજાર સુધી દાન આપી ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરી છે, એવા તેઓ શિક્ષણ પ્રેમી છે. જ્યાં જ્યાં

ધર્મનાં કાર્યો થતાં હોય ત્યાં ત્યાં એમનો ફાળો તો અવશ્ય હોય. પરદેશમાં પણ તેમણે ઘણી જગ્યાએ હજારોનાં દાનો આપી પોતાનું નામ અમર રાખ્યું છે.

પ્રકાશકોનાં શુભ નામોમાં બીજું નામ સ્વધર્મ-પરાયણ શ્રીમાન્ મિસ્ત્રી હીરજીભાઇ વિશ્રામનું છે. તેઓ ભુજ તાલુકે આવેલા રેહા ગામ પાસેના ગામ હાજાપુરના રહેવાસી છે. તેઓ પણ સંત, સાધુઓ તેમજ ગરીબો પ્રત્યે ઘણીજ ધાર્મિક લાગણીવાળા છે. હાજાપુરમાં તેમના પિતાશ્રીના સ્મરણાર્થે સ્થાપિત સ્કૂલ સારી રીતે ચાલે છે, બીજાં પણ ધાર્મિક કામોમાં સમય સમય પર સારી મદદ આપે છે. તેમણે શ્રી ઇશ્વરરામજી-ગુરુકુલ સંસ્થાને કોરી પંદરથી વીશ હજારની ઉદાર સખાવત કરી છે.

અબડાસા તાલુકે આવેલા ગામ તેરાના રહેવાસી શ્રીમાન્ ઠા. દેવજી કાનજી લોખંડવાળાના સ્વર્ગસ્થ ધર્મ-પત્ની મિઠાંબાઇ માતુશ્રીના દત્તક પુત્ર શ્રીમાન્ દયાળભાઇ જેઠમલ, તેમણે પણ મિઠાંબાઇ માતુશ્રીના સ્મરણાર્થે રૂપીઆ ચાર સો આપી આ પુસ્તકને છપાવવામાં મદદ કરી છે. માતુશ્રી મિઠાંબાઇ તો એક ધર્મનાં સ્થંભરૂપજ હતાં. જેમણે પોતાની હૈયાતિમાં પોતાના કુટુંબીઓને તેમજ સાધુઓ, બ્રાહ્મણો તથા ગરીબોને ઘણી સારી સહાયતા કરેલ છે. એમની શ્રી ઇશ્વર-આશ્રમ પ્રત્યે પણ ઘણી જ સારી શ્રદ્ધા હતી. તેમના દત્તક પુત્ર શ્રીમાન્ દયાળભાઇ પણ ઘણા સારા સજ્જન છે. અસ્તુ.

બાકીનો તમામ ખરચો ઉપરોક્ત બન્ને શ્રીમાનોએ અર્ધોઅર્ધ આપવા સ્વીકારી લીધો છે.

આવા ઉદાર ધર્માત્માઓની શુભ કીર્તિ સદા અવિચલ રહો, સેંકડો વર્ષ જીવો, અને તેઓના વંશપરંપરા આવાજ પરોપકારી તેમજ ધર્માત્માઓ થાઓ, અને સુખ સંપદાઓને ભોગવો. એમ તેઓને મારા અંતરના પૂર્ણ આશીર્વાદ સહિત સહસ્રસ: ધન્યવાદ ઘટે છે.

તદુપરાંત આ પુસ્તક તૈયાર કરવામાં કેટલીક રીતે મદદગાર બની વેદાંતભૂષણ પંડિત અચલદાસજીએ પણ સારી સેવા દાખવી છે, જેથી તેમને પણ મારો અંતઃકરણપૂર્વક આશીર્વાદ ઘટે છે, તેમજ આ પુસ્તકનાં પ્રુફ જોવા અને તપાસવા તેમના શિષ્ય ભગવાનદાસે પણ બનતી સારી સેવા બજાવી છે, માટે તેને પણ મારો આશીર્વાદ છે.

આવો મોંઘવારીનો સમય હોવા છતાં પણ શ્રી સત્સંગ પ્રેસના માલિક ધર્મપ્રેમી શ્રીમાન્ જીવાભાઇ વી. જેઠવાએ કીફાયત ભાવે છપાઈનું કામ સસ્તું અને સુંદર કરી આપ્યું છે, માટે તેમને પણ મારા અંતઃકરણપૂર્વક ધન્યવાદ ઘટે છે.

પરમેશ્વરના પાવન ચરણોમાં પ્રાર્થના છે કે ઉક્ત ઉદાર પરોપકારી સજ્જનોનું કલ્યાણ કરો. એમ ઈચ્છી વિરમું છું.

શ્રી ઈશ્વર-આશ્રમ,
ઈશ્વરનગર (કચ્છ)
સંવત ૧૯૯૯
દેવદીવાળી.

લે૦
યોજનાર.

22-Nov-1942

પ્રસ્તાવના

પ્રિય બન્ધુઓ !

આ સંસારમાં વેદો, ઉપનિષદો તેમજ ઋષિઓ તથા મહર્ષિઓનાં બનાવેલાં પુરાણો, મહાભારત, શ્રી રામાયણ વગેરે અનેક શાસ્ત્રો છે, અને હજી પણ સમય અને અધિકાર પ્રમાણે જનકલ્યાણને માટે જુદી જુદી ભાષાઓમાં અનેક પુસ્તકો બનતાં જાય છે, અને તેમજ થવું જોઇએ; કારણ કે અધિકારીઓ ત્રણ પ્રકારના હોય છે, ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ, જેથી અધિકારીઓના અધિકારને લઇનેજ સમય સમય પર મહાપુરુષોદ્વારા તેવાં તેવાં ધર્મશાસ્ત્રો રચવામાં આવે છે. વળી જેને જે મહાપુરુષમાં શ્રદ્ધા છે, તેનું કલ્યાણ પણ તેનાથીજ થાય છે; એટલુંજ નહીં, પરંતુ તેના હૃદયપટ પર તેજ મહાપુરુષની ઉપદેશરૂપી વાણીનો ઘણો પ્રભાવ પડે છે.

આમ હોવાથી કચ્છ ઈશ્વરનગર (વાંઢાય) આશ્રમના સ્થાપક આદિ મહાપુરુષ પૂજ્યપાદ બાવાશ્રી વિહારી સાહેબથી લઈ તે ગાદી પર અત્યાર સુધી પરંપરા જે જે મહંત મહા-પુરુષો થતા આવ્યા છે, તેઓનાં ક્રમશઃ જીવન ચરિત્રો અને તેઓની ઉપદેશરૂપ અમૃતમય વાણી, ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ પ્રકારના જિજ્ઞાસુ જનોના હિતાર્થે પ્રસિદ્ધ કરવા આ 'શ્રી ઈશ્વર-વિહારી વિલાસ' પુસ્તક યોજવામાં

આવ્યું છે. જેમાં જનકલ્યાણને માટે ધ્યાન આપી સારસંગ્રહ-પૂર્વક ઘણા સારા વિષયો યોજવામાં આવ્યા છે. જેમ કે:—

આ પુસ્તકમાં આપેલાં મહાપુરુષોનાં પાવન જીવન ચરિત્રો એટલાં તો ઉજ્વળ અને ઉપયોગી છે કે જે મોક્ષ-માર્ગે ચાલવા ઇચ્છનાર જિજ્ઞાસુજનોને મોક્ષનો માર્ગ સહજ-માં ખુલ્લી રીતે સ્પષ્ટ બતાવી આપે છે. તેમાં પણ પૂજ્યપાદ મહારાજ શ્રી ઇશ્વિરરામજીનું જીવન ચરિત્ર તો એટલું મધુર અને મનોહર છે કે જેમ જેમ વાંચવામાં આવે તેમ તેમ તે વાંચનારને અલૌકિક આનંદ ઉપજાવે છે; એટલુંજ નહીં, પરંતુ એમાંથી જિજ્ઞાસુ જનોને જેવો જોઇએ તેવો અલૌકિક ઉપદેશ મળી આવે છે, અને એજ વાંચવા તેઓને પુનઃ પુનઃ ઇચ્છા ઉપજે છે.

ત્યાર પછી બાવા શ્રી વિહારી સાહેબે આ પુસ્તકમાં આપેલો અમારા આદ્યગુરુ અવતારી પૂજ્યપાદ બાવા શ્રી દેવા સાહેબનો જે પરિચય છે, તે વાંચીને ઘણો સમજવા યોગ્ય છે, અને આ પુસ્તકમાં આપેલું તેઓશ્રીનું બનાવેલું જે 'સુબોધ સાર' નામનું પદ્યાત્મક પ્રકરણ છે, તે બૌધિક અને આધ્યાત્મિક અર્થથી ભરપૂર હોવાથી જિજ્ઞાસુ જનોને ખાસ સાંભળવા યોગ્ય અને મનન કરવા યોગ્ય છે.

આનંદરૂપ આત્માને વિષે તન્મય થવા આપણા યોગશાસ્ત્રમાં નાદાનુસંધાનને અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે વાદકો વાદ્યો વગાડી આધ્યાત્મિક ભજનો ગાતા ત્યારે ગુરુ 'નાનક'ને અખંડ સમાધિ લાગતી. એક વખત ગાનાર વાદકો સમય પર હાજર ન હતા, ગુરુ 'નાનક' અને

માત્ર શ્રોતાજનો બેઠા હતા, ત્યારે શ્રોતાજનોના મનમાં વિચાર થયો કે:—"હવે આ વખતે આપણા ગુરુદેવને સમાધિ લાગે એમ નથી." તેવામાં ત્યાં રહેલાં વાદ્યો પોતાની મેળે વાગવા લાગ્યાં, અને તેમાંથી જાતજાતના મધુર સ્વરો પ્રકટ થવા માંડ્યા. એ મનોહર ધ્વનિ સાંભળતાં જ ગુરુ 'નાનક' ને અખંડ સમાધિ લાગી ગઇ. એ બનાવ જોઇ સર્વે શ્રોતાજનો ઘણા આશ્ચર્ય ચકિત બની ગયા. આમ હોવાથી આ પુસ્તકમાં આપેલાં મહાપુરુષોનાં બનાવેલાં રસિક, બોધિક અને આધ્યાત્મિક ભજનો એટલાં તો સુંદર અને મધુર છે કે જેને સાંભળી આત્મપ્રેમી જિજ્ઞાસુજનો સહજમાં નાદાનુસંધાનને પ્રાપ્ત કરી ઇશ્વરમાં તન્મય થઇ શકે છે.

ત્યાર પછી આ પુસ્તકમાં સ્તવનમાળાથી લઇ પ્રાસ્તાવિક શ્લોકો સુધી સારસંગ્રહરૂપ જે ભાગ આપવામાં આવ્યો છે, તે પણ સર્વ જનસમાજને ઘણો ઉપયોગી છે.

ત્યાર પછી આમાં આપેલાં ઉપદેશસારસંગ્રહરૂપ જે વ્યાખ્યાનો છે, તેમાંથી પણ અધિકારીજનોને જેવો જોઇએ તેવો ઘણો સારો ઉપદેશ મળી આવે છે, માટે એ પણ વ્યાખ્યાનો જનસમાજને માટે ઘણા ઉપયોગી છે.

આશા છે કે મારા સજ્જન ભાઇઓ આ પુસ્તકને વાંચી, વિચારી તેમજ સમજી એમાંથી કંઇ પણ સારને ગ્રહણ કરી મારા શ્રમને અવશ્ય સફલ કરશે. इति शिवम्

શ્રી ઇશ્વર-આશ્રમ,
ઇશ્વરનગર (કચ્છ)
સંવત ૧૯૯૯
દેવદીવાળી.

લે૦
યોજનાર.

22- ov-1942

પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ બાવા શ્રી વિહારી સાહેબનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

પૂજ્યપાદ બાવા શ્રી વિહારી સાહેબનો જન્મ ભુજ તાલુકે આવેલા વાંઢાય ગામે ધલ ક્ષત્રિય જ્ઞાતિના ભક્તરાજ સંતસેવક મેઘરાજજીને ત્યાં સંવત્ ૧૮૦૪ માં થયો હતો. જેમનાં માતપિતાએ તેઓશ્રીનુ 'વેરાજી' એવું નામ રાખ્યું હતું.

જે જીવાત્મા સંસ્કારી હોય છે, તે ગમે ત્યાં જન્મ લે તો પણ પૂર્વ જન્મની કમાણી જતી નથી. બાવા શ્રી વિહારી સાહેબ જન્માન્તરના શુભ સંસ્કારી એક યોગ-ભ્રષ્ટ મહાપુરુષ હોવાથી બાલ્યાવસ્થાથી જ તેઓશ્રી શાંત, ભગવત્પ્રેમી, વિનમ્ર અને શીતલ સ્વભાવના હતા. જ્યારે તેઓશ્રીના સ્થૂલ શરીરની અવસ્થા દશ વર્ષની થઇ, ત્યારે તેમના હૃદયમાં ઘણી સારી ધર્મભાવના જાગૃત થવાથી અવાર નવાર ભક્તજનોની સાથે બેસતા અને પ્રભુ ભજન કરતા. તે

વેળા ત્યાં માતા પંથની વિશેષ પ્રગતી હતી, જેથી તેઓશ્રી પોતાના મિત્ર સામત્રાના હોથીજી વગેરે ભાવિક ભકતોની સાથે ઘણી વાર રાત્રે જોતપાટમાં બેસતા, અને પ્રભુ ભજન કરતા, છતાં પણ પોતાના મનને જોઇએ તેવી શાંતિ મળતી નહીં.

એક દિવસ તેઓશ્રીને મનમાં વિચાર થયો કે:—"મનુષ્યનું કલ્યાણ શામાં છે? અને તે માર્ગ બતાવનાર કયાં અને કેમ મળે? માટે મોક્ષનો સાચો માર્ગ બતાવનાર કોઈ મહાપુરુષને શરણે અવશ્ય જવું જોઇએ." એ પ્રમાણે કોઈ મહાપુરુષને શરણે જવા વિચાર કરતાં બાવા શ્રી વિહારી સાહેબને એક ભક્તનો અચાનક સમાગમ થયો, અને તે ભક્તના મુખથી હમલા નિવાસી બ્રહ્મવિદ્વરિષ્ઠ, શાંતાત્મા, પરમ નિઃસ્પૃહી અને મોક્ષમાર્ગદર્શક પૂજ્યપાદ બાવા શ્રી દેવા સાહેબની બહુજ પ્રસંશા સાંભળતાંજ તેમના પ્રત્યે તેઓશ્રીની અપૂર્વ ભાવના ઉત્પન્ન થઈ, જેથી એક દિવસ તીવ્ર ઇચ્છા થતાં તેઓશ્રી દિવ્યધામ શ્રી હમલાપુરી પધાર્યા અને પૂજ્યપાદ બાવા શ્રી દેવા સાહેબનાં દર્શન કરી ઘણાજ આનંદને પ્રાપ્ત થયા; એટલુંજ નહીં, પરંતુ તેમના મનમાં એવો દૃઢ નિશ્ચય થઇ ગયો કે:—"અણુસઠ તીર્થ અહીંજ છે, અને મોક્ષનો માર્ગ પણ અહીંજ ખુલ્લો છે." તેમજ કહેવામાં પણ આવ્યું છે કે:—

"હમલા ગંગ ગોદાવરી, હમલા હે હરદ્વાર;
અણુસઠ તીરથ નિત વસે, ગુરુ દેવાકે દરબાર."

પછી તેઓશ્રીએ બાવા શ્રી દેવા સાહેબ પાસેથી કંઠી બંધાવી અને ગુરુમંત્ર લઈ શિષ્ય બની વાંઢાય પધાર્યા.

તેઓશ્રી દિવસે સાંતેડું ખેડતા અને સાંજે બળદોને જંગલમાં મૂકી વાંઢાયથી સાત ગાઉ દૂર હમલાપુરી ગુરુદેવની પાસે જતા. બાવા શ્રી દેવા સાહેબની પાસેથી વેદાંતશાસ્ત્રનું શ્રવણ કરી તેમજ કેટલુંએક શીખવાનું શીખી ફરી વાંઢાય આવી પોતાના ખેતીના કામકાજમાં તેઓશ્રી લાગી જતા. એમ કરતાં કરતાં કેટલાક સમય પછી ખબર પડતાં કોઈએ તેમના પિતાશ્રીને કહ્યું કેઃ—"તમારો પુત્ર દરરોજ હમલા સાધુઓ પાસે જાય છે, માટે તે સાધુ બની જશે." એવી વાત સાંભળી તેમના પિતાએ તેઓશ્રીનું તુરતજ સગપણ કરી દીધું, તે વાત સાંભળી બાવા શ્રી વિહારી સાહેબ હમલા ગુરુદેવની પાસે જઈ તેમના ચરણોમાં પડી પોતાની બધી હકીકત કહી સંભળાવી, અને કહ્યું કેઃ—"હે ગુરુદેવ! હવે મારા પિતાશ્રી મને માયાના બંધનમાં નાંખવા ચાહે છે, પણ મારે તો સાધુ બની કેવલ આપના ચરણોની સેવા અને ઈશ્વર ભજન કરવું છે. મારા પિતાશ્રીએ મારો સંસારી સંબંધ જોડી દીધો છે. જો પિતાશ્રીનું કહેવું નથી માનતો, તો મને દોષ લાગે છે અને જો તેમનું કહેવું માનું છું તો હું સંસારી બંધનમાં પડું છું. હવે મારે શું કરવું?" એમ કહી બાવા શ્રી દેવા સાહેબના ચરણોમાં પડી ગયા અને નેત્રોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. ત્યારે પૂજ્યપાદ બાવા શ્રી દેવા સાહેબે કહ્યું કેઃ—"હે પુત્ર! તું જા, અને પિતાની આજ્ઞા પાળ. જ્યારે તને એક પુત્ર થાય ત્યારે સંસાર છોડી મારી પાસે આવજે, ત્યારે હું તને ગુરુદીક્ષા આપીશ." શ્રી ગુરુદેવનાં એવાં વચનો સાંભળી તથાસ્તુ કહી તેઓશ્રી વાંઢાય પધાર્યા, અને તેમના પિતાશ્રીએ

તેમનું યથાવિધિ લગ્ન કરી દીધું. કેટલાક સમય પછી તેઓશ્રીને જેઠુજી નામે એક પુત્ર તથા હરિબા નામે એક પુત્રી એમ બે સંતાનો થયાં. જ્યારે પુત્ર યોગ્ય વયનો વ્યવહાર ચલાવવા લાયક થયો ત્યારે તેને ગૃહસ્થાશ્રમના ધર્મનું રહસ્ય સમજાવી સર્વ વ્યવહાર સોંપી પોતે કહ્યું કે:—"તારો પ્રથમ પુત્ર થાય તેને સંતોની સેવામાં સોંપી દેજે." એમ કહી સંસારી સંબંધને છોડી બાવા શ્રી વિહારી સાહેબ હમલાપુરી પધાર્યા, અને પૂજ્યપાદ બાવા શ્રી દેવા સાહેબની પાસેથી ગુરુદીક્ષા ગ્રહણ કરી તેમની પાસેથી તત્ત્વમસિ મહાવાક્યનો ઉપદેશ સાંભળી કૃતાર્થ થયા, અને શ્રી ગુરુદેવની તેમજ સંતોની તન મનથી સેવા કરવા લાગ્યા. કેટલોક સમય સેવા કરી પછી શ્રી ગુરુદેવની આજ્ઞા લઈ પોતે ચાર ધામ તેમજ કેટલાંએક તીર્થોની પગપાળા યાત્રા કરી ગંગોત્તરીમાંથી શ્રી ગંગાજળની લોટી ભરી લાવી દિવ્યધામ હમલાપુરી આવી પૂજ્યપાદ બાવા શ્રી દેવા સાહેબને ન્હવરાવ્યા, અને ત્યાંથી કુટુંબ યાત્રા કરવા વાંઢાય પધાર્યા. ત્યાંના ગિરાસદાર બાપુજી, માનસંગજી તથા મેઘજી વગેરેએ મળી બાવા શ્રી વિહારી સાહેબને ત્યાં એક જગ્યા બાંધવા અને બે ખેત્રો દાનમાં આપવા ઘણો આગ્રહ કર્યો. હવે એ ભજન કરવા યોગ્ય એકાંત સ્થળ જાણી તેઓશ્રીએ તેનો સ્વીકાર કર્યો, અને ત્યાં એક સાધારણ જગ્યા બાંધી પોતે નિવૃત્તિમાં ખૂબ ઈશ્વર ભજન કરવા લાગ્યા. ભજનાનંદપરાયણ મહાપુરુષોનું જીવન ઘણું સાત્ત્વિક હોય છે, જેથી બાવા શ્રી વિહારી સાહેબનું ખાવું, પીવું અને પહેરવું ઘણું સાત્ત્વિક હતું, એટલે બાજરાનો

રોટલો, દાળ અને છાશ જેવું સાત્વિક જ ભોજન લઈ તેઓશ્રી નિરંતર ઈશ્વર ભજનમાં જ તન્મય રહેતા. તેઓશ્રી પૂર્ણ અનુભવી અને વેદાંતશાસ્ત્રના પૂર્ણ વેત્તા હોવા છતાં પણ કવિત્વ શક્તિનું અસાધારણ જ્ઞાન ધરાવતા હતા. તે તેમના બનાવેલા કાવ્ય પરથી ખુલ્લું જણાય છે, કારણ કે તેઓશ્રીને પિંગલનું પણ ઘણું સારૂં જ્ઞાન હતું.

બાવા શ્રી વિહારી સાહેબના હરિદાસજી, મહારાજ શ્રી ક્ષેમદાસજી, નારાયણદાસજી અને રાઘવદાસજી એમ મુખ્ય ચાર શિષ્ય હતા. તેમાંના હરિદાસજી તેઓશ્રીના પૂર્વાશ્રમના ભાઈ હતા.

હવે થોડા સમય પછી બાવા શ્રી વિહારી સાહેબનું સેવકોના આગ્રહથી મુંબઈ પધારવું થયું, અને આ તરફ પૂજ્યપાદ સદ્‌ગુરુ બાવા શ્રી દેવા સાહેબનું શરીર શાંત થયું. જેમના દુઃખદ ખબર મુંબઈ તેમને મળતાં તેઓશ્રી ઘણા ઉદાસી બની શોચ કરવા લાગ્યા કે:–" અંતરની અભિલાષા અંતરમાં જ રહી ગઈ. અહા ! અંતસમયમાં શ્રી ગુરુદેવનાં દર્શન મને ન થયાં." એમ શોકાતુર બની તુરત જ તેઓશ્રી ત્યાંથી કચ્છ આવી હમલાપુરી જવા રવાના થયા. જેમને શ્રી ગુરુદેવ પર અપાર પ્રેમ છે, જેમનું દુઃખિત હૃદય શ્રી ગુરુદેવનાં દર્શનની અભિલાષાથી પૂર્ણ છે, અને પ્રતિક્ષણે જેમનો અંતરાત્મા શ્રી ગુરુદેવનું સ્મરણ કરતાં તેમાં તન્મય થતો જાય છે. રસ્તામાં ચાલતાં ચાલતાં તેઓશ્રી શ્રી ગુરુદેવનાં દર્શનની પૂર્ણ અભિલાષાથી "સ્વામી આયે તુમ સરનં,

ગુરુ તુમ હો જગતારન તરનં; કરો કૃપા ગુરુ સાહેબ દેવા, સ્વામી આયે તુમ સરનં." એ લાવણી ગાતા હતા, તેવામાંજ અવતારી શ્રી ગુરુદેવનાં તેમને દર્શન થયાં, અને બાવા શ્રી દેવા સાહેબે તેમના મસ્તક પર પોતાનો વરદ હસ્ત મુકી કહ્યું કે:–"હે પુત્ર! સંસાર અનિત્ય છે, શરીરથી આ સંસારમાં કોઇ પણ અમર નથી, માટે ખુબ ઇશ્વરનું ભજન કરવું, કારણ કે એ જ ખરો લાભ છે." એમ કહી તેઓશ્રી અંતર્ધાન થઇ ગયા. ગુરુદેવનાં દર્શનથી તેઓશ્રીને ઘણો જ સંતોષ થયો. પછી "હમકો નિજ દર્શન દીના, ગુરુ અબ તો અપના કર લીના; કરી કૃપા ગુરુદેવ દયાનિધિ, હમકો નિજ દર્શન દીના." એ લાવણી બનાવી, તેમજ એ જ વિષયમાં બીજી પણ બે લાવણી બનાવી. એમ તેઓશ્રીએ ચાર લાવણી બનાવેલી છે, તે આ પુસ્તકમાં આપેલી છે, અને જેમાં અલૌકિક અર્થ તેઓશ્રીએ બતાવેલો છે. પછી તેઓશ્રી હમાલપુરી પધાર્યા અને શ્રી ગુરુદેવનો ધૂપ લીધો. ત્યાર પછી પોતાના ગુરુભાઇઓની સાથે મળી તેઓશ્રીએ બાવા શ્રી દેવાસાહેબનો એક મોટો મહોત્સવ કર્યો.

બાવા શ્રી દેવા સાહેબના જેઠીરામજી, બાવા શ્રી વિહારી સાહેબ, સેવારામજી અને કૃષ્ણદાસજી એમ મુખ્ય ચાર શિષ્ય હતા, અને તે વખતે તેઓ હાજર હતા. ગાદીનો વારસો બાવા જેઠીરામજીનો જ થાય, છતાં પણ તેમણે તેનો સ્વીકાર કર્યો નહિ, અને કહ્યું કે:–"મને ઉપાધિ જોઇતી નથી, મારે તો ઇશ્વર ભજન કરવું છે." તેમજ સેવારામજી અને કૃષ્ણદાસજીએ પણ પોતપોતાની જગ્યાઓ હોવાથી તે વાતનો

સ્વીકાર કર્યો નહીં. જ્યારે એમ થયું ત્યારે સંત મહંતોએ તેમજ કેટલાએક ભાવિક સેવકોએ અતિ વિનયથી બાવા શ્રી વિહારી સાહેબને એ ગાદી પર બેસવા ઘણોજ આગ્રહ કર્યો. ત્યારે તેઓશ્રીએ કહ્યું કેઃ—"મારૂં શરીર હવે ફક્ત બાર માસ સુધી રહેશે." તો પણ જ્યારે બધાએ ન માન્યું, ત્યારે તેઓશ્રી બાવા શ્રી દેવાસાહેબના પૂર્વાશ્રમના પૌત્ર રામસિંહજીને ખોળામાં લઈ ગાદી પર બેઠા. પછી બાવા શ્રી રામસિંહજીને વિદ્યાભ્યાસ કરાવવા પોતાના શિષ્ય મહારાજ શ્રી ક્ષેમદાસજીને ભલામણ કરી તેઓશ્રી નિવૃત્તિમાં રહી કાવ્ય અને ભજનોને રચવા લાગ્યા કે જે આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે.

બાવા શ્રી વિહારી સાહેબના જીવનમાં ઘટેલા અનેક ચમત્કારો છે, પરંતુ વિસ્તાર ભયથી તેમાંનો માત્ર એક જ ચમત્કાર અત્રે આપીએ છીએ.

એક વખત તેઓશ્રી વાંઢાયથી હમલા પધારતા હતા, અને વાંઢ ગામના કામલશા પીર પણ સાથે હતા. રસ્તામાં ચાલતાં ચાલતાં વાર્તાવિનોદમાં આવી જતાં રસ્તા પર ઉભેલાં કેટલાક લીલાં ઝાડોની વચમાં એક સુકા ઝાડને જોઇ પીર કામલશાએ કહ્યું કેઃ—"બાવાજી! આ ઝાડને આપ લીલું કરો, કારણ કે આ બધાં ઝાડોની વચમાં એ એકજ સુકું છે." તેમનાં આવાં વચનો સાંભળી બાવા શ્રી વિહારી સાહેબે કહ્યું કેઃ—"પીર સાહેબ આપ જ એને લીલું કરો." જ્યારે પ્રયોગ કરવા છતાં પણ પીર કામલશાથી સુકું ઝાડ લીલું ન થયું

ત્યારે તેઓશ્રીએ પાણીની અંજલી ભરી શ્રી ગુરુદેવનું સ્મરણ કરી તે ઝાડ પર છાંટ્યું, છાંટવાની સાથે જ તે સુકું ઝાડ તુરત લીલું અને નવપલ્લવિત બની ગયું. મહાપુરુષોની શક્તિ વિશાળ હોય છે, જેથી તેઓ ગુરુકૃપાથી જે ધારે તે કરી શકે છે.

બાવા શ્રી વિહારી સાહેબ ઘણો સમય હમલાજ રહેતા હતા, પરંતુ જ્યારે શરીર છૂટવાનો સમય અતિ સમીપ આવી ગયો, ત્યારે તેઓશ્રી હમલાથી વાંઠાય પધાર્યા, કારણ કે વાંઠાયમાં જ દેહ છોડવાની તેમની ઇચ્છા હતી, અને પૂર્ણ યોગી હોવાથી તેઓશ્રી આગળથી જ એ બધું જાણતા હતા. ત્યાં બે દિવસ રહી બધાને ઘણો આનંદ આપી પોતાના પંચભૌતિક દેહનો પરિત્યાગ કરી તેઓશ્રી વિદેહ કૈવલ્ય પામ્યા. इति शिवम्।

લે૦
યોજનાર.

પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રી ક્ષેમદાસજીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

મહારાજ શ્રી ક્ષેમદાસજી બાવા શ્રી વિહારી સાહેબના શિષ્ય હતા. જેમનો જન્મ નખત્રાણા તાલુકે આવેલા મંજલ ગામે દેવજાતી ચારણકુલમાં થયો હતો. તેઓ પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં પણ ઘણા સારા વિદ્વાન અને ગુરુભક્ત હતા. ગુરુ હતા ત્યાં સુધી તેઓ ગુરુની સાથે જ રહેતા, અને જ્યારે ગુરુનું શરીર શાંત થયું ત્યારે ગુરુના વચનથી બાવા શ્રી રામસિંહજીને વિદ્યાભ્યાસ કરાવવા હમલા રહેતા. ત્યાં મહારાજ શ્રી ઈશ્વરરામજી તેઓશ્રીના પ્રથમ શિષ્ય થયા. જેમનું જીવનચરિત્ર આ પુસ્તકમાં આપેલું છે. મહારાજ શ્રી ક્ષેમદાસજીના બીજા પણ ઘણા શિષ્યો હતા. જ્યારે બાવા શ્રી ક્ષેમસિંહજીનો વિદ્યાભ્યાસ પુરો થયો, અને જગ્યાનો વહેવાર ચલાવવા લાયક થયા ત્યારે પોતાના શિષ્ય મહારાજ શ્રી ઈશ્વરરામજીને સાથે લઇ તેઓશ્રી નાગરેચા પધાર્યા. ત્યાંના જાગીરદાર જે ચાંદાજી વૈષ્ણવ હતા, તેમણે અને અન્ય સદ્‌ગૃહસ્થોએ મહારાજ શ્રી ક્ષેમદાસજીને ઘણો આગ્રહ કરી જગ્યા બાંધવાનું કહ્યું, ત્યારે તેઓશ્રીએ કહ્યું કેઃ—"મારા ગુરુ દરબારની પાસે હું કોઇ રીતે જગ્યા બાંધી શકતો નથી." જગ્યા

3

બાંધવાના આગ્રહ સાથે એક ખેતર પણ આપવા તેમણે કહ્યું હતું, તો પણ તેને ન સ્વીકારી ત્યાંથી રજા લઇ કચ્છમાં વિચરવા લાગ્યા. ભ્રમણ કરતાં કરતાં અબડાસામાં મોથાળા પાસે આવેલા ભીમપુર ગામે પધાર્યા. ત્યાંના જાડેજા સુરવાજી તથા રવાજી વગેરે સજ્જનોએ શ્રી રામમંદિર બાંધવાનો ખૂબ આગ્રહ કર્યો, અને કહ્યું કે:-“ પ્રભુ! અમારા ગામમાં પ્રભુ મંદિર નથી, અને સંત પરોપકારી કહેવાય છે, માટે દયા કરી એક મંદિરની સ્થાપના આપના પવિત્ર હાથે કરો.” સર્વે ભાવિકોની આવી ઉત્તમ ભાવના જોઇ તેઓશ્રીએ ત્યાં એક સાધારણ મંદિર બંધાવ્યું, અને જેમાં શ્રીરામ, લક્ષ્મણ અને સીતાજીની મૂર્તિઓ પધરાવી: ત્યાંના ગિરાસદારોએ તે મંદિરને પાંચ પરાજા જમીન અર્પણ કરી એક સાંતેડા જમીન પર ચાર પાટવી અનાજ અને દિવેલ બાંધી આપ્યું. મહારાજ શ્રી ક્ષેમદાસજી ત્યાં કેટલોક વખત રહી પોતાના શિષ્યને તે જગ્યા સોંપી ફરીથી સેવકોમાં ફરવા લાગ્યા. કોઈ વાર તેઓશ્રી વાંઢાયથી આસંબીઆ જતાં રસ્તામાં જે વેકરા ગામ આવે છે, તે ગામમાં ભીમાણી ગજણજી બહુ ભાવિક હતા, તેને ત્યાં પધાર્યા. ભક્ત ગજણજીની અવસ્થા વૃદ્ધ થઇ, તો પણ તેમને કંઈ સંતાન હતું નહીં, જેથી પુત્ર વગર સંસાર નકામો છે. એમ સમજી ઉદાસ થઈ તીર્થોમાં જવા માટે તૈયારી કરી બેઠા હતા. એવામાં મહારાજ શ્રી ક્ષેમદાસજીનાં દર્શન થતાં રાજી થઇ તેમને ઉતારો આપી પ્રેમથી જમાડ્યા. પછી એકાંતમાં તેઓશ્રીના ચરણોમાં પડી રોવા લાગ્યા. તેને ઘણા દુઃખી જોઇ મહારાજ શ્રી ક્ષેમદાસ-

જીએ ધીરજ આપી વાત પૂછી કે:–"બાપલા! તમને શું દુઃખ છે?" ત્યારે તેમણે કહ્યું કે:–"પ્રભુ! ધનધાન્ય ઘણું છે, પણ પુત્ર નથી. અમે સંસારી છીએ જેથી સ્વાભાવિક એ વાસના તો હોય જ, માટે અમે બંને ગામનો ત્યાગ કરી કોઈ તીર્થસ્થળે રહેશું અને ત્યાં ઈશ્વર ભજન કરીશું." ત્યારે દયાળુ શરણાગતવત્સલ મહારાજ શ્રી ક્ષેમદાસજીએ લહેરમાં આવીને કહ્યું કે:–"તમે દિલગીર ન થાઓ. આપને ત્યાં એક પુત્રનો જન્મ થશે, તેનું નામ "સંતદાસ" પાડશો, અને વાંઢાય ગુરુદરબારનાં દર્શન કરાવી આવજો." એમ કહી તેઓશ્રી આસંબીઆ ગંગાબા સાહેબને ત્યાં પધાર્યા. ત્યાં કેટલાએક દિવસો રહી ભાવિક સેવકોને સત્સંગનો ઘણો સારો લાભ આપ્યો. પછી ત્યાંથી ફરતા ફરતા કાનપુર પધાર્યા.

પછી મહારાજ શ્રી ક્ષેમદાસજીના આશીર્વાદથી ગજગુ-જીને ઘેર સમય પર એક પુત્રનો જન્મ થયો. તેને કાનપુરમાં લાવી મહારાજશ્રીના ચરણોમાં નમાવી કોરી એક હજાર ભેટ રાખી. મહારાજ શ્રી ક્ષેમદાસજીએ તે કોરી જ્યાં હમણા વાંઢાયમાં ઈશ્વરસાગર (તળાવ) છે, ત્યાં એક નાનો ખાડો હતો, ત્યાં એક નાની તલાવળી કરવામાં ખર્ચ કરી.

એક વાર મહારાજ શ્રી ક્ષેમદાસજીના હૃદયમાં એવો વિચાર થયો કે:–"મારા માતપિતાની શી ગતિ થઇ હશે?" એમ ધારી તે જાણવા દૃઢ સંકલ્પ કરી શ્રી રામનામનો છ માસ સુધી અખંડ જપ કરવા એક ઓરડામાં તેઓશ્રી બેસી ગયા, અને પોતાના શિષ્યોને કહ્યું કે:–"મને કોઈએ પણ

વિઘ્ન કરવું નહીં." એ રીતે શ્રી રામનામનો જપ કરતાં કરતાં લગભગ ત્રણેક માસ થયા, તેવામાં એક રાત્રે તેઓશ્રીનાં માતપિતા આવી ઓરડાના દ્વારને ખડખડાવી ઉઘડાવવા લાગ્યાં. તે સાંભળી મહારાજ શ્રી ક્ષેમદાસજીએ કહ્યું કે:– "કોણ છે?" ત્યારે તેઓએ કહ્યું કે:–" અમે તારાં માતપિતા છીએ." તે:સાંભળી તેઓશ્રીએ કહ્યું કે:–' એ હું કેમ માનું?" ત્યારે તેઓએ નિસાની આપી કહ્યું કે:–" અમારાં પહેરવાનાં નવાં વસ્ત્રો અમે જે ઘરમાં રહેતાં હતાં, તે ઘરના કોઠલામાં પડ્યાં છે. જો તે નીકળે તો અમે તારાં માતપિતા છીએ, એ વાત સાચી માનવી, અને એ વસ્ત્રો બ્રાહ્મણને આપી દેવાં, અમને મળી જશે, કારણ કે અમારા અંગ પર વસ્ત્રો નથી." જ્યારે એમ કહ્યું ત્યારે તેઓશ્રીએ ઓરડાનું દ્વાર ઉઘાડ્યું, અને પોતાનાં માતપિતાને પ્રણામ કર્યા. પછી તેઓશ્રીનાં માતપિતાએ કહ્યું કે:–" હે પુત્ર! તારા ભજનના પ્રભાવથી હવે અમે ઈશ્વરની આજ્ઞા થતાં હિમાલય પર્વત પર તપ કરવા જઈએ છીએ. હવે અમારો શોચ કરવો નહીં. હે પુત્ર! તને ધન્ય છે. તું સાત ગોત્રનો તારણહાર છે." એમ કહી તેઓ ચાલ્યાં ગયાં. પછી તપાસ કરતાં નવાં વસ્ત્રો નીકળ્યાં અને તે તુરતજ મહારાજ શ્રી ક્ષેમદાસજીએ બ્રાહ્મણને આપી દીધાં, અને પોતાનાં માતપિતાની સદ્ગતિ થઈ એમ જાણી તેઓશ્રીને ઘણો જ આનંદ થયો.

કાનપુરમાં દેવલબાઇ મા સાક્ષાત્ દેવીનો અવતાર જ હતાં, જેમને દિવસમાં બે વખત કથા સાંભળવાનો નિયમ હતો, અને જેમની પાસે માયા પણ અપાર હતી. એવાં

દેવલબાઈ મા ઘણાં જ પ્રતાપી હતાં. ત્યાં મહારાજ શ્રી ક્ષેમદાસજીએ ઘણા સમય સુધી રહી ખૂબ ઇશ્વર ભજન કર્યું, અને જ્યારે શરીર છૂટવાનો સમય સમીપ આવ્યો ત્યારે દેવલબાઈ માએ રૂદન કરી કહ્યું કેઃ—

"હે માંયલા આધાર, કથા કવણ સંભળાવશે;
સદ્‌ગુરુ વિણ સંસાર, દિવસ જાશે દોયલા."

ત્યારે તેઓશ્રીએ પોતાના શિષ્ય મહારાજ શ્રી ઈશ્વરરામજીને બોલાવીને કહ્યું કેઃ—"હે ઇશ્વર! જ્યાં સુધી દેવલબાઇ માનું શરીર હોય, ત્યાં સુધી કાનપુરમાં રહી તેમને બે વખત કથા સંભળાવવી." એમ કહી મહારાજ શ્રી ક્ષેમદાસજી પોતાના પંચભૌતિક દેહને છોડી વિદેહ કૈવલ્ય પામ્યા. इति शिवम्।

લે૦
યોજનાર.

પૂજ્યપાદ બ્રહ્મવિદ્‌વરિષ્ઠ મહારાજ શ્રીઇશ્વરરામજીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

—: દોહરા :—

જે ઇશ્વર ગુરુદેવ છે, શ્રી ઇશ્વર–અવતાર;
પ્રકટ્યા કચ્છ પ્રદેશમાં, વિરલા સમજે સાર—૧
જ્ઞાન ભક્તિ વૈરાગ્યનો, સમજાવ્યો સિદ્ધાંત;
ભજન પ્રભાવ બતાવિયો, આપ વસી એકાંત—૨
અનેક જન ઉદ્ધારિયા, કીધાં જનનાં કામ;
માર્ગ બતાવી મોક્ષનો, પધારિયા નિજ ધામ—૩
વિશ્વ વિષે વિલસી રહ્યું, જેનું તેજ અપાર;
એ ઇશ્વર ગુરુદેવને, વંદન વારંવાર—૪
વિઘ્ન હરે મંગલ કરે, જગમાં જેનું નામ;
એ ઇશ્વર ગુરુદેવને, પ્રેમે કરૂં પ્રણામ—૫

"संपूर्ण जगदेव नन्दनवनं सर्वेऽपि कल्पद्रुमा
गांगवारि समस्तवारिनिवहाः पुण्याः समस्ताः क्रियाः।
वाचः प्राकृतसंस्कृताः श्रुतिशिरो वाराणसी मेदिनी
सर्वावस्थितिरस्य वस्तुविषया दृष्टे परे ब्रह्मणि ॥"

ईश्वर इति यन्नाम, भवाब्धौ परमायनम् ।
तमहं श्रीगुरुं वन्दे, विश्वमंगलविग्रहम् ॥



મહારાજ શ્રી ઈશ્વર રામજી.

પૂજ્યપાઃ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજ શ્રીઇશ્વરરામજી

પ્રાકટ્ય—સંવત ૧૮૯૫ આસો સુદ ૨

સ્વરૂપાવસ્થાનઃ—સંવત ૧૯૫૩ અષાડ વદ ૨

જે સચ્ચિદાનંદરૂપ પરબ્રહ્મનો સાક્ષાત્કાર થયે બ્રહ્મવેત્તા તત્ત્વદર્શી મહાપુરુષને માટે આ સંપૂર્ણ (ચરાચર) વિશ્વ દેવરાજ ઇંદ્રના મનોહર નંદનવનસમું બની જાય છે, સર્વે વૃક્ષો તે પણ કલ્પવૃક્ષસમા બની જાય છે, નાના મોટા જલના સર્વે પ્રવાહો ભગવતી શ્રી ભાગીરથીના પાવન જલસમા બની જાય છે, તેની સમસ્ત ક્રિયાઓ પવિત્ર બની જાય છે, અને તે બ્રહ્મવેત્તા મહાપુરુષની વાણી પ્રાકૃત હોય અથવા સંસ્કૃત હોય પણ તે વેદોનો શિરોભાગરૂપ એટલે મહાવાકયરૂપ બની જાય છે; એટલું જ નહીં, પરંતુ એવા તત્ત્વદર્શી મહાપુરુષની સર્વ પ્રકારની વ્યવસ્થિતિ સર્વત્ર એક જ આત્મવસ્તુને વિષય કરનારી બની જાય છે. એ પ્રમાણે સર્વત્ર એક જ બ્રહ્મતત્ત્વને જોનારા પ્રાણીમાત્રના હિતમાં પ્રીતિવાળા જે અનુભવી આત્મદર્શી મહાપુરુષો છે, તે સાક્ષાત્ બ્રહ્મરૂપ જ છે. શ્રુતિ ભગવતી પણ કહે છે કે:– "**ब्रह्मविद्ब्रह्मैव भवति**" (બ્રહ્મવેત્તા બ્રહ્મરૂપ જ છે.) આવા તત્ત્વવેત્તાઓ મહાપુરુષોની નિવાસરૂપ તપોભૂમિ પણ તીર્થરૂપ બની જાય છે, તેમનું કુલ પવિત્ર થઇ જાય છે અને તે બ્રહ્મવેત્તા મહાપુરુષોની જનની પણ કૃતાર્થ થાય છે, કિં બહુના આવા મહાપુરુષો પોતાનાં કેવલ દર્શનમાત્રથી પણ શ્રદ્ધાળુ જનોને કૃતાર્થ કરે છે. જેવી રીતે નદીઓ પ્રાણીમાત્રના ઉપકારને માટે વહે છે, વૃક્ષો પ્રાણીમાત્રના ઉપકારને માટે ફળે છે અને વાદળો પ્રાણીમાત્રના ઉપકારને માટે વર્ષે છે. એવી જ રીતે આવા ઇશ્વરરૂપ મહાપુરુષોનું સર્વ લોકોના હિતાર્થે જ પરમકૃપાળુ પરમેશ્વરની આજ્ઞાથી આ પૃથ્વી પર

આવવાનું થાય છે. જેમ કે શ્રી ઇશ્વરની આજ્ઞાથી શ્રદ્ધાળુ જનસમાજના હિતને માટે 'ગુરુ નાનક' તેમજ 'કબીર સાહેબ' વગેરે મહાત્માઓનું આ પૃથ્વી પર પધારવાનું થયું હતું. એવી રીતે કોઇ વાર પરમકૃપાળુ પ્રભુ જગતનું કલ્યાણ કરવાને માટે આ પૃથ્વી પર પોતાના સમર્થ સંત-પુરુષોને મોકલે છે, તો કોઇ વાર પોતાનું અનન્યભાવે ભજન કરનારા સાધુ જનોનું રક્ષણ કરવા, વેદધર્મ વિરુદ્ધ વર્તનાર દુષ્ટજનોને દંડ દેવા અને વૈદિક ધર્મની સ્થાપના કરવા પોતે જ અવતાર ધારણ કરે છે. જ્યારે જ્યારે જે કાર્યને માટે જેવા અવતારની જરૂર હોય છે, ત્યારે ત્યારે તેવા કાર્યને માટે પરમકૃપાળુ પ્રભુનો તેવો અવતાર થાય છે. જેવી રીતે શ્રી પ્રભુના પરાવતારોની નિર્મલ સુકીર્તિરૂપી પાવન ગંગા સંસારના સર્વ જીવોને પવિત્ર કરે છે. તેવી રીતે બ્રહ્મવેત્તા મહાપુરુષોનાં અતિ ઉજ્જ્વલ અને મોક્ષમાર્ગદર્શક શુભ જીવનચરિત્રો પણ શ્રવણદ્વારા શ્રદ્ધાળુ સર્વ મનુષ્યોને અત્યંત પવિત્ર કરે છે, એટલું જ નહીં, પણ તે મહાપુરુષોનાં જીવન-ચરિત્રોને શ્રવણ કરી, તેનું ખરૂં રહસ્ય જાણી અને તેમાંથી કંઇ ઉપદેશ ગ્રહણ કરી તેમજ તે પ્રમાણે વર્તવાથી જિજ્ઞાસુ-જનો આ માયામય મિથ્યા સંસારથી સદ્ય મુક્ત થાય છે. એજ હેતુથી જુદા જુદા દેશોમાં થયેલા અનેક આત્મવેત્તા મહાપુરુષોનાં જીવનચરિત્રો જુદી જુદી અનેક દેશભાષાઓમાં જનહિતાર્થે પ્રસિદ્ધ કરવામાં આવે છે, અને એમજ હોવું જોઇએ.

ઉપરોક્ત નિયમને અનુસરી આપણા પવિત્ર કચ્છ દેશમાં પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ મહારાજ શ્રી ઇશ્વરરામજી

અવતારી અને અત્યંત પ્રતાપી એવા એક આદર્શ મહાપુરુષ થઇ ગયા છે, કે જેઓ પૂર્ણ ભજનાનંદી અને સમર્થ હતા, જેમના શ્રી ભગવદ્ભજનનો પાવન પ્રતાપ કચ્છ દેશની જનતાના મોટા ભાગને સુવિદિત છે. વળી જેમના સંબંધમાં અમે એમ સાંભળ્યું છે કે વિદેહમુક્ત થયા પછી પણ જેમણે મહારાજ શ્રી ગરીબદાસજીની તીવ્ર જિજ્ઞાસાને લઇ સ્વપ્નમાં પધારી પોતાનો વરદ હસ્ત તેમના મસ્તક પર મૂકી "તત્ત્વમસિ" મહાવાક્યનો ઉપદેશ આપી તેમને કૃતાર્થ કર્યા હતા. હજી પણ ભાવિકજનો જ્યારે જ્યારે તીવ્ર ભાવથી તેઓશ્રીનું સ્મરણ કરે છે ત્યારે ત્યારે તેઓને સ્વપ્નમાં તેઓશ્રી દર્શન આપે છે; એટલું જ નહીં, પરંતુ તેઓશ્રી સર્વજ્ઞ હતા, એવાં અનેક ઉદાહરણ તેઓશ્રીના જીવનમાંથી મળી આવે છે. આ ઉપરથી એમ જણાય છે કે પૂજ્યપાદ મહારાજ શ્રી ઇશ્વરરામજી સાક્ષાત્ શ્રી ઇશ્વર–અવતાર જ હતા. મહારાજ શ્રી લાલરામજીએ "જગમંગલ મૂર્તિ અતિ પ્યારી, ગુરુ ઇશ્વર કર અવતારી;" એ વાક્યવડે તેઓશ્રીનું શ્રી ઇશ્વર–અવતારપણું બતાવી, "ઇશ્વરરામનામ રટ નિશદિન, પલમેં પાર પરત પ્રાની." એ બીજા વાક્યવડે જેમના માત્ર 'ઇશ્વર' એવા નામના રટનથી પ્રાણી સંસારસમુદ્રથી પાર થાય છે, એમ બતાવ્યું છે. મહારાજ શ્રી ગરીબદાસજીએ પણ "ગુરુ ઇશ્વર અનીશોના ઇશ." એ વાક્યવડે તેઓશ્રીનું ઇશ્વરસ્વરૂપપણું સ્પષ્ટ બતાવ્યું છે. એવા ઇશ્વરરૂપ મહાપુરુષનાં દર્શનથી તથા ઉપદેશામૃતથી કૃતાર્થ થયેલા તેમજ તેમના સત્સંગના અલૌકિક આનંદને અનુભવનારા તેઓશ્રીના જે શિષ્યો,

4

ભાવિક સેવકો અને સજ્જનો તેમજ તેઓશ્રીના સમકાલીન જે વૃદ્ધ સંતપુરુષો છે, તે જ્યારે જ્યારે મળ્યા છે અને મળે છે ત્યારે ત્યારે એ આનંદના સમુદ્ર અનહદ દયાળુ સમર્થ શ્રી ગુરુદેવ યાદ આવતાં તેઓનાં નેત્રોમાંથી ગદ્‌ગદ્‌કંઠે પ્રેમનાં અશ્રુઓની ધારાઓ વહે છે; એટલું જ નહીં, પરંતુ એ આનંદને યાદ કરી કેટલાક સમય સુધી તેમાં લીન થઈ તેઓ કહે છે કેઃ-"અહા! એ કેટલું મધુર અને મીઠું સ્મરણ. એવી વિશ્વમંગલમૂર્તિને દેશે કે વિદેશે તેમજ કોઇ તીર્થસ્થળે પણ અમે જોતા નથી." એવા અલૌકીક મહાપુરુષના જીવનચરિત્રને જાણવા ઇચ્છા કોને ન હોય? અર્થાત સર્વ કોઇને હોય એ સ્વાભાવિક છે. આમ હોવાથી તેઓશ્રીના જીવનચરિત્ર પરત્વે મહારાજ શ્રી લાલરામજી વગેરે મહાત્માઓ, ભાવિક સેવકો અને તેમના સમકાલીન વૃદ્ધ આપ્ત મહાપુરુષોદ્વારા જે કંઇ રહસ્ય જાણવામાં આવ્યું છે, તે જિજ્ઞાસુજનોના હિતાર્થે સર્વ માનવસમાજના સમક્ષ મૂકવા પરમાત્માની પ્રેરણાને અનુસરી સાક્ષાત્ શ્રી ઇશ્વર-અવતાર પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ મહારાજ શ્રી ઇશ્વરરામજીના પાવન જીવનચરિત્રની રૂપરેખા અમે સંક્ષેપમાં આળેખીએ છીએ, કારણ કે એવા મહાપુરુષનું જીવનચરિત્ર વિસ્તારથી લખવા જતાં મોટા કદનું એક પુસ્તક બની જાય એમ છે. અસ્તુ.

કર્મયોગના અધિકારીઓને કર્મયોગનું રહસ્ય સમજાવવા, ભક્તિયોગના અધિકારીઓને ભક્તિયોગનું રહસ્ય સમજાવવા અને જ્ઞાનયોગના અધિકારીઓને જ્ઞાનયોગનું રહસ્ય સમજાવવા તેમજ આનંદસ્વરૂપ આત્માનું અપરોક્ષભાન

કરાવી તેઓને સત્ય સુખમાં સ્થાપવા શ્રી ઇશ્વરાવતાર વિશ્વમંગલમૂર્તિ પૂજ્યપાદ મહારાજશ્રીના ભારતવર્ષના પવિત્ર કચ્છ પ્રાંતમાં અબડાસા તાલુકે આવેલા નાદરા નામના ગામમાં ભાનુશાળી જ્ઞાતિના ભક્તરાજ હંસરાજનાં સ્વધર્મપરાયણ ધર્મપત્ની કુંવરબાઇના (સતીના) ઉદરથી સંવત્ ૧૮૯૫ માં આસો સુદ ૨ ને દિવસે સ્થૂલ શરીરનો આવિર્ભાવ થયો. એવા અવતારી પુત્રના આવિર્ભાવથી પોતાનાં માતપિતાને આનંદ થાય એ સ્વાભાવિક છે, પરંતુ જેમના આવિર્ભાવથી સર્વે સંબંધીઓને પણ ઘણો જ આનંદ થયો. મહારાજશ્રીનાં માતપિતાનાં પૂછવાથી જેમના આવિર્ભાવના શ્રેષ્ઠ સમય પરથી જ્યોતિર્વેત્તા બ્રાહ્મણે "આ એક અલૌકીક મહાપુરુષ થશે." એમ તેઓશ્રીનાં માતપિતાની પાસે તેમનું ભવિષ્ય ભાખ્યું. એ સાંભળી શ્રી ઇશ્વરના અનુગ્રહથી જેમના મંગલમય આવિર્ભાવનો નિશ્ચય કરી તેઓશ્રીનાં માતપિતાએ તેમનું "ઇશ્વર" નામ પાડ્યું. વિશ્વમંગલમૂર્તિ મહારાજશ્રીનું 'ઈશ્વર' એ માંગલિક નામ જ તેઓશ્રીના ઇશ્વરપણાને તેમજ પૂર્ણપણાને સ્પષ્ટપણે બતાવનાર છે, કારણ કે "यथा नाम तथा गुणाः" જેવું નામ, તેવા જ તેઓશ્રીમાં ગુણ હતા. જેમના અતિ ઉજ્જવલ પાવન શરીરની સાત્ત્વિક શોભા, જેમની શાંત અને સુરમ્ય મનોહર મુખમુદ્રા અને જેમનું મધુર અવલોકન એ દર્શન કરનારાઓને દર્શનમાત્રથી હૃદયમાં અદ્ભુત આનંદને ઉપજાવે એવાં અલૌકીક હતાં. તેઓશ્રીનું સ્થૂલ શરીર શુક્લ પક્ષની બીજના ચંદ્રમાની કલાની પેઠે દિવસોદિવસ વધવા લાગ્યું. જેમનું બાલ્યચરિત્ર પણ ચમત્કૃતી ભરેલું તેમના

ભાનુશાળી

DOB: 09-Oct-1839

પૂર્ણ સંસ્કારીપણાને જાણે સહજમાં બતાવતું હોય, એવું અલૌકીક હતું. કોઇ સ્થળે પ્રભુનાં ભજનો ગવાતાં હોય તો દૂરથી દોડી તેઓશ્રી ત્યાં જતા, અને તેને સાંભળતા ને તેમાં તન્મય થઇ જતા; એટલું જ નહીં, પરંતુ હાલતાં ચાલતાં તેમજ બેસતાં ઉઠતાં શ્રીરામનામનો ઉચ્ચાર કરતાં કરતાં કોઈવાર તેમાં એકતાર પણ બની જતા. તેઓશ્રીની વાણી પણ ઘણી મધુર અને મીઠી હતી.

તેઓશ્રીનાં માતપિતા હ્રુદયનાં ઘણા નિર્મલ અને દયાળુ હતાં. તેમને ત્યાં સંતસાધુઓ અવારનવાર પધારતા, તેમની તેઓ શુદ્ધભાવથી ઘણી સારી સેવા કરતાં, અને ખેતી-વાડીનો ધંધો કરી પોતાનું સાદું અને સાત્ત્વિક જીવન ગાળતાં. તેઓનો પોતાના અવતારી પુત્ર 'ઇશ્વર' પર ઘણો પ્રેમ હતો.

જ્યારે મહારાજશ્રીના સ્થૂલ શરીરનું વય લગભગ ચાર વર્ષનું થયું ત્યારે કચ્છ દેશમાં દુષ્કાલ પડવાથી તેઓ-શ્રીનાં માતપિતા તેમને સાથે લઇ પોતાના નિર્વાહને માટે સિંધદેશ ગયાં. ત્યાં જુરડા ગામમાં રહી ખેતીનો ધંધો કરી સંતોષપૂર્વક પોતાનું ગુજરાન કરતાં હતાં. એમ કરતાં કરતાં મહારાજશ્રીનાં માતપિતાનાં શરીરો દૈવયોગે સિંધમાં જ છૂટી ગયાં અને તેઓશ્રી એકલા પડી ગયા. નાની અવસ્થામાં માતપિતાના વિયોગથી બાળકોને ઘણું દુ:ખ થાય છે, પણ શું થાય? પ્રારબ્ધની ગતિ વિચિત્ર હોવાથી તેને કોઇ પણ મટાડી શકે એમ નથી. ગીતાજીમાં શ્રી ભગવાને પણ કહ્યું

છે કે:–"**गहना कर्मणो गतिः**" (કર્મની ગતિ ગહન છે.) તેઓશ્રીની એવી દશા જોઇ ત્યાં તેમનાં જે ફુઈ રહેતાં હતાં. તેમને મહારાજશ્રી પર ઘણી દયા આવી, જેથી તેમનો હાથ ઝાલી પોતાની સાથે રાખી પ્રેમથી તેમનું પાલન પોષણ કરવા લાગ્યાં.

હવે એક વખત હરલો એટલે રેંટ ચલાવતાં મહારાજશ્રીનો ડાબો પગ તેમાં આવી જતાં તે મરડાઇ ગયો, અને તેમાં ખોટ આવી ગઈ, જેથી તેઓશ્રીનું શરીર કંઈક પરતંત્ર થઈ ગયું. આમ થવાથી તેમનાં ફુઈને ઘણું દુઃખ થયું, પરંતુ તેમ થવાથી તેઓશ્રી તો અંતર્યામી ઇશ્વરનો મહાન્ ઉપકાર માની મનમાં વિચાર કરવા લાગ્યા કે:–"અહા! પરમકૃપાળુ પરમાત્માએ મારા ઉપર અપાર દયા કરી આ ઉપાધિમાંથી મને છોડાવ્યો. આ અસાર સંસારથી છૂટવાનો ખરો ઉપાય એક જ ઇશ્વરનું ભજન છે, અને તે નિવૃત્તિ વિના થઇ શકતું નથી, માટે એક સ્થળે બેસી હવે નિવૃત્તિમાં ખૂબ ઇશ્વરનું ભજન કરીશ, કારણ કે આવો મનુષ્ય દેહ વારંવાર મળતો નથી, કિંબહુના આ મનુષ્ય દેહ એટલા જ માટે છે." એમ વિચારી ત્યાંકને પૂજ્યપાદ મહારાજ શ્રી સેવારામજીના શિષ્ય મહાત્મા અરજણદાસજી રહેતા હતા. તેમને ત્યાં પોતાનાં ફુઇની સાથે તેઓશ્રી સત્સંગમાં દરરોજ જતા. તેઓશ્રી મહારાજશ્રીની પ્રભાવશાળી મુખમુદ્રા જોઈ આ કોઇ પૂર્ણ સંસ્કારી અવતારી પુણ્યાત્મા છે, અને આગળ જતાં એ કોઇ અલૌકીક મહાપુરુષ થશે. એમ ધારી શાસ્ત્રીય અક્ષરોનું લેખન વાચન અને શબ્દ સાખી શીખવતા તેમજ

તેમને સંસારને છોડી નિવૃત્તિપરાયણ બની ઇશ્વર ભજન કરવાનો ઘણો સારો ઉપદેશ આપતા.

હવે ત્યાર પછી મહારાજશ્રીનાં ફુઈ અને સંબંધીજનો તેઓશ્રીનો સંસારી સંબંધ જોડવા પરસ્પર વિચાર અને પ્રયત્ન કરવા લાગ્યાં. એ ખબર મહાત્મા શ્રી અરજણદાસજીને મળતાં તેઓશ્રીએ મહારાજશ્રીને એકાએક બોલાવી એકાંતમાં કહ્યું કે:–"હે ઇશ્વર! તમારા સંબંધીજનો તમને દુઃખરૂપ સંસારમાં નાંખવા વિચાર અને ઉપાયો કરી રહ્યા છે. હવે તમારે અહીં રહેવું યોગ્ય નથી, કારણ કે અહીં રહેશો તો તમારા સંબંધીજનો તમને સંસારની ઉપાધિમાં નાંખી ઈશ્વર ભજન કરવા દેશે નહીં, માટે કચ્છ હમલાપુરી બાવા શ્રી દેવાસાહેબના દિવ્યધામે જઇ ત્યાં કોઇ બ્રહ્મવેત્તા મહાપુરુષની પાસેથી ગુરુદીક્ષાને ગ્રહણ કરી સાધુ બની સરજનહાર પરમાત્માનું ભજન કરી આ મનુષ્યદેહને સફલ કરો, કારણ કે તમારા લલાટની રેખા પરથી એવું સ્પષ્ટ જણાય છે કે તમારા કર્મમાં યોગ લખ્યો છે, અને તમે આગળ જતાં એક આદર્શ મહાપુરુષ થશો." મહાત્મા શ્રી અરજણદાસજીનાં આવાં અમૃતમય યથાર્થ વચનો મહારાજશ્રીને ઘણાં પ્રિય લાગ્યાં, અને તેમ કરવા તેમણે હા પાડી. પછી તેઓશ્રીના ચરણોમાં પડી એકાગ્રચિત્તે શ્રી અંતર્યામીનું અનન્યભાવે સ્મરણ કરી વિચાર કરવા લાગ્યા કે:–"હવે કચ્છ હમલાપુરી જવાનો સુયોગ મને કયારે મળશે? અને કેવી રીતે મળે?" એવી રીતે તેઓશ્રી વિચાર કરતા હતા, તેવામાં બે ત્રણ મહાત્માઓ વિચરતા વિચરતા અચાનક ત્યાં આવ્યા, તેઓ

કચ્છદેશના હતા, અને ફરી તુરત કચ્છદેશ જવાના હતા. મહાત્મા શ્રી અરજણદાસજીએ તે મહાત્માપુરુષોને યોગ્ય ભલામણ કરીને તેમની સાથે કચ્છ હમલાપુરી જવાને માટે મહારાજશ્રીને સારી સગવળ કરી આપી, એટલે તેઓની સાથે તેઓશ્રી કચ્છ હમલાપુરી પધાર્યા.

જ્યાં બ્રહ્મીભૂત અવતારી પૂજ્યપાદ બાવા શ્રી દેવા-સાહેબના ભજનનો પાવન પ્રતાપ વિલસી રહ્યો છે, અને તેઓશ્રીના લાંબા કાળના ભગવદ્‌ભજનના પુનિત પ્રભાવથી જ્યાંનું પવિત્ર થયેલું વાતાવરણ દૂરથી દર્શનાર્થે આવનાર જિજ્ઞાસુજનોનાં તેમજ યાત્રાળુજનોનાં મનમાં અત્યંત પ્રસન્નતા અને શાંતિને સહજ ઉત્પન્ન કરે એવું અલૌકીક હતું. આવા દિવ્યધામમાં આવતાં જ ત્યાં રહેલા ભજનાનંદી મહાત્માપુરુ-ષોનાં દર્શનથી મહારાજશ્રીને ઘણો જ આનંદ પ્રાપ્ત થયો.

હવે એ વખતે પૂજ્યપાદ મહારાજ શ્રી ક્ષેમદાસજી બાવા શ્રી રામસિંહજીના આગ્રહથી ત્યાં રહી તેઓશ્રીને વેદાંત-શાસ્ત્રનો અભ્યાસ કરાવતા હતા. જેમના સંબંધમાં અમે એમ સાંભળ્યું છે કે જેઓ પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં પણ 'શ્રીપંચદશી' જેવા વેદાંતવિષયના મોટા ગ્રંથો જેમને જિવ્હાગ્ર હતા; એટલું જ નહીં, પરંતુ જેઓ પૂર્ણભજનાનંદી હતા, અને જેમને પોતાના સ્વસ્વરૂપનો કરતલામલકવત્ અપરોક્ષ અનુભવ હતો. આવા બ્રહ્મવેત્તા મહાપુરુષનાં દર્શન કરી મહારાજશ્રીના બધા મનોરથો એકાએક પૂર્ણ થયા. પછી તેઓશ્રીને વિધિવત્ વંદન કરી તેમને ગુરુ ધારણ કરવા પોતાની તીવ્ર ઇચ્છા તેમણે દર્શાવી.

મહારાજ શ્રી ક્ષેમદાસજીએ મહારાજશ્રીને પૂર્ણ અધિકારી તેમજ પૂર્ણ સંસ્કારી જાણી શ્રી ગુરુમંત્ર સહિત "તત્ત્વમસિ" મહાવાકયનો ઉપદેશ આપી કૃતાર્થ કર્યા, અને તેઓશ્રીનું "ઇશ્વરદાસ" એવું નામ નિયત કર્યું.

ત્યાર પછી મહારાજશ્રી પોતાના શ્રી ગુરુદેવની સાથેજ રહેતા, અને તેઓશ્રીની સેવામાં તત્પર રહેવા છતાં પણ શ્રી ગુરુદેવની આજ્ઞાનુંસાર ત્યાં રહેલા મહાત્માપુરુષોની તન મનથી ઘણી સારી સેવા કરતા. એ પ્રમાણે કેટલોક સમય ગયા પછી બાવા શ્રી રામસિંહજી તેમજ પોતાના ગુરુદેવના કહેવાથી નાનપણમાં પોતાનું પાલન કરનાર પોતાનાં ફૈઇ કે જે સિંધમાં એકલાં હતાં, અને મહારાજશ્રી જુદા પડી જવાથી જેમને ઘણો શોચ થયા કરતો હતો, તેમને ત્યાં બોલાવી લીધાં. તે પણ ત્યાં રહી જે બને તે સંતસેવા કરતાં અને સત્સંગનો અલભ્ય લાભ લેતાં. તે વેળા ત્યાં ઘણા સંતસાધુઓ રહેતા હતા અને ઇશ્વરભજન કરતા હતા. તેઓને માટે શ્રદ્ધાપૂર્વક પ્રેમથી મહારાજશ્રી રસોઇ બનાવતા. એ સંબંધે અમે એમ સાંભળ્યું છે કે:–"તેઓશ્રી બંને ચુલાપર તાવડીઓ મૂકી એક બાજુ રોટલા ઉતારતા જાય અને બીજી બાજુ સામે રાખેલા પુસ્તકમાંથી શ્લોકો જિવ્હાગ્ર કરતા જાય. એમ દરરોજ લગભગ સાઠ સાઠ શ્લોકો સહજમાં જિવ્હાગ્ર કરી લેતા." અહા! એજ ખરી ગુરુભક્તિ અને એજ ખરી ગુરુકૃપા તેમજ એજ ખરૂં સંતસેવાનું ફલ.

રસોઇ તૈયાર થયા પછી હરિહર બોલાવી પોતાના ગુરુદેવ તેમજ સર્વે સંતોને પ્રેમથી પીરસી તેમને સર્વેને

જમાડી પછી મહારાજશ્રી પોતે ભોજન લેતા. ભોજન લીધા પછી વાસણો સાફસુફ કરી તેમજ ભંડારો બંધ કરી સંત-પુરુષો તેમજ પોતાના ગુરુદેવને જોઇતિ વસ્તુઓ હાજર કરી દેતા. પછી આરામ લઇ પોતાના ગુરુદેવ જ્યારે ઉઠતા ત્યારે તેમની પાસેથી જે બને તે વિદ્યાનો અભ્યાસ કરતા.

મહારાજશ્રીને સંતસેવામાં ઘણી પ્રીતિ હોવાથી એક દિવસ ભોજન લીધા વિના ભંડારો બંધ કરી મંદિરે જઇ પૂજ્યપાદ આદ્યગુરુ બાવા શ્રી દેવા સાહેબની ચરણપાદુકાઓને પકડી નેત્રોમાં અશ્રુઓ લાવી તેઓશ્રી રોવા લાગ્યા, અને કહેવા લાગ્યા કેઃ—"હે ગુરુદેવ! પગમાં ખોટ હોવાને લીધે મારૂં શરીર કંઇક પરતંત્ર હોવાથી સંતપુરુષોને માટે પાણી ભરી લાવવાની સેવા મારાથી બની શકતી નથી, જો એ ખોટ દૂર થઈ જાય તો એ સેવાનો પણ અલભ્ય લાભ હું લઈ શકું, માટે આ મારો પગ સીધો કરી દો, કારણ કે આપ પૂર્ણ સમર્થ છો" એમ કહી શ્રી સમર્થ ગુરુદેવની પાસે આગ્રહ પકડી તેઓશ્રી એક પગે ઉભા રહ્યા. એ પ્રમાણે કેટલોક સમય તેઓશ્રી ત્યાં જ ઉભા હતા. પછી તે ખબર સંતપુરુષોને મળતાં મહારાજ શ્રી ક્ષેમદાસજી પાસે જઈ તેઓએ બધી હકીકત સંભળાવી કહ્યું કેઃ—"આપના શિષ્ય આવા હેતુસર બાવા શ્રી દેવા સાહેબની ચરણપાદુકાઓને પકડી ત્યાં એક પગે ઉભા છે." એવાં સંતપુરુષોનાં વચનો સાંભળતાંજ તેઓ-શ્રી ત્યાં ગયા અને કહ્યું કેઃ—"જો કે બાવા શ્રી દેવા સાહેબ પૂર્ણ હોવાથી તેમને માટે આ પગ સીધો કરવો એ કંઇ એવી મોટી બાબત નથી, છતાં પણ આગ્રહ કરી તેઓશ્રીની

5

પાસે આવી તુચ્છ માંગણી કરવી તે યોગ્ય નથી, માટે હે પુત્ર! હવે જા, તારી સેવા સફલ થઇ, અને તું જે સેવા કરે છે તે ઘણી છે." એવાં શ્રી ગુરુદેવનાં વચનો સાંભળી તેમને તેમજ બાવા શ્રી દેવા સાહેબની ચરણપાદુકાઓને વંદન કરી ફરી પૂર્વની પેઠે પ્રેમથી પોતે સંતસેવા કરવા લાગ્યા.

ત્યારપછી થોડા સમયમાં જ મહારાજશ્રીનાં ફઇ વૈકુંઠ-વાસ પામ્યાં. જેમની પાછળ તેઓશ્રીએ એક સારો ઉત્સવ કરી તેમજ સંતસાધુઓને સારી રીતે જમાડી તેમનો જય જયકાર બોલાવ્યો. પછી પોતાના શ્રી ગુરુદેવની સાથે મહા-રાજશ્રી હમલાપુરીથી વિદાય થઇ ફરતા ફરતા દેવલબાઇ માના આગ્રહથી કાનપુર પધાર્યા.

જે દેવલબાઇ મા દેવીનો સાક્ષાત્ અવતાર જ હતાં, અને ભૂખ્યાનું તો કદિ મોઢું પણ ન જૂવે એવાં હતાં. જેમને કથા શ્રવણમાં ઘણી પ્રીતિ હતી, અને જે તન મન અને ધનથી ઘણી સારી સંતસેવા કરતાં. મહારાજ શ્રી ક્ષેમદાસજી તેમને બે વખત કથા સંભળાવતા અને નિવૃત્તિપરાયણ રહી ત્યાં ઈશ્વર ભજન કરતા. જ્યારે પોતાના પંચભૌતિક દેહને છોડ-વાનો અંતિમ સમય નજીક આવી ગયો ત્યારે દેવલબાઇ મા ઘણાં દીલગીર થઇ તેઓશ્રીને કહેવા લાગ્યાં કે:—"હે માંયલા આધાર કથા કવણ સંભળાવશે?" દેવલબાઇ માનાં એવાં વચનો સાંભળતાં જ તે વખતે તેમણે મહારાજશ્રીને બોલાવી કહ્યું કે:—"હે ઇશ્વર! તારી સેવાથી હું ઘણો પ્રસન્ન થયો છું, માટે તારૂં કલ્યાણ થાઓ. આ દેવલબાઇ માનું જ્યાં સુધી

શરીર છે ત્યાં સુધી તેમને કથા સંભળાવજે, અને જે મેં ખરૂં રહસ્ય બતાવ્યું છે તે પ્રમાણે ઇશ્વર ભજન કરજે. એમ કરવાથી જગતના ઇતિહાસમાં તારૂં અમર નામ રહી જશે." એમ કહી તેઓશ્રી બ્રહ્મનિર્વાણ પામ્યા.

ત્યાર પછી પૂજ્યપાદ મહારાજશ્રી શ્રી ગુરુદેવની આજ્ઞાનુસાર દેવલબાઇ માને કથા સંભળાવતા, અને શ્રીગુરુદેવનો અમૂલ્ય ઉપદેશ વારંવાર યાદ કરી એકાંતમાં પોતે ઇશ્વર ભજનમાં જ ઓતપ્રેત રહેતા. તેઓશ્રી એવા તો ભજનાનંદી હતા કે જેઓ પક્ષીઓના શબ્દોને પણ સહન કરી શકતા નહીં. એમ હોવાથી તેમને ભજનમાં વિક્ષેપ ન થાય તે માટે દેવલબાઇ માએ પોતાના પુત્ર દેવકરણ અને માનસુરને ભલામણ કરીને ત્યાં એક માણસ રાખવાની ગોઠવણ કરાવી આપી, કે જે મહારાજશ્રીના ભજન કરવાના ઓરડા ઉપર કાગડા વગેરે પક્ષીઓને પણ બેસવા દેતો નહીં. ત્યાં રામદાસજી નામે મહારાજશ્રીના પ્રથમ શિષ્ય થયા, કે જેમનું શરીર પરદેશિ હતું. પછી બાવા શ્રી વિહારી સાહેબના પૂર્વાશ્રમના પૌત્ર પ્રિયદાસજી નામે મહારાજશ્રીના બીજા શિષ્ય થયા, જેમને મહારાજશ્રીએ પોતાના કાકા ગુરુ શ્રી હરિદાસજીની સેવા માટે વાંઢાયની જગ્યામાં રાખ્યા, અને એ વખતે મુંદ્રાનાં માતુશ્રી તેજબાઇ પણ વાંઢાયની જગ્યામાં રહી સંતસેવા કરતાં હતાં, જેમને મહારાજશ્રી તેમજ સર્વે સંતો ફૂઇબા કહી બોલાવતા. મહારાજશ્રીને તેમજ હરિદાસજીને પણ પરસ્પર ઘણો પ્રેમ હતો, જેથી બાવા હરિદાસજીને જે સામગ્રી જોઇતિ હોય તે મહારાજશ્રી કાનપુરથી મોકલાવી આપતા,

અને ઘણીવાર તેઓશ્રીનાં દર્શનાર્થે પોતે વાંઢાય જતા ત્યારે જોઇતિ વસ્તુઓ તેમજ સામગ્રી આપી આવતા. મહારાજશ્રી બાવા હરિદાસજીને જ્યારે મળતા ત્યારે તેમના ચરણોમાં પોતે પડી જતા, અને બંનેનાં નેત્રોમાંથી પ્રેમનાં આંસુઓ વહેતાં. એવી દશાને જોઇ ભાવિક સેવકોનાં મન પણ પીગળી જતાં. વિશ્વમંગલમૂર્તિ મહારાજશ્રી કાનપુરમાં વિરાજમાન હોવાથી દેશ વિદેશથી અનેક મહાત્માઓ ત્યાં આવતા, અને કેટલાક મહાત્માઓ તો ત્યાંજ રહી ઇશ્વર ભજન કરતા. એ પ્રમાણે મહાપુરુષોના નિવાસથી તેમજ અવારનવાર આવનાર સંતપુરુષોનાં પાવન પગલાંઓથી કાનપુરની ભૂમિ પવિત્ર થયા કરતી; એટલુંજ નહીં, પરંતુ તે વખતે સર્વ પ્રકારની સંમૃદ્ધિઓથી તેમજ સંતપુરુષોના નિવાસથી તથા ઇશ્વર ભજનના આનંદ ઉત્સવથી એ ગામ એવું શોભતું કે જાણે બીજું શ્રી ગોકુલ. શ્રી રામાયણમાં પણ કહ્યું છે કે:—

"જે ગુરુચરણ રેણું શિર ધરહીં; તે જન સકલ વિભવ વશ કરહીં"

જે જનો શ્રી ગુરુદેવના ચરણોની રજને પોતાના મસ્તક પર ધારણ કરે છે, તે જનો સર્વ વિભવોને એટલે સર્વ પ્રકારની સુખ સંપદાઓને પ્રાપ્ત કરી શકે છે. આમ હોવાથી એ બધો દેવલબાઇ માની ગુરુભક્તિ અને સંતસેવાનો જ પ્રતાપ હતો.

જે સામદાસજી મહારાજ પછી સંન્યાસને ગ્રહણ કરી સામભગવાન નામે ઓળખાતા, તે પ્રથમ કાનપુરમાં રહી મહારાજશ્રીની પાસે વેદાંતશાસ્ત્રનો અભ્યાસ કરતા. એ વખતે

તેમની બુદ્ધિ મંદ હોવાથી અપાયલો પાઠ કોઈ વાર તૈયાર થતો નહીં ત્યારે ગ્લાનિ પામી પોતાના માથાને ભીતમાં પછાડતા. એક વેળા મહારાજશ્રીની દૃષ્ટી પડી જતાં તેઓ-શ્રીએ કહ્યું કે:—"હે મહાપુરુષ! આમ કરવાથી કોઈ શરીરનો ભાગ વિપરીત થઇ જશે." એમ કહી મહારાજશ્રીએ પોતાનો વરદ હસ્ત તેમના મસ્તક પર મુકયો, એટલે હૃદય ખુલ્લી ગયું, અને વિદ્યા સ્ફુરવા લાગી. તેજ વખતે સામભગવાને તેર દોહરા બનાવી તેઓશ્રીની સ્તુતિ કરવા લાગ્યા; જે દોહરા હજી સુધી શ્રી ઈશ્વર–આશ્રમે શ્રી સદ્‌ગુરુની સ્તુતિરૂપે બોલ-વામાં આવે છે, અને જે દોહરાના અર્થમાં પૂજ્યપાદ મહા-રાજશ્રીનું ઈશ્વરાવતારપણું સ્પષ્ટપણે બતાવવામાં આવ્યું છે.

એ પ્રમાણે કાનપુરમાં રહેવા છતાં પણ મહારાજશ્રીના હાથે અનેક અધિકારીઓ તેમજ અનેક ભાવિકજનોનાં કલ્યાણ થયાં છે, અને બીજી પણ ચમત્કાર ભરેલી અનેક ઘટનાઓ ઘટી છે, પરંતુ વિસ્તાર ભયથી અત્રે માત્ર થોડુંજ અમે બતાવ્યું છે. પછી થોડા સમયમાં દેવલબાઇ મા પોતાના નાશવંત પંચભૌતિક દેહનો પરિત્યાગ કરી વૈકુંઠવાસ પામ્યાં.

હવે શ્રી ગુરુદેવની આજ્ઞાનુસાર કાનપુરમાં રહી ઈશ્વર ભજન કરતાં કરતાં લગભગ વીશ વર્ષ પૂરાં થયાં, અને ત્યાંનું કાર્ય બધું પૂરૂં થયું. પછી જે હેતુથી કચ્છ દેશમાં પોતાનો અવતાર થયો છે, તેનો વિચાર કરી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો ઉપદેશ આપી અનેક અધિકારી જનોનાં તેમજ ભાવિક જનોનાં કલ્યાણ કરવા તેઓશ્રી કેવલ જનહિતાર્થે કચ્છ દેશમાં લગભગ

ગામેગામ વિચરવા લાગ્યા. શ્રી રામાયણમાં પણ કહ્યું છે કે:—

"સંત વિટપ સરિતા ગિરિ ધરણી;
પરહિત હેતુ સબન કહું કરણી."

સંતપુરુષો, વૃક્ષો, નદીઓ, પર્વતો અને પૃથ્વી એ સર્વેની પરના હિતને માટે જ કરણી હોય છે. મહારાજશ્રી નિ:સ્પૃહી, ભજનાનંદી અને અત્યંત દયાળુ હતા, અને તેઓશ્રી બીજાઓને પ્રિય લાગે એવો જ હિતકારક સાચો ઉપદેશ આપતા. તેઓશ્રી જ્યાં જ્યાં પધારતા ત્યાં ત્યાં ભાવિક જનોને તેમનાં દર્શનમાત્રથી પણ ઘણોજ આનંદ થતો, અને તેમનું જ્યારે એક ગામથી બીજે ગામ પધારવાનું થતું ત્યારે શ્રોતાજનોનાં નેત્રોમાંથી પ્રેમાશ્રુઓની ધારાઓ વહેતી. મહારાજશ્રીનું જે ગામે પધારવાનું થતું ત્યાં બીજા આસપાસનાં બે ત્રણ ગામના ભાવિકજનો આવી પોતાને ત્યાં પધારવા ઉપરાઉપર આમંત્રણો આપતા. જેમનું વકતૃત્વ પણ એટલું તો અદ્ભુત અને સુંદર હતું કે તેઓશ્રીના કથા પ્રવચનના કેવલ શ્રવણ માત્રથી પણ શ્રોતાજનોની શંકાઓનું આપોઆપ સમાધાન થઇ જતું. તેઓશ્રી સર્વ કોઇને અધિકાર પ્રમાણેજ ઉપદેશ આપતા, છતાં પણ દુર્જનોના સંગથી દૂર રહેવું અને સદા સજ્જન પુરુષોનો સંગ કરવો. એવા પ્રકારની ભલામણ જેમના ઉપદેશનો મુખ્ય મુદ્દો હતો. પ્રવાસમાં પૂજ્યપાદ મહારાજશ્રીના અનુક્રમે મહારાજ લાલરામજી, બાપુરામજી, લીલારામજી અને પ્રેમદાસજી એમ બીજા પણ ચાર શિષ્યો થયા, અને તેઓ પણ શ્રી ગુરુદેવની સેવામાં તત્પર રહી તેઓશ્રીની સાથે જ વિચરતા.

પૂજ્યપાદ મહારાજશ્રીને તેમજ બાવા શ્રીરામસિંહજીને પણ પરસ્પર ઘણો પ્રેમ હોવાથી મહારાજશ્રી લગભગ બાર મહિના બહાર વિચરવા છતાં પણ શ્રાવણ માસમાં શ્રીકૃષ્ણ-જન્માષ્ટમીને પ્રસંગે દર્શનાર્થે દિવ્યધામ શ્રી હમલાપુરી અવશ્ય પધારતા, અને પાંચ-આઠ દિવસ રહેતા; એવો ખાસ તેઓશ્રીનો નિયમ હતો.

હવે મહારાજશ્રી શિષ્યો સહિત ભુજ તાલુકે આવેલાં કેટલાંએક ગુર્જર ક્ષત્રિય જ્ઞાતિનાં ગામોમાં વિચરી ત્યાંના ભાવિકજનોને સત્સંગનો ઘણો સારો લાભ આપી ફરતા ફરતા માંડવી તાલુકે આવેલા ગુંદાઆરી ગામે પધાર્યા, અને શ્રીમાન્ ભાટીઆ હરિદાસને ત્યાં ઉતર્યા. ત્યાંકને હરિદાસના ધર્મપત્ની સુંદરબાઇ સંતાન ન બચવાથી સંતાનના અભાવે માટીના પુતળાને એટલે બનાવટી બાલકને ઉદાસી બની રોતાં રોતાં પાલડામાં ઝુલાવતાં હતાં. તે જોઇ મહારાજશ્રીએ તેમને પૂછ્યું કે:–" માતુશ્રી તમે કેમ રુવો છો?" ત્યારે સુંદરબાઇએ પોતાના દુઃખનું કારણ તેમને કહી સંભળાવ્યું. તે સાંભળી તેઓશ્રીએ કહ્યું કે:–" ચિંતા શા માટે કરો છો, ઇશ્વરનું ભજન કરો. તમને ઇશ્વર બે પુત્ર આપશે અને તે જીવશે." કેટલાક સમય પછી તેમજ થયું. એ પ્રમાણે મહા-રાજશ્રી અનેકના મનોરથો પૂર્ણ કરતા, કારણ કે તેઓશ્રી સત્યસંકલ્પ અને દયાળુ હતા.

એક સમય અબડાસા તાલુકે આવેલા સુથરી ગામમાં રાજગોર બ્રાહ્મણ ભક્ત પુરુષોત્તમે એક મોટો ઉત્સવ કર્યો

હતો. તે પ્રસંગે પૂજ્યપાદ મહારાજશ્રી તેમજ સંત મહંતો વગેરે અનેક મહાત્માઓ અને ભાવિક ભક્તો આમંત્રણોથી બોલાવવામાં આવ્યા હતા, અને મોટો માનવસમુદાય એકઠો થયો હતો. જ્યાં ભજનાનંદનો સર્વત્ર આનંદ છવાઇ રહ્યો હતો, પરંતુ જે દિવસે ઉત્સવની સમાપ્તિ થવાની હતી તેજ દિવસે ભક્ત પુરુષોત્તમનો પુત્ર પોતાની તેજદાર ઘોડી પર બેસી તેને પાણી પાવા ગયો, ઘોડીને પાણી પાઇ વળતાં દોડતી ઘોડી પરથી પડી જતાં તેનો પગ પાગડામાં રહી ગયો, તેથી ઘસેડાઇને મસ્તક છુંદાઇ જવાથી તે મરણ પામ્યો; અને ઘોડી જ્યારે ઘરે આવી ઉભી રહી ત્યારે ભક્ત પુરુષોત્તમે છોકરાના પગને પાગડામાંથી કાઢી લઇ તે છોકરાને એક વસ્ત્રમાં વીંટી કોઈ ન જાણે તેમ એક ઓરડામાં રાખી દીધો. પછી ભક્ત પુરુષોત્તમે મનમાં વિચાર કર્યો કેઃ– "દૈવેચ્છા બલવાન્ છે, જે થવાનું હતું તે થયું, ઇશ્વરની મરજી. જો ખબર પડશે તો મારે આંગણે આવેલા મહાત્મા-પુરુષો ભોજન લીધા વિના એમ જ ચાલ્યા જશે." એમ વિચારી ધીરજ ધરી બધાને જમવા બોલાવ્યા, એટલે પૂજ્યપાદ મહારાજશ્રી, ગામ નરેડાનાં કલ્યાણબાઇ મા, પંડિત પીતાંબરજી, સામભગવાન, શંકરાનંદ સ્વામી તથા બાવા શ્રી રામસિંહજી વગેરે અનેક મહાત્મા પુરુષો યથાપંક્તિ બેસી ગયા અને પતલાવળીઓ પડી ગઈ. એ પ્રમાણે પિરસવાની એકાએક તૈયારી થતાં પૂજ્યપાદ મહારાજશ્રી સર્વજ્ઞ હોવાથી તેઓશ્રીએ ભકત પુરુષોત્તમને જણાવ્યું કેઃ—"આજે પહેલી પિરસણી તમારો પુત્ર કરશે, માટે અમારા ચેલાને જલદી

બોલાવો." જ્યારે મહારાજશ્રીએ એ પ્રમાણે કહ્યું ત્યારે કોઇથી પણ કંઇ જવાબ અપાણો નહીં, ને બધાનાં મ્હોઢાં પડી ગયાં. ત્યારે ફરી મહારાજશ્રીએ કહ્યું કેઃ—"તમારો પુત્ર જ્યાં સુધી આવશે નહીં ત્યાં સુધી અમે કોઇ પણ જમીશું નહીં." તેઓશ્રીનાં એવાં વચનો સાંભળી ભક્ત પુરુષોત્તમે કહ્યું કેઃ—"એ છોકરો છે, ક્યાંક રમતો હશે, એને બોલાવીએ છીએ, તે હમણાં આવશે, આપ બધા પ્રસાદ લ્યો." ત્યારે બીજા કોઇ એક ભકતે બનેલી સાચી હકીકત સંભળાવી કહ્યું કેઃ—"ગુરુદેવ! એ છોકરો તો મરણ પામી હતો ન હતો થઇ ગયો છે. હવે તે ક્યાંથી આવે." એમ સાંભળતાં જ બધા શોકાતુર બની ખેદ કરવા લાગ્યા, ત્યારે મહારાજશ્રીએ કહ્યું કેઃ—"સંતો હવે ચાલો અને પ્રભુનું સ્મરણ કરો. તે લેખની ટેક અવશ્ય રાખશે." એમ કહી અર્ધો કલાક શ્રી ગીતાજીનો પાઠ કરાવી પોતે પણ નેત્રો બંધ કરી ભગવતનું ધ્યાન કરી પછી બધા મળી મૃતક છોકરા પાસે આવ્યા. તે વેળા એ કુતુહલને જોવા મોટી સંખ્યામાં માનવમેદની એકત્ર થઇ હતી. તેમાં કેટલાએક નાસ્તિકો હતા, તેઓ પરસ્પર કહેવા લાગ્યા કેઃ—"મરેલાને સજીવન કરવા આ બધા પીરના દીકરાઓ ભેળા થયા છે, તેમને જોઇ લ્યો." ત્યારે બીજાએ કહ્યું કેઃ— "એ તો મહાત્માઓ છે, તેમને કોણ જાણી શકે? કંઇ ન કહી શકાય, કારણ કે આગળ મહાત્માઓએ ઘણા મરેલા-ઓને પણ જીવતા કર્યા છે. આમાં કોઇ એવો મહાત્મા હશે, તો જરૂર છોકરાને જીવતો કરશે, બાકી લાડુ ખાઉથી કંઇ પણ થવાનું નથી." ત્યારે કેટલાક ભાવિકજનો એમ પણ

કહેવા લાગ્યા કે:—"મહારાજ શ્રી ઈશ્વરરામજી નામે જે મહાત્મા અહીં પધાર્યા છે, તે મરેલાને સજીવન કરે એવાજ છે, પણ હવે શું થાય છે તે હમણાં જ જોવાઇ જશે." અસ્તુ.

પછી મહારાજશ્રીએ કેટલાક મહાપુરુષોનાં ચરણામૃતો લેવરાવી તે ભક્ત પુરુષોત્તમના હાથે છોકરાના શબ પર છંટાવી કલ્યાણબાઇ માને કહ્યું કે:—"માતાજી! આ છોકરાના શરીર ઉપર આપ હાથ રાખો." એમ કહી તેમનો હાથ છોકરાના શરીર પર રખાવી તેના મસ્તક પર પોતાનો વરદ હસ્ત મુકી કહ્યું કે:—"હે પુત્ર! ઉઠ, ઉભો થા, બધા સંતો ભૂખ્યા છે, તેઓને પિરસી જમાડ." એમ કહેતાં જ તે છોકરો આંખો ઉઘાડી બેઠો થયો ને તેણે મહારાજશ્રીને નમસ્કાર કર્યા. એવા બનાવને જોઇ સર્વે મનુષ્યો કહેવા લાગ્યા કે:—"ઈશ્વરા કાં પરમેશ્વરા" ત્યારથી જ મહારાજશ્રીના સંબંધમાં 'ઈશ્વરા કાં પરમેશ્વરા' એવું કથન કચ્છ પ્રાંતમાં ચાલુ થયું. પછી ભક્ત પુરુષોત્તમને તેમજ બધાને ઘણોજ આનંદ થયો. પછી છોકરાના મસ્તક પર પાટો બંધાવી તેના હાથે મહારાજશ્રીનો થાળ પિરસાવ્યો ને બધા જમવા લાગ્યા. જમી રહ્યા પછી ભક્ત પુરુષોત્તમે ભેટ પૂજાઓથી મહારાજશ્રી તેમજ સર્વ સંતસાધુઓનો સારો સત્કાર કરી બધાને વિદાય આપી. એ પ્રમાણે એ ઉત્સવ પૂરો થયો. ત્યાર પછી મહારાજશ્રી અબડાસા અને કંઠી તાલુકે વિચરતા વિચરતા બીદડા ગામે પધાર્યા.

તે વેળા બાવા શ્રી રામસિંહજી પણ બીદડામાં વિરાજતા હતા. ત્યારે તેઓશ્રીના શરીરની પ્રકૃતિ ઘણી જ અ-

સ્વસ્થ હતી; એટલુંજ નહીં, પણ હવે તેમના સ્થૂલ શરીર છૂટવાનો સમય લગભગ સમીપ જ હતો; જેથી એવા સમયમાં મહારાજશ્રીને જોઇ તેમને ઘણો જ આનંદ થયો અને બાવા શ્રી રામસિંહજીનાં છેલ્લાં દર્શનથી મહારાજશ્રીને પણ ઘણો સંતોષ થયો. પછી બાવા શ્રી રામસિંહજીએ મહારાજશ્રીની સાથે કેટલીએક પોતાના અનુભવની વાતો કરી છેલ્લો આનંદ લઇ તેઓશ્રીને કહ્યું કે:—"તમે ઘણા ભજનાનંદી છો, માટે આ શરીર પર તમારો હાથ રાખો." એમ કહી તુરત જ આ મિથ્યા સંસારનો પરિત્યાગ કરી તેઓશ્રી વિદેહ કૈવલ્ય પામ્યા. બાવા શ્રી રામસિંહજી જેવા મહાપુરુષના વિયોગથી તેમજ એવા મહાપુરુષની એક ખામી આવી ગયેલી જાણી મહારાજશ્રીનાં નેત્રોમાંથી અશ્રુઓની ધારાઓ વહેવા લાગી અને તેઓશ્રીના મનને ઘણો શોક થયો. પછી પૂજ્યપાદ મહારાજશ્રી ત્યાંથી તુરત હમલાપુરી પધાર્યા.

પછી ત્યાં રહેલા સંતો તેમજ સેવકોએ સાથે મળીને બાવા શ્રી રામસિંહજીનો એક સારો ઉત્સવ કર્યો. તે વેળા તેઓશ્રીના સંતદાસજી, માધવદાસજી, રૂપદાસજી, રામદાસજી, હરિદાસજી અને મોહનદાસજી એમ ઘણા શિષ્યો હતા, છતાં પણ પૂજ્યપાદ મહારાજશ્રીને બાવા શ્રી દેવા સાહેબની ગાદીને યોગ્ય જાણી સર્વે સંતોએ તેમજ સર્વે ભાવિક સેવકોએ તેઓશ્રીને ગાદી પર બેસવા વિનયપૂર્વક ઘણો આગ્રહ કર્યો, અને બધા કહેવા લાગ્યા કે:—"જો અમારૂં કહેવું નહીં સ્વીકારો તો આ જગ્યાની વ્યવસ્થા બગડી જશે." બધાનું એવું કહેવું સાંભળતાં જ મહારાજશ્રીએ કહ્યું કે:—"આ લુલી

લંગડી ગાયને ઉપાધિમાં શા માટે નાંખો છો? એ મારાથી બની શકે એમ નથી.” તો પણ કોઈએ માન્યું નહીં, અને બધાએ હાથ જોડી જ્યારે અતિશય આગ્રહ કર્યો, ત્યારે તેઓશ્રીએ પૂજ્યપાદ બાવા શ્રી દેવા સાહેબની પવિત્ર ગાદી પર હાથ રાખી બધાનાં મનનું સમાધાન કર્યું. જો કે મહારાજશ્રીને જરા પણ ઉપાધિ ગમતી નહીં, તો પણ ઉદાસી પણે પોતે બાર મહિના સુધી જગ્યાનો બધો વ્યવહાર જેમ તેમ ચલાવ્યો; પછી તેઓશ્રીએ વિચાર કરી બાવા શ્રી રામસિંહજીના શિષ્ય મોહનરામજીને યોગ્ય પુરુષ જાણી તેઓ રાજકોટ રહેતા હતા, તેમને એક પત્ર લખી ત્યાંથી બોલાવી સેવકોની સંમતિપૂર્વક તેમને બાવા શ્રી દેવા સાહેબની ગાદી પર બેસાર્યા અને તેમને બધી વસ્તુઓ સુપ્રત કરી પોતે ત્યાંના વ્યવહારથી તમામ મુક્ત થયા. એ વખતે અનેક સેવકોનો એવો આગ્રહ હતો કેઃ—“આપને જે જોઇએ તે બધી સગવડ અમે કરી આપીએ, પણ અમારે ત્યાં રહી આપ ઈશ્વર ભજન કરો.” છતાં પણ મહારાજશ્રીએ તેનો સ્વીકાર કર્યો નહીં.

હવે કોઇ તીર્થસ્થળે રહી સદાને માટે એકાંતમાં ઈશ્વર ભજન કરવાના વિચારથી તેઓશ્રી માત્ર શરીર પર પહેરેલાં વસ્ત્રોથી શિષ્યો સહિત પ્રથમ અંજાર શ્રીમાન્ હીરજી કલ્યાણજીને ત્યાં જવા તૈયાર થયા, તેવામાં ખબર પડતાં વાંઢાયથી પ્રિયદાસજી, ફઇબા, કેશરજી, સામતજી અને જીયાજી વગેરે આવ્યા, અને ચરણોમાં પડી પોતાના ગુરુસ્થળે પધારવા મહારાજશ્રીને ઘણી અરજી કરી. જ્યારે તેઓશ્રીએ અંજાર જવા ઘણી ઇચ્છા જણાવી, અને ત્યાં આવવા ના

પાડી ત્યારે બધાએ કહ્યું કે:—"આપ નહીં માનો તો અમે વેલ આડે સુઇને આપને રામદોહાઇ દેશું, પણ બીજે જવા નહીં દઇએ" બધાનું એવું કહેવું સાંભળી મહારાજશ્રીએ મનમાં વિચાર કર્યો કે:—"વાંઢાયમાં રહી એકાંતમાં ઇશ્વર ભજન કરવા આ શરીરનું પ્રારબ્ધ છે." એમ ધારી તેઓશ્રી બધાંની સાથે પોતાના ગુરુસ્થળે વાંઢાય પધાર્યા. દૂરથી જ પૂજ્યપાદ મહારાજશ્રીને પધારવાના ખબર મળતાં જ ત્યાંના સજ્જનો અને સેવકો સાથે મળી ઘણા પ્રેમથી સામૈયું કરી તેઓશ્રીને લેવા આવ્યા અને તેઓશ્રીનાં દર્શનથી બધાને ઘણો જ આનંદ થયો તેમજ તેઓશ્રીના પધારવાથી ત્યાં સર્વ કોઇને અત્યંત સંતોષ થયો.

વશ્વમંગલમૂર્તિ પૂજ્યપાદ મહારાજશ્રી કચ્છ દેશમાં ભાવિક સેવકોનાં લગભગ ગામેગામ વિચરી અધિકાર પ્રમાણે નિષ્કામ કર્મ, ઇશ્વર ભજન અને આત્મજ્ઞાનનો અદ્દભુત ઉપદેશ આપી આ માયામય સંસારની મોહનિદ્રામાંથી તેઓને જાગૃત કર્યા; અને જનકલ્યાણ માટે વિચરવા છતાં પણ સાધુ-પુરુષોએ આ સંસારથી નિર્લેપ કેવી રીતે રહેવું જોઇએ, એ પોતાના પાવન પ્રવાસના આદર્શ દષ્ટાંતથી સારી રીતે સમજાવ્યું.

હવે કોઇ પણ સ્થળે એકાંતમાં ઇશ્વર ભજનપરાયણ રહેવા છતાં પણ સાધુપુરુષોએ જનસમાજનું હિત કેવી રીતે સાધવું એ પોતાના આદર્શ દષ્ટાંતથી સ્પષ્ટ બતાવવા તેઓશ્રી સર્વ પ્રકારની આશાઓનો પરિત્યાગ કરી એક જ ઇશ્વર પર

પૂર્ણ વિશ્વાસ રાખી જ્યાં કોઇ પણ પ્રકારના સાધનો કે સગવડ ન હતી, એવા અરણ્યમાં આવેલા વાંઢાય ગામે સાદા આશ્રમના એક ઓરડામાં નિવૃત્તિપરાયણ રહી અનન્યભાવે એકાંતમાં કેવલ ઇશ્વર ભજન કરવા લાગ્યા. જેમના સંયમ, શાંતિ અને નિયમો એટલા તો ઉજ્જવલ અને સુંદર હતા કે તેઓશ્રીનાં દર્શનાર્થે આવનાર ભાવિક જિજ્ઞાસુઓને ઉપદેશ વિના પણ તેમનાં દર્શનમાત્રથી સહજમાં ઉપદેશ મળી જતો. તેઓશ્રી હ્રદયના ઘણા નિર્મળ અને નિરભિમાની હોવાથી તેમની વાણી ઘણી મધુર અને મીઠી હતી તેઓશ્રીનાં દર્શનાર્થે તેમજ સત્સંગ માટે દૂરથી ભાવિકજનો આવતા ત્યારે તેઓશ્રી કહેતા કે:—"બાપલા! ભલે આવ્યા, અહીં આવી આ લુલી લંગડી ગાયને દર્શન દીધાં." તેઓશ્રીનાં એવાં અમૃતસમા વચનો સાંભળતાં જ આવનાર ભાવિક જનોનાં હ્રદય પીગળી જતાં અને રસ્તાનો શ્રમ સહજમાં ઉતરી જતો. ત્યાં બીજા પણ મહારાજશ્રીના મૂલદાસજી, પ્રેમદાસજી, દયારામજી અને નારાયણદાસજી વગેરે ઘણા શિષ્યો થયા, તેઓ ઘણા સાવધાન રહી શ્રી ગુરુદેવની સેવામાં તત્પર રહેતા, અને તેઓશ્રીના કહેવા પ્રમાણે જ વર્તતા. મહારાજશ્રીનો એવો સંકેત હતો કે કોઇએ પણ આશ્રમમાં નવરા બેસી વૃથા વાતો કરવી નહીં, પુસ્તક વાંચવું, માળા ફેરવવી અથવા ઇશ્વરનું નામ લેવું, છતાં પણ કોઇ વાર કંઈ સાંભળવામાં આવતું તો તેઓશ્રી માત્ર એટલું જ કહેતા કે:—"હે મહાપુરુષો! આ શું કરો છો?" તેઓશ્રીનું એટલું કહેવું તો ઘણું જ થઇ પડતું, અને બધા જ્યાંના ત્યાં શાંત થઇ જતા.

હવે બીદડા ગામના પૂરબાઇ મા કે જે ઘણાં સારાં અને સંતસેવાભાવી હતાં. તે એક વાર વાંઢાય આશ્રમે આવ્યાં, અને મહારાજશ્રીનાં દર્શન કરી કહેવા લાગ્યાં કે—"વ્હાલા! આપના સેવકોના કેવા કેવા ભાવ! કેવાં કેવાં ગામ, અને ત્યાં કેવી કેવી સગવડો! એ બધું મુકી આપે આવું જંગલ કેમ પસંદ કર્યું?" ત્યારે સ્મિતવદને મહારાજશ્રીએ કહ્યું કે:—"માતુશ્રી! 'જંગલ વસાવ્યું જોગીએ, તજી જેણે તન-ડાની આશજી.' એ વચનો કોને માટે છે?" એવા જીવન્મુક્ત ઉદાર મહાપુરુષનાં એવાં અમૃતમય વચનો સાંભળતાં જ પૂરબાઈ માના હૃદય પર ઘણો અલૌકીક પ્રભાવ પડ્યો. પછી એના એ પૂરબાઈ મા થોડા સમય પછી બીજી વાર જ્યારે આવ્યાં ત્યારે અલૌકીક જમાવટ જોઇ તેઓશ્રીને કહેવા લાગ્યાં કે:—"વ્હાલા! આપશ્રીએ જે કહ્યું હતું તે સત્ય છે, કારણ કે 'જંગલ વસાવ્યું જોગીએ' એવું જ આપશ્રાના ભજનના પ્રતાપથી અહીં બધું બની ગયું છે." કોઇ વાર મહારાજ શ્રી લાલરામજી સંતમંડળીને સાથે લઇ સેવકોને સત્સંગનો લાભ આપવા બહાર વિચરતા, પણ પછી તો તેઓશ્રીએ બધા સંતોને કહ્યું કે:—"હવે તમારે બહાર વિચરવું નહીં, ખૂબ ઇશ્વર ભજન અને જે બને તે સંત-સેવા કરો. જે જોઇશે તે ઇશ્વર તમને અહીંજ આપશે." વળી તેઓશ્રી ઘણી વાર બધા સંતોને નીચેનું વાકય કહી સંભળાવતા, કે:—"જપ તપ શીલ સંતોષ, ચાર ખેતર ખેડે, રિદ્ધિ સિદ્ધિ સંપદા, હાલી આવે હેડે." ત્યાર પછી સંતોએ બહાર વિચરવાનું પણ તમામ બંધ કર્યું. તે

વખતે ભાવિક સેવકોની ત્યાં ઘણી જ આવજાવ હતી અને દરરોજ ત્યાં પાંચ સાત ગાડાં તો છૂટ્યાં જ રહેતાં, એટલી સજ્જન સેવકોની ભીડ જામી રહેતી. તે વેળા મહારાજશ્રીનાં દર્શનાર્થે સારા સારા સંતસાધુઓની પણ બહારથી ઘણી આવજાવ હતી, અને તેઓને ઘણો યોગ્ય સત્કાર મળતો, કારણ કે મહારાજશ્રીને સંપ્રદાય પરત્વે કે ધર્મ પરત્વે કોઈ પણ પ્રકારનો મતભેદ ન હતો. તેઓશ્રી આખા વિશ્વને કેવલ બ્રહ્મમય જોતા હતા, જેથી તેમનો અંતરાત્મા વિશ્વપ્રેમથી ઘણો ઓતપ્રોત હતો. તેઓશ્રીએ આગળથી જ બધા સંતોને કહ્યું હતું કે:—"બાપલા! આપણે ત્યાં જે કોઇ આવે તેઓનો ઇશ્વર જાણીને બનતો સારો સેવા-સત્કાર કરવો." સંતો પણ તેમજ કરતા.

તેઓશ્રીની દૃષ્ટિ એટલી તો બ્રહ્મમય અને પવિત્ર હતી કે જેઓ પોતાના શિષ્યોને પણ તેઓશ્રી તમે કહી બોલાવતા, કારણકે જેમના વિશુદ્ધ હૃદયમાં "આ મારા શિષ્યો છે અને હું એમનો ગુરુ છું." એવી નાની ભાવનાને સ્થાન જ ન હતું. તેઓશ્રી એકાંતમાં ઇશ્વર ભજનમાં એવા તો એકતાન અને તન્મય રહેતા કે શ્રી સૂર્યનારાયણ ક્યારે ઉગે છે, અને ક્યારે અસ્ત થાય છે એ પણ જેમને જાણવામાં નહોતું; એટલુંજ નહીં, પરંતુ તેઓશ્રી પોતાના અમૂલ્ય સમયને જરા પણ વૃથા જવા દેતા નહીં; જ્યારે જ્યારે તેઓશ્રી અખંડ સમાધિમાંથી ઉઠતા ત્યારે ત્યારે વેદાંતશાસ્ત્ર વાંચતા અથવા માળા ફેરવતા. જ્યારે સાંજના ચાર વાગે ત્યારે તેઓશ્રી પોતાના ઓરડાનું દ્વાર ઉઘાડતા, અને એક કલાક કથા વાંચી

બધાને સત્સંગનો લાભ આપતા, ત્યારે જ બહારથી આવનાર દર્શનાર્થી ભાવિક જનોને તેમનાં દર્શનનો તેમજ કથા શ્રવણ-નો અલભ્ય લાભ મળતો, અને કંઇપણ વાતચીત કરવી હોય તો ત્યારે જ તેઓશ્રીની સાથે થઇ શકતી; પછી તેઓશ્રી દ્વાર બંધ કરી પોતાના ઈશ્વર ભજનમાં બેસી જતા. મહારાજશ્રીના ભજનના પાવન પ્રતાપથી ત્યાંનું વાતાવરણ એટલું તો પવિત્ર અને સુંદર બની ગયું હતું કે ત્યાં આવનાર દર્શનાર્થી યાત્રાળુ-ઓ, ભાવિક ભક્તો અને સજ્જનસેવકો આધિ, વ્યાધિ અને ઉપાધિના ઉપદ્રવોને સહજમાં ભુલી જતા અને ત્યાંથી જવાની પણ તેઓને જલદી ઇચ્છા થતી નહીં; એટલું જ નહીં, પરંતુ તે વેળા મહારાજશ્રીનાં દર્શનનો, સત્સંગનો તેમજ દયા-દ્દષ્ટીનો તેઓ જે આનંદ અનુભવતા, તે 'न भूतो न भविष्यति' એવો અલૌકીક જ હતો. એ આનંદના વર્ણન માટે લખવા જતાં કલમ હાથમાંથી પડી જાય છે, અને તે લખવાની ના પાડે છે, કારણ કે એ આનંદ લખવામાં આવે એમ નથી, એ તો અનુભવનો વિષય છે.

તેઓશ્રીના ભજનના પ્રતાપથી માતુ શ્રી અન્નપૂર્ણા દેવી જ્યાં આપોઆપ નિવાસ કરતાં હતાં, તો પછી ત્યાં કઇ વસ્તુની ખામી હોય? અર્થાત્ ન જ હોય. જેમના આશ્રમે આવનાર અતિથિઓ લાડુઓથી તથા માલપુવાને ખાઇ ખાઇ તૃપ્ત બની જતા હતા, અને સંતસાધુઓ તો લાડુઓ અને માલપુવાને જમી જમી તે વેળા કંટાળી ગયા હતા. એટલી બધી સજ્જન સેવકો તરફથી ભોજન પ્રસાદ માટે ત્યાં રસોઇ-ઓ આપવામાં આવતી. જેમના પાવન પ્રતાપનો પ્રતિધ્વનિ

દેશે, વિદેશે અને અનેક તીર્થસ્થળે મહાત્માઓદ્વારા સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓ વગેરેના કાને પડવા લાગ્યો, અને તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે:—

"कच्छ देशमें 'ईश्वर या परमेश्वर' ऐसा कौन महात्मा होगा? हां! होगा तो समय पर देखा जायगा।" એમ ધારી કેટલાક મહાત્માઓ પરિક્ષા કરવા પણ તેમની પાસે કોઇ વાર આવતા, પરંતુ પરિક્ષા માટે આવનાર મહાત્માના મનનું કેટલુંએક સમાધાન તેઓશ્રીનાં માત્ર દર્શનથી જ થઇ જતું; એટલું જ નહીં, પરંતુ મહારાજશ્રી ત્રિકાલદર્શી હોવાથી તેઓના બધા પ્રશ્નોના ખુલાસા આપોઆપ મળી જતા; જેથી તેઓ ઘણા રાજી રાજી થઇ તેમજ તેઓશ્રીનો દિવ્ય પ્રભાવ જોઇ ઘણા આશ્ચર્યચકિત બની ચાલ્યા જતા. એવા બનાવ ઘણા બનેલા છે, પરંતુ વિસ્તાર ભયથી તેમાંનો માત્ર એકજ બનાવ જાણવા માટે અત્રે આપીએ છીએ.

એક સમય 'બાલાનંદ' નામના કોઈ એક બ્રહ્મચારીજી મહારાજશ્રીની પ્રસંશા સાંભળી તેઓશ્રીની પરિક્ષા કરવા પોતાના ચાર પાંચ શિષ્યો સહિત રાત્રે બધા સંતસાધુઓ જમી રહ્યા હતા એ વખતે વાંઢાય આશ્રમે આવ્યા, અને દ્વાર ઉઘડાવી કહેવા લાગ્યા કે:—"**महात्मा ईश्वरदासजी कहां रहते हैं?**" ત્યારે મહારાજ લાલરામજી વગેરે સંતોએ કહ્યું કે:—"તેઓશ્રી અત્રે જ વિરાજે છે; આપ પધારો." એમ કહી નમસ્કાર કરી તેમને એક યોગ્ય સ્થળે ઉતારો આપ્યો, અને સંતોએ મહારાજશ્રીને જણાવ્યું કે:—"કોઇ એક બ્રહ્મચારીજી આપશ્રીનાં દર્શનાર્થે અહીં પધાર્યા છે." એવા ખબર

સાભળતાં જ તેઓશ્રીએ પોતાના ઓરડાનું દ્વાર ઉઘાડયું, અને તે બ્રહ્મચારીજીને પધારવા કહેવરાવ્યું, એટલે તેઓ અંદર આવ્યા. તેમને પ્રેમથી મહારાજશ્રીએ પોતાની ગાદી પર બેસારી નમસ્કાર કર્યા અને નિખાલસ હૃદયથી યોગ્ય વચનો કહી તેમનો ઘણો સારો સત્કાર કર્યો. નિજલાભપૂર્ણ નિજાનંદનિમગ્ન મહારાજશ્રીની અતીવ સુપ્રસન્ન મુખમુદ્રાનાં દર્શન કરતાં જ તે બ્રહ્મચારીજી તુરત જ જાણી ગયા કેઃ— "આ કોઈ અવતારી મહાપુરુષ છે." એટલું જ નહીં, પરંતુ પરસ્પર આધ્યાત્મિક ચર્ચા ચાલતાં બ્રહ્મચારીજીના બધા પ્રશ્નોના ખુલાસા પૂછ્યા વગર જ આપોઆપ મળી ગયા, જેથી તે જ ગાદી પર તેઓશ્રીને આગ્રહપૂર્વક બેસારી પોતે તેમના ચરણોમાં પડી ગયા, અને પછી બીજા આસને બેઠા. પછી મહારાજશ્રીએ તેમને ભોજન લેવા કહ્યું ત્યારે તેમણે કહ્યું કેઃ—"**हमसे भोजन लिया नहीं जायगा। क्यों की हम लोग दूग्धाहारी हैं।**" ત્યારે મહારાજશ્રીએ સંતોને કહ્યું કેઃ— "સંતો એમને માટે દૂધ લાવો." ત્યારે સંતોએ કહ્યું કેઃ— "મહારાજજી! દૂધ તો બધા સંતો જમી રહ્યા પછી જ જમાવી દેવામાં આવ્યું છે." ત્યારે મહારાજશ્રીએ સંતોને કહ્યું કેઃ—"જાઓ, ગાયને દોહી દૂધ લાવો." ત્યારે સંતોએ કહ્યું કેઃ—"ગાયોનું દૂધ તો લગભગ થોડા જ સમય ઉપર દોહી લીધું છે, માટે હમણા બીજી વખત તે કેમ દૂધ આપશે?" ત્યારે મહારાજશ્રીએ કહ્યું કેઃ—"ચાલો હું સાથે આવું છું." એમ કહી પોતે સંતોની સાથે ગાયોની પાસે આવી એક ગાય પર પોતાનો પાવન હાથ મુકી તેઓશ્રી કહેવા લાગ્યા

કે:—"માતાજી! આપણે ત્યાં મહાત્માઓ પધાર્યા છે, તેઓને માટે દૂધ આપો." તેવામાં ગાયના સ્તનોમાંથી દૂધની ધારાઓ વહેવા લાગી, સાધુ પ્રિયદાસજી દોહવા બેસી ગયા, ને દૂધનું પાત્ર દૂધથી ભરાઇ ગયું, છતાં પણ સ્તનોમાં દૂધ ઘણું હતું ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે:—"હવે રહેવા દો." એમ કહી તેઓશ્રી પોતાને આસને પધાર્યા, અને સંતોએ તે દૂધ બ્રહ્મચારીજીને આપ્યું. તેમણે શિષ્યો સહિત જેટલું પી શકાયું તેટલું પીધું, છતાં પણ એ પાત્ર દૂધથી પૂર્ણ ભર્યુંજ હતું. એ જોઇ બ્રહ્મચારીજીને ઘણું આશ્ચર્ય થયું. પછી મહારાજશ્રીએ તેમને આરામ લેવાનું કહ્યું, એટલે બ્રહ્મચારીજી પોતાના આસને આવી દીપકને શાંત કરી સુઇ ગયા. હવે રાતના લગભગ બાર વાગે કોઇ પણ ન જાણે તેમ મહારાજશ્રી ત્યાં પધારી બ્રહ્મચારીજીના ચરણો ચાંપવા બેસી ગયા, તેઓશ્રીના અતીવ સુકોમલ કરકમલનો સ્પર્શ થતાંજ બ્રહ્મચારીજીએ પૂછ્યું કે:—"**कौन है?**" જ્યારે કંઈ પણ જવાબ ન મળ્યો ત્યારે તેમણે દીપક પ્રકટાવી જોયું તો મહારાજશ્રી હતા. ત્યારે બ્રહ્મચારીજી કહેવા લાગ્યા કે:—

"अरे बाबा! बडा जुलुम हो गया। इस अवतारी महापुरुषके हाथोंसे हमारे पैरोंकी सेवा हो गई।"

ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે:—"દયાળુ, મારામાં કંઇ પણ નથી, કોઈ કોઇ વાર આપ જેવા મહાપુરુષોના ચરણોનાં મને અહીં દર્શન થાય છે, એના જ આધારે આ અરણ્યસમા સ્થળમાં બેઠો છું અને એના જ પ્રતાપે આ બધું ચાલ્યા કરે છે." ત્યારે બ્રહ્મચારીજીએ તેઓશ્રીને હાથ જોડીને કહ્યું કે:—

"अब आपके आसन पर आप पधारिये।"

પછી મહારાજશ્રી પણ તેમને હાથ જોડી પોતાના આશને પધાર્યા. પછી બ્રહ્મચારીજી કોઇ ન જાણે તેમ સવારના વ્હેલા ઉઠી શરમાઇ પોતાના શિષ્યો સહિત ચાલ્યા ગયા.

વિશ્વમંગલમૂર્તિ મહારાજશ્રી સાક્ષાત્ ઇશ્વરાવતાર હોવાથી બધી રીતે પૂર્ણજ હતા, છતાં પણ પોતાનો વધારે પ્રભાવ બતાવતા નહીં, કારણ કે તેમ કરવાથી લોકોની ઘણી આવજાવ થાય અને ભજનમાં ભંગ પડે, એ સ્વાભાવિક છે. છતાં પણ માણસોની આવજાવ ઘણી જ હતી. ઘણી વાર તેઓશ્રી આગળથી જ સંતોને કહેતા કે:—"સંતો આજે કોઇક મહેમાનો આવવા જોઇએ, કારણ કે કાકભુશુંડીજી બોલે છે." એ સાંભળી આવનાર સજ્જન સેવકો માટે સંતો અગાઉથી જ બધી સગવડ તૈયાર કરી રાખતા. કોઇ વાર તો તેઓશ્રી ત્યાં આવનાર સજ્જન સેવકોને રસ્તામાં બનેલી બીનાઓ પ્રસંગોપાત બધી કહીને જ સંભળાવતા. આ ઉપરથી બધાને ઘણું આશ્ચર્ય થતું.

એક વખત મહારાજશ્રીના અનન્ય સેવક શ્રીમાન્ ભાટીઆ વાલજીભાઇની સાથે એમના મામા શ્રીમાન્ લક્ષ્મી-દાસ મહારાજશ્રીની ઘણી પ્રસંશા સાંભળી તેઓશ્રીનાં દર્શનાર્થે ગામ મંજલથી સાથે પેંડાનો પડો લઈ વાંઢાય આશ્રમે આવતા હતા. રસ્તામાં શ્રીમાન્ લક્ષ્મીદાસે મહા-રાજશ્રી જાણે છે કેમ? તે જાણવા તે પેંડાના પડામાંથી બે પેંડા કાઢી લઇ તે ખાવા માટે પોતાના ખીસામાં રાખી

દીધા. પછી ત્યાં આવી તે પડો તેઓશ્રીની પાસે ધરી બધા શ્રોતાજનોની સાથે તેઓ પણ કથા સાંભળવા બેસી ગયા. કથા વંચાઇ રહ્યા પછી બધા પેંડા એક થાળમાં મેલી બાપુરામજી પ્રસાદ વહેંચવા લાગ્યા, અને તમામ શ્રોતા-જનોને એક એક પેંડો આપી ગયા; એજ પ્રમાણે શ્રીમાન્ લક્ષ્મીદાસને પણ તેમણે એક પેંડો આપ્યો. ત્યારે મહા-રાજશ્રીએ કહ્યું કે:—"એમને બે પેંડા આપો." ત્યારે બાપુ-રામજીએ તેમને બે પેંડા આપ્યા. પછી મહારાજશ્રીએ કહ્યું કે:—"હવે તો પૂરા થશે ને?" એ સાંભળી શ્રીમાન્ લક્ષ્મીદાસ ઘણા શરમાઇ મહારાજશ્રીનાં ચરણોમાં પડી ગયા, અને તેઓશ્રીને કહેવા લાગ્યા કે:—"મને એમ હતું કે આપ નહીં જાણી શકો, પણ આપ તો સાક્ષાત્ ત્રિકાલદર્શી હોવાથી મારા કપટને જાણી ગયા છો, માટે મને ક્ષમા કરશો." એમ કહી મહારાજશ્રી પાસેથી કંઠી બંધાવી શ્રી ગુરુમંત્રનો ઉપ-દેશ લઈ તેઓ સદાને માટે તેમના શિષ્ય બની ગયા. પછી તેઓશ્રીએ માત્ર એટલુંજ કહ્યું કે:—"બાપલા! સંતોમાં અને શાસ્ત્રોમાં શ્રદ્ધા રાખી ખૂબ ઈશ્વરનું ભજન કરો; કારણ કે આવો મનુષ્યાવતાર વારંવાર નહીં આવે."

પૂજ્યપાદ મહારાજશ્રી પોતે પૂર્ણ સમર્થ હતા તેમજ તેઓશ્રીના શિષ્યો અને સેવકો સંખ્યાબંધ હતા, છતાં પણ જેમને ગુરુપણાનું લેશમાત્ર પણ અભિમાન જેવું ન હતું, તે નીચેના દાખલાથી સ્પષ્ટ જણાય છે.

કોઇ એક ગુર્જર ક્ષત્રિય જ્ઞાતિમાંના સદ્‌ગૃહસ્થે કચ્છમાં અવારનવાર આવનાર કાઠીઆવાડના વતની સ્વામી

દ્વારકાનંદજીને ગુરુ ધારણ કર્યા હતા, પણ કોઇ કારણસર પછી તે સદ્‌ગૃહસ્થની તેમના પ્રત્યે અશ્રદ્ધા થઇ ગઇ. હવે કોઈ વાર તે સ્વામી તે સદ્‌ગૃહસ્થની સાથે વાંઢાય આશ્રમે મહારાજશ્રીનાં દર્શનાર્થે આવ્યા હતા ત્યારે તે સદ્‌ગૃહસ્થ પણ બેઠા હતા ને સ્વામીએ મહારાજશ્રીને કહ્યું કેઃ—"પ્રભુ! જેઓ શિષ્ય બનીને પોતાના ગુરુમાં શ્રદ્ધા રાખતા નથી, તેઓને કેવો દોષ અને પાપ લાગતું હશે?" ત્યારે તેઓ-શ્રીએ કહ્યું કેઃ—"જ્યારે આપણે પોતાને ગુરુ માનીએ ત્યારે જ આવી ઉપાધિ અને વિક્ષેપ ઉભો થાય છે, માટે આ મારા શિષ્યો છે અને હું એમનો ગુરુ છું. એમ પોતાને માનવું જ શા માટે જોઇએ?" એ સાંભળી સ્વામીજીના મનનું ઘણું સારૂં સમાધાન થઈ ગયું, અને કંઇ પણ ઉત્તર આપી શકયા નહીં.

પૂજ્યપાદ મહારાજશ્રી સદાચાર, સાદાઇ અને સદ્‌-ગુણોના મંદિર હતા; એટલું જ નહીં, પરંતુ નિઃસ્પૃહતાના પણ સાક્ષાત્‌ નિવાસ હતા. જેમની દષ્ટીમાં માટી, પત્થર અને સોનું એ સમાન જ હતાં. ઘણી વાર સજ્જનસેવકો જ્યારે તેઓશ્રીના ચરણે કંઇ ભેટ ધરતા, ત્યારે તે જોઇ તેઓશ્રી કંપી જતા અને કહેતા કેઃ—"બાપલા! આ ઠીક-રીઓ શા માટે રાખો છો? આને ઉપાડી લ્યો." ત્યારે મહારાજ લાલરામજી તેને ઉપાડી લઇ પોતાની પાસે રાખતા અને આશ્રમના ચાલુ વ્યવહારમાં ખરચતા. તેઓશ્રીનો એવો સિદ્ધાંત હતો કેઃ—"જે જોઇએ તે ઈશ્વર આપતા હોય તો પછી સાધુઓને માયા શા માટે જોઇએ? નજ જોઇએ."

ઘણી વાર એમ પણ બનતું કે આશ્રમમાં અનાજ વગેરે થઈ રહેવા આવે તો ગમે ત્યાંથી માલનાં ગાડાં આવી જતાં, અને સાથેની ચીઠીમાં માત્ર એટલું જ લખેલું હોય કે અમુક માલ મોકલવામાં આવ્યો છે, તે સંભાળી ઉતારી લેશો. તે વેળા ભક્ત ઇસમાલ વગેરે સેવકો પણ એવા હતા કે જ્યારે મહારાજશ્રીનાં દર્શનાર્થે આવતા ત્યારે અનાજ વગેરે કેટલું છે? એ જાતે આશ્રમમાં તપાસી જોતા, અને જે માલની જરૂર હોય તેજ માલનાં ગાડાં ભરી મોકલાવી આપતા; એટલું જ નહીં, પરંતુ તેઓશ્રીને સેવકો ખાસ એમ કહેતા કેઃ—"પ્રભુ! અમને અમારા જેવી કંઇક સેવા બતાવો."

એક વખત ગામ મંજલના રહેવાસી સજ્જન શ્રીમાન્ વાલજીભાઇ પોતે ધંધા માટે મુંબઈ જતા હતા, તેઓ જતી વખતે મહારાજશ્રીનાં દર્શનાર્થે આવ્યા અને ઘણા આગ્રહથી તેઓશ્રીને કહેવા લાગ્યા કેઃ—"ગુરુદેવ! મારા જેવી મને કંઇક સેવા બતાવો." ત્યારે મહારાજશ્રીએ કહ્યું કેઃ—"બાપલા! બધી વાતે આનંદ છે, પરંતુ ગુરુમહારાજશ્રીએ બનાવેલી જે અહીં તલાવડી છે તેમાં ગારો ઘણો હોવાથી ગૌમાતાઓ જ્યારે પાણી પીવા જાય છે ત્યારે તેમના પગ તેમાં ગુચી જાય છે, માટે એ તલાવડીમાં કંઇક ખાણેતર જેવું કામ થાય અને એનો સાધારણ ઘાટ બંધાઇ જાય તો ગાયો તેમજ મનુષ્યો બધાને માટે ઘણી સારી સગવડ બની જાય." એ સાંભળી તેઓશ્રીને વંદન કરી શ્રીમાન્ વાલજીભાઈ મુંબઇ આવી પોતાનો ધંધો મુકી પ્રથમ પોતાના રૂપીયા પાંચસો ભરી તળાવના કામને માટે તેમણે ફાળો ચાલુ કર્યો, એટલે

માસ એકમાં જ રૂપીયા પંદર હજારની રકમ તૈયાર થઇ ગઈ. તે લઇ પોતે તુરત જ કચ્છ આવી અને તે રૂપીયા વટાવી નાંખ્યા. તે વેળા રૂપીયા એકનો ભાવ કોરી પાંચ હોવાથી તે રૂપીયાની કોરી બધી પોણો લાખ થઈ. એ રકમ તેમણે મહારાજશ્રીને નમસ્કાર કરી તેઓશ્રીના ચરણે ધરીને કહ્યું કે:—"લ્યો, ગુરુદેવ! જેવું તળાવનું કામ કરાવવું હોય તેવું આપ કરાવો." કોરીઓનો મોટો ઢગ જોઈ જેમ કોઇને ટાઢીઓ તાવ આવે ને ધ્રુજે તેમ તેઓશ્રી ધ્રુજવા લાગ્યા અને કહેવા લાગ્યા કે:—"બાપલા! એ ઉપાધિ અમારાથી નહીં બને. આ ઠીકરીઓને તમે તમારી પાસે રાખો અને તળાવનું કામ કરાવો; આને કોઇ સાધુ હાથ અડકશે, તો તેના હાથ કાળા થશે, કારણ કે આ કોલસા છે." પછી શ્રીમાન્ વાલજીભાઇએ તે રકમ 'ભોળા બ્રહ્મ' નામે ઓળખાતા ઠા. વિશનજી કેશવજીને સોંપી દઇ તેમના હસ્તક જેવું જોઇએ તેવું ખાણેતર કરાવી અતિ મનોહર ત્રણ ઘાટ, ફરતો કઠોળો, ઓગન અને આવ બંધાવી સંવત્ ૧૯૪૮ માં તળાવનું કામ પૂરૂં કરાવ્યું; અને તે તળાવનું 'ઈશ્વરસાગર' એવું નામ રાખવામાં આવ્યું. એ સરોવર એટલું તો મનોહર અને સુંદર બની ગયું કે જાણે બીજું પંપાસરોવર. જેના સુરમ્ય તટ પર સંતસાધુઓએ જાત જાતનાં ફૂલનાં ઝાડો તેમજ કદલીવૃક્ષો વગેરે વાવી તેમજ વવરાવી લગભગ બાર મહિનાની અંદર તો નંદનવનસમો એક સુંદર બગીચો બનાવી દીધો. જેમાં શાકભાજી અને ફળફૂલો ઘણાં સારાં ઉત્પન્ન થવા લાગ્યાં, અને જે બગીચાની શોભા જોનારનાં મનને

8

સહજમાં હરણુ કરી લે એવી અતિભવ્ય બની ગઇ, પરંતુ એ સરોવર અતિ વિશાળ હોવાથી પૂર્ણ ભરાતું ન હતું. એક વખત શ્રીમાન્ વાલજીભાઈ વગેરે સજ્જનસેવકો વિનયપૂર્વક આગ્રહથી મહારાજશ્રીને ગાડામાં બેસારી તે ગાડાને પોતે જાતે ખેંચી લાવી 'ઇશ્વરસાગર' સરોવરની સમીપ હમણાં જ્યાં મંદિર છે એ જ સ્થળે તેઓશ્રીને બેસાર્યા. પછી મહારાજશ્રી પોતાના પાવન દૃષ્ટીપાતથી સુંદર સરોવરની તેમજ મનોહર બગીચાની અતિ ભવ્યતા જોઇ ઘણા પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા કેઃ—"વાલજીભાઈ! તમારા વિના બીજો આવી સેવા કોણ કરે? આનુંજ નામ સેવા." એ સાંભળી શ્રીમાન વાલજીભાઇએ તેઓશ્રીના ચરણોમાં પડી કહ્યું કેઃ—"ગુરુદેવ! આ બધો આપનો જ પ્રતાપ છે. મારાથી શું બની શકે?" પછી મહારાજશ્રીએ પોતાનો વરદ હસ્ત તેમના મસ્તક પર રાખી આશીર્વાદ તેમજ તેમને ધન્યવાદ આપી કહ્યું કેઃ—"આ સરોવર બનાવી તમે તમારૂં અમર નામ રાખ્યું છે." પછી તેઓશ્રીએ મહારાજ લાલરામજી અને લીલારામજી વગેરે સંતોને કહ્યું કેઃ—"જાણે આ શરીર તો અહીં જ બેસી ભજન કરે એવો આનંદ આવે છે; અહા! આ કેવી સુંદર ભજન કરવા યોગ્ય એકાંત જગ્યા છે." તેઓશ્રીનાં એવાં વચનો સાંભળી સર્વ કોઇને ઘણો જ આનંદ થયો. પછી તે જ પ્રમાણે તેઓશ્રીને ગાડામાં બેસારી બધા આશ્રમે આવ્યા. અને ત્યારથી જ એ 'ઈશ્વરસાગર' સરોવર પૂર્ણ ભરાવા લાગ્યું; જેના ગંગાસમા નિર્મળ અને પવિત્ર જલનો લાભ પશુપક્ષીઓ તેમજ પ્રત્યેક મનુષ્યોને હજી સુધી

પણ મળ્યા કરે છે.

જેમણે ઉપરોક્ત સુંદર સરોવર બંધાવ્યું એ જ શ્રીમાન્ વાલજીભાઇના રુકિમણી નામે રહેલાં નાનાં પુત્રીનું લગ્ન થયા પછી લગભગ છ માસે જ તેમના પતિનો સ્વર્ગવાસ થયાથી શ્રીમાન્ વાલજીભાઇને ઘણું દુઃખ થયું, અને પોતાનાં પુત્રીને લઈ તેઓ મહારાજશ્રી પાસે આવી તેઓશ્રીને નમસ્કાર કરી પોતાના દુઃખની બધી હકીકત કહી સંભળાવી. ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે:—"આ સંસાર દુઃખરૂપ છે, સંસારમાં સુખ નથી; જેમાં અનેક દુઃખરૂપ ઘટનાઓ ઘટે, એનું જ નામ સંસાર છે." પછી વાલજીભાઇના કહેવાથી તેમના પુત્રીને કંઠી બાંધી, એક પ્રભુની છબી આપી, અને મસ્તક પર હાથ રાખી તેઓશ્રીએ આશીર્વાદ આપી કહ્યું કે:—"બાપલા! સંગદોષથી બચી ખૂબ ઇશ્વરનું ભજન કરજો, કારણ કે એ જ મનુષ્ય જન્મનો ખરો લાભ છે."

પૂજ્યપાદ મહારાજશ્રીના આશીર્વાદથી જે શ્રી સાધ્વી મૈયાજી મંજલ ગામે શ્રી ગુરુ ઇશ્વરરામજીના નામથી એક કન્યાશાળા અને એક વિધવાશ્રમ ખોલી કન્યાઓને તેમજ કેટલીએક બહેનોને જીવનનો સાચો માર્ગ બતાવી રહ્યાં છે, અને પોતાનું પરોપકારિ, સદાચારિ અને ઇશ્વર ભજનાનંદિ એવું ઘણું સાદું અને સારૂં જીવન વ્યતીત કરી રહ્યાં છે.

પ્રાણીમાત્રના પ્રિય આત્મા એવા પૂજ્યપાદ મહારાજશ્રીનું વિમલ હૃદય વિશ્વપ્રેમથી છલોછલ ભરાયલું હતું, અને તેમાં રાગ અને દ્વેષને તો સ્થાન જ ન હતું, તો પછી એ

મહાપુરુષની ઉદાર ભાવનામાં અહંતા, મમતા, શત્રુભાવ અને મિત્રભાવ વગેરેને અવકાશ ન હોય એ સ્વાભાવિક છે.

કોઇ વાર વાંઢાય આશ્રમે યાજ્ઞિક ક્રિયા થઇ હતી, ત્યારે બ્રાહ્મણોએ તેઓશ્રીને કહ્યું કે:—"આપ આપનો ડાબો પગ પૃથ્વી પર પછાડો, કારણ કે એમ કરવાથી આપશ્રીના જે શત્રુઓ હશે તે બધા મરી જશે." ત્યારે તેઓશ્રીએ કહ્યું કે:—"હર હર બાપલા! ત્રણે લોકમાં મારો કોઈ પણ શત્રુ નથી, તો પછી હું મારા પગને પૃથ્વી પર કેમ પછાડું?" એમ કહી તેઓશ્રીએ પોતાના પગને પૃથ્વી પર ન પછાડ્યો.

અહા! જેમનાં આવાં ઉદાર ચરિત્રો છે, એવા મહાપુરુષો કોને પ્રિય ન હોય? અર્થાત્ સર્વને પ્રિય હોય છે. આમ હોવાથી સંતસાધુઓનો પણ મહારાજશ્રી પ્રત્યે ઘણો જ પૂજ્યભાવ અને પ્રેમ હતો; અને તેઓશ્રી પણ સર્વ સંતસાધુઓ પ્રત્યે ઘણો જ પ્રેમ રાખતા. આમ હોવાથી હીંગરીઆના બાવા શ્રી હરિદાસજી જેવા મહાપુરુષો પણ અવારનવાર વાંઢાય આશ્રમે પધારતા અને ઘણો સમય રહેતા. તેમણે પણ પોતાના 'હાલો હાલો તો વાંઢાય હાલીએ રે, મળી સંતોને મહાસુખ માલીએ રે.' એ બનાવેલા રાસપદ્યમાં પૂજ્યપાદ મહારાજશ્રીના પાવન મહિમાનું ઘણું સારૂં અને સુંદર વર્ણન કરેલું છે.

એક વખત વિચરતા વિચરતા કોઈ એક વિરક્ત સંન્યાસી મહાત્મા ત્યાં આવ્યા કે જેમને કોઇ પોતાનાથી પણ અધિક સ્થિતિવાળા મહાત્મા મળે તો તેમની પાસેથી

'વૃત્તીપ્રભાકર' ગ્રંથનો અભ્યાસ કરવા તેમની ઈચ્છા હતી, પરંતુ અત્યાર સુધી એવા કોઇ મહાત્મા તેમને મળ્યા ન હતા. પૂજ્યપાદ મહારાજશ્રીનાં દર્શન કરતાં જ તેમનો મનોરથ સફળ થયો, અને કેટલોક સમય ત્યાં રહી ઉક્ત ગ્રંથનો અભ્યાસ કરી તેમજ કેટલુંએક જાણવાનું જાણી તે મહાત્મા ત્યાંથી ચાલ્યા ગયા.

સ્વામી શ્રી જ્ઞાનાનંદજીએ પણ કેટલોએક વેદાંતશાસ્ત્રનો અભ્યાસ તેઓશ્રીની પાસેથી કર્યો હતો.

પૂજ્યપાદ મહારાજશ્રી પોતાના કેટલાએક શિષ્યોને પૂછતા કેઃ—"બાપલા! એ તમે જાણો છો? કે અમે કોણ છીએ?" એ સાંભળી જ્યારે કોઇ શિષ્યથી ઉત્તર ન અપાતો ત્યારે તેઓશ્રી તેમને આત્મજ્ઞાનનો ઉપદેશ આપી આત્માનો અપરોક્ષ દૃઢ નિશ્ચય કરાવતા, એવા એ મહાપુરુષ દયાળુ હતા.

મહારાજશ્રીની સ્થિતિ દિવસોદિવસ અધિકાધિક વધતી જતી હતી અને જીવન્મુક્તિનો આનંદ પણ દિવસોદિવસ અધિકાધિક વધતો જતો હતો. જેમ જેમ તેઓશ્રીની નિર્વિકલ્પદશા વધારે ને વધારે થતી જતી હતી, તેમ તેમ કેટલોએક બહારનો વ્યવહાર પણ તેઓશ્રીને વિસ્મરણ થતો જતો હતો. કિંબહુના ત્યાં આવનાર મોટમોટા પરમહંસ મહાત્માઓ પણ અંતર્જ્યોતિ આનંદરૂપ આત્માના ઉંડા પ્રદેશમાં વિચરતા નિજાનંદનિમગ્ન એ મહાપુરુષની આત્મલાભ તજ્જન્ય અદ્‌ભુત આનંદને સૂચન કરનારી અર્ધમિલિત નેત્રવાળી અતીવ સુપ્રસન્ન મુખમુદ્રાને જોઇ આશ્ચર્યચકિત

બની જતા અને પોતાના ત્યાગના અભિમાનથી રહિત બની જતા. એવા એ મહાપુરુષ પૂર્ણ ભજનાનંદી અને પૂર્ણ બ્રહ્મવેત્તા હતા. જેઓ સહજ અધ્યાત્મયોગદ્વારા અસંપ્રજ્ઞાત સમાધિમાં પરમાનંદપણે અખંડાનંદને અનુભવતા હતા, એવા એ અવતારી બ્રહ્મવિદ્વરિષ્ઠ અજોડ આદર્શ મહાપુરુષ અલૌકીક હતા.

પૂજ્યપાદ મહારાજશ્રીનો જે હેતુસર મંગલમય અવતાર થયો હતો તે બધું કામ હવે પૂરૂં થયું, કારણ કે જેમણે પ્રવાસે વિચરી અનેક જનોનાં કલ્યાણ કર્યાં, અને ત્યાર પછી જેમણે એકાંતમાં નિવૃત્તિપરાયણ રહી ઈશ્વર ભજન કરવા છતાં પણ અનેક જનોનાં કલ્યાણ કર્યાં. પછી તો તેઓશ્રી પોતાના શેષ પ્રારબ્ધને જ વ્યતીત કરતા હતા, અને પછી તેઓશ્રીની પ્રકૃતિ પણ બરાબર રહેતી નહીં. એવી સ્થિતિમાં પણ તેઓશ્રી હસતા અને પોતાના શિષ્યોને કહેતા કે:— "બાપલા! આ શરીર હવે વિદાય માગે છે, કારણ કે હવે આ શરીરનું પ્રારબ્ધ લગભગ પૂરૂં થવા આવ્યું છે." એવાં શ્રી ગુરુદેવનાં વિયોગ સૂચક વચનો સાંભળી બધા શિષ્યોનાં હૃદયમાં ઘણું દુઃખ થતું. તેઓશ્રીએ મહારાજ લાલરામજી અને લીલારામજી વગેરે સમર્થ શિષ્યોને તો આગળથી જ કહી દીધું હતું કે:—"અમુક દિવસે અને અમુક સમયે આ શરીર છૂટશે." હવે તેઓશ્રીના શરીર છૂટવાનો સમય જ્યારે અતિ સમીપ આવી ગયો ત્યારે તેઓશ્રી પોતાના મહારાજ લાલરામજી, લીલારામજી અને બાપુરામજી વગેરે શિષ્યોને પોતાની પાસે બોલાવી તેઓને કહેવા લાગ્યા કે:—" આ

સંસારમાં શરીરથી કોઇ પણ અમર નથી, કારણ કે જેનો ઉદય છે તેનો અસ્ત છે. આમ હોવાથી જે શરીરનો જન્મ થાય છે તે જ શરીરનો અંતે અવશ્ય નાશ છે, પરંતુ અજર અમર તો એકજ આનંદરૂપ આત્મા છે કે જે ઉદય અને અસ્તથી રહીત છે, માટે આત્માનો દઢ નિશ્ચય કરી નિરંતર વૃત્તિને અંતર્મુખ કરવી અને આત્માનું અભેદ ચિંતન કરવું. એવી રીતે નિરંતર બ્રહ્માભ્યાસ કરતાં કરતાં જ્યારે વૃત્તિ સંકલ્પ અને વિકલ્પના પ્રદેશથી પસાર થાય છે ત્યારે અજ્ઞાન રૂપ આવરણ દૂર થઇ આનંદરૂપ આત્માનો અપરોક્ષ અનુભવ થાય છે, અને મુક્તાવસ્થા પ્રાપ્ત થાય છે. આમ થવાથી જ ભવનાં બંધનો તૂટી જાય છે, માટે સંસારના નાશવંત અને બંધન કરનાર એવા વિષયોથી તમામ ઉપરામ રહી જે બને તે આત્માનુસંધાનરૂપ ઈશ્વર ભજનમાં તન્મય રહેવું, કારણ કે મુક્તિદ્વાર આવો મનુષ્ય દેહ વારંવાર મળતો નથી." વળી તેઓશ્રીએ પોતાના બધા શિષ્યોને કહ્યું કેઃ—" અગ્નિસંસ્કાર ન કરતાં આ શરીરને જમીનમાં સમાધિ આપજો." એમ કહી તેઓશ્રીએ પોતાના બધા શિષ્યો પર પોતાની અમૃતમય દૃષ્ટીના અમૃતનું અંતિમ અભિસિંચન કર્યું, અને બધા શિષ્યોએ તેઓશ્રીને નમસ્કાર કર્યા. પછી વિશ્વમંગલમૂર્તિ પૂજ્યપાદ મહારાજશ્રી સંવત્ ૧૯૫૩ માં આષાડ વદ ૨ ને દિવસે પોતાના સ્થૂલ દેહનો ત્યાગ કરી વિદેહકૈવલ્ય-બ્રહ્મનિર્વાણ પામ્યા.

જે શિષ્યો જેમની પુનીત છાયા તળે રહી, જેમના પાવન પાદારવિંદની સેવા કરી અને જેમનાં અવારનવાર દર્શન કરી પોતાને કૃતાર્થ માનતા હતા અને નિરંતર આનંદિત રહેતા

હતા તે શિષ્યો જેમ પ્રકાશતો દીપક નિર્વાણ પામે તેમ પોતાના સમર્થ શ્રી ગુરુદેવને પ્રત્યક્ષ બોલતા એકાએક બંધ થયેલા જોઈ કેટલીક વાર તો ઘણા શોકાતુર બની ગયા, અને તેઓનાં નેત્રોમાંથી અશ્રુઓની ધારાઓ વહેવા લાગી. પછી તેઓ પોતાના શ્રી ગુરુદેવના અમૃતમય અંતિમ ઉપદેશને યાદ કરી તેમજ ધીરજ ધરી તેઓશ્રીના સ્થૂલ શરીરની અંતિમ ક્રિયા કરવા સાવધાન થયા. તે વેળા આસપાસથી તેમજ દૂરથી આવનાર અનેક ભાવિકજનો તેમજ સંતસાધુઓ ત્યાં એકત્ર થયા હતા, અને શ્રીફળોનો તો મોટો એક ત્યાં ઢગ થઇ ગયો હતો. પછી બધાએ પોતાના શ્રી ગુરુદેવના સ્થૂલ શરીરની વિધિવત્ ક્રિયા કરી તેને એક સુંદર પાલખીમાં બેસારી ધૂપદીપથી ગાજતે વાજતે તે પાલખીને ઉપાડી બધા મળી 'ઈશ્વર સાગર' સરોવરની સમીપ આવ્યા અને જે જગ્યાએ બેસી ભજન કરવા પૂજ્યપાદ મહારાજશ્રીએ ઇચ્છા દર્શાવી હતી, તેજ જગ્યાએ પાલખી રાખી. પછી પોતાના સંપ્રદાયના જ મહાત્માઓના પૂર્ણ મતભેદને લીધે તેઓશ્રીના સ્થૂલ શરીરને સમાધિ ન અપાતાં તેને શ્રીફળો, ચંદનનાં કાષ્ઠો અને ઘૃતમાં જ અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

હવે અગ્નિ પ્રકટ થતાં જ તે ચિતામાંથી એક મોટો ભયંકર અવાજ સાંભળવામાં આવ્યો હતો; જે અવાજને સાંભળી જેઓ સમાધિ આપવામાં સહમત ન હતા તેમના મનમાં પણ એમ થયું હતું કે:—"જો સમાધિ આપવામાં આવી હોત તો ઘણું સારૂં હતું." પણ પછી શું બની શકે? અસ્તુ.

હવે કેટલાક સમય પછી પૂજ્યપાદ મહારાજશ્રીના મહારાજ લાલરામજી વગેરે શિષ્યોએ ત્યાં અન્ય એક નૂતન ભવ્ય 'શ્રી ઇશ્વર–આશ્રમ' સ્થાપી તેઓશ્રીની ફૂલ સમાધિ ઉપર એક શિખરબંધ ભવ્ય મંદિર બંધાવ્યું, અને સામે શ્રી શંકરનું પણ બીજું એક શિખરબંધ ભવ્ય મંદિર બંધાવ્યું. જે શ્રી ગુરુદેવના મંદિરમાં તેઓશ્રીનાં પાવન પગલાં સ્થાપિત કરવામાં આવ્યાં છે, અને તેઓશ્રીની એક સુંદર છબી પધરાવવામાં આવી છે. એ બંને મંદિરની સવારે અને સાંજે પ્રતિદિવસ બે વખત પૂજા થાય છે, અને જયાં અનેક ભાવિકજનોનાં મનના મનોરથો પોતપોતાની માન્યતા પ્રમાણે આજે પણ પૂર્ણ થાય છે.

शिव एव गुरुः साक्षात् गुरुरेव शिवः स्वयम् ।
उभयोरन्तरं किंचिन्न ज्ञातव्यं मुमुक्षुभिः ॥

શ્રી શિવ સાક્ષાત્ ગુરુરૂપ જ છે અને શ્રી ગુરુ પોતે શિવરૂપ જ છે; મુમુક્ષુજનોએ એ બંનેમાં જરા પણ જુદાઇ જાણવી નહીં. इति शिवम् ।

શ્રી ઇશ્વર–આશ્રમ,
ઇશ્વરનગર (કચ્છ)
સંવત્ ૧૯૯૯
દેવદીવાળી.

લે૦
યોજનાર.

પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજશ્રી ઓધવરામજીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

—:: દોહરા ::—

ઉજ્જવળ આત્મપ્રકાશથી, શોભે સુખના ધામ;
અચલદાસના ઇષ્ટ એ, શ્રી ગુરુ ઓધવરામ—૧
સૌને સુખમય ભાસતા, શાંતસ્વભાવ તમામ;
અચલદાસના ઇષ્ટ એ, શ્રી ગુરુ ઓધવરામ—૨
ઇશ્વર સૌમાં એક છે, ઉપદેશે છે આમ;
અચલદાસના ઇષ્ટ એ, શ્રી ગુરુ ઓધવરામ—૩
નયને જેને નિરખતાં, મન પામે વિશ્રામ;
અચલદાસના ઇષ્ટ એ, શ્રી ગુરુ ઓધવરામ—૪
અનુભવતા આનંદને, અંતર આઠો યામ;
અચલદાસના ઇષ્ટ એ, શ્રી ગુરુ ઓધવરામ—૫

"कुलं पवित्रं जननी कृतार्था वसुंधरा पुण्यवती च तेन ।
अपारसच्चित्सुखसागरेऽस्मिँल्लीनं परेब्रह्मणि यस्य चेतः ॥"

येन वै स्थापिता संस्था, जनकल्याणकाम्यया ।
नम उद्धवरामाय, तस्मै श्रीगुरवे सदा ॥



પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજ શ્રીઓધવરામજી
પ્રાકટ્ય—સંવત્ ૧૯૪૫ ચૈત્ર સુદ ૯

realpatidar.com

જેનું ચિત્ત અપાર સચ્ચિદાનંદરૂપી સાગર એવા પરબ્રહ્મ પરમાત્માને વિષે લીન એટલે નિમગ્ન થયેલું છે, તે મહાત્માનું કુલ પવિત્ર બની જાય છે, તે મહાત્માની જનની કૃતાર્થ થાય છે અને તે મહાત્માના પાવન પાદાર્પણદ્વારા વસુંધરા એટલે પૃથ્વી પુણ્યશાળી બની જાય છે. એવા બ્રહ્મવેત્તા મહાપુરુષોનાં શુભ જીવનચરિત્રો ભગવતી શ્રી ગંગાજીના પવિત્ર અને નિર્મલ જલ જેવાં અત્યંત ઉજ્જવલ અને પાવન હોય છે. એવા મહાપુરુષોનું જીવવું કેવલ માનવસમાજના હિતાર્થે જ હોય છે, અને તેમના શુભ વર્તનમાં પ્રતિક્ષણે માનવસમાજને અત્યંત ઉપયોગી એવો અલૌકીક ઉપદેશ સમાયલો હોય છે. એવા તત્ત્વદર્શી મહાપુરુષો કદાચ ઉપદેશ ન કરે તો પણ તેઓનાં કેવલ દર્શનમાત્રથી પણ માનવ-સમાજને તેઓના ધાર્મિક શુભ ચરિત્રના ભાનથી સન્માર્ગે ચાલવાનો સહજ સારો પ્રકાશ પ્રાપ્ત થાય છે. આમ હોવાથી જુદી જુદી અનેક દેશ ભાષાઓમાં જે પ્રમાણે માનવસમાજને સમજવામાં આવે, તે પ્રમાણે મહાપુરુષોનાં પાવન જીવન-ચરિત્રો પ્રકાશિત કરવામાં આવે છે. એજ નિયમને અનુસરી કચ્છદેશના એક અજોડ આદર્શ સુપ્રસિદ્ધ મહાપુરુષ પૂજ્યપાદ મહારાજશ્રીનું જીવનચરિત્ર જનસમાજને માટે ઉત્તમ માર્ગ-દર્શક તેમજ અત્યંત ઉપયોગી હોવાથી તે લખવા મને આનંદ ઉપજે એ સ્વાભાવિક છે. જે સમદર્શી મહાપુરુષના પુનિત સહવાસમાં મારી જીંદગીનો મોટો ભાગ મેં વ્યતીત કર્યો છે. અહા એ કેટલું મીઠું અને મધુર સ્મરણ! અર્જુન અને શ્રીકૃષ્ણ પ્રભુની પેઠે સાથે રહેવાનો અલૌકીક આનંદ

હજી પણ મને યાદ આવે છે. સમય સમય પર તેઓશ્રીની સર્વ પર અનુપમ દયા, અમૃતમય અવલોકન અને હૃદયની નિર્મલતા તેમજ તેઓશ્રીનો સૌ પર સરખો પ્રેમભાવ. એ તો "न भूतो न भविष्यति" એવાં અલૌકીક હતાં. તેઓશ્રીની આધ્યાત્મિક ઉચ્ચ દૃષ્ટી, અને જનકલ્યાણની અતુલ ભાવનાને તેમજ તેઓશ્રીના સંતસાધુઓ પરના પવિત્ર પ્રેમને તેમના સહવાસમાં આવેલા સર્વે સજ્જનો સારી રીતે જાણે છે. તેઓશ્રી દીલના ઘણા ઉદાર છે, એ તેમના સહવાસીઓને કયાં અજાણ્યું છે, કિંબહુના તેઓશ્રી ઉદારતાને અલ્પ સ્થાન આપત તો આજે આશ્રમને માટે ભિક્ષા જેવો પ્રશ્ન ઉભો રહેત જ નહીં; એ નિર્વિવાદ છે, પરંતુ મહાપુરુષોની દૃષ્ટીમાં માયા એ કંઇ વસ્તુ નથી.

પૂજ્યપાદ મહારાજશ્રી ઘણી વાર ચાલુ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત હોવા છતાં પણ મારા જેવા બાહ્ય પ્રવૃત્તિમાં આળસુ સાધકને આધ્યાત્મિકદૃષ્ટીએ ઘણું સારૂં આશ્વાસન આપતા અને કહેતા કે:—"મારે માટે તો આ પ્રવૃત્તિ એક રમત છે, તે ભલે થયા કરે, થવા દો, પરંતુ તમારે તો આત્મસ્વરૂપના અનુસંધાનને માટે જે કરવાનું છે, તે સાવધાનપણે કરો, કારણ કે મનુષ્યજન્મ વારંવાર મળશે નહીં; મને તમારામાં ખોટો સ્વાર્થ રાખવા જેવું કંઇ પણ નથી." અહો! આવા નિઃસ્પૃહી અને નિઃસ્વાર્થી મહાપુરુષની નિર્મલતા જ્યારે મને યાદ આવે છે ત્યારે મારૂં હૃદય ઘણું દ્રવીભૂત થઇ જાય છે, અને તેમાં એક અલૌકીક ભાવ ઉત્પન્ન થાય છે, પણ શું કરવું? ગાગરમાં સાગર કદી પણ સમાય નહીં, એ નિર્વિવાદ છે. એ

મહાપુરુષ જન્માન્તરના સાચા યોગી હોવાથી આશ્રમની પ્રવૃત્તિમાં ઓતપ્રોત રહેવા છતાં પણ નિમિત્તમાત્ર અલ્પ આત્માભ્યાસથી તેમને આનંદસ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર થોડા સમયમાં જ થયો હતો. ત્યારે મહારાજશ્રીના સ્થૂલ શરીરની અવસ્થા ૩૮ વર્ષની હતી. આ હકીકત ઘણી રહસ્યરૂપ હોવાને લીધે ગુપ્ત હોવાથી તે આજ દિવસ સુધી સર્વ કોઇને જાણુવામાં હોય એમ નથી, જેથી જિજ્ઞાસુજનોને જાણુવા માટે તે અત્રે બતાવેલી છે, કારણુ કે કેટલાએક મહાપુરુષોની તેવી ગુપ્ત હકીકતો પણુ તેઓનાં જીવનચરિત્રોમાં જિજ્ઞાસુજનોને જાણુવા બતાવેલી હોય છે. અસ્તુ.

તે વેળા મારી સાધનાવસ્થા હતી. કયાં સિદ્ધ ? અને કયાં સાધક ? જે પોતાને માટે પૂર્ણુ હોય, તે માનવસમાજનું હિત સાધવા પણુ પૂર્ણુ હોઇ શકે; જે પોતાને માટે પૂર્ણુ ન હોય, તે માનવસમાજનું હિત સાધવા પૂર્ણુ ન હોય એ સ્વાભાવિક છે. વળી દૃષ્ટીના અભાવે કેટલાંએક કાર્યો માટે પરતંત્રતા સેવવી પડે, એ નિર્વિવાદ છે. વળી સમય, સંયોગ અને સાધન સદા બદલાયા કરે છે, જેથી મારા મનમાં એવો વિચાર ઉત્પન્ન થયો કેઃ—"**विस्तरशः क्लेशसंयुक्ताः संक्षेपास्तु सुखावहाः**" (પોતાની શક્તિની બહાર જે વિસ્તારો કરવામાં આવે છે, તે ક્લેશો વડે યુક્ત હોય છે, જેથી વધારે વિસ્તારો ન કરવા એમાં જ ખરૂં સુખ સમાયલું છે.) એમ ધારી બહારની પ્રવૃત્તિ પ્રત્યે ઘણું ઓછું ધ્યાન આપી મહારાજશ્રીની આજ્ઞાનુસાર આશ્રમમાં સમય પર કથાપ્રવચન કરવું, એકાંતમાં આત્મવિચાર કરવો અને આત્માનુસંધાન

કરવું. એમાં જ હું નિરંતર તત્પર રહેતો હતો. પૂજ્યપાદ મહારાજશ્રી સમર્થ હોવાથી પ્રવૃત્તિનો પ્રવાહ ઘણો ધોધમાર ચાલતો હોવા છતાં પણ ઘણા જ સુપ્રસન્ન રહેતા, અને મને જોઇ કોઇ વાર પરિહાસ કરી કહેતા કે:—"કાં પંડિત કેમ છે? તમારૂં સૂત્ર બોલો." તેઓશ્રીની એવી વિનોદભરી સુધામય વાણી સાંભળી મને ઘણો જ આનંદ થતો, અને હું બોલવા લાગતો કે:—"विस्तराः क्लेशसंयुक्ताः संक्षेपास्तु सुखावहाः" એ સાંભળી તેઓશ્રી મંદ મંદ હસતા અને પાસમાં રહેલા અન્ય ભાઇઓ કે સંતસાધુઓ સામે સ્મિતવદને થોડું નિરીક્ષણ કરી મને કહેતા કે:—"તમે ઇશ્વરનું ભજન કરો, વિસ્તારો એમ જ ચાલ્યા કરશે, તમારે ચિંતા કરવી નહીં." એવા વિશુદ્ધવિનોદના સાગર નિજલાભપૂર્ણ વિશ્વપ્રેમી મહાપુરુષ આશ્રમમાં બધાને ઘણો આનંદ આપતા, અને સૌ પર ઘણો સારો સમભાવ રાખતા. વળી જેમની ઉદારતાનો અનુપમ લાભ સંતસાધુઓ તેમજ અન્ય સેવાભાવિ ભાઇઓએ ઘણો લીધો છે, લે છે અને હું ધારૂં છું કે હજી પણ લેશે. આવા આત્માનંદપરાયણ આત્મસંતોષી જીવન્મુક્ત ઉદાર મહાપુરુષને જે મનુષ્ય જેવી ભાવનાથી જેવા સ્વાર્થને ઉદ્દેશી સેવે છે, તેની તેવા પ્રકારની ભાવના અને તેનો તેવા પ્રકારનો અર્થ અવશ્ય સિદ્ધ થાય છે, એ મારા અનુભવનો પૂરાવો છે. આવા સમર્થ વિશ્વપ્રેમી જ્ઞાનયોગી ઉદાર મહાપુરુષનું જીવનચરિત્ર પ્રકાશિત થાય તો જનસમાજને ઓછો લાભ મળે એમ નથી, કિંબહુના આવા બ્રહ્મવેત્તા મહાપુરુષનાં જીવનચરિત્રના પ્રકાશનદ્વારા જનસમાજને ઘણો જ લાભ પ્રાપ્ત

થાય છે. એમ ધારી તેઓશ્રીનુ જીવનચરિત્ર જનસમાજના હિતાર્થે પ્રસિદ્ધ કરવા માટે મેં મારી પૂર્ણ ઇચ્છા તેમને દર્શાવી ત્યારે તેઓશ્રીએ પોતાના ખરા અંતઃકરણપૂર્વક નિરભિમાનપણે જણાવ્યું કે:—" અનેક મહાપુરુષો પૂર્ણ સમર્થ થઇ ગયા છે અને અત્યારે પણ મોજુદ છે, તેઓનાં જીવનચરિત્રો જગત્માં સારી રીતે પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે, અને આવે છે. જેનાથી જનસમાજને જાણવાનું તેમજ આચરવાનું ઓછું જ્ઞાન મળે એમ નથી, માટે મારૂં જીવનચરિત્ર પ્રકાશિત કરવું, એ પ્રયાસ રહેવા દો." યદ્યપિ આવા મહાપુરુષને માન, પ્રતિષ્ઠા, ખ્યાતિ અને લોકવાસના જેવું કશુંજ હોતું નથી. તથાપિ આવા આદર્શ મહાપુરુષનું શુભ જીવનચરિત્ર પ્રકટ કરવા મારી ઉત્કટ ઇચ્છા હોવાથી તેમજ કેટલાએક ભાવિક ભકતોના આગ્રહથી પૂજ્યપાદ મહારાજશ્રીનું જીવનચરિત્ર લખવું પડે, એ નિર્વિવાદ છે. અસ્તુ.

હવે તેઓશ્રીનાં પૂજ્ય વૃદ્ધ માતુશ્રીદ્વારા કેટલીએક હકીકત જે અમને જાણવા મળી છે તેમજ તેઓશ્રીના સાથેના સહવાસનો જે અમને જાતેનો અનુભવ છે, તે ઉપરાંત જેવી પ્રભુની પ્રેરણા થઇ રહી છે, તેવી પૂજ્યપાદ મહારાજશ્રીના શુભ જીવનચરિત્રની રૂપરેખા માનવસમાજના હિતાર્થે અમે સંક્ષેપમાં આળેખીએ છીએ, કારણકે ઇશ્વરરૂપ તેમજ પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજશ્રી ઇશ્વરરામજીના અંશાવતાર મનાતા એવા મહાપુરુષના જીવનચરિત્રનું પૂરૂં માપ કાઢવું, એ અશકય છે. હું ધારૂં છું કે માનવસમાજને આ પ્રયાસ અવશ્ય ઉપયોગી થશે.

Odhavram Maharaj DOB: Tue 09-Apr-1889 Next Similar Date: Tue 09-Apr-2041

પૂજ્યપાદ મહારાજશ્રીના સ્થૂલ શરીરનો જન્મ ભારત વર્ષના કચ્છ પ્રાંતમાં અબડાસા તાલુકે આવેલા જખૌ નામના શહેરમાં ભાનુશાળી જ્ઞાતિના ભક્ત હેમરાજના સ્વધર્મપરાયણ ધર્મપત્ની ચાગબાઇના (સતીના) ઉદરથી સંવત્ ૧૯૪૫ માં ચૈત્ર શુકલ પક્ષમાં શ્રી રામનૌમીને દિવસે થયો હતો. તેમને એક મોટા ભાઇ તથા બે નાની બહેનો છે. ભાઈનું નામ ભાણજી તથા બહેનોમાં એકનું નામ ભાગબાઈ, બીજી બહેનનું નામ વીરબાઇ છે. ભક્ત હેમરાજને પ્રથમ પ્રભુમાં ભક્તિ ન હતી, પણ માતુશ્રી ચાગબાઇના સંગથી તેમને ઘણી જ સારી ભક્તિ પ્રાપ્ત થઇ, એટલે મહાન્ ભક્તરાજ થયા. માતુશ્રી ચાગબાઈએ સત્સંગનો વધારે લાભ લેવા તેમને સમજાવી સિંધ સાધબેલે મોકલ્યા, ત્યાં સંતમહાત્માઓની ભજનાનંદી ઘણી જ મૂર્તિઓ રહેતી હતી, અને પ્રભુનું અખંડ ભજન તેમ જ કથાવાર્તાઓ થતી હતી. ભક્ત હેમરાજ ત્યાં બે વર્ષ રહીને સંતોની સાથે ભક્તિરૂપી અમૃતનું પૂર્ણ પાન કર્યું. સંતોના બે વર્ષના સહવાસથી તેમજ પ્રભુના નામના પ્રતાપથી તેમના શુદ્ધ થયેલા હૃદયમાં વૈરાગ્યના ઘણાં સારાં અંકુરો ફૂટ્યાં, જેથી મનમાં વિચાર થયો કેઃ—“આ સંસાર દુઃખરૂપ છે, નિવૃત્તિમાં રહી પ્રભુભજન કરવું એમાંજ ખરૂં સુખ છે.” એમ ધારી કોઇ એક ભજનાનંદી બ્રહ્મવેત્તા મહાપુરુષ યોગીરાજને કહ્યું કેઃ—“મારે સંસારમાં રહેવું નથી, નિવૃત્તિમાં રહી પ્રભુનું ભજન કરીશ અને આપ જેવા મહાત્માપુરુષોના ચરણોની સેવા કરીશ.” એવાં વચનો સાંભળી તે યોગીરાજ ભક્ત હેમરાજને પોતાની પવિત્ર ગુફામાં લઈ

ગયા અને તેમની પરિક્ષા કરવા લાગ્યા. જોતજોતામાં તે યોગીરાજ એકાએક અંતર્ધાન થઇ ગયા ને યોગીરાજની યોગમાયાથી સિંહો, અગ્નિના ઉપદ્રવો, સર્પો અને મોટા અજગરો દેખાવા લાગ્યા, તે જોઈ ભક્ત હેમરાજ ડરી ગયા અને કંપી ગયા, કારણ કે એકજ ઇશ્વરમાં પોતાના આત્માનું અનુસંધાન કરી દેહના અધ્યાસથી નિવૃત્ત થવું અને નિર્ભય બનવું એવી ઉત્તમ સ્થિતિ જન્માન્તરનાં અનેક પુણ્યો વિના તેમજ ઇશ્વરના પૂર્ણ અનુગ્રહ વિના પ્રાપ્ત થતી નથી, જેથી ભક્ત હેમરાજ ભયભીત થઇ બૂમો પાડવા લાગ્યા. તેવામાં તે યોગીરાજ પ્રકટ થયા અને ભયાનક બધા દેખાવ અદૃશ્ય થઈ ગયા. ત્યારે ભક્ત હેમરાજને તે યોગીરાજ કહેવા લાગ્યા કે:—"તમને આ જન્મમાં પૂર્ણ યોગ લભ્યો નથી, હજી તમારૂં સંસારમાં રહેવાનું પ્રારબ્ધ બાકી છે, માટે અહીંથી જાઓ અને સંસારમાં રહી જે બને તે ઇશ્વર ભજન કરો; મારો આશીર્વાદ છે, તમને સંતસેવાનું ફળ અવશ્ય મળશે. હવે થોડા સમય પછી જન્માન્તરના સાચા યોગી એવા એક યોગભ્રષ્ટ મહાત્માનો તમારે ત્યાં છેલ્લો જન્મ થશે, તે મહાત્મા યોગીને કેવલ પોતાનો પુત્ર જાણી ખોટો સ્વાર્થ રાખી તેને સંસારમાં નાંખશો નહીં, પણ તે તમારા મહાત્મા પુત્રને નિવૃત્તિપરાયણ રહેવા દેશો. આપને ત્યાં પુત્રરૂપે આવનાર એ યોગભ્રષ્ટ મહાત્મા આગળ જતાં એક આદર્શ જ્ઞાનયોગી થશે, અને જેનાથી જનકલ્યાણનાં ઘણાં કાર્યો થશે, અને મોક્ષની કામનાવાળા ઘણા જિજ્ઞાસુઓ જેનાથી આત્મજ્ઞાન પામી કૃતકૃત્ય થઇ આ માયામય મિથ્યા સંસારથી મુક્ત

10

થશે, તો પછી તમારા અહોભાગ્યની વાત જ શી? તે પુત્ર-રૂપે આવનાર મહાત્માના ભજનના પ્રતાપથી કુળ સહિત તમારો પરલોક સહજમાં સુધરી જશે, અને સુવર્ણમય અક્ષરોથી અંકિત તમારી કીર્તિ અને તમારૂં નામ જગતના ઉજ્વલ ઇતિહાસમાં અમર રહેશે." તે ત્રિકાલદર્શી યોગી-રાજનાં એવાં વચનો સાંભળી ભક્ત હેમરાજના આનંદનો પાર જ રહ્યો નહીં. પછી તે યોગીરાજના ચરણોમાં પુનઃ પુનઃ પ્રણામ કરી તેમની આજ્ઞા માની પોતે કચ્છ જખૌ આવ્યા અને સાધએલા નિવાસી સંતોના સત્સંગનો આનંદ તેમજ ત્રિકાલદર્શી યોગીરાજે જે કંઇ કહ્યું હતું, તે બધું માતુશ્રી ચાગબાઇને કહી સંભળાવ્યું, તે સાંભળી માતુશ્રી ચાગબાઇને પણ અત્યંત આનંદ થયો. પછી ભક્ત હેમરાજ પરમેશ્વરમાં પૂર્ણ શ્રદ્ધા રાખી ખેતીનું કામકાજ કરવા લાગ્યા. એમ કરતાં કરતાં કેટલાક સમય પછી યોગીરાજના કહેવા પ્રમાણે યોગ્ય સમયે પૂજ્યપાદ મહારાજશ્રીના સ્થૂલ શરીરનો જન્મ થયો. મહાત્મા યોગીરાજના આશીર્વાદથી પ્રાપ્ત થયેલા ભવિષ્યત મહાપુરુષ રૂપી પુત્રને જોઇ ભક્ત હેમરાજને તથા માતુશ્રી ચાગબાઇને તેમજ કુટુંબીજનોને ઘણો આનંદ થયો. પછી પોતાની જ્ઞાતિના રીતરીવાજ પ્રમાણે યથાશક્તિ માંગલિક દાન આપી તેમણે આનંદ-ઉત્સવ કર્યો. પછી નામ નિયત કરવાના સમયે જ્યોતિર્વિદ્ બ્રાહ્મણદ્વારા તેમણે મહારાજશ્રીનું "ઓધવ" એવું નામ પાડ્યું. તે વેળા કેટલાએક સંબંધી જનો મહારાજશ્રીને જોઈ કહેવા લાગ્યા કેઃ—"જે શ્રીકૃષ્ણ પ્રભુની સાથે રહેતા હતા તે જ આ શું ઓધવજી છે?"

ત્યારે ભક્ત હેમરાજે કહ્યું કેઃ—"આ તો એક યોગી મહાત્મા સાધુ છે." જન્મતાં જ મહારાજશ્રીની મુખમુદ્રા એક અલૌકીક આનંદને ઉપજાવે એવી સુરમ્ય, શાંત અને સુપ્રસન્ન હતી; એટલુંજ નહીં, પરંતુ જેમના સાત્ત્વિક શરીરની શોભા જોનારના હૃદયપટ પર દિવ્ય પ્રભાવ દાખવતી હતી. જ્યારે મહારાજના સ્થૂલ શરીરની અવસ્થા લગભગ ચારેક વર્ષની હતી ત્યારે કોઈ પણ સ્થળે ભજનો ગવાતાં હોય તેમજ પ્રભુની કથા થતી હોય તો સાંભળતાં જ તેઓશ્રી ત્યાં જતા અને સાંભળેલાં ભજનોને અવારનવાર રમત-ગમતમાં પણ ગાયા કરતા; એટલુંજ નહીં, પરંતુ કોઈ વાર તો ગાતાં ગાતાં તેમાં એવા તન્મય થઈ જતા કે સમય પર ખાવાપીવાની પણ સંભાળ રહેતી નહીં. એવી રીતે તેઓશ્રીનું બાલ્યચરિત્ર પણ માતપિતાને તેમજ બીજા જોનારાઓને આશ્ચર્ય અને હર્ષ ઉપજાવે એવું અલૌકીક હતું, કિં બહુના વિસ્તાર ભયથી વધારે જણાવેલ નથી.

એક વખત અબડાસા તાલુકે આવેલા કોઠારા ગામની પાસેના ખીરસરા ગામના રહેવાસી સ્વામી શ્રી શંકરાનંદજી મહારાજ જખૌ પધાર્યા, અને ભક્ત ગોકુલ બેરાઈને ત્યાં ઉતર્યા; તેમના પધારવાથી સર્વ સત્સંગીઓને ઘણો જ આનંદ થયો. પછી તેઓશ્રી હમેશાં કથાપ્રવચન કરતા અને ભાવિક શ્રોતાજનો દરરોજ ત્યાં સાંભળવા જતા.

એક દિવસ ભક્ત હેમરાજ તથા માતુશ્રી ચાગબાઈ પણ મહારાજશ્રીને સાથે લઈ શ્રોતાજનોની સાથે કથા

સાંભળવા ગયાં. સ્વામીજીના ચરણોમાં પ્રણામ કરી તેમજ મહારાજશ્રીને પ્રણામ કરાવી દર્શન કરી કથા શ્રવણ કરવા બેસી ગયાં. સ્વામીજી મહારાજશ્રીને જોતાં જ જાણી ગયા કેઃ—"આ કોઇ યોગભ્રષ્ટ મહાત્મા છે, અને ભવિષ્યમાં આ એક અજોડ મહાપુરુષ થવાના છે." પછી કથા સાંભળી સ્વામીજીને વંદન કરી શ્રોતાજનો પોતપોતાને ઘેર ગયા. એ પ્રમાણે કેટલાક દિવસો સુધી રોકાઇ સત્સંગી જનોને સત્સંગનો ઘણો સારો લાભ આપ્યો. પછી ત્યાંથી જતી વખતે સ્વામીજીએ મહારાજશ્રીનાં માતપિતાને કહ્યું કેઃ— "આ બાલક મને આપો, હું એને વિદ્યાભ્યાસ કરાવીશ." સ્વામીજીનાં એવાં વચનો સાંભળતાં જ તે યોગીરાજનાં વચનો યાદ આવતાં સ્વામીજીનું કહેવું ઘણું સારૂં લાગ્યું, જેથી મહારાજશ્રીનાં માતપિતાએ ઘણા આનંદથી વિદ્યાભ્યાસ કરવા માટે તેમજ સેવા કરવા માટે મહારાજશ્રીને સ્વામીજીના કરકમલમાં સોંપ્યા. પછી મહારાજશ્રીને સાથે લઇ સ્વામીજી ખીરસરા પોતાના આશ્રમે આવ્યા. ત્યારે મહારાજશ્રીના સ્થૂલ શરીરની અવસ્થા લગભગ સાડાનવ વર્ષની હતી, અને તેઓશ્રીને ગુજરાતી ત્રણ ચોપડીનું જ્ઞાન હતું. આત્માનંદ-પરાયણ અનુભવી પૂર્ણયોગી એવા સ્વામી શ્રી શંકરાનંદજીની સાથે રહેવામાં મહારાજશ્રીને ઘણો જ આનંદ આવતો. તેઓશ્રી તેમની પાસેથી ગીતાજીનો અભ્યાસ કરતા અને જે બને તે સેવા કરતા. સ્વામીજીનો તેમજ જે અમરબાઇ નામે માતાજી આશ્રમમાં રહેતાં હતાં તેમનો પણ મહારાજશ્રી પર ઘણો પ્રેમ હતો.

મહારાજશ્રીના જીવનમાં ઘણા પ્રસંગો એવા આવ્યા હતા કે જીવન અને મૃત્યુ વચ્ચે માત્ર થોડું જ અંતર રહ્યું હતું, પરંતુ "જેને રામ રાખે, તેને કોણ ચાખે." જેથી તે તે વખતે તેઓશ્રીને ઈશ્વરે ઉગારી લીધા હતા. તેમાંથી માત્ર બે જ પ્રસંગ જાણવા માટે અત્રે આપીએ છીએ.

સ્વામીજી દરેક શ્રાવણ માસમાં શ્રીમદ્‌ભાગવતની કથા વાંચતા અને ત્યાંના તેમજ આસપાસના ગામોથી અનેક ભાવિક શ્રોતાજનો સાંભળવા આવતા. એક વાર સંવત્ ૧૯૫૬ ની સાલમાં ભયંકર દુષ્કાળ પડ્યો, તે વર્ષના શ્રાવણ માસમાં સ્વામીજી શ્રીમદ્‌ભાગવતની કથા વાંચતા હતા, અને શ્રોતાજનો સાંભળતા હતા, તે વખતે ચુલા પર ગાયો માટે ખાણુ રંધાતું હતું, તેને જોવા માટે મહારાજશ્રી ગયા. ખ્યાલ ન રહેતાં વસ્ત્રો બળવા લાગ્યાં, એટલે તુરત ત્યાંથી ચાલતા થયા, ચાલતાં પવનના વધારે ઝપાટા લાગવાથી વધારે અગ્નિ સળગી ઉઠ્યો ત્યારે પોતાની બાલ્યાવસ્થા હોવાથી ઉચ્ચ સ્વરે બૂમો પાડવા લાગ્યા. તે સાંભળી અમરબાઇ માતાએ આવીને અગ્નિ ઓલવી નાંખ્યો, અગ્નિ ઓલવતાં ઇશ્વરનો મહાન્ ઉપકાર માન્યો. એવી જ રીતે બીજી વાર પણ એ જ માસમાં સ્વામીજી શ્રીમદ્‌ભાગવતની કથા વાંચતા હતા ને શ્રોતાજનો સાંભળતા હતા. આ તરફ મહારાજશ્રી હાથમાં બાલદી લઈ કૂવા પર પાણી ભરવા ગયા. પાણીની ભરેલી બાલદી સિંચતાં સિંચતાં હાથમાંથી સીંચણુ મૂકાઈ ગયું ને અચાનક પગમાં વિંટાઈ ગયું, એટલે તેના વજનથી પગ ખેંચાઈ લપસી ગયો, જેથી તેઓશ્રી કૂવામાં પડી ગયા. જે થવાનું પ્રારબ્ધમાં

નિર્માણ થયું હોય, તે અવશ્ય થાય છે. "ईश्वरेच्छा बलीयसी" પડતી વખતે એક ધારવાળો પત્થર લાગતાં મસ્તક ચીરાઈ ગયું. જેની નિશાની આજ પણ તેઓશ્રીના મસ્તક પર જોવામાં આવે છે. શ્વાસ દશમે દ્વાર ચઢી ગયો, તે કૂવામાં પાણી આશરે દશથી બાર ફૂટ ઉંડું હતું; મહારાજશ્રી બેભાન બની કૂવાને તળીએ બેસી ગયા. તે વેળા જાણે દીપમાળાના દીપકો ઝગઝગ પ્રકાશતા હોય એવો ભાસ થયો. પછી એકલો અદ્ભુત તેજોમય પ્રકાશ જોવામાં આવ્યો; એ આનંદમય પ્રકાશમાં પોતે જાણે એકાએક લીન થઇ ગયા હોય એવો મહારાજશ્રીને અનુભવ થયો; એ રીતે બે કલાક સુધી મહારાજશ્રી કૂવાને તળીએ રહ્યા. કથા વંચાઇ રહ્યા પછી મહારાજશ્રી કયાંય પણ ન દેખાવાથી સ્વામીજી તેમજ આશ્રમનિવાસીઓ તેઓશ્રીને જયાં ત્યાં ગોતવા લાગ્યા. જોતાં જોતાં ગામ રવાવાળા જાડેજા રવાજી તેમણે કૂવામાં જોયું તો મહારાજશ્રીની ટોપી પાણી ઉપર તરતી જોઇ એટલે તુરત જ અંદર પડી મહારાજશ્રીને બહાર કાઢી પેટમાં ગયેલું પાણી બહાર કાઢવા બનતા ઉપાયો કર્યા, એટલે નાસિકામાંથી થોડું પાણી બહાર નીકળ્યું. શ્વાસ ચાલતો ન હોવાથી મહારાજશ્રીની મરણપ્રાય અવસ્થાને જોઇ બધા સ્વામીજીને કહેવા લાગ્યા કે:—"હવે આમાં કાંઈ નથી, તમારામાં કંઇ હોય તો આ છોકરો જીવતો થાય, માટે એવા કોઇ ઉપાય કરો." એમ કહી મહારાજશ્રીને લઈ સ્વામીજીને સોંપી દીધા. અમરબાઇ માતા ધ્રુજવા લાગ્યાં, અને ગામના કેટલાએક નાસ્તિકો પોતપોતામાં એવી વાતો કરવા લાગ્યા કે:—"જુઓ છો! આ પારકો છોકરો કૂવામાં

પડી ગયો, જેથી સ્વામીજી હવે પૂરી આફતમાં આવી જવાથી ભયને લીધે લોકોની સમક્ષ આંખોમાં આંસુ લાવી રૂવે છે. જો પ્રભુનું ભજન કરવા માટે જ સાધુ બનતા હોય તો પારકા છોકરાને લાવી આવી ઉપાધિમાં શા માટે પડતા હશે? આ વાતની છોકરાના માબાપને જ્યારે ખબર પડશે, ત્યારે તેમને કેવું લાગશે"? હવે આ સાધુ સિદ્ધ થઇ બેઠો છે, તેની ખબર પડશે." ત્યારે બીજાએ કહ્યું કે:—"આવા સાધુને ગામમાં જ રહેવા દેવા જોઇએ નહીં." એવાં વિરોધી લોકોનાં વચનો સાંભળી સ્વામીજીના હૃદયમાં મોટો આઘાત થયો. પછી મહારાજશ્રીના શરીરને ખાટલા પર સુવારી તેને ઉપર થોડી વિભૂતિથી ઢાંકી છાતી પર શ્રીમદ્ ભગવદ્ગીતાનું પુસ્તક રાખી સ્વામીજીએ મહારાજશ્રીને સચેત-જાગૃત કરવા પોતે પોતાની ગુફામાં પ્રવેશ કર્યો. સ્વામીજી મહાન્ જ્ઞાની હોવા છતાં પણ યોગકલામાં નિષ્ણાત એવા એક પૂર્ણ યોગી હતા, જેથી પોતાના પવિત્ર આસને બેસી પદ્માસન બાંધી, પ્રાણાયામ કરી, તેમજ ઈશ્વરનું અંતરાત્માથી સ્મરણ કરી પ્રયોગ શરૂ કર્યો ને સમાધિમાં બેસી ગયા. એ પ્રમાણે લગભગ પંદરેક મિનિટ જેટલો સમય વ્યતીત થતાં જ ગુફાના દ્વારમાંથી એક દિવ્ય જ્યોતિ પ્રકટ થઇ, તેના દિવ્ય પ્રકાશને મહારાજશ્રી નેત્ર ખોલી અચાનક જાગૃત થઇ જોવા લાગ્યા. તે દિવ્યજ્યોતિનો દિવ્ય પ્રકાશ જોતાં જ મહારાજશ્રી ડરી ગયા ને તેઓશ્રીએ ઉચ્ચ સ્વરથી પોકાર કર્યો. તેવામાં મકાનનું દ્વાર બંધ હોવાથી બીજું કોણ આવી શકે? સ્વામીજી તે પોકાર સાંભળી તુરત જ ગુફાની બહાર આવ્યા

અને મહારાજશ્રીને સચેત અવસ્થામાં જોઇ ઘણા જ રાજી થયા. પછી મકાનનું દ્વાર ઉઘાડયું, એટલે અમરબાઇ માતા આવ્યાં, તે પણ મહારાજશ્રીને સચેત અવસ્થામાં જોઇ ઘણાં રાજી થયાં. ત્યાર પછી એ વાતની બધાને ખબર પડતાં ભાવિક જનો ઘણા રાજી થયા અને તેઓની સ્વામીજી પ્રત્યે અધિક શ્રદ્ધા થઈ. પછી મહારાજશ્રીને વધારે હવા ન લાગે તે માટે તેમને પડદામાં રાખી મસ્તક પર પાટો બાંધી તે પર સ્વામીજીએ નવ દીવસ સુધી ઘૃતનું સિંચન કર્યું, તે વખતે બીજા કોઇને પણ પાસે આવવા દેતા નહીં. એમ કરતાં દિવસોદિવસ મહારાજશ્રીને સારૂં થતું ગયું. પછી ત્યાં આવનાર મહારાજશ્રીનાં માતુશ્રી અને કાકાને સ્વામીજીએ કહ્યું કે:—" આ છોકરાની હજી નાની અવસ્થા છે, એ તો પ્રભુએ લાજ રાખી, નહિતર અમારા જેવા સંતસાધુઓ પર મોટી એક વાત આવી જાત, માટે હવે આ છોકરાને તમારી સાથે લઈ જાઓ, યોગ્ય અવસ્થા થાય ત્યારે વાત." પછી મહારાજશ્રી પોતાનાં માતુશ્રી અને કાકાની સાથે જખૌ આવ્યા.

સ્વામીજીના માત્ર છ માસના સહવાસથી પણ તેઓશ્રીને ઘણો જ સારો લાભ થયો. તેઓશ્રી શ્રીમદ્ ભગવદ્ગીતાનું પુસ્તક હમેશાં પોતાની પાસે રાખતા અને તે અવારનવાર વાંચતા. તે વખતે ભક્ત હેમરાજ મુંબઇ હોવાથી તેગનો એક માંદગીનો પત્ર આવતાં મહારાજશ્રી માતુશ્રી તેમજ બહેનોની સાથે મુંબઇ ગયા. તેવામાં ભક્ત હેમરાજ અંતસમયની પથારી પર હતા, તેમણે મહારાજશ્રીનો હાથ પકડી મહારાજશ્રીનાં માતુશ્રીને કહ્યું કે:—" યોગીરાજની કહેલી

હકીકત તમને પ્રથમથી જ જણાવેલી છે, માટે આ છોકરામાં ખોટો સ્વાર્થ રાખી તેને સંસારમાં નાંખશો નહીં, જો એને સંસારમાં નાંખવાની ઇચ્છા રાખશો તો આ પુત્ર તમારો નથી, એ કદી પણ ભૂલવું નહીં, આના પ્રારબ્ધમાં ભક્તિ લખી છે, માટે આને સાધુ થવા દેજો; ને આને સુખી રાખજો; આ ભવિષ્યત્ મહાત્મા છે." એમ કહી ઇશ્વરનું સ્મરણ કરી ભક્ત હેમરાજે પોતાના પ્રાણોને મુક્ત કર્યા. ત્યાર પછી થોડા જ સમયમાં મહારાજશ્રી માતુશ્રીની સાથે ફરી જખૌ આવ્યા, અને પોતાના ભાઇ ભાણજી જે ખેતીનું કામ કરતા હતા તેમની સાથે તેઓશ્રી પણ રહેવા લાગ્યા. એ પ્રમાણે લગભગ ચારેક વર્ષ વ્યતીત થયા પછી મુંબઈથી પોતાના કાકાનો એક પત્ર આવતાં ધંધો કરવા માટે તેઓશ્રી સંવત ૧૯૫૯માં મુંબઇ ગયા.

સંસારના માયિક પદાર્થો કોને મોહિત નથી કરતા? યોગીઓના યોગને, તપસ્વીઓના તપને તથા સંતોના સાત્વિકપણાને નષ્ટ કરનાર સંસારના માયિક પદાર્થો છે; અને એ જ માયિક પદાર્થોથી દૂર રહેવાને માટે યોગીઓ, તપસ્વીઓ અને સંતસાધુઓ અરણ્યમાં, પર્વતોની ગુફાઓમાં તેમજ એકાંતમાં વસે છે, કારણ કે પ્રભુની પ્રાપ્તિમાં વિઘ્ન કરનાર એ માયિક પદાર્થો છે, જ્યારે માયાનો પડદો દૂર ખસી જાય છે ત્યારે પ્રભુ તો પાસે જ દેખાય છે.

મુંબઇનું બીજું નામ 'मोहमयी' છે. એવી મોહ કરનારી નગરીમાં મહારાજશ્રી પ્રથમ બારદાનનું કામ કરતા.

પછી મુકાદમની પાસે નોકરી કરવા લાગ્યા. એ પ્રમાણે કેટલોક સમય નોકરી કરતાં કરતાં શેઠ તુલસીદાસ લધાને ત્યાં ઉચ્ચ જગ્યાએ ઘણી સારી નોકરી મળી. શેઠને મહારાજશ્રીના કામકાજના અંગે ઘણો જ સંતોષ થતો, અને પોતે મહારાજશ્રી પણ શેઠને સંતોષ મળે એ પ્રમાણે જ કામકાજ કરતા હતા.

હવે એક તો '**મોહમયી**' નગરી, વળી ત્યાંના નિવાસીઓનો રાતદિવસનો તેવો સંસર્ગ, જેથી પોતાને સાધુ થવું છે, એવું પોતાના પિતાશ્રીની પાસેથી પોતે સાંભળ્યું હતું, તેમજ પોતે જાણતા હતા, છતાં પણ એ સ્મરણને તેઓશ્રી ભૂલી ગયા, જેથી તેઓશ્રીએ પોતાના માતુશ્રીને એક પત્ર લખ્યો કે:—"માતુશ્રી! મારી સગાઇ કયારે કરશો?" એ પત્ર સાંભળી માતુશ્રી ચાગળાઇને ભક્ત હેમરાજે કહેલાં મહાત્મા યોગીરાજનાં વચનો યાદ આવતાં, હૃદયમાં ઘણો આઘાત થતો, નેત્રોમાં ઝળઝળીઆં આવી જતાં, અને પ્રભુ પાસે પ્રાર્થના કરતાં કે:—"હે પ્રભુ! મારા પુત્રને સદ્બુદ્ધિ આપજો, તેની એવી ભાવના બદલી જાય અને તે સાધુ થાય." એવી રીતે પ્રભુને પોતાના અંતરનો ખરો સંદેશો જણાવી તેમને પ્રસાદની થાળી ધરાવતાં.

એક વખત મહારાજશ્રી પોતાના મિત્રમંડળની સાથે રાત્રે મુંબઇમાં ફરવા નીકળ્યા, તે વેળા કોઈ એક હરિકીર્તનકાર સત્યવાદી રાજા હરિશ્ચંદ્રનું કોઇ સ્થળે આખ્યાન કરતો હતો, ત્યાં આવી મહારાજશ્રીએ તે સાંભળ્યું. સાંભળતાં જ પૂર્વના શુભ સંસ્કારો જાગૃત થયા, જેથી હરિશ્ચંદ્રના આખ્યા-

નના શ્રવણરૂપ નિમિત્તથી તેઓશ્રીનો અંતરાત્મા વિમલ વૈરાગ્યના ઉદયની સાથે પ્રકાશી આવ્યો ને અંતઃકરણમાં ભાન થયું કે:—"સત્યને માટે સર્વસ્વનો ત્યાગ કરનાર ક્યાં રાજા હરિશ્ચંદ્ર! અને માયામાં ભાન ભૂલી જનારા ક્યાં અમે! માટે મોક્ષદ્વાર મનુષ્યદેહને પામી બુદ્ધિમાન્ પુરુષે પોતાનું શ્રેય અવશ્ય સાધવું જોઈએ, કારણ કે સંસારના માયિક સુખો પશુપક્ષી આદિ અનેક જન્મમાં પણ પ્રાપ્ત થાય છે, માટે તેવા મિથ્યા સુખને માટે આ મનુષ્યદેહ નથી. આ મનુષ્યદેહ તો રાજા હરિશ્ચંદ્રે જેમ સત્યને માટે સર્વસ્વનો ત્યાગ કરી પોતાના સત્યનું સંરક્ષણ કર્યું. એવી જ રીતે આ માયામય સંસારનો ત્યાગ કરી કોઇ પૂર્ણ સદ્ગુરુને શરણે જઇ જન્મ મરણનાં દુઃખોથી પોતાના આત્માનું સંરક્ષણ કરવું, તે માટેજ છે." એવા વિચારો મહારાજશ્રીના હૃદયમાં આવવા લાગ્યા. પછી તે જ સ્થળે તેઓશ્રી દરરોજ આખ્યાન સાંભળવા જતા. પછી તેઓશ્રી ખાવાપીવાની કે કામ ધંધાની પરવા રાખતા નહીં, અને આખ્યાન સાંભળી જ્યારે ઘરે આવતા ત્યારે નેત્રોમાંથી વૈરાગ્યનાં અશ્રુઓની ધારાઓ વહેતી. પછી ધંધામાં તેઓશ્રીનું ચિત્ત જરા પણ લાગતું નહીં, જેથી એક દિવસ પણ એક વર્ષ જેટલો લાગતો. પછી મહારાજશ્રીનાં મનમાં એવો વિચાર થયો કે:—"આ મોહમયી નગરીમાં ધંધો કરવા માટે જ્યારથી મેં પગ દીધો ત્યારથી લઇ અત્યાર સુધી મને લગભગ આઠેક વર્ષ થયાં. એ સમય બધો નકામો ગયો; હવે ઘણું થયું." એમ ધારી કોઇ બ્રહ્મવેત્તા મહાપુરુષને શરણે જવા તેઓશ્રીએ દૃઢ નિશ્ચય કરી લીધો.

એક વખત મહારાજશ્રીની ગાદીએ સ્ટીમર પર રાત પાડી હતી. સવારે વાઉચર લઇ ઘોડાગાડીમાં બેસી પેઢીએ આવતા હતા, પણ મહારાજશ્રીનું મન હવે આ બાજુથી ઉપરામ પામી કોઇ જુદાપ્રદેશના માર્ગે જ રમતું હોવાથી તે વાઉચર ગાડીમાં જ ભૂલાઇ ગયા, ને ગાડી ચાલી ગઇ. હવે શું થાય? આ તરફ લાખોનો માલ ગાદીએ પડ્યો છે. જોયું તો શેઠ તુલસીદાસ લધા પણ દુકાને હાજર ન હતા અને રવીવાર હોવાથી તે દિવસે ગાદી પણ બંધ હતી, જેથી વાઉચર ન મળે, તો સોમવારનો માલ કોઇ પણ રીતે ન ચડે. આ બાજુ ગાડીનું નંબર પણ યાદ ન રહ્યું. "હવે કોને પૂછવું? વાઉચર મેળવવા માટે શું કરવું." એવા અનેક વિચારોથી તેઓશ્રીનું મન ઘણું દુઃખી થયું, ને તેઓશ્રીએ શુદ્ધ હૃદયથી પ્રભુની પાસે પ્રાર્થના કરી કે:—"હે પ્રભુ! આ વ્યવહારની આપત્તિમાંથી મને મુક્ત કરો તો આજે જ આપનું ભજન કરવા આ મોહમયી નગરીને છોડી ચાલ્યો જાઉં."

શુદ્ધ હૃદયની પવિત્ર પ્રાર્થના અવશ્ય પ્રભુને પહોંચે છે, જેથી મહારાજશ્રી પ્રાર્થના કરી રહ્યા હતા, તેવામાં તુરતજ વાઉચર લઇ ગાડીવાળો પોતે આવ્યો, ને વાઉચર મહારાજશ્રીને આપ્યા. પછી પત્ર એક પોતાના ભાઇ ભાણજી પર તથા ગાદીનો બધો હિસાબ આપવા પત્ર એક શેઠ પર એમ બે પત્ર લખી નાંખી ત્યાંથી સ્ટીમરમાર્ગે કચ્છ આવવા તેઓશ્રી રવાના થયા, ને સંવત્ ૧૯૬૭ના શ્રાવણ માસમાં દિવ્યધામ શ્રી હમલાપુરી પધાર્યા. ત્યારે બાવા શ્રી દેવાસાહેબની ગાદી પર સર્વ શાસ્ત્રમાં નિષ્ણાત એવા વેદવેદાંતપારંગત

Aug 1911

પૂર્ણપ્રતાપી મહંત બાવાશ્રી પૂર્ણરામજી વિરાજતા હતા. તેઓશ્રીની પાસેથી મહારાજશ્રીએ તુરત કંઠી બંધાવી, અને જે બતાવતા તે શુદ્ધભાવે તેમની પોતે સેવા કરતા. બાવાજીના તેમજ સંતોના કપડા ધોવાં અને બાવાજી પોઢી જાય ત્યારે તેમની ચરણચંપી કરવી વગેરે જે કંઇ સેવા સંબંધી કામ-કાજ સમય સમય પર કરવાનું હોય, તે ઘણા પ્રેમથી કરતા, અને સંતસાધુઓ તેમજ બાવાજીમાં ઇશ્વરતૂલ્ય શ્રદ્ધા રાખતા એવી અત્યંત શ્રદ્ધા જોઇ મહારાજશ્રી પર બાવાજી પણ ઘણો જ પ્રેમ રાખતા. બાવાજીનું પાંડિત્ય ઘણું જ અગાધ હતું; તેઓશ્રીને સંસ્કૃત ભાષા શીખવવાનો ઘણો જ શોખ હતો, જેથી તેઓશ્રી મહારાજશ્રીને સંસ્કૃતનો અભ્યાસ કરાવતા. તેઓશ્રીની પાસેથી મહારાજશ્રીએ શબ્દરૂપાવલિ, ધાતુરૂપાવલિ, સમાસચક્ર અને પંચસંધી સુધીનો અભ્યાસ કર્યો અને તેઓશ્રી બાવાજીની સાથે અઢી વર્ષ રહ્યા. જ્યારે મહારાજશ્રી બાવાજી સાથે રહેતા હતા ત્યારે તેઓશ્રી તેમની સાથે બે વખત મુંબઇ અને એક વખત સિંધ ગયા હતા.

હવે જે વેળા બાવાજી મુંબઈ વિરાજતા હતા, તે વેળા ભાવિક શ્રોતાજનોની ઘણી ભીડ જામતી, તે વખતે મહારાજશ્રીની મનોવૃત્તિ વધારે વૈરાગ્યવાળી હોવાથી તે પ્રવૃત્તિ ગમતી નહીં; તેમજ બાવાજી તેઓશ્રીને જવાની આજ્ઞા આપે એમ પણ ન હતું, જેથી પૂજ્યપાદ બાવાજીની પાસેથી આજ્ઞા લીધા વિના ભાનુશાળી શ્રીમાન્ ભાઇ જાદવજી
1914 રતનસીની પાસેથી રૂ. ૧૦) દશ લઇ તેઓશ્રી સંવત્ ૧૯૭૦
માં કચ્છ દિવ્યધામ શ્રી ઈશ્વરઆશ્રમે પધાર્યા. તે વેળા પૂજ્ય-

પાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજ શ્રી ઇશ્વરરામજીની ગાદી પર વેદવેદાંતપારંગત પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રી લાલરામજી વિરાજતા હતા, અને તે વેળા તેમના વડા શિષ્ય મહારાજશ્રી કેશવરામજી અને યુગલદાસજી, તેમજ બાપુ શ્રી રામદાસજી, દયારામજી અને તેમના શિષ્ય વિઠલદાસજી વગેરે સંત-સાધુઓ શ્રી ઈશ્વર-આશ્રમે રહેતા હતા, અને પોતપોતાને સોંપાયલી આશ્રમની સેવા ઘણા પ્રેમથી કરતા હતા.

પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજ શ્રી ઇશ્વરરામજીએ જ્યાં લાંબા કાળ સુધી એકાંતમાં વસી ખૂબ ઇશ્વરભજન કર્યું હતું, જેથી તેઓશ્રીના ભજનના પવિત્ર વાતાવરણથી અત્યંત પાવન, અને પાસમાં આવેલા પંપાસરોવરસમા 'ઈશ્વરસાગર' સરોવરના સુરમ્ય તટ પર રહેલા સુંદર બગીચાની મનોહર શોભાથી જે શ્રી ઇશ્વર-આશ્રમની ભવ્યતા કેટલીક રીતે ઋષી-કેશની સમતાને દાખવી રહી છે. જ્યાં દર્શનાર્થે આવેલા યાત્રાળુજનોનાં સંતપ્ત મન સહજમાં શાંત થઇ જાય છે; એટલું જ નહીં, પરંતુ જ્યાં નિવાસમાત્રથી આધિ, વ્યાધિ અને ઉપાધિના ઉપદ્રવો સ્વાભાવિક શમી જાય છે. વળી જ્યાં નિવાસ કરવાથી યોગીમહાત્માઓનો યોગ સહજ બન્યો રહે છે. એવી પાવન તીર્થરૂપ મહારાજશ્રી ઇશ્વરરામજીની તપોભૂમિમાં આવતાં જ મહારાજશ્રીને અત્યંત શાંતિ મળી, મન સ્થિર થયું અને આસપાસનું સૃષ્ટિસૌંદર્ય અવલોકી તેઓશ્રીને ઘણો જ આનંદ થયો. પછી તેઓશ્રીએ સદાને માટે ત્યાં રહી ઈશ્વરભજન કરવાનો દૃઢ નિશ્ચય કરી લીધો. ત્યાર પછી તેઓશ્રીએ મહારાજ શ્રી લાલરામજીના પાવન

ચરણોમાં પ્રણામ કરી તેમને ત્યાં સદાને માટે રહેવાની પોતાની ઇચ્છા દર્શાવી. મહારાજ શ્રી લાલરામજી દયાળુ હોવા છતાં પણ બાવા શ્રી પૂર્ણરામજીના ભયથી તેઓશ્રીને ત્યાં રહેવા માટે હા પાડી નહીં. ત્યારે ત્યાંના બધા સંતસાધુઓએ મહારાજ શ્રી લાલરામજીને કહ્યું કેઃ—"આમાં બાવાજીથી ડરવા જેવું કંઇપણ નથી. આપને શરણે આવેલા આવા સાત્ત્વિક સ્વભાવવાળા સરળ સેવાભાવી શરણાગત જિજ્ઞાસુનો ત્યાગ કરવો તે આપ જેવા બ્રહ્મવેત્તા સમદર્શી મહાપુરુષને યોગ્ય નથી." સર્વે સંતસાધુઓનાં એવાં વચનો સાંભળી પછી મહારાજ શ્રી લાલરામજીએ તેઓશ્રીને રહેવા માટે હા પાડી. એવી રીતે મહારાજશ્રીનો મનોરથ પૂર્ણ થવાથી તેઓશ્રીને ઘણો જ આનંદ થયો.

હવે આ તરફ મુંબઇમાં જ્યારે બાવાજીએ ઘણી તપાસ કરાવી ત્યારે તેમને મહારાજશ્રીના શ્રી ઇશ્વર–આશ્રમે જવાના પાકા ખબર મળ્યા, અને મહારાજશ્રી પર બાવાજીનો પૂર્ણ પ્રેમ હોવાથી તેમને હૃદયમાં ઘણું દુઃખ થયું. પછી મુંબઇથી તુરત કચ્છ શ્રી ઇશ્વર–આશ્રમે પધાર્યા, અને સર્વ સંતોને ઘણો આનંદ થયો. બાવાજીનું હૃદય ઘણું જ પ્રેમાળ હતું, જેથી થયેલી બાબત બીલકુલ ભૂલ્યા ન હતા. તેઓશ્રી ન્હાઇ રહ્યા પછી ધોવાને માટે તેમના વસ્ત્ર લેવા મહારાજશ્રી તેમની પાસે ગયા ત્યારે બાવાજીએ આવેશમાં આવી પોતાના ચરણનો એક પ્રહાર કર્યો, ને કહ્યું કેઃ—"હે જડ! તેં મને કેટલો હેરાન કર્યો અને મારી આજ્ઞા વિના પરબારો અહીં આવ્યો." મહારાજશ્રીનો સ્વભાવ પ્રથમથી જ શાંત હતો,

જેથી બાવાજીના ચરણુને પ્રહાર તેમજ તેમનાં વચનોથી તેઓશ્રીને કંઇ પણ આઘાત થયો નહીં, અને સામે પણ બોલ્યા નહીં. બાવાજીના ચરણોમાં પડી હાથ જોડી તેઓશ્રી કહેવા લાગ્યા કે:—"હે ગુરુદેવ! હું આપનો છું, અને આ આશ્રમ પણ આપનો જ છે. મારૂં અન્નોદક અહીં હોવાથી હું અહીં આવ્યો છું. મારા ભાગ્યમાં આપની સેવાનો લાભ મને જેટલો લખ્યો હતો, તેટલો મને મળ્યો. હવે મારા પર આપ દયા કરો. મને ત્યાં ઉપાધિ જેવું લાગતું હતું, જેથી હું અહીં આવ્યો છું." મહારાજશ્રીનાં એવાં શુદ્ધહાર્દિક નમ્ર વચનો સાંભળી બાવાજીનાં નેત્રોમાં પ્રેમનાં અશ્રુઓ આવી ગયાં, અને તેમનો ગદ્‌ગદ્ કંઠ થઇ ગયો. મહારાજશ્રીને પણ આંખોમાં આંસુ આવી ગયાં, અને તેઓશ્રીના ચરણોમાં પડી પુનઃ પુનઃ તેમણે માફી માગી. પછી બાવાજીએ પોતાનો વરદ હસ્ત મહારાજશ્રીના મસ્તક પર રાખી કહ્યું કે:—"હે પુત્ર! તારૂં કલ્યાણ થાઓ; જા મારી સેવા તને અવશ્ય ફળશે; અહીં રહેવા તારી ઇચ્છા છે તો ખુશીથી અહીં રહે; વાંઢાય અને હમલાને એક જ જાણજે." એવો આશીર્વાદ આપી પૂજ્યપાદ બાવાજી હમલે પધાર્યા.

હવે જન્માન્તરના સાચા યોગી મહાપુરુષને જેવું જોઇએ તેવું સ્થાન મળ્યું, જેથી પોતાનું મન સ્થિરતાપૂર્વક ઘણી શાંતિને અનુભવતું હતું. જ્યાં મન સહજ શાંતિ પામે એવા નિવૃત્તિપરાયણ એકાંતિક આશ્રમમાં સંતસેવા કરતાં કરતાં તેમજ સત્સંગનો અમૂલ્ય લાભ લેતાં લેતાં જ્યારે લગભગ છ માસ જેટલો સમય વ્યતીત થયો ત્યારે મહારાજશ્રીના

ઉજ્જવલ અંતઃકરણમાં બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રી લાલરામજી પાસેથી ગુરુદીક્ષા ગ્રહણ કરવાનો સુદૃઢ વિચાર થતાં તેઓ-શ્રીએ તેમને તે જણાવ્યું. ત્યારે મહારાજ શ્રીઃલાલરામજી તથા સર્વે સંતજનો આનંદપૂર્વક સહમત થયા, અને મહારાજ શ્રી લાલરામજીએ ગુરુદીક્ષા આપવા માટે તેઓશ્રીને હા પાડી. પછી મહારાજ શ્રી લાલરામજીના કહેવા પ્રમાણે તેઓશ્રી જણૌ પધાર્યા, અને ત્યાંથી બે ત્રણ સંબંધીઓ સહિત માતુશ્રી ચાગબાઇની સાથે દિવ્યધામ શ્રી હમલાપુરી પધાર્યા. મહારાજ શ્રી લાલરામજી પાસેથી ગુરુદીક્ષા ગ્રહણ કરવાની ત્યાંથી આજ્ઞા મેળવી ફરી તેઓશ્રી શ્રી ઇશ્વર-આશ્રમે પધાર્યા. પછી માતુશ્રીની પ્રસન્નતાપૂર્વક તેમની સમક્ષ મહારાજ શ્રી લાલરામજીએ પૂજ્યપાદ મહારાજ શ્રી ઇશ્વરરામજીના મંદિરે બેસી શ્રી ગુરુમંત્ર સહિત "તત્ત્વમસિ" મહાવાક્યનો ઉપદેશ કરી મહારાજશ્રીને ગુરુદીક્ષા આપી, અને તેઓશ્રીએ મહારાજશ્રીનું "ઓધવદાસ" એવું નામ નિયત કર્યું. જ્યારથી મહારાજશ્રીએ ગુરુદીક્ષા ગ્રહણ કરી ત્યારથી તેઓશ્રી સર્વ પ્રકારની આશાઓને દૂર કરી અત્યંત સાવધાન રહી શ્રી ગુરુ-દેવની સેવા અને આજ્ઞામાં તત્પર રહેતા. મહારાજશ્રીના અંતઃકરણમાં અત્યંત વૈરાગ્ય હોવાથી મહારાજ શ્રી લાલ-રામજી તેમને પ્રથમ વૈરાગ્યશતક શાસ્ત્રનું શિક્ષણ આપતા, અને સાથે સાથે શ્રીમદ્ભગવદ્ગીતાનું પણ શિક્ષણ આપતા. હવે કાળની ગતિ વિચિત્ર છે; જેને કાળ વ્યાપે નહીં એવો અજર અમર એક જ આનંદસ્વરૂપ આત્મા છે, તે વિના સર્વ સંસાર નાશવંત છે. સંતપુરુષોનાં પણ સ્થૂલ શરીરો પ્રાર-

12

બ્ધના અંતમાં અવશ્ય નાશ પામે છે, જેથી મહારાજ શ્રી લાલરામજીના સ્થૂલ શરીર છૂટવાનો અંતિમ સમય ઘણો નજીક આવી ગયો.

જેમના પાવન પ્રેમની છાયા નીચે રહી મહારાજશ્રી ઘણા આનંદીત રહેતા હતા અને વિદ્યાભ્યાસ કરતા હતા, તેમના પ્રયાણનો અંતિમ સમય જાણી તેઓશ્રી અત્યંત દીલગીર થઇ જ્યારે રોવા લાગ્યા ત્યારે મહારાજશ્રીને પોતાની પાસે એકાએક બોલાવી મહારાજ શ્રી લાલરામજીએ કહ્યું કે:—"હે પુત્ર! તારી સેવા સફળ છે; તારા સાત્વિક સ્વભાવથી તેમજ ગુરુભક્તિથી મારૂં અંતઃકરણ ઘણું જ પ્રસન્ન થયું છે, જેથી પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ ગુરુદેવ શ્રી ઇશ્વરરામજીએ જે મને એકાંતમાં ગૂઢ આત્મજ્ઞાન તેમજ આત્માનંદનો અપરોક્ષ અનુભવ કરવા માટે આત્મસાક્ષાત્કાર થવા સંબંધી જે રહસ્ય કહ્યું હતું, તે જ હું તને અત્યારે સમજાવું છું, જ્યારે નિવૃત્તિપરાયણ સમય મળે ત્યારે આ પ્રયોગ અવશ્ય સિદ્ધ કરી લેવો, અત્યાર સુધી આ રહસ્ય પૂર્ણ અધિકારના અભાવે મેં કોઇને પણ કહ્યું નથી; ભવિષ્યમાં તારા હાથે પરોપકારનાં મોટાં મોટાં ઘણાં કાર્યો થવાનાં છે, પણ માયામાં બંધાવું નહીં. સંયમ, આસ્તિકભાવ અને શ્રી ગુરુદેવમાં પૂર્ણ શ્રદ્ધાને પોતાનો મૂખ્ય ધર્મ માનવો; આ વૃદ્ધ રામદાસજી તને સોંપું છું, તેમની ગુરુ જાણીને સેવા કરજે." એમ કહી પોતાના પંચભૌતિક દેહનો પરિત્યાગ કરી કરી તેઓશ્રી સંવત ૧૯૭૧ માં મહા વદ ૨ ને દિવસે વિદેહકૈવલ્ય પામ્યા.

Death of Lalramji Maharaj: Tue 02-Feb-1915

હવે ત્યારબાદ થોડા સમય પછી આશ્રમનો વ્યવહાર સાધુ દયારામજીને સોંપી બાપુ રામદાસજીને સાથે લઇ મહારાજશ્રી તેમજ મહારાજ શ્રી કેશવરામજી ભાવિક સેવકોને સત્સંગનો લાભ આપવા શ્રી ગુરુદેવનું સ્મરણ કરી આશ્રમથી વિદાય થઈ પ્રથમ રેહા ગામે પધાર્યા. મહાત્માઓના પધારવાથી સેવકોને ઘણો જ આનંદ થયો, અને સેવકો પ્રતિદિવસ સત્સંગ સંબંધી લાભ લેવા લાગ્યા. સિતાર, દીલરૂબા તથા તબલાં સંતમંડળની સાથે હતાં; તે વખતે મને તબલાં વગાડવાનું સાધારણ જ્ઞાન હતું, પણ સંગીત સાંભળવાનો મને ઘણો શોખ હતો, તેમજ હું પણ સંગીતમાં સાધારણ ભજનો ગાતો. મને ખબર મળ્યા કે સારી કથા થાય છે તેમજ વાદ્યોથી ભજનો પણ ઘણાં સારાં ગવાય છે, અને સત્સંગી સંબંધી ઘણો જ આનંદ થાય છે, જેથી સર્વે શ્રોતાજનોની સાથે હું પણ કથા સાંભળવા ગયો. કથા વંચાઇ રહ્યા પછી મારા હાથમાં તબલાં આપી અને પોતાના હાથમાં સિતાર લઇ જ્યારે મહારાજશ્રી ભજનો ગાવા લાગ્યા ત્યારે શ્રોતાજનોને તેમજ મને ઘણો જ આનંદ થયો, કારણ કે મહારાજશ્રી કેવળ કંઠથી ગાતા ન હતા, પરંતુ હૃદયથી ગાતા હતા. તેમાં પણ તેઓશ્રીના વૈરાગ્યયુક્ત હૃદયના સાચા ભાવનો એટલો પ્રભાવ પડતો, કે જે પ્રભાવને અનુભવ કરનાર જ જાણી શકે. કેવળ પ્રાથમિક સત્સંગથી જ તેઓશ્રીની પાસેથી ગુરુદીક્ષા ગ્રહણ કરી તેઓશ્રીની સાથે સદાને માટે રહી આત્મશ્રેય સાધવું એવી મારી તીવ્ર ઈચ્છા થઈ ગઇ. પછી મારા પૂર્વાશ્રમના પિતાશ્રીની પાસેથી સવિનય જવાની આજ્ઞા

Author knew tabla

લઈ મહારાજશ્રીની સાથે સદા રહેવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. કેટલોક સમય રહામાં સેવકોને સત્સંગનો લાભ આપી પછી સંતમંડળ સહિત મહારાજશ્રીનું કુકમાં પધારવાનું થયું. ત્યાંથી મહારાજશ્રીનું કોટડી શ્રી મહાદેવપુરી પધારવું થયું. ત્યાંકને પણ સેવકોને સત્સંગ સંબંધી ઘણો જ સારો લાભ આપ્યો.

શાસ્ત્રમાં કહ્યું છે કે:—"શ્રેયસિ બહુવિઘ્નાનિ" (સારા કામમાં ઘણાં જ વિઘ્ન પ્રતિબંધક હોય છે.) માટે શુભ કાર્ય સાધવા વિલંબ કરવો એ યોગ્ય નથી. એમ ધારી શ્રી મહેશ્વર પ્રભુની પૂર્ણ કૃપાથી બ્રાહ્મણોદ્વારા વેદવિધાનપૂર્વક વેદમંત્રોચ્ચાર સહિત શ્રી મહાદેવપુરીમાં જ પૂજ્યપાદ મહારાજશ્રી પાસેથી મેં પ્રથમ ગુરુદીક્ષા ગ્રહણ કરી. પછી તેઓશ્રીની પાસેથી મેં સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ શરૂ કર્યો. પછી શ્રી મહાદેવપુરીથી કેટલાએક સેવકોનાં ગામો ફરી સંતમંડળ સહિત મહારાજશ્રી જખૌ પધાર્યા. પૂર્વના સંસ્કારને લઇ મહારાજશ્રીને વિચાર થયો કે:— "યદ્યપિ શબ્દજાલનો અંત જ નથી, તથાપિ આપણા ઋષિઓ તેમજ મહર્ષિઓનાં બનાવેલાં અનેક શાસ્ત્રો પ્રાયસ: સંસ્કૃતભાષામાં જ છે, માટે તે શાસ્ત્રોનો તેમજ શ્રીમત્ આદ્યશંકરાચાર્યમહારાજપ્રણિત ઉપનિષદ્ભાષ્ય, બ્રહ્મસૂત્રભાષ્ય તથા શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્ય એ ત્રણ પ્રસ્થાનનો યથાશક્તિ નિ:સંદેહ અર્થ જાણવા વ્યાકરણનો અભ્યાસ અવશ્ય કરવો જોઇએ, જેથી ત્યાંના સદાચારસંપન્ન, શાંત અને વિદ્યા આપવામાં ઉદાર શાસ્ત્રી શ્રી રઘુનાથ મૂલજી શર્માની પાસેથી મહારાજશ્રી પાણિનીયવ્યાકરણ, કાવ્ય,

કોશ વગેરે શાસ્ત્રનો અભ્યાસ અધિકારપુરઃસર કરવા લાગ્યા, અને હું પણ તેમની સાથે અભ્યાસ કરતો હતો. માતુશ્રી ચાગબાઈમાનો અમારા પર ઘણોજ પ્રેમ હતો, જેથી તે અમારે માટે રસોઈ બનાવતાં. મહારાજશ્રીની ધારણાશક્તિ અપાર હતી, એ યાદ આવતાં હજી પણ મને આશ્ચર્ય ઉપજે છે. લગભગ ચાર કે પાંચ પુસ્તકો તેઓશ્રી અભ્યાસમાં સાથે રાખતા, છતાં પણ શાસ્ત્રીજીની પાસેથી વ્યાકરણવિષય મને બરાબર સમજાતો નહિં ત્યારે તે સમજાવવા મારે માટે તેઓશ્રી ઘણો પ્રયાસ લેતા; અને મને કંઠસ્થ કરવા માટે અભ્યાસનાં શાસ્ત્રો પણ વાંચી આપતા, છતાં પણ પોતાને અપાયલું શિક્ષણ સહજમાં તૈયાર કરી લેતા. રાત્રે પોતે પુસ્તક વાંચતાં વાંચતાં જ્યારે નિદ્રાવશ થઈ જતા, અને પુસ્તક પોતાની છાતીપર પડયું રહેતું ત્યારે હું પાસે જઈ તે પુસ્તક ઉપાડી બાજુએ રાખી દેતો. સવારે પણ મહારાજશ્રી મારાથી વહેલા ઉઠી પુસ્તક વાંચન કરતા. એ પ્રમાણે લગભગ અઢી વર્ષમાં પ્રત્યેક સંસ્કૃત શાસ્ત્રમા પ્રવેશ થઈ શકે એવો તેઓશ્રીએ ઘણો સારો અભ્યાસ કરી લીધો, કારણકે આવા સંસ્કારી મહાપુરૂષને પૂર્વ વિદ્યાની સ્ફુરતીને માટે બીજાં સાધનો કેવલ નિમિત્તમાત્રજ હોય છે.

જે વખતે મહારાજશ્રી જર્ખો અભ્યાસ કરતા હતા, તે વખતે મહારાજ શ્રી કેશવરામજી સેવકોને સત્સંગનો લાભ આપવા સ્થળે સ્થળે વિચરતા હતા. પછી વિચરતા વિચરતા તેઓ કેરા ગામે ગયા, ત્યાંના સેવકોને તેમણે સત્સંગનો સારો લાભ આપ્યો, જેથી સેવકો ઘણા રાજી થઈને ત્યાં

ઈસમાલ ભક્તની જે જગ્યા હતી, તે આગ્રહ કરી તેઓશ્રીને સોંપી. ત્યાં મહાદેવનુ એક ભવ્ય મંદિર બાંધવામાં આવ્યું છે, તે જગ્યા પણ ઘણી સુંદર છે.

હવે ધાર્યા પ્રમાણે શાસ્ત્રીજીની પાસેથી અભ્યાસ પૂરો થયે બાપુ શ્રી રામદાસજી અને મારા સહિત મહારાજશ્રી પ્રથમ મુંબઇ પધાર્યા. ત્યાં સેવકોનો રહેવા માટે આગ્રહ હોવા છતાં પણ ત્યાં બિમારીનો ઉપદ્રવ વધારે હોવાથી અમારા સહિત મહારાજશ્રી ત્યાંથી નાશિક પધાર્યા. ત્યાં સ્વામી શ્રી જ્ઞાનાનંદજીના મઠમાં અમારૂં ઉતરવાનું થયું હતું. ત્યાંકને પણ કોલેરાની બિમારીનો વધારે ઉપદ્રવ હતો, અને મહારાજશ્રીની તબીયત પણ બે ત્રણ દિવસ બરાબર રહી નહીં, જેથી અમારા સહિત મહારાજશ્રી તુરત કચ્છ રેહા ગામે પધાર્યા, ને ઠા. ખીમજી કાનજીને ત્યાં ઉતર્યા. રેહામાં પણ તાવનો ઘણો ઉપદ્રવ હતો, કારણ કે એ સમય ઘણો વિકટ હતો, છતાં પણ ખીમજીભાઇ તથા તેમના ધર્મપત્ની વાલબાઈએ ઘણો આદર આપ્યો. તેમને એક જ પુત્ર કે જે માધુ નામે છે. તેને ઘણા દિવસથી તાવ આવતો હતો અને ખાવા પીવાનું પણ બંધ હતું. તે જોઇ મહારાજશ્રીને રહેવા માટે સંકોચ થતાં જવાની તૈયારી કરવા લાગ્યા ત્યારે ખીમજી-ભાઇ તથા વાલબાઇએ કહ્યું કે:—' મહારાજજી ! સંકોચ કરવા જેવું કંઇ પણ નથી, આપશ્રીનાં પગલાં થયાં તો હવે માધુને સારૂં થઇ જશે." એમ કહી આગ્રહથી મહારાજશ્રીને રોકયા. મહારાજશ્રીએ પોતાનો વરદ હસ્ત માધુ પર મુકયો અને આશીર્વાદ આપ્યો જેથી રાત્રે માધુનો તાવ ઉતરી ગયો, અને

તેણે આંખો ઉઘાડીને પીવા પાણી માગ્યું. પાણી પીને મહારાજશ્રીને હાથ જોડી નમસ્કાર કર્યા. પોતાના પુત્રને આરામ થયો જાણી તેનાં માતપિતાની મહારાજશ્રી ઉપર ઘણી જ શ્રદ્ધા થઇ.

હવે તે વખતે આખા દેશમાં સર્વત્ર ઘણો જ તાવનો ઉપદ્રવ હતો, અને તે વખતે સ્થળે સ્થળે ઘણા માણસોના મરણ પણ થતાં હતાં. તે વખતે અચાનક એક પત્ર આવ્યો, કે જે માતુશ્રી ચાગબાઇ માએ મોકલ્યો હતો. જેમાં મહારાજશ્રીના મોટા ભાઇ ભાણુજીના સ્વર્ગસ્થ થયાના દીલગીરી ભર્યા ખબર જણાવ્યા હતા. તે પત્રને વાંચતાં જ મહારાજશ્રીને એમ જણાયું કે:—"અત્યારે આધારભૂત માનેલા પુત્રનું મરણ થવાથી માતુશ્રીને ઘણો જ આઘાત થયો હશે, જેથી માતુશ્રીને શોક નિવૃત્તિને માટે અવશ્ય આશ્વાસન આપવું જોઇએ." એમ ધારી તેઓશ્રી તુરત જખૌ પધાર્યા. માતુશ્રીને શોકાતુર જાણી ઘણા જ્ઞાનમય વચનો સંભળાવી માતુશ્રીના શોકની નિવૃત્તિ કરી ત્યાં બે ત્રણ દિવસ રહી ત્યાંથી રેહા તરફ રવાના થયા. રસ્તામાં ભીમપુર ગામ આવે છે, ત્યાં સાધુ વિઠલદાસજી રહેતા હતા, તેમણે મહારાજશ્રીનાં દર્શન કરી સાથે આવવા ઘણી ઇચ્છા દર્શાવી, જેથી તેમને સાથે લઈ મહારાજશ્રી ફરી રેહા ગામે પધાર્યા.

હમેશાં મહારાજશ્રી કથાપ્રવચન કરતા અને ભાવિક શ્રોતાજનો દરરોજ સાંભળવા આવતા; સેવકોને ઘણો જ આનંદ થતો. તે વેળા સાધુ વિઠલદાસજી રસોઇ બનાવતા; અને બાપુ રામદાસજી હાથમાં બેરખો લઇ ખૂબ પ્રભુનું ભજન

કરતા. એ પ્રમાણે મહારાજશ્રી રેહામાં ભાવિકજનોને ધર્મો-પદેશસંબંધી ઘણો સારો લાભ આપતા.

એક વખત મહારાજશ્રીની આંખો ઉઠી અને અસહ્ય વેદના થવા લાગી; દવાઓ અને ઉપચારો અનેક કર્યા, છતાં પણ આંખોની પીડા મટી નહીં ત્યારે મહારાજ શ્રી ઇશ્વર-રામજીમાં તેઓશ્રીની અનન્ય શ્રદ્ધા હોવાથી એવી માન્યતા કરી કેઃ—"જો મારી આંખોની પીડા દૂર થઇ જાય તો હે ગુરુદેવ! આપશ્રીના આશ્રમે હું વિઠલદાસજીને પંગત કરવા તેમજ આપશ્રીનાં દર્શન કરવા મારી વતી તુરત મોકલીશ." તેવામાં મહારાજ શ્રી ઇશ્વરરામજીની પરમકૃપાથી તુરત મહા-રાજશ્રીને આરામ થઈ ગયો. ત્યારપછી કયારે પણ આંખો દુઃખી નથી. આજ પણ અનેક ભાવિકજનોની ભાવનાઓ માન્યતાઓદ્વારા જ્યાં પૂર્ણ થાય છે. એવો મહારાજ શ્રી ઇશ્વરરામજીનો જાહેર પરચો છે. પછી મહારાજશ્રીએ સાધુ વિઠલદાસજીને તુરત ઇશ્વર-આશ્રમે મોકલ્યા. તે વેળા દયાદેવી શ્રી સાધ્વીમૈયાજી 'ઇશ્વરસાગર'માં ખાણેતરનું કામ કરાવતાં હતાં. શ્રી ગુરુ ઇશ્વરરામજીના પ્રત્યે જેમની અપાર શ્રદ્ધા છે, અને આશ્રમ પ્રત્યે પણ સદાય સરખો એટલું જ નહીં, પરંતુ ઉત્તરોત્તર જેમનો અધિકભાવ છે. સાદાઇ અને સતોગુણ જેની શોભા છે; સંયમ, શાંતિ અને એકાંતનિવાસ જેમના જીવનનું ધ્યેય છે; શ્રી ગુરુદેવની પાવન પ્રતિમા જેમના ધ્યાનનું પવિત્ર પ્રતિક છે; અતિથિ સત્કાર, સંતસેવા અને ઉદારતાપૂર્વક સત્કાર્યોમાં દ્રવ્યનો વ્યય કરવો એ જેમની પુનિત પ્રથા છે, કિંબહુના શ્રી ગુરુદેવ જેમનું સર્વસ્વ છે. જેમણે મંજલમાં

સ્થાપેલ વિધવાશ્રમ અને કન્યાશાળા શ્રી ગુરુ ઇશ્વરરામજીના નામથી ચાલે છે; જેમના શુદ્ધ હૃદયના સાત્વિક ભજનાનંદનો પ્રભાવ જેમની સુપ્રસન્ન શાંત મુખમુદ્રાનાં દર્શનમાત્રથીજ શ્રદ્ધાળુ જિજ્ઞાસુજનોના હૃદયપટ પર ઘણો સારો પડે છે.

સાધુ વિઠલદાસજીને જોતાંજ, મૈયાજીને ઘણોજ આનંદ થયો; અને પછી "મહારાજશ્રી તેમજ અચલદાસજીએ કેટલો અભ્યાસ કર્યો? રેહામાં શું કરે છે? અહીં તેઓ કેમ ન આવ્યા?" વગેરે ખબર તેમણે પ્રેમથી પૂછયા. પછી જતી વખતે મૈયાજીએ સાધુ વિઠલદાસજીને કહ્યું કેઃ–"મહારાજજીને કહેજો કે જેમની કૃપાથી તમને ધાર્યા પ્રમાણે વિદ્યા પ્રાપ્ત થઇ છે, તે વિદ્યાનું ફળ શું છે? એનો અવશ્ય વિચાર કરવો જોઇએ. શ્રી ગુરુદેવની સેવા અને તેમની સાચી ભક્તિ એજ વિદ્યાનું ફલ છે. ઝાઝું ભણી નથી, પણ હું તો એમજ માનું છું. હવે જ્યાં ત્યાં શા માટે રહો છો? આ આશ્રમ આપણાજ ગુરુદેવનો છે, માટે જલદી અહીં આવો." સાધુ દયારામજીએ પણ ઇશ્વર–આશ્રમે આવવા માટે આગ્રહસૂચક એક પત્ર વિઠલદાસજીને આપ્યો હતો, તે લઇ વિઠલદાસજી રેહા આવી મહારાજશ્રીના ચરણકમલમાં વંદન કરી મૈયાજીએ કહેલી હકીકત નિવેદન કરી અને સાધુ દયારામજીનો દીધેલો પત્ર તેઓશ્રીને આપ્યો. ત્યારે મહારાજશ્રીને જણાયું કે "વાત ખરી છે; શ્રીગુરુદેવની સેવા એજ વિદ્યાનું ખરૂં ફળ છે અને શ્રીગુરૂદેવના આશ્રમનો અધિક ઉદય થાય તેમ જ શ્રી ગુરુદેવનો સાચો સંદેશ સર્વે ભાવિક સેવકોને

13

Achaldasji

પહોંચે તેવુંજ વર્તન કરવું એજ શિષ્યનો ખરો ધર્મ છે.”

સાધુ દયારામજીનો સ્વભાવ લોભી હોવાથી તે વેળા શ્રી ઇશ્વર-આશ્રમે અતિથિ સત્કાર ઓછો થતો હતો, જેથી એ વખતે ત્યાંનું વાતાવરણ પણ જનતાની દ્રષ્ટિએ જુદું હતું. બાપુ રામદાસજીને શ્રી ઇશ્વર-આશ્રમે આવવાની ઇચ્છા ન હોવા છતાં પણ મહારાજશ્રીએ તેમને સમજાવ્યા અને કહ્યું કે:—“ રેહામાં રહેતાં લગભગ આપણને આજે બારેક મહિના થયા. હવે આપણા આશ્રમે આપણે જરૂર જવું જોઇએ. પછી કેટલાએક સેવકોની સાથે તેમજ અમારા સહિત મહારાજશ્રી સંવત ૧૯૭૫ના વૈશાખ માસમાં દિવ્યધામ શ્રી ઇશ્વર-આશ્રમે પધાર્યા.

May 1919

પોતાના સંતો પોતાના ગુરુદેવના આશ્રમે આવ્યા, એમ જાણી દયાદેવી શ્રી મૈયાજીને ઘણોજ આનંદ અને પૂર્ણ સંતોષ થયો. પછી સાધુ દયારામજીએ પ્રાંતમાં કોરી ૨૯) આપીને શ્રી ઇશ્વર-આશ્રમનો બધો વ્યવહાર મહારાજશ્રીને સોંપ્યો. તે વેળા બીજી કોરી ૨૦૦) મહારાજશ્રીની પાસે રોકડી હતી. એ બધી કોરી જોઇતી ચીજવસ્તુઓ લેવામાં તેમજ આશ્રમનું દુરસકામ કરાવવામાં ખરચાઇ ગઇ. પછી મહારાજશ્રીને વિચાર થયો કે:—“ હવે શું કરવું ?” પછી પોતે તુરત મહારાજ શ્રી ઈશ્વરરામજીના મંદિરે જઇ એકાગ્રચિત્તે શુદ્ધ હૃદયનો સાચો ભાવ જણાવી શ્રી ગુરુદેવની પ્રાર્થના કરી તેમને કહેવા લાગ્યા કે:—“ હે સમર્થ ગુરુદેવ ! આપશ્રીની પ્રેરણાથી જ હું આપશ્રીને શરણે આવ્યો છું; જે હતું તે બધું ખરચાઇ ગયું અને આસપાસથી માણસોની આવ-

જાવ પણ ઘણી છે. આપ ચલાવશો તો જ ચાલશે, બાકી મારામાં કંઇ પણ નથી.” એમ કહી મહારાજ શ્રી ઈશ્વરરામજીની છબી સામે ગદ્‌ગદ્ કંઠે થોડા સમય સુધી તન્મય થઇ રહ્યા. જન્માન્તરના સાચા યોગીએ આવા પ્રકારની પ્રાર્થના સંવત્ ૧૯૭૬ માં આષાડ સુદ ૨ ને દિવસે સાંજે કરી હતી; અને બીજે દિવસે સવારમાં જ કોરી ૨૬૦) રોહાથી આવી ગઇ. મહારાજ શ્રી ઈશ્વરરામજી તરફથી આવો જાહેર પરચો મળતાં તે દિવસથી મહારાજશ્રીને એવો દૃઢ વિશ્વાસ થઇ ગયો કે:—“ આ બધું ચલાવનાર શ્રી ગુરુદેવ જ છે, હું તો એક નિમિત્તમાત્ર જ છું.” ત્યાર પછી મહારાજશ્રીના હાથથી સન્માર્ગે લાખોના ખર્ચા થયા અને થાય છે. તે કયાંથી આવે છે ? અને આપનાર કેમ આપે છે? એ મને તો શું ? પરંતુ કોઇને પણ સમજાતું નથી.

18-Jun-1920

પોતાના શ્રી ગુરુદેવનું શરીર શાંત થયા પછી થોડા સમય બહાર વિચરી જર્ખો જઇને તેઓ અભ્યાસ માટે કેટલોક સમય વ્યતીત કર્યો. ત્યાર પછી તેઓશ્રી શ્રી ઇશ્વર–આશ્રમે પધાર્યા. હવે એક દિવસ પોતાના શ્રી ગુરુદેવનું સ્મરણ આવતાં તેઓશ્રીનાં નેત્રોમાંથી પ્રેમનાં અશ્રુઓ વહેવા લાગ્યાં, અને તેઓશ્રીને વિચાર થયો કે:—“ શ્રી ગુરૂદેવનો મહોત્સવ યથાશક્તિ અવશ્ય કરવો જોઇએ.” એમ ધારી મહારાજશ્રી મને સાથે લઇ સેવકોમાં થોડો સમય વિચરવા લાગ્યા, વિચરતાં વિચરતાં જ્યારે રૂા. ૯૦૦) ની રકમ પૂરી થઇ ત્યારે તેઓશ્રી શ્રી ઇશ્વર–આશ્રમે પધાર્યા; અને શ્રીમદ્‌ભાગવતનાં બે સપ્તાહ-પારાયણસહિત પૂજ્યપાદ શ્રી ગુરુ લાલરામજીનો સંવત્

Year: 1920-21

૧૯૭૭ માં મોટો મહોત્સવ કર્યો. જેમાં ધાર્યા કરતાં પણ વધારે ખરચો થયો હતો, પણ એ બધો સમર્થ ગુરુદેવે સહજમાં પૂરો કરી દીધો. આવનાર સર્વ માનવસમાજને પણ ઘણો જ આનંદ થયો હતો. મહારાજશ્રીને મહંતપદ સ્વીકારવાની ઇચ્છા ન હોવા છતાં પણ સર્વે સંતસાધુઓના તેમજ સર્વે મહંતોના અતિ આગ્રહથી તેઓશ્રીને મહંતપદ સ્વીકારવું પડયું. ત્યારથી મહારાજશ્રી નિરભિમાનપણે પોતાને એમ જ માનતા કે:—"ગુરુ મહારાજશ્રીની સેવા કરવાનો હવે મને પૂર્ણ અધિકાર પ્રાપ્ત થયો છે."

સંત ઓધવરામ મહારાજ ગાદીપતિ બન્યા

હવે આશ્રમમાં અતિથિઓને અતિથિ સત્કાર અને ભાવિકસેવકોને પ્રેમનો સત્કાર ઘણો સારો મળવા લાગ્યો, જેથી અતિથિઓ તેમજ ભાવિકસેવકો અવારનવાર ઘણા જ આવવા લાગ્યા. મારા સહિત મહારાજશ્રી ભાવિકસેવકોના આગ્રહથી કોઈ વાર મુંબઇ તો કોઇ વાર કચ્છમાં તેમને સત્સંગનો લાભ આપવા પધારતા.

દેવનો દેવભાવ વધારવો તે સાચા પૂજારીના હાથમાં છે. જન્માન્તરના સાચા યોગી ઉદાર મહાપુરુષને લીધે શ્રી ઇશ્વર-આશ્રમની ખ્યાતિ દિવસોદિવસ ઘણી જ વધતી ગઇ, અને દેશ વિદેશના માનવસમાજની મોટી સંખ્યામાં પૂજ્યપાદ મહારાજશ્રીનું તેમજ શ્રી ઇશ્વર-આશ્રમનું નિર્મળ નામ સુપ્રસિદ્ધ થતું ગયું. પછી કેટલોક સમય મહારાજશ્રીએ બહાર વિચરવાનું પણ બંધ રાખ્યું, અને શ્રી ગુરુદેવના રહસ્યોપદેશરૂપ અંતિમ વચનોને યાદ કરી ઘણો જ એકાંત

વાસ સેવવા લાગ્યા, છતાં પણ મારા પર એ આત્માનંદ-પરાયણ મહાપુરુષની પૂર્ણ કૃપા હતી, જેથી તેઓશ્રી સવારના આઠથી લઇ દશ વાગ્યા સુધી મને ઉપનિષદ્ભાષ્યાદિના અત્યંત ગુપ્ત અને ગહન વિષયનું વાંચીને શ્રવણ કરાવતા. પછી તેઓશ્રી આશ્રમનો વ્યવહાર તપાસવા સ્વાભાવિક આશ્રમમાં આમ તેમ વિચરતા, અને ભોજનના સમયે સર્વે સંતોની સાથે જમી રહ્યા પછી એક કલાક આરામ લેતા, જ્યારે ત્રણ વાગે ત્યારે તેઓશ્રી પોતાના ઓરડાનું દ્વાર ઉઘાડતા, એટલે બહારથી આવેલા સેવકો તેમજ આશ્રમના સર્વે સંતો કથા શ્રવણ કરવા જતા. તેઓશ્રી બધા સુંદર રીતે સમજી શકે એવું અદ્ભુત શ્રીમદ્ભગવદ્ગીતાનું તો કોઇ વાર શ્રી યોગ-વાસિષ્ઠનું ઘણું સુંદર પ્રવચન કરતા. પ્રવચન સમાપ્ત થયા પછી સર્વે સંતો બે ચાર ભજનો ગાઇ મહારાજશ્રીને વંદન કરી ઉઠી જતા. મહારાજશ્રીના હૃદયમાં અત્યંત વૈરાગ્ય હોવાથી સાંજના ચાર વાગે તેઓશ્રી બહાર જંગલમાં ફરવા નીકળી જતા, ને શ્રી ગુરૂદેવની પ્રાર્થનાના સમયે સર્વે સંતોની સાથે બેસી પ્રાર્થના કરતા, અને રાત્રે પણ એક કલાક કથા-પ્રવચનનો સર્વને લાભ આપતા. એ પ્રમાણે તે વેળા મહારાજશ્રીનુ પ્રાયશઃ બ્રહ્માભ્યાસમાં જ તન્મયપણું હતું. એક વખત તેઓશ્રી સાંજે બહારથી ફરી આવી પોતાના ઓરડાનુ દ્વાર બંધ કરી ધ્યાનમાં બેસી ગયા; એ હકીકત બીજા કોઇને પણ જાણુવામાં ન હતી. પ્રાર્થના થઇ રહ્યા પછી ભોજન માટે હરિહરનો સાદ થયો, છતાં પણ મહારાજશ્રી બહાર પધાર્યા નહીં ત્યારે થોડીવાર અમે બધાએ

રાહ જોઇ, પણ એ વખતે મહારાજશ્રી આનંદસ્વરૂપ આત્માના ઉંડા પ્રદેશમાં પ્રવેશ કરી નિર્વિકલ્પ સમાધિમાં અખંડ નિજાનંદને અનુભવતા હતા, જેથી તેમને બહારનો શબ્દ સાંભળવામાં આવે તેમ ન હતું. પછી મેં બધા સંતોને કહ્યું કે–" મહારાજશ્રીને અત્યારે આરામ લેવા દો, ચાલો આપણે જમી લઇએ." અમારા જમી રહ્યા પછી લગભગ દશેક વાગે તેઓશ્રી સમાધિથી વ્યુત્થાન પામી બધાને કહેવા લાગ્યા કે:— " હરિહરનો સાદ પાડો, અને ચાલો જમીએ. " તેવામાં ઘડીઆળ પર નજર પડતાં તેઓશ્રી બોલ્યા કે:— " અરે ! આજે આટલો સમય થઇ ગયો !" આ ઉપરથી એમ ખુલ્લું જણાય છે કે આત્મસાક્ષાત્કાર પામેલા એ જીવન્મુક્ત ઉદાર મહાપુરૂષ પૂર્ણ અનુભવી છે. તેઓશ્રીના આધ્યાત્મિક આશયને કંઇક મૈયાજી જાણે છે અથવા કંઇક હું જાણું છું, કારણકે હું પણ તે વેળા તેઓશ્રીના બતાવ્યા પ્રમાણે રાજયોગનો અભ્યાસ કરતો હતો. એ વખતે તેઓ અને મારા વચ્ચે માત્ર એટલોજ ભેદ હતો કે તેઓશ્રી સિદ્ધ હતા અને હું સાધક હતો, તે કૃતાર્થ હતા અને મારે હજી કંઇક કરવાનું હતું, કિં બહુના તેઓશ્રીનો છેલ્લો જન્મ હોવાથી જે કરવાનું હતું તે સહજમાં અનાયાસે તેઓશ્રીએ કરી લીધું હતું.

આવા તત્ત્વદર્શી મહાપુરુષો ગમે તેવા વિશાળ પ્રવૃત્તિમાર્ગને સ્વીકારે, છતાં પણ અંતરથી સદા નિર્લેપ રહે છે, અને એવા બ્રહ્મવેત્તા મહાપુરુષોની જનહિતાર્થે જે જે પ્રવૃત્તિ જોવામાં આવે છે, તેમાં પ્રારબ્ધરૂપ નિમિત્ત કિંવા ઇશ્વરની

પ્રેરણાનો સંકેત હોય છે. યદ્યપિ એવા પ્રાણીમાત્રનું હિત કરનારા મુક્તપુરુષો ગમે તેવી મોટી પ્રવૃત્તિ કરે, છતાં પણ તેમને પ્રારબ્ધના અંતે અવશ્ય મોક્ષ મળે છે, એ વેદપ્રમાણથી તેમજ મહાપુરુષોના અનુભવથી સિદ્ધ છે, પરંતુ વસ્તુસ્થિતિ એવી છે કે કર્માનુસાર સર્વે મનુષ્યોની માન્યતાઓ અને ઇચ્છાઓ જુદી જુદી હોય છે, જેથી સર્વે મનુષ્યોની સ્થિતિ સદા એકસરખી રહેતી નથી. આમ હોવાથી સર્વે મનુષ્યો તરફથી એક જ મહાપુરુષને બધો યશ મળી જાય એ તમામ અશક્ય છે, અને એવા અસ્થિર માનવસમાજ પર આધાર રાખી પ્રવૃત્તિને પંથે ઘસેડાવાથી મહાપુરુષોને પણ લોકોના ભિન્ન ભિન્ન વાતાવરણનો તેમજ વિક્ષેપનો અનુભવ કરવો પડે છે, કિંબહુના છેવટે સ્વીકારેલી પ્રવૃત્તિનો જો પૂર્ણ ત્યાગ કરે, તો જ મહાપુરુષો જીવન્મુક્તિના આનંદને તેમજ ખરી શાંતિને અનુભવી શકે છે, જેથી સ્વીકારેલી પ્રવૃત્તિને પણ છોડવા મહાપુરુષો ઇચ્છતા હોય, એમ ઘણી વાર જોવામાં આવે છે, પરંતુ એમાં એવું છે કે એક વાર સ્વીકારેલી પ્રવૃત્તિ ફરીથી છોડવી ઘણી મુશ્કેલ થઈ પડે છે. અસ્તુ.

પૂજ્યપાદ મહારાજશ્રીનું જીવન સાદું અને સાત્ત્વિક તેમજ સદાચારમય હોવાથી પ્રતિદિવસ શ્રદ્ધાળુ સેવકોનો તેઓશ્રી પ્રત્યે સારો પ્રેમ થતો ગયો, અને તેઓશ્રીને સર્વત્ર સારો સત્કાર થવા લાગ્યો. મહારાજશ્રી દીલના અતિ ઉદાર હોવાથી તેઓશ્રીની પાસે ધનનો સંગ્રહ ન થાય, એ સ્વાભાવિક છે. જેમ જેમ આર્થિક સહાયતા મળતી ગઈ તેમ તેમ આશ્રમમાં જોઇતાં મકાનો બનાવવા માટે, ગરીબોના અન્નદાન

માટે તથા આશ્રમને અર્થે ગિરાસ લેવા માટે તેનો સદુપયોગ તેમજ સદ્વ્યય થતો ગયો, કિંબહુના આશ્રમનો વ્યવહાર ચલાવવા છતાં પણ ઉપરાંત દ્રવ્યનો વધારો હોય તો તેઓશ્રી કોઈ વાર તળાવના કામને માટે પણ ખરચતા. વળી મહારાજશ્રીનો સંતસાધુઓ પર ઘણો પ્રેમ હોવાથી સમય સમય પર નાના મોટા મહોત્સવો તેમજ મંડપો પણ તેઓશ્રીએ અનેક વખત કર્યા હતા, એ કચ્છમાં સર્વ કોઇને સુપ્રસિદ્ધ છે.

આત્માને વિષે તન્મય થયેલા યોગીપુરુષો જેમ જેમ વધારે અંતર્મુખ થતા જાય છે, તેમ તેમ તેમના સંકલ્પો વિશેષ સિદ્ધ થતા જાય છે. આમ હોવાથી યોગીપુરુષો જેનો જેનો સંકલ્પ કરે છે, તે તે અવશ્ય અનાયાસે બની જાય છે, જેથી મહારાજશ્રી જે કામને માટે દૃઢ સંકલ્પ કરતા તે અનાયાસે બની જતું, અને હજી પણ જો દૃઢ સંકલ્પ કરે તો ધારેલું કામ અવશ્ય પાર પડે છે, પછી તે કામ નાનું હોય અથવા મોટું હોય. આવા બનાવો મહારાજશ્રીના હાથે અનેક બની ગયા છે, તેમાંથી માત્ર એક બે બનાવ અત્રે જણાવીએ છીએ.

એક વખત મહારાજશ્રીના મનમાં એવો વિચાર થયો કે:—"હજી પણ એક વિષ્ણુયાગ-યજ્ઞ અવશ્ય કરવો જોઈએ, કારણ કે શ્રુતિ ભગવતી પણ કહે છે કે:—"यज्ञो वै विष्णुः" જે યજ્ઞમાં ગરીબો અને અભ્યાગતો તેમજ સંતસાધુઓને અન્નદાન આપવામાં આવે છે, સદાચારસંપન્ન વેદવેત્તા બ્રાહ્મણોને યોગ્ય દક્ષિણાઓ આપવામાં આવે છે અને વિધાનપૂર્વક વેદમંત્રોચ્ચારદ્વારા અગ્નિમાં આહુતિઓ આપવામાં આવે છે.

એવા પ્રકારનો શ્રદ્ધાપૂર્વક કરેલો જે યજ્ઞ છે તે સર્વ પ્રકારની કામનાઓને પરિપૂર્ણ કરે છે.” યદ્યપિ નિષ્કામ તત્ત્વદર્શી મહાપુરુષોને યજ્ઞયાગાદિકવડે પોતાને વિશેષ પ્રયોજન કંઇપણ હોતું નથી, છતાં પણ માનવસમાજના હિતાર્થે કેટલાએક મહાપુરુષોદ્વારા યજ્ઞો થાય છે, જેથી તેમણે નિશ્ચય કર્યો કે:– “ હવે એકજ વિષ્ણુયાગ–યજ્ઞ કરી, યથાશકિત સર્વેનો સત્કાર કરી અને આ આશ્રમની પ્રવૃત્તિનો બોજો દૂર થાય, એવી કોઇપણ એક યોજના અવશ્ય કરવી ઘટે છે, કારણકે નિવૃત્તિ વિના જીવન્મુક્તિનું ખરૂં સુખ અનુભવી શકાય એમ નથી.” એમ ધારી સંવત્ ૧૯૯૦ ના ચૈત્ર માસના શુક્લપક્ષમાં સદાચારસંપન્ન વેદવેત્તા બ્રાહ્મણોને બોલાવી તેઓને યથાધિકાર પોતપોતાને સ્થાને નિયુક્ત કરી અને આચાર્યપદે મહોપદેશક ધર્માચાર્ય બ્રહ્મર્ષિ પંડિત શ્રી પ્રેમજી દામજી શર્માને સ્વીકારી પૂજ્યપાદ મહારાજશ્રીએ શ્રીવિષ્ણુયાગ–યજ્ઞનો શ્રદ્ધાપૂર્વક સંમારંભ કર્યો. જેમ જુદાં જુદાં નદ અને નદીઓ આવી મહાસાગરમાં મળે છે, તેમ દેશ અને વિદેશથી સંત–મહંતો, વિદ્વાનો, કવિજનો, મહાત્માઓ, મહાપુરુષો અને જુદા જુદા અનેક માનવસમુદાયો શ્રીવિષ્ણુયાગ–યજ્ઞના દર્શનાર્થે શ્રીઈશ્વર–આશ્રમે આવી એકત્ર થવા લાગ્યા. એવા મોટા માનવસમાજથી પૂજ્યપાદ મહારાજ શ્રી ઇશ્વરરામજીની તીર્થરૂપ તપોભૂમિ પૂર્ણ ગાજી ઉઠી. કેટલાક દર્શનાભિલાષી દર્શનને માટે આવ્યા છે, તો કેટલાક અન્નના અર્થીઓ અન્નને માટે આવ્યા છે; કેટલાક ભાવિકજનો તીર્થની ભાવનાથી પવિત્ર થવા આવ્યા છે, તો કેટલાક પ્રેક્ષકો

March - April 1934

14

કેવલ કુતુહલને જોવા માટે આવ્યા છે. એમ જુદી જુદી ભાવનાથી આવનાર માનવસમુદાયો શ્રીઇશ્વર–આશ્રમની આસપાસ જ્યાં ત્યાં નજરે પડવા લાગ્યા. તે વેળા વેદપાઠી બ્રાહ્મણોના મંત્રોચ્ચારના મનોહર બુલંદ ધ્વનીથી શ્રી યજ્ઞમંડપ પૂર્ણ વ્યાપ્ત થઇ રહ્યું હતું. દર્શનાર્થે આવનાર સર્વે જનોને પોતપોતાની ભાવના પ્રમાણે ઘણીજ સુંદર ભવ્યતા નજરે પડતી હતી, અને સર્વે જનોને પરસ્પર ઘણોજ આનંદ થતો હતો. પોતાના શ્રીગુરુદેવના પાવન આંગણે આવેલા અનેક માનવ સમુદાયોને જોઈ તથા અનેક સંત–મહંતોનાં તેમજ અનેક મહાપુરુષોનાં દર્શન કરી પૂજ્યપાદ મહારાજશ્રીના વિશ્વપ્રેમી વિમલ હૃદયમાં પૂર્ણ પ્રેમ સમાતો ન હતો. આવનાર સર્વસમાજને મહારાજશ્રીનાં દર્શનથી અપાર આનંદ થતો હતો, અને ત્યાં અત્યંત સુંદર વ્યવસ્થા જોઇ આવનાર સર્વ સજ્જનોને ઘણોજ સંતોષ થતો હતો. વિષય વિષયપર અનેક પ્રવચનો થતાં હતાં; અને સ્થળે સ્થળે ભજનો, કીર્તનો તેમજ રાસમંડળનો અપૂર્વ આનંદ છવાઈ રહ્યો હતો.

પૂજ્યપાદ બાવા શ્રી મંગલરામજીએ મને કહ્યું કે:—"તમે મહારાજશ્રીના પટ્ટ શિષ્ય છો, માટે પરંપરાના અધિકાર પ્રમાણે આ શ્રી ઈશ્વર–આશ્રમનો વ્યવહાર ચલાવવા ઉપમહંતપદ તમારે સ્વીકારવું જોઇએ, કારણ કે મહારાજશ્રી નિવૃત્તિ લેવા ચાહે છે." ઉપરાંત મહારાજશ્રીએ પણ એ સંબંધમાં મને ઘણું કહ્યું હતું, પરંતુ મારો તો નિશ્ચય એજ હતો કે:—"विस्तराः क्लेशसंयुक्ताः संक्षेपास्तु सुखावहाः" (મોટા વિસ્તારો કલેશદાયક છે, અને મોટા વિસ્તારો ન

કરવા એજ સુખાવહ છે.) પૂજ્યપાદ મહારાજશ્રી સિદ્ધ મહાપુરુષ હોવા છતાં પણ પ્રવૃત્તિને છોડવા ચાહે છે, તો પછી મારા જેવા સાધકે પ્રથમથીજ પ્રવૃત્તિનો સ્વીકાર ન કરવો, એ વધારે સારૂં છે. એમ ધારી મેં ઉપમહંતપદ માટે સવિનય ઈચ્છાનો અભાવ બતાવ્યો, ત્યારે શ્રીઈશ્વર-આશ્રમનો વ્યવહાર ચલાવવા માટે ઉપમહંતપદે મારા નાના ગુરુભાઈ જાનકીદાસજી સ્વીકારવામાં આવ્યા. ત્યાર પછી સંતમહંતો વગેરેનો ધનાદિવડે ઘણોજ સારો સત્કાર કરવામાં આવ્યો, તેમજ આચાર્ય અને ઉપાચાર્ય વગેરે યાજ્ઞિક બ્રાહ્મણોનો પણ દ્રવ્યદાન અને વસ્ત્રદાન વગેરેથી સારો સત્કાર કરવામાં આવ્યો. આવનાર સર્વે અર્થીઓને તેમજ અભ્યાગતોને મહારાજશ્રીએ અન્નદાન, વસ્ત્રદાન અને દ્રવ્યદાનથી ઘણુાજ તૃપ્ત અને સંતુષ્ટ કર્યા, કારણકે વિશ્વપ્રેમી મહાપુરુષનો ઉદાર આત્મા કોઇને પણ ભૂલે એમ ન હતું. એ પ્રમાણે નિર્વિઘ્નપણે આનંદપૂર્વક શ્રી વિષ્ણુયાગ-યજ્ઞની સમાપ્તિ થઇ. પછી સર્વ બ્રહ્મસમાજ મહારાજશ્રીને અમોઘ આશીર્વાદ અર્પી વિદાય થયો તથા સંતમહંતો તેમજ આવનાર સર્વ સજ્જનો પરસ્પર એક બીજાને મળી મહારાજશ્રીનાં અને શ્રીગુરુ ઇશ્વરરામજીનાં દર્શન કરી આનંદપૂર્વક વિદાય થયા.

શ્રી વિષ્ણુયાગ-યજ્ઞનો ખરચો એકંદર કોરી ૯૦) હજારનો આવ્યો હતો; પરંતુ એ બધી રકમ તેજ વખતે મળી ગઈ અને તેજ વખતે ખરચાઈ ગઈ. અત્યાર સુધી પણ એ મહાપુરુષનો બધો વ્યવહાર એમજ ચાલ્યા કરે છે. ક્યાંથી

આવે છે? અને ક્યાં જાય છે? અને કેમ મળે છે? એ કોઇને પણ જાણવામાં આવતું નથી.

મહારાજશ્રીના જીવનના પવિત્ર ઈતિહાસમાં ઘટેલી ચમત્કારની ઘટનાઓ સમય સમયપરની અનેક છે, તેમાંથી 'સ્થાલીપુલાક' ન્યાયથી માત્ર એકજ અત્રે જણાવીએ છીએ, કારણકે એવી બાબતો જણાવવાને માટે તેઓશ્રીની ખાસ મનાઇ છે.

યજ્ઞ પ્રસંગે એક રાત્રે એવું થયું કે આકાશમાં અચાનક વાદળો છવાઇ ગયાં અને પવન ઝપાટા મારવા લાગ્યો; એટલુંજ નહિં, પણ વરસાદ પડવાની એકાએક તૈયારી થઇ રહી હતી. એ જોઇ સર્વ માનવસમાજને ઘણો જ ભય થયો કે:- "હવે વૃષ્ટિ થશે તો આપણે શુ કરશું?" તે વેળા એટલાં મકાનો પણ ન હતાં કે જેમાં કેટલાએક માણસોનો સમાવેશ કરવામાં આવે. એવી દશા જોઇ મહારાજશ્રીના દયાળુ હૃદયમાં દયા ઉપજે એ સ્વાભાવિક છે. તે વેળા પોતે કોઇ ન જાણે તેમ એકાંતમાં બેસી શ્રીગુરુદેવની પ્રાર્થના કરી આત્માના ઉંડા પ્રદેશમાં પ્રવેશ કર્યો ને સંદેશો પહોંચાડવા તન્મય થયા. થોડા સમય પછી તેઓશ્રી ઉત્થાન પામી બહાર પધાર્યા, તેવામાં તેઓશ્રીનાં મને દર્શન થતાં મારા પર પૂર્ણ પ્રેમ હોવાથી તેઓશ્રીએ ઉપરોક્ત ઉપદ્રવની નિવૃત્તિને માટે કરેલી પ્રાર્થનાનું રહસ્ય મને જણાવ્યું. એવામાં તો આકાશમાં જાણે કંઇ પણ ન હતું એવું આકાશ બની ગયું, ને સર્વ કોઈને શાંતિ થઇ. અસ્તુ.

પૂજ્યપાદ મહારાજશ્રીને સાત્ત્વિક પદાર્થોના સેવન વિના બીજું કોઈ પણ વ્યસન નથી, અને તેઓશ્રી માને છે કે:— " विद्यायां व्यसनम् (વ્યસન તો વિદ્યાનું જ હોવું જોઈએ. બીજાં બધાં વ્યસનો મનુષ્યને અધોગતિમાં લઈ જનારાં છે." સાધુ જાનકીદાસજીને ચા અને બીડીનું વ્યસન હોવાથી તેને છોડાવવા મહારાજશ્રીએ ઘણી સમજુતી આપી, પરંતુ જાનકીદાસજીને એ વાત બંધ બેસે તેમ ન હતી. એક તો ઘણા દિવસનું વ્યસન અને બીજું હું મહંત છું, એવી તેમની માન્યતા હતી. ત્યારે મહારાજશ્રીએ વિચાર કર્યો કે:—" ચા અને બીડી તો ઘણા પીએ છે, એ કંઈ એવી મોટી બાબત નથી; પરંતુ જાનકીદાસને એવું અભિમાન થઇ ગયું છે કે:—'હું મહંત છું.' એવા પ્રકારના અભિમાનથી જાનકીદાસ જોઈએ તેવી આશ્રમની સેવા નહીં કરી શકે, ને આગળ વધી પણ નહીં શકે." એમ ધારી એ અભિમાનને નિવૃત્ત કરવા માટે મહારાજશ્રીએ જાનકીદાસજીને આશ્રમમાંથી રજા આપી દીધી.

ત્યાર પછી આશ્રમનો ચાલુ વ્યવહાર સાધુ વિઠલદાસજીને સોંપી અસંપ્રજ્ઞાત સમાધિમાં અખંડાનંદને અનુભવવા તેઓશ્રી ચાલીશ દિવસ સુધી નિવૃત્તિપરાયણ રહેવાના સંકેતથી એકાંતમાં બેસી અધ્યાત્મયોગદ્વારા આનંદસ્વરૂપ આત્માને વિષે તન્મય થયા; અને તેઓશ્રીની સેવામાં સાધુ રતનદાસજી રહ્યા. આ તરફ મંજલમાં શ્રી મૈયાજી પણ પોતાના આશ્રમના વ્યવહારની સંભાળ સેજબાઇ બહેનને સોંપી પોતે એ જ આનંદ લેવાને માટે એકાંતમાં એકાગ્રચિત્તે

આત્માને વિષે તન્મય થયાં. તે વેળા મહારાજશ્રીના દર્શનાર્થે શ્રી ઇશ્વર–આશ્રમે અનેક ભાવિકજનો આવતા અને તેઓને સમય પર માત્ર એક જ વખત તેઓશ્રીનાં દર્શન થતાં. તે વખતે પૂજ્યપાદ મહારાજશ્રીના તેમજ શ્રી મૈયાજીના દર્શનાર્થે ગુર્જર ક્ષત્રિય જ્ઞાતિરત્ન સાચા સેવાભાવી આદર્શ સુધારક શ્રીમાન્ માંડણભાઇ ભાણજીનું કુકમાંથી આવવાનું થયું હતું, જે માટે તેઓ આવ્યા હતા; તે લાભ તેમને અવશ્ય મળ્યો હતો. હું ધારૂં છું કે એ પ્રસંગ તેમને અવશ્ય યાદ હશે? કારણ કે તેઓ ઘણા બુદ્ધિશાળી અને પ્રત્યેક કાર્યના સારા પ્રેક્ષક છે.

પૂજ્યપાદ મહારાજશ્રીનો ચાલીશ દિવસનો સંકેત પૂરો થતાં તેઓશ્રી જે દિવસે એકાંતમાંથી બહાર પધારવાના હતા, તે જ દિવસે માધાપુરના પરોપકારી ભકતરાજ શ્રીમાન્ મનજીભાઇ જેરામનું નારાયણ સરોવરથી પાછા વળતાં સંઘ-સહિત ત્યાં આવવાનું થયું હતું. સર્વ ભાવિકજનોને પૂજ્ય-પાદ મહારાજશ્રીનાં દર્શનથી ઘણોજ આનંદ થયો હતો. શ્રીગુરુ ઇશ્વરરામજીના મંદિરે દર્શનાર્થે મૈયાજીનું પણ તેજ રાત્રે આવવાનું થયું હતું. આ ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે તેઓશ્રી નિવૃત્તિપરાયણ ભજનાનંદી તત્ત્વદર્શી મહાપુરૂષ છે. જેમના હૃદયમાં અત્યાર સુધી કેવળ આધ્યાત્મિક દૃષ્ટિએ જનકલ્યાણની ભાવના જાગૃત હતી. તેઓશ્રી જ્યાં જ્યાં વિચરતા ત્યાં ત્યાં સર્વ ભાવિકજનોને મનુષ્યજન્મનું ખરૂં કર્તવ્ય અધ્યાત્મદૃષ્ટિએ ઘણું સારૂં સમજાવતા ને પોતે પણ નિવૃત્તિપરાયણ રહેતા. ત્યારપછી સમયનું પૂરૂં પરિવર્તન

થવાથી કેટલાએક આધુનિક સુધારકો મહારાજશ્રીને કહેવા લાગ્યા કે:— "આપ જેવા સમર્થ મહાપુરૂષે જનકલ્યાણને માટે કંઈક આધુનિક પ્રવૃત્તિ કરવી જોઇએ." ત્યારે મહારાજશ્રીના મનમાં એમ થયું કે:—"વાત ખરી છે, જો સમયને અનુસરી જનસેવાને માટે કંઇપણ પ્રવૃત્તિ કરવામાં આવે, તો ઘણાને લાભ મળી શકે." વળી મંજલના સાચા સ્વદેશભકત શ્રીમાન્ ભાઇ કલ્યાણજી વિઠલદાસ તથા શ્રીમાન્ ભાઇ ચતુર્ભુજ વિઠલદાસ પણ એજ યોજના મહારાજશ્રીની પાસે અવારનવાર મુકતા. તે બન્ને ભાઈઓએ મંજલમાં એક રાષ્ટ્રીય સંસ્થા ખોલવા માટે રૂપીઆ એક લાખની રકમ જુદી કાઢી ધારેલું કામ પાર પાડવા દૃઢ નિશ્ચય કર્યો, અને તે કાર્યમાં કેટલોક મહારાજશ્રીનો સાથ સ્વીકારવા તેઓશ્રીને પ્રથમ ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થા બતાવી. પછી તેઓ કચ્છ આવી મંજલમાં સંસ્થા કરવા માટેની જમીનનો તપાસ કર્યો, પણ સગવડ પડે એવી જમીનના અભાવે મહારાજશ્રીને જણાવતાં મહારાજશ્રીએ શ્રી ઇશ્વર–આશ્રમમાં અપાયલી એક વાડી તેમને અઘાટ વેચાણ લખાવી આપી. પછી તેમણે પોતાની સંસ્થાનું બાંધકામ શરૂ કર્યું; અને તે સંસ્થા કરાવવાનું બાંધકામ મહારાજશ્રીના હાથમાં સોંપ્યું. મહારાજશ્રીએ ટાઢ તડકો સહન કરીને પણ તે સંસ્થાનું બાંધકામ પૂરૂં કરાવ્યું, કારણ કે કેળવણી વિષય ઉપર પણ મહારાજશ્રીને પ્રેમ છે. જ્યારે સરસ્વતી સદનમાં શિક્ષણ આપવાની શરૂઆત થઈ ત્યારે કેટલીક બાબતોના અંગે મહારાજશ્રીની સાથે શ્રી સદન વાડીના ઉત્પાદકોનો મતભેદ થતાં તેઓશ્રીના આત્માને જોઇએ તેવો

સંતોષ મળ્યો નહીં, જેથી કચ્છ દેશના અનાધાર ગરીબ વિદ્યાર્થીઓને વિદ્યાનો સારો લાભ મળે અને સાથે સનાતન-ધર્મનું પણ યોગ્ય શિક્ષણ મળે, એવી કોઇ યોજના કરવાને માટે જેમની મનોભાવના ઘણી વિલસી રહી હતી. શુદ્ધ હૃદયની શુદ્ધ ભાવના અવશ્ય પૂરી થાય છે, અને એને માટે એવાં સાધનો પણ અવશ્ય મળી આવે છે. જેમનું હૃદય ઘણું વિશુદ્ધ છે, જેમને ઇશ્વર ઉપર અગાધ શ્રદ્ધા છે અને જેમની પાસે આધ્યાત્મિક બલ પણ પૂર્ણ છે તેમજ તેઓશ્રીને પોતાને માટે કંઇ સ્વાર્થ નથી, તો પછી એવા પૂર્ણ જ્ઞાનયોગી મહાપુરુષની શુભ પ્રવૃત્તિમાં ઇશ્વર સાથ કેમ ન આપે? અવશ્ય આપે.

હવે તે વેળા ગુજરાતમાં આવેલા સૂપા ગુરુકુલના વાર્ષિક ઉત્સવ પર શ્રીમાન્ માંડણભાઇ ભાણજીનું કુટુંબ સહિત જવાનું થતાં તેમના ભત્રીજા પ્રાગજીભાઈ મહારાજ-શ્રીના દર્શનાર્થે શ્રી ઇશ્વર-આશ્રમે આવ્યા હતા, તેમની સાથે તેમણે ગુરુકુલમહોત્સવ જોવા માટે સ્વાભાવિક જણાવ્યું હતું, જેથી ભાવીમાં સમયને અનુસરતું જનકલ્યાણ માટે કંઈક કરવા ઇચ્છનાર મહારાજશ્રીએ વિચાર કર્યો કે:—“ત્યાં જવાથી જાણવાનું ઘણું મળશે.” એમ ધારી શ્રીમાન્ માંડણ-ભાઈની સાથે તેઓશ્રી સૂપા પધાર્યા. ત્યાંનું દૃશ્ય જોઈ તેઓ-શ્રીને ઘણો સંતોષ થયો, ને શ્રીકૃષ્ણ અને સુદામાજીનો સુપ્રસંગ યાદ આવી ગયો તેમજ ત્યાં વિનય અને નમ્રતા વગેરે સારા સદ્‌ગુણોને જોઇ અમારા કચ્છ દેશમાં આથી પણ અધિક ગુરુકુલ સ્થાપિત કેમ ન થાય? અવશ્ય થવું જોઇએ,

અને અમારા કચ્છ દેશમાં બ્રહ્મચારી બન્ધુઓને આથી પણ ઉત્તમ શુદ્ધ સનાતન ધાર્મિક શિક્ષણ કેમ ન મળે ? અવશ્ય મળવું જોઇએ. એમ ધારી ત્યાંથી તેઓશ્રી મુંબઈ પધાર્યા. ત્યાંના કેટલાએક શ્રદ્ધાળુ સજ્જનોની પ્રથમ હાર્દિક સહાનુભૂતિ મેળવી ત્યાંથી કુકમે પધાર્યા. કુકમાના ધર્મપ્રેમી સર્વે સજ્જનોને તેઓશ્રીએ કચ્છમાં એક આદર્શ ગુરુકુલ સ્થાપવાની પોતાની તીવ્ર ભાવના જાહેર કરી ત્યારે મહારાજશ્રીની આવી ઉચ્ચ ભાવનાને સહૃદય આદર આપી ત્યાંના શ્રદ્ધાળુ ભાઇઓ ભેળા થઇ તેઓએ કચ્છમાં એક આદર્શ ગુરુકુલ સ્થાપિત કરવાને માટે ઘણો જ સારો ફાળો મહારાજશ્રીને અર્પણ કર્યો. ત્યાંથી મહારાજશ્રી માધાપુર પધાર્યા. માધાપુરના પરમશ્રદ્ધાળુ પૂર્ણભાવિક શ્રીમાન્ મનજીભાઇ જેરામ તથા શ્રીમાન્ વાલજીભાઇ ભીમજી તરફથી તેમજ બીજા સજ્જનો તરફથી પણ ગુરુકુલને માટે ઘણો યોગ્ય ફાળો મહારાજશ્રીને અર્પણ થયો. ત્યાંથી મહારાજશ્રી નાગોર પધાર્યા. ત્યાંના રાવબહાદૂર શ્રીમાન્ જગમાલભાઇ રાજા તરફથી તેમજ થોડા સમય પછી ત્યાંના બીજા સજ્જનો તરફથી પણ ગુરુકુલ માટે મહારાજશ્રીને ઘણો સારો ફાળો અર્પણ થયો. ત્યાંથી મહારાજશ્રી હાજાપુર પધાર્યા. ત્યાંના શ્રીમાન્ હીરજીભાઇ વિશ્રામ તથા શ્રીમાન્ નાનજીભાઇ ગોવિંદ વગેરે સજ્જનોએ ગુરુકુલ માટે મહારાજશ્રીને ઘણો સારો ફાળો અર્પણ કર્યો. ત્યાંથી મહારાજશ્રી રેહા પધાર્યા. ત્યાંના સજ્જનો તરફથી પણ ગુરુકુલ માટે યથાશક્તિ મહારાજશ્રીને સારો ફાળો અર્પણ થયો. કોણે કેટલું આપ્યું ? એ બધું સવિસ્તર

શ્રી ઇશ્વરરામજી ગુરુકુલના વાર્ષિક રિપોર્ટમાં બતાવેલું છે. કોઇને જાણવાની ઇચ્છા હોય તો તેમાંથી જાણી લેવું.

Foundation Stone laying: 24-Apr-1936

શ્રી ઈશ્વરરામજી ગુરુકુલનું ખાતમુહૂર્ત સંવત્ ૧૯૯૨ ના વૈશાખ માસની અક્ષયતૃતીયાને દિવસે થયું હતું. જો કે કોઇ પણ સારૂં કામ કરવા જતાં તેમાં વિઘ્ન આવે એ સ્વાભાવિક છે. કહ્યું છે કે:—"શ્રેયસી બહુવિઘ્નાનિ" (સારા કામમાં અનેક વિઘ્નો આડે આવે છે.) પરંતુ કાર્ય કરનાર ધીર પુરુષો તે સામું જોતા જ નથી, એ તો ઉત્સાહપૂર્વક પોતાનું કાર્ય પાર પાડવા પ્રયત્ન કર્યા કરે છે, એ જ ખરા મહાપુરુષો જાણવા. એવા મહાપુરુષોની પ્રવૃત્તિમાં ઇશ્વરનો હાથ અવશ્ય હોય છે, જેથી તેવા મહાપુરુષોને કોઇ પણ રીતે વિઘ્ન પરાભવ કરી શકતું નથી.

હવે એક તરફ મહારાજશ્રી ગુરુકુલનાં મકાનોનું બાંધકામ કરાવવાની પ્રવૃત્તિમાં ઓતપ્રોત હતા, અને બીજી બાજુ રજા આપેલ સાધુ જાનકીદાસજીના મનમાં એમ થયું કે:—"શ્રી ઇશ્વર–આશ્રમની મિલકત બધી મારી છે, કારણ કે એનો વારસદાર મહારાજશ્રીએ મને બનાવ્યો છે." જેથી તેણે હજુરમાં એક અરજી કરીને તેમાં જણાવ્યું કે:—"મહારાજશ્રી શ્રી ઈશ્વર–આશ્રમની બધી મિલકત ગુરુકુલઅર્થે બરબાદ કરી નાંખે છે." ત્યાંથી હુકમ થતાં અચાનક તજવીજદાર શ્રી લાલજીભાઇ આવી તેમણે મહારાજશ્રીને કહ્યું કે:—"આ આશ્રમને સીલ દેવા હજુર ફરમાન થયું છે." તે સાંભળી સર્વે સંતોને ઘણો આઘાત થયો, અને કેટલાએક

ભાવિકજનો ત્યાં હાજર હતા, તેમનાં પણ હૃદય કંપી ઉઠ્યાં. તે વેળા મહારાજશ્રી તો નિર્ભયપણે જેમના તેમ સુપ્રસન્ન હતા, કારણ કે જેઓએ પ્રથમથી જ પોતાનું કંઇ પણ માન્યું ન હતું, જેથી તેઓશ્રીએ કહ્યું કેઃ—"સંતો ચાલો, ઘણું સારૂં થયું; હવે આપણે ઝાડ નીચે બેસી ઇશ્વરભજન કરીશું; આ આશ્રમ જેનો છે તે પોતે જ તેનું રક્ષણ કરશે, કારણ કે તે શ્રી ગુરુદેવ સમર્થ છે." પછી તજવીજદાર લાલજીભાઇએ ત્યાંનું બધું તંત્ર તપાસી જોયું, તો જનકલ્યાણને માટે સાચી પ્રવૃત્તિપરત્વે મહારાજશ્રીનો પ્રયાસ તેમજ તેઓશ્રીની સરલતા, સત્યતા અને સાદાઈ તથા નમ્રતા એ બધું નજરે પડ્યું, જેથી તેમને દૃઢ નિશ્ચય થયો કેઃ—"આ મહાપુરુષ અત્યંત નિર્દોષ છે, પણ આવી ખટપટ ઉભી કરવી તે તેઓશ્રીના સ્વાર્થી શિષ્યનું કામ છે." એમ ધારી ઉપરોક્ત ખરી હકીકત લખી મહારાજશ્રીના ચરણોમાં પડી તેઓ ચાલ્યા ગયા. તેઓ જપ્તી કરવા આવ્યા હતા, પણ મહારાજશ્રીની ખરી સત્યતા જોઇને તેમનું હૃદય પીગળી ગયું. એ જ મહાપુરુષનો ખરો પ્રભાવ છે.

હવે મકાનોનું બાંધકામ પૂરૂં થયે શ્રી ઇશ્વરરામજી ગુરુકુલની ઉદ્ઘાટન ક્રિયા સંવત્ ૧૯૯૩ ના મહા માસની વસંતપંચમીને દિવસે કચ્છના નામદાર રા. રા. જદુરામભાઇ નાયબ દિવાનના મુબારક હાથે થઇ હતી, અને તે સાથે તે જ દિવસે શ્રી ઇશ્વરરામજી અંધશાળાની ઉદ્ઘાટન ક્રિયા પણ કચ્છના ચીફ મેડીકલ ઓફીસર રા. રા. ડૉ. જાદવજીભાઇના હસ્તક થઈ હતી. જે અંધશાળા લગભગ બે વર્ષ સુધી ચાલુ

Opening
15-Feb-1937

હતી. જેમાં અંધવિદ્યાર્થીઓની સંખ્યા લગભગ પંદરથી અઢાર સુધી પહોંચી હતી, અને જે અંધશાળામાં આજીવન સેવા આપવાને માટે કચ્છ રોહાના રહીશ ઠા. ભાઇ ભાણજી કલ્યાણજીએ વચન આપ્યું હતું, પરંતુ કેટલોક સમય જતાં તેમણે તેમ કરવા અનિચ્છા દર્શાવી, જેથી જોઇએ તેવા શિક્ષકોના અભાવે તે અંધશાળા અત્યારે બંધ કરવામાં આવી છે.

ગુરુકુલ માટેના મહારાજશ્રીના માત્ર એક વર્ષના પ્રયત્નથી વસ્ત્રો, વાસણો તેમજ જોઇતાં બીજાં સાધનોના ઢગ થઈ ગયા. જોનારને નવાઈ લાગે કે આ બધું કેમ અને કયાંથી આવતું હશે ?

એ મહાપુરુષની પ્રેરણાથી પ્રેરાયેલી મુંબઇની જનતાની આર્થિક મદદથી તેમજ બીજા પણ કેટલાએક ભાવીક સજ્જન ભાઇઓની આર્થિક મદદથી શ્રી ઇશ્વરરામજી ગુરુકુલનાં નિવાસગૃહ, પરિવાર, ભોજનશાળા, દવાખાનું, વ્યાયામશાળા, અતિથિગૃહ વગેરે મકાનો સહજમાં બની ગયાં.

05-Feb-1938

સંવત ૧૯૯૪ માં મહા શુદ વસંત પંચમીને દિવસે શ્રી ઇશ્વરરામજી ગુરુકુલનો વાર્ષિક ઉત્સવ ઘણોજ સારો મોટા પ્રમાણમાં ઉજવવામાં આવ્યો હતો. તે વેળા સારા સારા વક્તાઓ, વિદ્વાનો તેમજ પંડિતો અને સજ્જનો ઘણા આવ્યા હતા, અને જુદા જુદા વિષય પર વિદ્યા સંબંધી, ધાર્મિક શિક્ષણ આપવા સંબંધી તેમજ કેળવણી સંબંધી અનેક વ્યાખ્યાનો થયાં હતાં. ત્યાં આવનાર મનુષ્યોના મોટા

સમુહને ઘણોજ આનંદ થયો હતો, અને મહારાજશ્રીના વ્યાખ્યાનથી તો સર્વે ભાવિક જનોને સારી અસર થઇ હતી, કિંબહુના તેઓશ્રીના નિખાલસ શબ્દો સાંભળતાં જ શ્રીમાન્ સજ્જનો તરફથી ત્યાં એક ભવ્ય વિદ્યાલય બાંધવાને માટે લગભગ રૂપીઆ બારથી તેર હજારનો ફાળો તૈયાર કરી આપવામાં આવ્યો હતો. બીજો પણ ભાવિકજનો તરફથી ઘણોજ સારો સત્કાર થયો હતો. એ પ્રમાણે આનંદપૂર્વક શ્રી ઇશ્વરરામજી ગુરુકુલના ઉત્સવની સમાપ્તિ થઇ, અને આવનાર ભાવિકજનો તેમજ સર્વે સજ્જનો પોતપોતાને સ્થળે ગયા.

શ્રીમાન્ માંડણભાઈ ભાણજીની પોતાના પ્રમાણમાં જેવી જોઇએ તેવી આર્થિક સ્થિતિ ન હોવા છતાં પણ કેવળ સેવાભાવે શરૂઆતથીજ શ્રી ઇશ્વરરામજી ગુરુકુલના મંત્રીપદે રહી તેઓ મહારાજશ્રીને સમય સમય પર ચાલુ પ્રવૃત્તિમાં ઘણો સારો સાથ આપતા; અને હજી પણ એ ઉદાર સેવક શ્રી ઇશ્વરરામજી ગુરુકુળની પ્રવૃત્તિમાં સારો સાથ આપે, એ નિર્વિવાદ છે.

શ્રી ઇશ્વરરામજી ગુરુકુલની પ્રવૃત્તિ ચાલુ રાખવા છતાં પણ મહારાજશ્રીએ સંસ્થાને માટે જે કરવા જોઇએ તે બનતા પ્રયાસો કરતા. વચવચમાં કચ્છમાં તેમજ મુંબઇ પણ તેઓશ્રી વિચરતા, અને શ્રી ઇશ્વરરામજી ગુરુકુલનો પ્રચાર કરતા. જે કાંઇ બહારથી પ્રાપ્ત થતું તેનો ચાલુ પ્રવૃત્તિને અર્થે સદુપયોગ થતો. ત્યાર પછી દિવસોદિવસ

સમયનું પરિવર્તન થતું ગયું, કારણ કે સમય, સંયોગ અને સાધન એ સદાને માટે સરખાં રહેતાં નથી. લૌકિક કહેવત પણ છે કે:—"સમય બદલાય છે જ્યારે, બધું બદલાય છે ત્યારે." વળી તેમાં સંવત્ ૧૯૯૬ના દુષ્કાળને લઇ (1940) સમયના પરિવર્તનમાં અધિક વધારો થયો, તેમજ મહારાજશ્રીનું મન પણ વધારે પ્રવૃત્તિને લઇ કંઇક પાછું હટયું, કારણ કે અધિક ઉપાધિ દુઃખરૂપ છે, છતાં પણ એ ઉદાર દયાળુ મહાપુરૂષની દયા ગરીબો પ્રત્યે ઓછી થાય, એમ ન હતું, જેથી પોતાથી જે બન્યું તે એવા દુષ્કાળમાં પણ અતિથિઓ, અભ્યાગતો અને ગરીબોને અન્નદાન વગેરે ઘણું દીધું, ને ગરીબોના અનેક સમૂહો આવવા લાગ્યા. પછી તેઓશ્રી પણ કંઇક કંટાળી ગયા, કારણ કે તે વેળા તેઓશ્રીએ સમયના પરિવર્તનને લઇ બહાર વિચરવાનું તમામ છોડી દીધું હતું, જેથી પોતાની ઉદારતાના પ્રમાણમાં જેવી જોઇએ તેવી આર્થિક સ્થિતિનો સંકોચ હતો. આમ હોવા છતાં પણ તેઓશ્રીની ચાલુ પ્રવૃત્તિ ઘણીજ સારી ચાલતી. હું ધારૂં છું કે આકાશી વૃત્તિથી આવી પ્રવૃત્તિ બીજો કોઇપણ પુરૂષ ન ચલાવી શકે, એ નિર્વિવાદ છે.

હવે દિવસોદિવસ એ પ્રવૃત્તિને છોડવાના અને નિવૃત્તિપરાયણ રહી પુનઃ આત્માનુસંધાન કરવાના વિચારો મહારાજશ્રીના વૈરાગ્યયુક્ત વિમલ હૃદયમાં સ્ફુરવા લાગ્યા, કારણ કે તેઓશ્રી જન્માન્તરના સાચા યોગી પ્રથમ નિવૃત્તિ-પરાયણ અધ્યાત્મદૃષ્ટિએ જનકલ્યાણ સાધનાર એક આદર્શ તત્ત્વજ્ઞાની મહાપુરૂષ હતા, પરંતુ પ્રારબ્ધવશાત્ અથવા

કેટલાએક આધુનિક જનોના સંસર્ગને લઇ તેઓશ્રી પ્રવૃત્તિના પંથે પડી એક કર્મયોગી કહેવાયા. એવા તત્વવેત્તા તત્વદર્શી જ્ઞાનયોગી મહાપુરુષને બહારની પ્રવૃત્તિથી એક અનુમાન બાંધી કર્મયોગી માની લેવા, એ કેટલી મોટી ભૂલ છે! તે તેઓશ્રીનું જીવનચરિત્ર વાંચવાથી બુદ્ધિમાનોને સહજ સમજાય એમ છે. તેઓશ્રી અંદરથી તેમજ બહારથી એકસરખા ઉજ્જવળ છે, અને સદાચાર, સાદાઇ અને સભ્યતાના મંદિર છે, ને તેઓશ્રીનું સાધુહૃદય છે. પૂજ્યપાદ મહારાજશ્રીના ગુરુદીક્ષા પામેલા જાનકીદાસજી, દયાલદાસજી અને પ્રેમદાસજી વગેરે અમે ચાર શિષ્યો છીએ, છતાં પણ તેઓશ્રી અત્યંત નિઃસ્પૃહી હોવાથી આ "મારા શિષ્યો છે અને હું એમનો ગુરૂ છું." એમ તેઓશ્રી સ્વપ્નમાં પણ માનતા નથી. તેઓશ્રીના કેટલાએક વ્યવહાર ઉપરથી આપણને સહજ એમ લાગે કેઃ—"મહારાજશ્રી આમ કેમ કરતા હશે? અને આમ કેમ થતું હશે?" પરંતુ તેઓશ્રીના હૃદયમાં દંભને કે કપટને તેમજ ભેદભાવને બીલકુલ સ્થાન નથી. એ તો સમય સમય પર જેમ પોતાને ઠીક લાગે તેમ સીધી દૃષ્ટિએ કાર્ય કરતા જાય છે, પછી તે દુનિયાને અનુકૂલ હોય અથવા પ્રતિકૂલ હોય, તેની તેઓશ્રીને પરવા ઓછી છે. તેઓશ્રી આધ્યાત્મિક દૃષ્ટિએ આખા વિશ્વને ઇશ્વરરૂપ માનતા હોવાથી બધા ઉપર ઘણો સારો પ્રેમ રાખે છે, કોઇની પણ નિંદા કરતા નથી, પોતાના વક્તવ્યમાં કંઇ કહેવું હોય તો તે માત્ર વસ્તુ સ્થિતિ બતાવવા પુરતું જ કહે છે, અને તેઓશ્રી કોઇ પણ ધર્મપ્રત્યે વસ્તુતઃ

Jivancharitra

દુર્લક્ષ્ય દાખવતા નથી. તેઓશ્રી એમ માને છે કેઃ—"એક જ પ્રભુને પ્રાપ્ત કરવાને માટે સર્વે ધર્મો છે, જેનાથી પ્રભુની પ્રાપ્તિ થતી નથી, તે ધર્મ ગમે તેવો હોય છતાં પણ તે બરાબર નથી." એમ તેઓશ્રીનું ખાસ માનવું છે. મહારાજશ્રીનું ચિત્ત સદાને માટે ઘણું જ ઉપરામ અને વૈરાગ્યવાળું સ્વાભાવિક જ રહે છે. અને હવે તો પ્રવૃત્તિનો લાંબો પ્રવાસ કરવાથી તેઓશ્રીનું મન ઘણું જ થાકી ગયેલું હોવાથી તે પ્રવૃત્તિમાં વધારે રોકાય એમ ન હતું, જેથી શ્રી ઇશ્વરરામજી ગુરુકુલની ચાલુ પ્રવૃત્તિ શિક્ષકોને સોંપી તેમજ શ્રી ઇશ્વર–આશ્રમનો ચાલુ વ્યવહાર આશ્રમમાં રહેલા સંતોને સોંપી નિવૃત્તિમાં એકાએક આનંદ લેવાને માટે તેઓશ્રી સંવત્ ૧૯૯૭ માં કાર્તિક સુદ ૧ ને દિવસે ઉપરોક્ત પ્રવૃત્તિથી કેટલીક રીતે મુક્ત થઇ આશ્રમમાં રહેલું પોતાનું નિવાસસ્થાન છોડી રાત્રે કોઈ ન જાણે તેમ ત્યાંથી વિદાય થઈ મંજલ પધાર્યા. સવારે પોતાને સ્થળે મહારાજશ્રીને ન જોઇ સંતસાધુઓ આમ તેમ તેઓશ્રીને ગોતવા લાગ્યા, અને બાપુ રામદાસજી તથા માતુશ્રી ચાગબાઇ મા વગેરે પ્રેમને લઈ રોવા લાગ્યાં. "પછી તેઓશ્રી મંજલ પધાર્યા છે." એવા ખબર મળવાથી આશ્રમમાં બધાંનાં હૃદયને કંઇક શાંતિ મળી.

Left on 31-Oct-1940

મહારાજશ્રીએ મૈયાજીને કહ્યું કેઃ—"માતુશ્રી! હવે મને પ્રવૃત્તિ ગમતી નથી. મારો વિચાર બદ્રીકાશ્રમે જવાનો છે." જ્યારે મહારાજશ્રીનાં આવાં નિખાલસ વચનો સાંભળ્યાં, ત્યારે મૈયાજીને પણ હૃદયમાં ઘણું દુઃખ થયું, કારણ કે મૈયાજી એ

મહાપુરૂષને અંતરદ્રષ્ટિથી ખરી રીતે ઓળખે છે, તેમજ મૈયાજીને પણ સત્સંગસંબંધી આનંદ લેવાનો એ મહાપુરૂષ એકાએક આધાર છે. કેવલ પુસ્તક વાંચનાર બીજાના સત્સંગથી મૈયાજીને જોઇએ તેવો સંતોષ ન થાય, એ નિર્વિવાદ છે. જેથી મૈયાજી મહારાજશ્રીને બદ્રિકાશ્રમે જવાની હા કેમ પાડે! નજ પાડે. મૈયાજી ઘણા કુશલ છે, જેથી તેમણે યુક્તિપૂર્વક કહ્યું કે:—"મહારાજજી! આપ બદ્રિકાશ્રમે જશો, તો બાપુ રામદાસજી અને વૃદ્ધ માતુશ્રીનું શું થશે? તેઓ આપનાંજ દર્શન કરી આનંદમાં રહે છે, અને આપને જ પોતાનો એક આધાર માને છે. એમને છોડી બદ્રિકાશ્રમે જવાથી આપને આનંદ મળે, એમ હું માનતી નથી. આપને ભજન કરવું છે, તો પછી બીજા બધા વિચારો છોડી દો, અને આપ જ્યાં કહો ત્યાં એક નાની ઝુંપડી બનાવી આપું, તેમાં બેસી ખુબ નિવૃત્તિપરાયણ રહી ઈશ્વરનું ભજન કરો." મૈયાજીનાં એવાં ભાવભરેલાં વચનો સાંભળી તેમ કરવા મહારાજશ્રીએ હા પાડી. પછી મૈયાજીની સંમતિ લઈ શ્રી નારાયણ સરોવરની પગપાળા યાત્રા કરી આવી શ્રી ઇશ્વર-આશ્રમની પાસે આવેલા પંપા સરોવર સમા શ્રી ઇશ્વર-સાગર સરોવરના સુરમ્ય કિનારે થોડે દુર રહેલી ટેકરી પર મૈયાજીએ બંધાવી આપેલી એકાંતીત પાવન ઝુંપડીમાં હમણાં બેસી તેઓશ્રી એકાગ્રચિત્તે ઇશ્વરનું ભજન કરે છે.

હવે તો શ્રી ઇશ્વરરામજી ગુરુકુલની શુભ પ્રવૃત્તિ સદાને માટે વ્યવસ્થાપૂર્વક ચાલુ રહે, તે માટે યોગ્ય બંધારણ કરી એ સંસ્થાની કાયમની યોજનાસંબંધી એક

સંરક્ષક સમિતી તેઓશ્રીએ નીમી દીધી છે, તેમજ શ્રી ઇશ્વર–આશ્રમની પણ શુભ પ્રવૃત્તિ સદાને માટે સારી ચાલુ રહે, તે માટે તેની પણ તેઓશ્રીએ ઘણી સારી યોગ્ય વ્યવસ્થા કરેલી છે. એમ ઉભય પ્રકારની ઘણી સુંદર યોજના કરી પૂજ્યપાદ મહારાજશ્રી સંવત ૧૯૯૯ ના માગસર માસની વદ પંચમીને દિવસે સદાને માટે સર્વ પ્રકારે બન્ને પ્રવૃતિથી તમામ નિવૃત્ત થઇને પોતે સ્વેચ્છાચારી અને નિત્ય નિરંતર બ્રહ્માનંદાનુભવપરાયણ રહે છે, અને અધિકારી જનોને કર્મ, ઉપાસના તેમજ આત્મજ્ઞાનનું વિશુદ્ધ તત્ત્વ સમજાવે છે. એવી રીતે તેઓશ્રી પોતાના શેષ આયુષ્યને હવે આનંદપૂર્વક વ્યતીત કરી રહ્યા છે.

Retired on: 27-Dec-1942

કરિ ભલ લાભ ન લીનો રે—ટેક.
સબ જગ સેવ્ય કહહીં શ્રુતિ સિમૃતિ,
નરતન ગુરૂ નારાયણુ રે;
તિંહકર કર શઠ શિર પરસ્યો નહીં,
પલ નહિ રહ્યો પરાયણુ રે....ધરી૦ ૧
યોગ યજ્ઞ જપ તપ વ્રતકર ફલ,
વિપુલ તીર્થ વસહીં આઇ;
જહાં રઘુનાથગાથ સત્સંગત,
સો તવ રૂચત ન ભરરાઇ....ધરી૦ ૨
સારાસાર વિચાર ન કીનો,
મોહી રહ્યો માયા કર રે;
જિમિ સુરસરી જલ છોડ વિમલ કલ,
લોટત રજમેં ખલુ ખર રે....ધરી૦ ૩

ખાન પાન રસ તાન માનરત,
નિરખત દેહ દીદારૂ રે;
ઉરજ રહ્યો અતિશય વિષયનમેં,
સુત વિત પ્રિય પરિવારૂ રે....ધરી૦ ૪
પાપ કપટ છલ છિદ્ર રંધ્ર બિનુ,
ક્રોહ મોહ મમતાઇ રે;
ઇન વશ વરતી રહ્યો નિશિવાસર,
કયોં રીઝત રઘુરાઇ રે....ધરી૦ ૫
અસ ભલ સાજ સમાજ સુઠિવર,
પાઇ ન કીન કમાઇ રે;
ઈશ્વરદાસ કહે ધિક તિનકો,
ગયો મુખ પર મિસિ લાઇ રે....ધરી૦ ૬

પદ ૧૨ (રાગ બિહાગ તાલ ૩)

જાન લીયો જગ નાહીં સંતો,
જાન લીયો જગ નાહીં રે;
આતમ એક અખંડ અનાવૃત,
મૈં પૂરણ સબ ઠાંહીં રે—ટેક૦
પૃથ્વી જલ અગ્નિ વાયુ નભ,
વિપુલ નામ ધર લીના રે;
નામ ધરે બિન હોય ન નિશ્ચય,
કંચન ઘાટ પ્રવીના રે—જાન૦ ૧
પંચ ભૂત જબ મોભિન્ન નાહિ,
તબ કો કરહી વિવેકા રે;

યહ ઇનકર યહ ઈનકર ભાગા,
તબ શ્રમ શમે અનેકા રે—જાન૦ ૨
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ સૂર્ય,
ઇંદ્ર ચંદ્ર અરૂ દેવી રે;
નામ નિકર સબ રૂપહી મેરે,
ધ્યાન ધરહું યહ સેવી રે—જાન૦ ૩
થિરમેં ચરમેં ચાર ખાનીમેં,
લક્ષ ચોરાસી સબમેં રે;
યહ અનુભવકી બાત જાન કર,
નહિ ગ્લાની મમ મનમેં રે—જાન૦ ૪
શ્રી ગુરુ ક્ષેમ ચરન જુગ ચિતવત,
જસ અનુભવ ઉર આયા રે;
ઇશ્વરદાસ કહત કર જોરી,
સદ્‌ગુરૂ સન્મુખ ગાયા રે—જાન૦ ૫

પદ ૧૩ (રાગ ભીમપલાસ તાલ ૩)

કસ ન કરહું મન પ્રીતિ પ્રભુપદ,
કસ ન કરહું મન પ્રીતિ રે;
અસ ભલ સાજ કાજ બિનુ તેરો,
જાવત જડ મતિ બીતી રે—ટેક૦
દુર્લભ દેવન કર નર તન મન,
ભજન કરહુ નિત ભાઇ રે;

શારદ શેષ મહેશ પ્રસંશત;
ઇચ્છત વર સુર રાઇ રે—કસ ન૦ ૧
સુખ સંપત્તિ કર નિલય નિગમ કહે,
આલય મુક્તિકર મન રે,
પ્રગટ પોત ભવનિધિ તરવેકો,
વિરચ્યો હરિ આરત હન રે—કસ ન૦ ૨
તજ ખલુ કોહ મોહ મદ માયા,
નભ છાયા ઈવ નહીં સ્થિર રે;
સ્વપ્નસમાજ બાહ્ય જાગત જીમી,
કાજ ન આવત કછુ નર રે—કસ ન૦ ૩
અસ જીય જાની ભજ સુખ ખાની,
ધનુપાની માની વચ રે;
કહે ઇશ્વર મન રામ શરન પર,
જબ તક કાલ ન ગ્રહે કચ રે—કસ ન ૦૪

પદ ૧૪ (રાગ ભીમપલાસ તાલ ૩)

કછુ ન ભરોંસા કીજે તન કર,
કછુ ન ભરોંસા કીજે રે;
શ્વાસાધીન છિનત છિન છિનમેં,
લાભ હરિ ભજી લીજે રે—ટેક૦
ત્યાગ આગસમ વિષય વિરસ રસ,
ચિત્ત વૃત્ત ગત મત ધારહુ રે;
સુઠિવર સાધન સંપાદન કર,
વર ગુરુ શબ્દ વિચારહુ રે—કછુ ન૦ ૧

ક્ષમિત પાણી ગુરુ શરણાગત અસ,
વિનય કરહુ કર જોરી રે;
ત્રિવિધ તાપ કર તપત નાથ મેં,
રક્ષા કીજે મોરી રે—કછુ નં૦ ૨

મુનીવર વિનય શરીર રહિત ત્રય,
તવ નિજ રૂપ જો આઇ રે;
પરમ દયા કર સો દરશાવે,
પરિપૂર્ણ નભ ન્યાંઇ રે—કછુ નં૦ ૩

નિરખત નિજપદ સદ સંશ્રૃતિસમ,
બિનુ પ્રયાસ શમી જાઇ રે;
ઇશ્વરદાસ નિદેશ નિગમ કર,
ધર દ્રઢ કર ઉર માંઇ રે—કછુ નં૦ ૪

પદ ૧૫ (રાગ ભીમપલાસ તાલ ૩)

રાજત તીરથ રાજ જગતમેં,
રાજત તીરથ રાજ રે;
સંત સમાજ પ્રગટ એ પદચર,
કર મંજ્જન મન આજ રે—ટેક૦

અતિ ખરધાર વિચાર પ્રભાકર,
અઘ પહાડ કાટહિ પલમેં;
પાન કરત પ્રગટત પુદ્ગલ ફલ,
નભ ઇવ વ્યાપક જલ થલમેં—રાજત૦ ૧

24

જીવ ઈસ નિર્ણય નિશિવાસર,
તજી આલસ અનુભવ કરહીં;
યહ રવીનંદનીકર વર ધારા,
સદ્ જન તાપ ત્રિવિધ હરહીં—રાજત૦ ૨
જુગ મધ દુઃખદ વિભાગ વિલગ કર,
ઉભય એકતા અનુસરહી;
યહ સરસ્વતી કર ધાર વિમલ કલ,
ખલુ સંસ્રૃતિશ્રમ અપહરહી—રાજત૦ ૩
યુક્તિ ઉક્તિ શ્રુતિ સિમૃતિ સુઠિ શુચિ,
જનુ યહ બીચી બીરાજે રે;
સુરૂચિ સુહાવન નિજપદ નિશ્ચય,
જનુ અક્ષય્ય બટ છાજે રે—રાજત૦ ૪
સબ દિગ્દેશ કાલ સબ માંહિ,
બહે સદા ત્રિમુહાની રે;
કહે ઇશ્વર મહિમા કયા બરનું,
પરશી દેખો પ્રાની રે—રાજત૦ ૫

પદ ૧૬ (રાગ ભીમપલાસ તાલ ૩)

બ્રહ્મ ભિન્ન કછુ નાહિં જગત યહ,
બ્રહ્મ ભિન્ન કછુ નાહીં રે;
પરિપૂરણ ઉરણ કહું નાંહીં,
અધ ઉર્ધ્વ મધ્યમાંહી રે—ટેક૦
શાઇ વર્ણ રવિ રશ્મી જ્યોં નભ,
વિવર વિલગ નહિ કર પાની;

દારૂ નારિ ઇવ બ્રહ્મ અભિન્ન જગ,
અસ મન સમજત જન જ્ઞાની—બ્રહ્મ૦૧
જાકર પદ નહિ સબ પદ તાકર,
જાકર કર નહિં સબ કર રે;
જા કર શ્રુતિ નહિ સબ શ્રુતિ તાકર,
જાકર શિર નહિ સબ શિર રે—બ્રહ્મ૦ ૨
નામનીકર તાકર સબ આનહુ,
રૂપ વિપુલતા કર સબ રે;
વિવિધ વેષ ધરી વિહરત વસ્તુ,
સુનહુ શાખ શ્રુતિ કર અબ રે—બ્રહ્મ૦ ૩
રૂપ રૂપ પ્રતિ રૂપ રટત ગો,
ઇશ્વર વર વચ ઉર ધરહુ;
સદ્ય શમહિ સંસૃતિ શ્રમ બિનુ,
તવ પુનરપિ ખલુ ભવ નવ પરહુ--બ્રહ્મ૦ ૪

પદ ૧૭ (રાગ હોળી તાલ ૩.)

જહાંસે ફિરના નાંહી રે,
મન ચાલો તહાહીં, જહાંસે ફિરના નાંહી૦ ટેક
ગીતાગત શ્રી કૃષ્ણ કહ્યો હૈ,
અવિચલ ધામ સદાહી;
જહાં ભાસત નહિ ઇંદુ તમારી,
મહા અગ્નિ અલપાહી—જહાંસે૦ ૧
મહામુનિ જહાં કરત પ્રવેશા,
સનકાદિક ઋષિ રાઇ;

બાહ્ય ટાલ વૃતિ ઉલટી આપમે,
નિરખી લે લવ લાઇ— જહાંસે૦ ૨
નાંહી દૂર ભરપૂર ઉદધિ ઇવ,
અર્ધ ઉર્ધ્વ મધ્ય માંઇ;
કર અહં પ્રત્યય અસ તવ રૂપમેં,
અનુભવ વૃતિ લગાઇ— જહાંસે૦ ૩
સમજ શિખાવત સાર સુખદ યહ,
સંશ્રૃતિ સકલ સમાઇ;
યહ ફગુઆ ઇચ્છત અજ આદિ,
સુર નર મુનિ ચિત ચાઇ—જહાંસે૦ ૪
મનુષ જન્મ કર યહ ફલ ઙલ રે;
સબ સાધન નિપુણાઇ;
ઇન વિધ આપ ઉધારો મનવા,
તો ઇશ્વર બલ જાઇ—જહાંસે૦ ૫

પદ ૧૮ (રાગ બરહંસ તાલ દીપચંદી.)

કહ્યો મન માનત નહિ મેરો,
માનત નહિ મેરો—ટેક૦
ક્ષબ સુખ સાધન રામ ભજન તજ,
ભજતહી પંથ અનેરો;
ખલ મલમૂલ શૂલપ્રદ સબદીન,
કરત હૈ કૃત અસ ચેરો—કહ્યો૦ ૧
પ્રગટત દૂરત પ્રીરત છિન છિનમેં,
કયોં કર નિકશે પગેરો;

જહાં રઘુનાથ ગાથ .સતસંગત,
સજ્જન વાસ ઘનેરો૦ કહ્યો૦ ૨
તહાં ફેરત નહિ હઠ વશ શઠ કબ,
નહિ જાવત નિહરેરો;
શ્રુતિ અનુશાસન માનત નાહિં.
ત્રાસ ન કાહુ કેરો—કહ્યો૦ ૩
ગુરૂ કર વચન સુનત નહિ અસકસ,
જસ ન સુનત નર બહેરો;
સત પથ ત્યાગ કુપથગત અતિશય,
રહત સદા ઉરજેરો—કહ્યો૦ ૪
સમજાયો શત બેર યત્ન કર,
તાતે કહત સવેરો:
ઇશ્વરદાસ કહત સુનો સદગુરૂ,
દીજે નિજ પદ ડેરો—કહ્યો૦ ૫

પદ ૧૯ (રાગ કાફી તાલ દીપચંદી)

પૂરવ પ્રીત પારી ગુરૂજી મેરે, પૂરવ પ્રીત પારી. ટેક૦
દીન જાણીને દયા મન આણી, શિર પર કર ધારી–ગુરૂજી૦ ૧
જનમ મૃત્ય જલ કરી પરિપૂરણ, ભવ અર્ણવ ભારી–ગુરૂજી૦૨
નિજપદ નાવ ચઢાઇ મોકો, તુરત લીયા તારી–ગુરૂજી૦ ૩
શ્રી ગુરૂ ક્ષેમ ચરનરજ ઉપર, ઇશ્વર બલિહારી–ગુરૂજી૦ ૪

પદ ૨૦ (રાગ કાફી તાલ દીપચંદી)

મેર કરી મોપે ગુરૂજી મેરે, મેર કરી મોપે–ટેક૦
કાલ કરમ નહિ ભય માયા કો, કહત હું પદ રોપે-ગુરૂજી૦ ૧

જગત જંજાલ વિકટ બિનુ શ્રમહી, જારી દીયા જોપે-ગુરૂજી૦ ૨
દીયા ઉડાઇ અજ્ઞાન સકારજ, તત્વમસિ તોપે-ગુરૂજી૦ ૩
નહીં અરણી ઈશ્વર ગુરૂદેવપે, કોટીક શિર સોંપે-ગુરૂજી૦ ૪

પદ ૨૧ (રાગ કાફી તાલ દીપચંદી)

મેર કરી મનમેં ગુરૂજી મેરે, મેર કરી મનમે-ટેક૦
સત ચિદ આનંદકંદ અનુપમ, દરશાયા તનમે-ગુરુજી૦૧
ત્રયવિધ તાપ સંતાપ સકલ શ્રમ ખોઈ દીયા ક્ષણુમેં-ગુરૂજી૦૨
સબઘટ અનુગત એક અખંડિત, જલથલ બન ઘનમેં-ગુરૂજી૦૩
કહે ઇશ્વર ગુરૂ દેવ પ્રસાદતે, કૃતકૃત્ય ધન્યધન્યમેં-ગુરૂજી૦૪

પદ ૨૨ (રાગ કાફી તાલ દીપચંદી.)

કર વર ગુરૂકર ધ્યાન મન રે તું,
કરવર ગુરૂ કર ધ્યાન. ટેક૦
અરચન વંદન સેવન સુમરન,
અરપન આતમ ઠાન-મનરે૦ ૧
ગુરૂ મમ જીવન પ્રાણુ આધારા,
ગુરૂ બિના ગતિ નહીં આન-મનરે૦ ૨
નખશિખ માનહુ મૂરતી ગુરૂકી,
બ્રહ્મ કેવલ ભગવાન-મનરે૦ ૩
માન શીખામણુ સાર સુખદ યહ,
તો ઈશ્વર કુલબાન-મનરે૦ ૪

પદ ૨૩ (રાગ તોડી તાલ દીપચંદી.)

છોડી દે ગુમાના શ્યાના, ભજો ભગવાનારે,
છોડી દે ગુમાના................ટેક૦

કાલકા હૈ ખાના જાના, રાજા રાના, સુલતાના;
માટીમેં મીલ જાનારે........................છોડી દે-૧
નહીં સ્થીર થાના આગે, કરના પયાના;
માની લે મસ્તાના રે........................છોડી દે-૨
જારી દે જલપાના નાના, કરકાં ના ગુરૂ જ્ઞાના;
સમજ સેતાના રે...........................છોડી દે-૩
બન્યા હૈ અબ ટાના ઇશ્વર, મત હો અજાના;
ધરી લે હરિ ધ્યાના રે....................છોડી દે-૪

પદ ૨૪ (રાગ તોડી તાલ દીપચંદી)

કરના કયા મેરા મેરા, એક તિલભાર નહીં તેરા રે.
.....................કરના કયા મેરા-ટેક
કાલકા હૈ હેરા ફેરા, નેનું આગે નેરા નેરા;
હરિ સુમર સવેરા રે................કરના-૧
કહ્યો તોહી વેરા વેરા, ચેત ચિત્ત ચેરા ચેરા;
દૂર હૈ તેરા ડેરા રે................કરના-૨
ઉત્તમ અવતાર તામેં, કરી લે સાહેબ પ્યારા;
હોવેગા નીવેરા રે....................કરના-૩
અપાર સંસાર પ્યારા, તરતે નહીં લાગે વારા,
ફિરી નાવે ફેરા રે................કરના-૪
પકડ ઇશ્વર બેડા; ગુરૂ જ્ઞાની ભવ કેરા;
તરેગા સુખેરા રે...............કરના-૫

પદ ૨૫ (રાગ તોડી તાલ દીપચંદી)

અબ તો અચેત મત હોના, હો મેરે ભાઇ રે;
અબ તો અચેત મત—ટેક
માત પીતા ભાઈ, જુઠી જગત સગાઇ;
તજ તૃણુ જૈસે તાઇ રે—અબ તો. ૧
પડે ઓખી આઇ, કોઇ કરે ન સહાઇ;
હરિ સુમર સદાઇ રે—અબ તો. ૨
કરી લે કમાઇ સાચી, લગન લગાઈ;
તેરી હોવેગી ભલાઈ રે—અબ તો. ૩
માની લે મન માંહી ઈશ્વર, દીની હૈ સજાઇ;
વેળા જાત હૈ વિલાઇ રે—અબ તો. ૪

પદ ૨૬ (રાગ તોડી તાલ દીપચંદી.)

દિલભર દમ એક, ખાલી નહીં ખોના રે;
દીલ ભર દમ—ટેક
જાત હૈ જન્મારા સારા, પાની જૈસે પૂર પ્યારા;
કયા સુખ સોના રે—દિલભર. ૧
તનકા તમાસા કૈસા, પાનીકા પતાસા જૈસા;
કયા હોંશ હોના રે—દિલભર. ૨
આદમ હૈ નામ તેરા, માની લે તું મન મેરા;
કોનકા હૈ કોના રે—દિલભર. ૩
કહત ઇશ્વર આજ, કરી લે અપના કાજ;
હરિ ચરનન ચિત્ત પ્રોના રે—દિલભર. ૪

પદ ૨૭ (વધામણાની કાફી તાલ દીપચંદી.)

આજ ભુવન મેરો જીવન ધંન, આજ ભુવન મેરો—ટેક.
દીયો દરશન હરિજન કરૂણાકર, મિટી ગયો ભવ ફેરો–જી૦ ૧
પુન્યભાજન જન પંક્તિ માંહી, કીયો મોહીં અતિ નેરો–જી. ૨
ખલુ ખલ કાલ કરમ માયા કર, અબ નહિ હોઉં ચેરો–જી. ૩
નિરભય નાથ નિવાજ દીયો મોહીં, સંત ચરન ડેરો–જી. ૪
ઈશ્વર શરન પર્યો અબ સજ્જન, મેર નજર હેરો–જી૦ ૫

પદ ૨૮ (વધામણાની કાફી તાલ દીપચંદી.)

સાજન સંત આયા જેડયું, મૂંઘર સાજન સંત આયા—ટેક૦
જાકર દરશન દેવન દુરલભ, ચાહત રઘુરાયા—જેડયું૦ ૧
ધન ધન ભાગ્ય ભુવન ધન મેરો, જીવન ફલ પાયા—જેડયું૦ ૨
અઘનાશન દરશન જિહં દેહકર, શ્રુતિ અસ જશ ગાયા–જે૦ ૩
દેહુ સુજનજન યહ વરદાનું, રહો મમ ઉર છાયા—જેડયું૦ ૪
તન મન ધન અરપન કર ઇશ્વર, ચરનન શિર નાયા–જે૦ ૫

પદ ૨૯ (રાગ—પ્રભાતી તાલ ૩.)

શ્રી ગુરૂ ક્ષેમચરન જુગ ચિંતવન,
અનુદિન મન કરહુ મેરા;
હોય મનોરથ સિદ્ધ સબ વિધ તબ,
પુનરપિ ખલુ ભવ નહિ ફેરા—ટેક૦
અતિ પદતલ કલ કોમલ કમલેવ,
વિમલ વલભ અતિશય મેરે;

ધ્યાન ધરત ચુંબત ચિત સુખકર,
નિરખત દ્રગ ન રહુ નેરે....શ્રી ગુરૂ૦ ૧

પદજપટલી જલકત રવિકર ઈવ,
જિહં ઉર મુકુર પરહિ જાઇ;
અહં મમ તિમર હરત તિહં આશુ,
પાંસુ અમિત તીરથ ન્યાઈ....શ્રી ગુરૂ૦ ૨

પૃષ્ટિ શ્યામ સુખધામ કામપ્રદ,
સજલ જલદ ઇવ સુખદાઈ;
પરશત શિર સદ અનેક જન્મ અઘ,
ખિન સતવાર ન કછુ લાઇ....શ્રી ગુરૂ૦ ૩

યહ ઉપદેશ યથારથ સુનહુ,
અનરત મત કરહુ ચિત્ત રે;
ઈશ્વરદાસ નિચોલ કહ્યો યહ,
નિગમ સાર માનહુ સતરે....શ્રી ગુરૂ૦ ૪

પદ ૩૦ (રાગ—પ્રભાતી તાલ ૩)

કરહુ કૃપા અબ ઐસી શ્રી ગુરૂ, કરહુ કૃપા અબ ઐસી રે;
તવ પદપંકજ પ્રીતિ બઢે નિત, ચંદ ચકોરહીં જૈસી રે–ટેક૦
ગાન કરહું તુમરે ગુન સ્વામી, ધ્યાન તુમારો ઉર ધરહું;
નામ તુમારો લેહું નિરંતર, નૈનન કરી નિરખન કરહું....ક૦ ૧
પાવન કરી પરિકરમા કરહું, હાથ ન પાંવ પલોટું રે;
શિશ ધરી પદત્રાણુ તિહારે, યોં ભવ ભય સદ મેટું રે....ક૦ ૨

મન સંકલ્પ કરે નિત તુમરો, મતિ નિશ્ચય તુમરો કરહીં;
ચિત્ત ચિત-વન નિત કરહિ તુમારો,અહંપન અહંસેવક ધરહીં-ક.૩
યહ સેવા મમ સફલ જીવન હિત, દેહુ દયાકર ગુરૂસ્વામી;
ઈશ્વરદાસ કહત કરજોરી, વાર વાર પદ શિર નામી....ક૦ ૪

ગુજરાતી ભાષાનાં ભજનો

પદ ૩૧ (રાગ—પરજ તાલ દીપચંદી)

પામ્યો પામ્યો ઉત્તમ અવતાર, ભજન કર ભાવે રે;
તારે કરવો એજ ઉપાય, જેણે ભવ નાવે રે—ટેક૦
તારે મુખથી કહેવું રામ, રહેવું નિષ્કામે રે;
શું વળગી રહ્યો વાલા, કાળા હાડ ચામે રે—૧
તું તાં લાલચ મકર રે લગાર, કાયા માયા કાચી રે;
શું માની બેઠો મૂરખ, સોણાની વાત સાચી રે—૨
તું તાં સોંઢ માં વરવોણી જાન, માન કહ્યું મારૂં રે;
તેં જે માની લીધા મનમાંય, તેમાં નથી તારૂં રે—૩
એવી કરજે કાને સાર, શિખામણ મારી રે;
એમ કહે છે ઈશ્વરદાસ, જોને વિચારી રે—૪

પદ ૩૨ (રાગ—પરજ તાલ દીપચંદી)

આવ્યો આવ્યો ઉત્તમ અવતાર, અચાનક તારે રે;
તેમાં ભાવે કરી ભગવાન, ભજી લે સારે રે—ટેક૦
તું તાં થામાં શકટનો શ્વાન, નથી હાથ તારે રે;
શું ભાર ઉપાડે ભૂર, લાગી ખોટ લારે રે—૧

આગળ નથી રે પોપાંનું રાજ, કારજ કર તારૂં રે;
તું તાં ભાતું કર ભરપૂર, મેલી હું ને મારૂં રે—૨
તું તાં ખરચી લેને ખૂબ, દીધું છે દયાલે રે;
જાણે અરકતણા તે તૂલ, ઉડી જાશે કાલે રે—૩
શું રાતો રંગ પતંગ, દીવસ ચાર ચટકો રે;
કહે ઇશ્વર મેલ આજાર, મેલી માથે ઝટકો રે—૪

પદ ૩૩ (રાગ—પરજ તાલ દીપચંદી)

તું તાં આળસ મ કર રે અજાણુ, કરી લે કમાઇ રે;
પામ્યો દુર્લભ આ નર દેહ, ભજન કર ભાઇ રે—ટેક૦
તારી પલ પલ જાય છે પૂર, આયુ અભાગી રે;
માટે આંખ ઉઘાડી આધાર, જોને જાગી રે—૧
તારે માથે ભમે છે ભૂર, તેને ન જાણે રે;
એવો કાળ કરાળ કરૂર, ચેતી લે ટાણે રે—૨
માટે સાચો કરજે સનેહ, સદ્‌ગુરૂ સાથે રે;
તારે તુરત તર્યાનો ઉપાય, રચ્યો છે નાથે રે—૩
એવું જડપી લેજે જરૂર, ઉપદેશ આપ્યો રે;
એમ માની ઇશ્વરદાસ, ભવ ભય કાપ્યો રે—૪

પદ ૩૪ (રાગ—પરજ તાલ દીપચંદી)

મારે માથે કરજો મહેર, સતગુરૂ સ્વામી રે;
જાણી નિજ જન મન વચ કાય, અંતરજામી રે—ટેક૦
ગુરૂજી ધરૂં રે અંતરમાંય, ધ્યાન તમારૂં રે;
માની મહા સુખરૂપ સદાય, વચન ઉર ધારૂં રે—૧

દેજો ચરણકમલની સેવ, દેવ દયાળુ રે;
તમે નેહ નિભાવો નાથ, પરમકૃપાળુ રે—૨
ગુરૂજી રહેજો સદા અંગ સંગ, અભંગ પ્રીત પાળો રે;
તમને દેખું જલ થલ માંય, ભરમ ભીત ટાળો રે....૩
મારી વહેલી કરજો વાર, શરણ સુખકારી રે;
એમ કિંકર ઇશ્વરદાસ, કહે છે પોકારી રે—૪

પદ ૬૫ (રાગ—ચાબખાનો)

સદા તમે શ્રીગુરૂદેવ સેવો રે, લાભ તે જન્મ ધર્યાનો લેવો;
માન શિખામણ મેરમ મારા, માન મૂકી દેવો—ટેક૦
માનો મૂરતિ ગુરૂ સાહેબની, પરબ્રહ્મ છે પોતે;
આંખુ વગરના આંધળા તે, અળગા જઇ ગોતે રે....સદા૦ ૧
એક વસ્તુ બે નામ ધરાવ્યાં, કર હાથની ઘોડે;
પ્રત્યક્ષ મુકી પામરા, પછી પરોક્ષમાં દોડે રે....સદા૦ ૨
ગૌ બ્રાહ્મણ પ્રતિપાલક, ગોવિંદ નહિ ગુરૂની જોડે;
જીવતા મૂકી જાનવરો, પછી ખોખાને ખોડે....સદા૦ ૩
હાથે કરી તમે કાં ભવ હારો, માની લેજો મનમાં;
કહે છે ઇશ્વર ગુરૂને નિરખો, પોતાના તનમાં રે....સદા૦ ૪

પદ ૬૬ (શ્રી થાળ રાગ—પરજ તાલ દીપચંદી)

તમે આરોગો અવિનાશી, સનાતન સ્વામી રે;
તમે વ્યાપક વિશ્વાધાર, અંતરજામી રે—ટેક૦
વાલા સાદર લેજો સંભાળ, આતુર આવો રે;
પિરશું ભાવતણા ભોજન, પ્રેમે કરી પાવો રે.

જેમ આવ્યા વનડામાંય, પંચાળીની પાસે રે;
વાલા વિલંબ ન કીધી કાંઇ, સંભાળ્યા દાસે રે.
વાલા એમ આવોને આધાર, જમાડું જુગતે રે;
તમને અરપ્યાં તન મન ધન, વિવિધ રસ વિગતે રે.
વાલા છપ્પન ભોગ છત્રીશ, વ્યંજન વિધ વિધનારે;
તમે ભાવતણા ભગવાન, આરોગો અધૂના રે.
વાલા સરવ ભાવે છો સહાય, સ્વામી અમારા રે;
અમે કાલા ઘેલા કરતાર, તોએ તમારા રે.
વાલે મહેર કરી મનમાંય, નિજ જન જાણી રે;
વાલે પ્રેમે કર્યા પરસાદ, પીધાં ટાઢાં પાણી રે.
વાલા કરતા રહેજો મહેર, અરજી અમારી રે;
એમ કહે છે ઇશ્વરદાસ, અગલા તમારી રે.

પદ ૩૭ (રાગ—ધોળ તાલ દીપચંદી)

કરતાં શુરતીનો સાર વિચાર,
જીવોજી જાતા રહ્યા........ટેક૦

જડ મૂળથી કાપીને કાઢયા,
લઈને તત્ત્વમસિ તરવાર....જીવોજી૦ ૧

ક્ષણુ ક્ષણુમાં અણુછતા થાતા ઉભા,
બકતા વારંવાર............જીવોજી૦ ૨

ગાળો દેતાં તે ગમ નવ રાખતા,
કર્તા ભોકતાનો કરતા પોકાર—જીવોજી૦ ૩

ત્રણુ શરીર સહિત સિધાવિયા,
લઇને પોતાનો પરિવાર....જીવોજી૦ ૪
ગુરૂ કરૂણાથી ઈશ્વર કહે,
કાઢયા મારીને શત પેજાર....જીવોજી૦ ૫

કચ્છી ભાષાનાં ભજનો

પદ ૩૮ (રાગ—વધામણાની કાફી તાલ દીપચંદી)

જાનભ જીયજા આયા, જેડયું મૂંજા જાનભ જીયજા આયા—ટેક.
પ્રીય લગન થા પરદેઇ પ્યારા, મેરમ મન ભાયા....જેડયું. ૧
નેણે કરી હરિરૂપ નેયારીયાં, છાકવડીઅ છાયા....જેડયું. ૨
કુકર્મ કોટી જનમજા જેડયું, પલમેં પરલાયા....જેડયું. ૩
મેર નજર કરી નાથ નિવાજો, ઈશ્વર શિરનાયા....જેડયું. ૪

પદ ૩૯ (રાગ—વધામણાની કાફી તાલ દીપચંદી)

નિરખી ઠરેયા નેણુ સાજન સંત, નિરખી ઠરેયા નેણુ—ટેક.
અખિયનમિંજ ઓતારા ઉનકે, ડીયાં ભલ ભાવે ભેણુ....સા૦ ૧
વઇ વાલંભ હાંણે ગુજ્જયુની, ગાલ્યુ સુણાઇંધા મુંજા સેણુ—સા૦ ૨
કીંયની છડીયાં હાંણે છેડો તિનજો, મેરમ મહાસુખ દેણુ—સા૦ ૩
ઈશ્વર જીવન મુંહિંજો જગમેં, સંત ચરણજી રેણુ—સા૦ ૪

પૂ૦ બ્ર૦ મહારાજશ્રી લાલરામજી વિરચિત ભજનો.

પદ (૧ રાગ લાવણી અથવા ભેરવી તાલ ૩)

શ્રીગુરૂ ઇશ્વર દેવ દયાનિધિ, શરનાગત જન સુખકારી;
સંશય શોક નશાવન પાવન, મોક્ષ કરન ભવ ભયહારી–ટેક૦
દે અસિ નિજ ઉપદેશ જ્ઞાન ગુરૂ, સંશ્રૃતિ મૂલ સહિત ટારી;
ઇશ જીવ બીચ ભેદ છેદ કર, ઉપદેશત જન અધિકારી—૧
બોલત બચન સુધાકરવત નિત, શીતલ મૃદુ અમૃતવારી;
શરન સુખદ પાલક ગુરૂપદ રજ, અધમ ઉદ્ધારન બ્રદ ધારી—૨
ગુરૂ ગોપાલ વિચાર અખંડિત, રામ રટન કર રતધારી,
સોહં શબ્દ ઉચ્ચારત અનુદિન, બોધ કરનકી ગતિ ન્યારી—૩
જગ મંગલ મૂરતિ અતિ પ્યારી, ગુરૂ ઈશ્વર કર અવતારી;
લાલ બાલ નિજદાસ પાસ ગુરૂ, ભવજલ તુરત લીયો તારી—૪

પદ ૨ (રાગ લાવણી અથવા ભેરવી તાલ ૩)

ધર મન ધ્યાન શાન સદગુરૂકી, કયોં મદમસ્ત ફિરત માની;
ઈશ્વરરામ નામ રટ નિશદિન, પલમેં પાર પરત પ્રાની–ટેક૦
ભવદવદાહ દહત ખલુ ખર મન, જરત પરત ભવ બિનુ પાની;
નહિ ઉપદેસ સુનત સંતનકર, યહ અચરજ બડ હેરાની—૧
સમજત નહિ મતિ મંદ અભાગી, કુડ કપટકી હોઈ ખાની;
માયા મોહ ફિરત અધ અંધે, કયા મોહા જગ હૈ ફાની—૨
નહિં કછુ અપનાં હે સબ સપના, સમજ સાર ગુરૂકર જ્ઞાની;
મરમ યથારથ સમજ સયાના, ચરન કમલકી હો બાની—૩
ખેલ પ્રખર હૈ સદગુરૂ, સેવા બીજ મંત્ર મન લે માની;
ઇશ્વરરામ ચરણુ અંતર ધર, લાલ કાલ કર ભય ભાની—૪

॥ ૐ ॥

પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજશ્રી ઓધવરામજી વિરચિત ભજનો

પદ ૧ (રાગ—લાવણી તાલ ૩.)

સુખદાયક ગુરૂ સદન શાંતિકે, સુમરત સબ દુઃખ સદ હાની;
સદ્ગુરૂ સમ નહિ સકલ લોકમેં, નિજાનંદ સુખકે દાની—ટેક૦
સુધા સિંધુકો ભેદ બતાયો, અખિલ આપદા અલપાની;
ઇન્દ્રાદિક પદકી નહિ આશા, મિટી સબ મનકી ગ્લાની—૧
માયા રચિત લોક સબ મિથ્યા, નામ રૂપ સબ હૈં ફાની;
દિવ્ય બોધ અસ દેત નિરંતર, ઉપદેશત અનુભવ બાની—૨
એક બ્રહ્મ અદ્વૈત અખંડીત, નભવત સબ એસે જાની;
સમતા પદમેં સદા બિરાજે, સુરતિ ભઈ જિનકી શ્યાની—૩
શીલવાન શીતલ સમદરશી, આતમવેતા નિરમાની;
ઉદ્ધવદાસ સદા અંતર ધર, લાલરામ સદગુરૂ જ્ઞાની—૪

પદ ૨ (રાગ લાવણી તાલ ૩.)

મન મદ તજકર સજકર સાધન, સુમરહુ સદગુરૂ સુખ પાવે;
વિવિધ આપદા કરી પરિપૂરણ, શ્રમબિનુ સદભવ તરી જાવે. ટેક
જપ તપ તીરથ યોગ યાગ પુનિ, અનસન વ્રત મુનિ દરશાવે;
તિન કર ફલ ભાષત ભવ નાના, ગુરૂસેવા સમ સો નાવે—૧

યાચત ગુરૂપદ રજ હરિ હર અજ, શિરપર ધર ઉર ઉમગાવે;
શુક સનકાદિક શેષ શારદા, સબ સદગુરુકે ગુણ ગાવે—૨
ગુરૂ છબિ દમકત દિવ્ય કાંતિ કર, મનમરદન અતિ શરમાવે;
સદ્ય મિટત સંતાપ દરશતે, પૂરન સુખકો પરશાવે—૩
બડે ભાગ્ય પ્રગટે જબ જિનકે, સો ગુરૂકે પદકો ધ્યાવે;
લાલરામ ગુરૂકે પદ સેવન, કર ઉદ્ધવ દુઃખ વિરમાવે—૪

પદ ૩ (રાગ પીલુ તાલ દીપચંદી.)

ભજન વિના કયોં વખત ગુમાવે, અવસર એસો ફેર ન આવે. ટેક
ગર્ભવાસમેં કિયા કરારા, ભૂલ ગયા અબ સરજનહારા—ભ૦૧
જન્મ મરણુકા ભય હય ભારી, તાતે સુમરી લીજે મોરારી ભ૦૨
કામ ન આવે સુત વિત્ત દારા, માયાકા સબ જુઠ પસારા. ભ૦૩
ઇશ્વરકા આરાધન કીજે, દાસ ઉદ્ધવકા માની લીજે. ભ૦૪

પદ ૪ (રાગ પીલુ તાલ દીપચંદી)

સંત સમાગમ અહો નિશ કીજે, જન્મમરણુકે બંધન છીજે. ટેક
સંતવિના સુધ કોન બતાવે, ભવસાગર જલમેં બહીજાવે. સં૦૧
સંતસમાગમ સો અતિનીકો, રૂપ જનાવત હૈ હરિજીકો. સં૦૨
મોહનિશાસે સંત જગાવે, નિજ આતમ અંતર દરશાવે. સં૦૩
સંતનકી મહિમા હૈ ભારી, દાસઉદ્ધવ કહે મિલતમોરારી. સં૦૪

પદ ૫ (રાગ પીલુ તાલ દીપચંદી)

પ્રભુ પૂરણ હૈ અપને માંહી, જ્ઞાન વિહીને દેખે નાંહી૦ ટેક
કાશી પ્રયાગ હરિદ્વાર રામેશ્વર, વૃંદાવન કહે હૈ સર્વેશ્વર–પ્ર૦ ૧

દેશ વિદેશમેં યોં ભરમાને, હરિ અંતરમેં સો નહિ જાને–પ્ર૦૨
મૃગ નાભીમેં હૈ કસ્તુરી, હરિ હિરદેમેં ત્યોં નહિં દૂરી–પ્ર૦૩
ઉદ્ધવદાસ કહે ઉરમેં દેખો, નામ રૂપકો મિથ્યા લેખો–પ્ર૦૪

પદ ૬ (રાગ પીલુ તાલ દીપચંદી)

વાચ્ય જ્ઞાનસે મોક્ષ ન પાવે, ભવસાગરમેં આવે જાવે–ટેક૦
પાની કહેસે મિટત ન પ્યાસા,
ઇષ્ટ મિલે બિન મિટત ન આશા—વાચ્ય ૧
તાતે ગુરૂગમ તત્ત્વ વિચારો,
મૂલ શબ્દમેં સુરતિ ધારો—વાચ્ય૦ ૨
માયા મમતા તૃષ્ણા ત્યાગો,
રામ નિરંજનમેં અનુરાગો—વાચ્ય૦ ૩
ભવ તરનેકો ભેદ બતાયો,
કહે ઉદ્ધવ આશય દરશાયો—વાચ્ય૦ ૪

પદ ૭ (રાગ ભૈરવી તાલ ૩)

રહે નહિ રાજા રાના, એક દિન છોડ સબે ચલ જાના—ટેક૦
ખેલ મુસાફર હૈ દો દિનકા, આખિરમેં મરજાના—એકદિન ૧
બાજીગર જૈસી સબ રચના, તિનમેં કયા ભરમાના—એ૦ ૨
આદમ તેરા નામ મુસાફર, કયા કરના અભિમાના—એક૦ ૩
જૂઠા હૈ જંજાલ મુસાફર, સુમર પ્રભુકો શ્યાના—એક૦ ૪
દાસ ઉદ્ધવ કહે મિલના કઠિન હૈ, ઐસા ઉત્તમ ટાના—એક૦ ૫

—:o:—

ગુજરાતી ભાષાનાં ભજનો

પદ ૮ (રાગ—પરજ તાલ દીપચંદી)

ધરજે ધરજે હરિનું ધ્યાન, ધીરજ મન આણી રે;
મૃગજળ જેવો આ સંસાર, એવું નિશ્ચે જાણી રે-ટેક.
સ્વારથ સારૂ કરે સૌ સ્નેહ, જગતની એ રીતી રે;
વિશ્વનાથ વિષે ચિત્ત ધાર, પૂરણ કર પ્રીતિ રે—૧
સમજી લેવું ચતુર સુજાણ, માયા ઠાઠ ખોટા રે;
એને જાતાં ન લાગે વાર, પાણી પરપોટા રે—૨
આ છે ચંચલ ચપલા જેમ, આયુ અસ્થિર તારી રે;
અંતે જાવું એકાએક, હરિ લે સંભારી રે—૩
એવું સમજી ચેત અચેત, પ્રભુ સ્મરણ કરવું રે;
એમ કહે છે ઓધવદાસ, બીજું પરિહરવું રે—૪

પદ ૯ (રાગ—પરજ તાલ દીપચંદી)

રહેજે રહેજે સદાનંદમાંય, સુબોધ વિચારી રે;
સત ચિદ આનંદ આદિ અંત, સ્વરૂપ સંભારી રે-ટેક.
જીવ ઇશ્વરમાં જે ભેદ, માયાથી ભાસે રે;
અસિ પદનો કરતાં વિવેક, અદ્વૈત પ્રકાશે રે—૧
આતમ જ્યોતિ સદા સુખરૂપ, અખંડ અનાદિ રે;
એને જોતાં મિટે જંજાળ, કહે વેદ વાદી રે—૨
અંતર બાહિર સૌમાં એક, પ્રભુને જાણો રે;
અવિનાશી કરી અપરોક્ષ, બ્રહ્માનંદ માણો રે—૩

જ્ઞાની ગુરૂથી લઇને જ્ઞાન, આપાપણું ટારો રે;
એમ કહે છે ઓધવદાસ, સ્વરૂપે સુરતિ ધારો રે—૪

પદ ૧૦ (રાગ—પરજ તાલ દીપચંદી)

શરણે રાખો ગુરૂ દીનદયાળા રે, સેવક જાણી આપો નિજ સેવારે;
ભવદુઃખ ભંજન પાલક સ્વામી, ગંજન ગર્વ નિરંજન દેવા રે-ટેક
સંસાર સાગર દુસ્તર ભારી રે, તેને દેખી ડર્યું મન મારૂં રે;
જ્ઞાન નાવ પર નાથ ચઢાવી, પાર કરો બીજું નથી બારૂં રે-૧
દેવી દેવતા સગા સંબંધી રે, સ્વારથ સાથી મેં સર્વે જોયા રે;
વિના પ્રયોજન સંત પુરૂષ છે, પર ઉપકારે જેનાં મન પ્રોયારે-૨
આપ સદા છો ઇષ્ટ અમારા રે, અહોનિશ અંતરમાં ધારૂં રે;
સ્મરણ શ્રી ગુરૂદેવ તમારૂં રે, લાગે મુજને બહુ સારૂં રે-૩
માત પિતાદિક ભ્રાત ને ભગની રે, કુલ કુટુંબ પ્રભુ સૌ ત્યાગીરે;
કહે ઓધવ ગુરૂદેવ આપને, ચરણે રહ્યું મારૂં મન લાગી રે-૪

પદ ૧૧ (રાગ—પરજ તાલ દીપચંદી)

નાથ નિરંજન નેણે નિરખ્યા રે, વૃત્તિ અંતર સુખ પામી રે;
કર્મ ભર્મની કલ્પના છુટી, વિષમતા સર્વે વામી રે-ટેક૦
અગમ માર્ગ એ છે એવો રે, વિરલા જન ત્યાં કોઈ ફાવે રે;
આધાર વિના જેમ ખેલછે નટનો, ખ્યાલ ચૂકે તો મોત આવેરે-૧
જીવતાં મરવું ઉલટ ચડવું રે, મીન મારગ દુર્ગમ ભાઇ રે;
શિરના સાટાં જે કોઈ કરશે, માણે મોજ બ્રહ્મમાં જાઇ રે-૨
વાચ્ય જ્ઞાનના જે છે વિલાસી રે, અંતરની ગતિ શું જાણે રે;
અરક ઉજાસને ઉલુક ન દેખે, બ્રહ્માનંદ સુખ કેમ માણે રે-૩

નુરતને વારી સુરત સંભારીરે,શબ્દ શોધીને ખોલે દશમી બારીરે;
ઓધવદાસ કહે લાલ પ્રતાપે, તે પર હું જાઉં બલીહારી રે-૪

પદ ૧૨ (રાગ ધનાશ્રી તાલ ૩.)

મનને મારનહાર, જગતમાં મનને મારનહાર—ટેક૦
લાખ કરોડમાં કોઇક દીસે, જોયું ફરી સંસાર—જગતમાં૦ ૧
જન્મોજન્મનું એ છે વેરી, યોગી કોઇક જીતનાર—જ૦ ૨
તીવ્ર વૈરાગ્યને તત્ત્વ અભ્યાસે, વિરલા વશ કરનાર—જ૦ ૩
ઓધવદાસ કહે કાયર નરથી, કદી નહિં ડરનાર—જ૦ ૪

પદ ૧૩ (રાગ ધનાશ્રી તાલ ૩.)

ઇષ્ટ છે ઇશ્વરરામ, અમારા ઇષ્ટ છે ઇશ્વરરામ—ટેક૦
તત્ત્વવેત્તા શીતલ સુખરાશી, શાંત સ્વરૂપ તમામ-અમારા૦ ૧
સંતશીરોમણી સુખના સાગર, શીલવંત નિષ્કામ-અમારા૦ ૨
કંચન લોષ્ટસમ કરિ જાને, વિષયોથી ઉપરામ-અમારા૦ ૩
એવા ગુરૂના ચરણે ઓધવ, મન પામે વિશ્રામ-અમારા૦ ૪

પદ ૧૪ (રાગ રામગરી તાલ દીપચંદી)

રામ ભજો રૂડી રીતથી, સુખ નિજાનંદ લેવા;
અંતર ટાળો આપદા, કરો હરિ ગુરૂની સેવા—ટેક૦
વાચ્ય વિલાસને પરહરિ, ધ્યાન સમયને વીતો;
કામ ક્રોધાદિ વેરી મોક્ષનાં, શુભ વૈરાગ્યે જીતો—રામ૦ ૧
પૂર્ણ પરિબ્રહ્મને જુઓ, વેદ શાસ્ત્ર વિચારી;
સત ચિદ આનંદ રૂપને, લ્યો અંતરમાં સંભારી—રામ૦ ૨

ગજ ગનિકાને ભીલડી, પાપી અજામિલ જેવા;
ભજન પ્રતાપે ઉગર્યા, અધમ હતા તે કેવા—રામ૦ ૩
ભજન મહિમા શું કહું, શેષ પાર ન પાવે;
ઓધવદાસ કહે હરિ ભજો, ફરી જન્મ ન આવે—રામ૦ ૪

પદ ૧૫ (રાગ રામગરી તાલ દીપચંદી.)

માન મૂકીને રે માનવી, સદગુરૂ શરણે રહેવું;
કુડ કપટ ત્યાગી કરી, ચરણોમાં ચિત દેવું—ટેક૦
અનેક જન્મનાં લેખજે, ગુરૂ કરૂણાથી ત્રુટે;
અંતરમાં આનંદ ઉપજે, કાલ કર્મ ભય છુટે—માન૦ ૧
ગુરૂ તે ઇશ્વર રૂપ છે, ભેદ ભાવ ન આણો;
બ્રહ્મવેત્તા બ્રહ્મરૂપ છે, એવા વચન પ્રમાણો—માન૦ ૨
દેવી દાનવ દેવતા, ભૂત પ્રેત જે સેવે;
સમર્થ ગુરૂ છોડી કરી, લક્ષ ચોર્યાશી લેવે--માન૦ ૩
હરિજન એવું વિચારીને, પાખંડને પરિહરજો;
ઓધવદાસ કહે પ્રેમથી, સદગુરૂને અનુસરજો--માન૦ ૪

પદ ૧૬ (રાગ રામગરી તાલ દીપચંદી)

અખંડ સ્વરૂપી આતમા, મન વાણીમાં નાવે;
નેતિ નેતિ કહીને સ્તવે, વેદ પાર ન પાવે--ટેક૦
ઋષિ મુનિ સૌ તેને કહે, નામ રૂપથી ન્યારો;
અકલ અનાદિ અનંત છે, વર્ણ બાવનથી બહારો-અખંડ ૧
દૃશ્ય પદારથ માનજો, રજ્જુ ભુજંગની રીતે;
એક અખંડિત બ્રહ્મ છે, જુવો વિચારી પ્રીતે....અખંડ૦ ૨

વૃક્ષછાય વૃક્ષરૂપ છે, બાળ બુદ્ધિ ભિન્ન માને;
અનુભવી સંત વિવેકથી, કાર્ય કારણ કરી જાને....અખંડ૦ ૩
સ્વપ્ને પદારથ સ્વપ્નમાં, દૃષ્ટા રૂપજ જાણો;
ઓધવદાસ તેમ વિશ્વને, બ્રહ્મ અભિન્ન પ્રમાણો....અખંડ૦ ૪

પદ ૧૭ (રાગ—રામગરી તાલ દીપચંદી)

ઉલટ ફરીને રે ગોતજો, વસ્તુ છે નિજ ઘરમાં;
બહાર ગોતેથી નહિ જડે, જાગી જુવો અંતરમાં-ટેક૦
કસ્તુરી મૃગ નાભીયે, ગોતે વનમાં ઘાસે;
અજ્ઞાની તેમ આથડે, સર્વ પ્રકાશી પાસે....ઉલટ૦ ૧
શશી ચાહે જેમ શીતને, ભાનુ તેજને ચાહે,
તેમ ચાહે છે બ્રહ્મને, જોયા વિણુ પોતા માંહે....ઉલટ૦ ૨
ગુરૂગમ સાર વિચારજો, બેસી ચોક્કસ સ્થાને;
સમ દમ સાધન સાધીને, સોહંને ધરો ધ્યાને....ઉલટ૦ ૩
દ્વૈત ભરમનો ભાસ તે, એક ઘડીમાં નાશે;
સત ચિદ આનંદ આતમા, ઓધવ ઉરમાં પ્રકાશે....ઉલટ૦ ૪

પદ ૧૮ (રાગ—કાફી તાલ દીપચંદી)

સુરતા સ્વરૂપે ધારરે, મનવા મોહ તજીને, સુરતા સ્વરૂપે ધાર—ટેક
ભવસાગરનો અંત ન આવે, વિષય વાસના ટાર રે....મ૦ ૧
તન ધન જોબન કામ ન આવે, મમતા મેલ નિવાર રે....મ૦ ૨
આજ કાલમાં જાવું પડશે, જગજીવન દીન ચાર રે....મ૦ ૩
ઓધવદાસની માની શિખામણ, કામાદિ વેરી માર રે....મ૦ ૪

પદ ૧૯ (રાગ કાફી તાલ દીપચંદી)

ભજન વિના ન ઉદ્ધારરે, મનવા હરિ તણારે, ભજન વિના–ટેક
તનમનધન કુલણાન કરીને, રાજી કર કિરતાર રે–મનવા. ૧
જન્મ મરણનું કષ્ટ નિવારે, શ્રી હરિ સરજનહાર રે–મનવા. ૨
દુખ આવે ત્યારે એજ ઉગારે, ભવસંકટ હરનાર રે–મનવા. ૩
દાસ ઓધવ કહે રામ ભજીલે, જીવન તારૂં સુધાર રે–મનવા. ૪

પદ ૨૦ (શ્રી થાળ રાગ આશાવરી તાલ ૩)

વિશ્વંભર વહેલા આવો, પ્રેમે કરવા પય પાન;
અમ સેવકની છે અરજી એટલી,કરજો પ્રભુ કાન....ટેક.
મને ભાવ ભક્તિને નાતે, ફલ ફૂલ પત્ર જલ આપે;
આપેલ જમું છું જાતે, એમ અર્જુનને આપ્યું જ્ઞાન–વિ૦ ૧
નિજ ભક્ત વિદુર ઘર ભાજી, જમિયા મનમાં થઈ રાજી;
કયાં હતી બનેલી તાજી, જમતાં ભૂલી ગયા ભાન–વિ૦ ૨
મીરાંના કારજ કીધાં, શબરીનાં ઓરજ લીધાં;
પય નામ દેવનાં પીધાં, તે શું તમને નથી ધ્યાન–વિ૦ ૩
ભક્તોનાં સંકટ હર્તા, છો સૌના પાલન કર્તા;
ઓધવને નથી વિસરતા, સુખના સિંધુ ભગવાન–વિ૦ ૪

પદ ૨૧ (રાગ ભજન તાલ ૩.)

અંતે સંત વિમુખ નર ભવ ભટકે,
ભવ ભટકે ઉંધે શિર લટકે....ટેક૦
જમના દૂત જ્યારે મારે જટકે,
સંત વિમુખ દુખ ચિત અટકે—અંતે૦ ૧

27

સંત સમાગમ કરતા અહીં અટકે,
પરલોકનાં તે દુખડાં ચિત ખટકે—અંતે૦ ૨
નિંદક નરને નરકે કીટ ઘટકે,
પછી હાયહાય કરીને શિર પટકે—અંતે૦ ૩
હાંસી ખેલ મૂરખા કરે મટકે,
ઓધવદાસ કહે જમડા દેશે ફટકે—અંતે૦ ૪

પદ ૨૨ (રાગ ભજન તાલ ૩.)

સાચા સંત શૂરા તે વાસ ગગને કરે,
ગગને કરે નિર્ભય થઇ વિચરે—ટેક૦
નુરત સુરત સોહં શબ્દમાં ધરે,
સહજ સમાધિ લાગે ત્રિપુટી પરે-સાચા૦ ૧
અદભૂત આનંદ અમૃત જરે,
પાન કરી તન સુધ વિસરે-સાચા૦ ૨
દેહ અભિમાની નરને જમડા હરે,
સમરથ સંત દેખી કાલ ડરે-સાચા૦ ૩
ઓધવદાસ પ્રભુને ભજતાં કારજ સરે,
તારે બીજાને સંતો પોતે તરે-સાચા૦ ૪

પદ ૨૩ (રાગ ભજન તાલ ૩.)

નરદેહનો લાવ લેવો રે, હરિજન પ્યારા—ટેક૦
મન વિષયોથી વારી, ધીરજ અંતરમાં ધારી;
ઇશ્વર જાણી ગુરૂને સેવો રે, હરિજન પ્યારા—૧

લક્ષ નિશાને દેજો, પરિબ્રહ્મને ગોતી લેજો;
આવે નહિ ફરીથી અવસર એવો રે, હરિજન પ્યારા—૨

સર્વેશ્વર સૌના સ્વામી, અવિનાશી અંતરજામી;
જ્ઞાને અંતરમાં ગોતી લેવો રે, હરિજન પ્યારા—૩

સંત સમાગમ કરજો, હરિને અંતરમાં ધરજો;
ઓધવ કહે આનંદ મળશે એવો રે, હરિજન પ્યારા—૪

પદ ૨૪ (રાગ ભજન તાલ ૩.)

ઉઠો કાં સુતા છો રે, ખાટલે શું ખુતા છો રે,
માથે મોત નગારૂં વાગે—ટેક૦

આજ કાલનો કરતાં કરતાં, વર્ષ સાઠનો લાગે,
તું તો વર્ષ સાઠનો લાગે;
કથા શ્રવણમાં કાન ન આપે, સૌથી વહેલો ભાગે રે,
ભાઈ સૌથી વહેલો ભાગે—ઉઠો૦ ૧

માયાની મમતામાં સુતો જગાડતાં નવ જાગે,
ભાઇ જગાડતાં નવ જાગે;
નારાયણનું નામ ન લીધું, મોક્ષ મળે નહિં માગે રે,
ભાઇ મોક્ષ મળે નહિ માગે—ઉઠો૦ ૨

સૌને સામો થઈને ચાલે, ફણો ચડાવી નાગે,
જાણે ફણો ચડાવી નાગે;
રાજી થઈ પરકાજ બગાડે, ઇર્ષ્યામાં અનુરાગે રે,
ભાઈ ઇર્ષ્યામાં અનુરાગે—ઉઠો૦ ૩

અભાગીઆને અવળું સુજે, ગાતો હીંડે રાગે,
ભાઇ ગાતો હીંડે રાગે;
ઓધવદાસ કહે એવાને, જમ ચડાવશે ઠાગે રે
ભાઈ જમ ચડાવશે ઠાગે—ઉઠો૦ ૪

પદ ૨૫ (રાગ ભજન તાલ દીપચંદી.)

ભાવ ધરી હરિગુરૂ સંતને રીઝાવરે,
આપદા ટાળે મૂળથી રે જી—ટેક૦
ભાવ વિના નવ ઉદ્ધરે, કોટી કરે ઉપાય;
ભાવ વિના ભક્તિ કરે, મલીનતા કેમ જાયરે–આપદા૦ ૧
સ્વાતિ બિંદુમાં છીપને, પ્રેમ તણો નહિં પાર;
સાચા મોતી ઉપજે, જેનું મૂલ્ય અપાર રે–આપદા૦ ૨
ચકોર ચાહે ચંદ્રને, મેઘને ચાહે મોર;
પ્રીતિ એવી રાખજે, પામીશ પરિબ્રહ્મ ઠોર રે–આપદા૦ ૩
મન વાણી કર્મે કરી, તજી કપટ અભિમાન;
હરિગુરૂ સંતને સેવજે, મળશે તો ભગવાન રે–આપદા૦ ૪
પ્રીતિવશ હરિ સંત છે, પ્રીત વિના ન રીઝાય;
કહે ઓધવ એમ જાણજે, પ્રેમથી કારજ થાયરે–આપદા.૫

પદ ૨૬ (રાગ ભજન તાલ દીપચંદી)

આવો અવસર ચાલ્યો જાય રે, ભજીલે હરિ હેતથીરેજી....ટેક૦
ગર્ભવાસમાં કોલ દઈ, ભૂલી ગયો શું ભાન;
કર સમરણ કીરતારનું, નકા થઇશ હેરાન રે–ભજીલે૦ ૧

ગયું બાળપણ ખેલમાં, યૌવન નારી સંગ;
ચિંતામાં ગઢપણ ગયું, તોય ન લાગ્યો રંગ રે-ભજીલે૦ ૨
માત પિતા સુત પ્રેમદા, કોઇ ન આવે કામ;
અંતે જાવું એકલું, સાથે સીતારામ રે-ભજીલે૦ ૩
ગઇ પળ પાછી નહીં મળે, કરજો ખૂબ કમાઇ;
કહે ઓધવ હરિને ભજો, અંતર રાખી સચાઇ રે-ભજીલે૦ ૪

પદ ૨૭ (રાસ રાગ—પરજ.)

સાધુ સંતમાં રાખજો પ્રીત રે વીર,
આવો અવતાર ફરી નહિ મળે રે—ટેક૦
ભરત ખંડમાં નર દેહ પામીયો રે,
હવે જીંદગી સુધારી કરો જીત રે વીર....આવો૦ ૧
ઉપકારનાં કામ કરી લ્યો હવે રે,
ધરો સાચી શિખામણ ચિત્ત રે વીર....આવો૦ ૨
સમભાવે સૌ સાથે રહો રે,
એવી ઉત્તમ પાળો રીત રે વીર....આવો૦ ૩
કંઇક ભાતું કરો પરલોકનું રે,
અંતે કાળ લઇ જાશે અજીત રે વીર....આવો૦ ૪
સર્વે ખોટા છે ખેલ સંસારના રે,
તેમાં થાઓ ન અંધા ભીત રે વીર....આવો૦ ૫
ભાવે ભક્તિ કરો ભગવાની રે,
કહે ઓધવ જીતસો મીત રે વીર....આવો૦ ૬

પદ ૨૮ (રાસ રાગ—ધનાશ્રી)

સત્ય વિભુષણુ ધારો, એનો સૌ સત્ય વિભુષણુ ધારો;
રાતદિવસ ખરો ખટકો રાખો, કુમતિ બાઈને વોરાવો–એનો–ટેક.

સાખી.

આદિ તે આળસ તજી, ધરો હરિનું ધ્યાન;
મરયાદાથી ચાલશો, તો મળશે ભગવાન.
અંતરથી ઈર્ષ્યાને ત્યાગી, મૃદુલ વાણી ઉચારો....એનો૦ ૧

સાખી.

સોમે શુદ્ધ વિચારથી, સજી શુભ શણગાર;
મુકી મમતા માનને, તુરત ભજો કિરતાર.
કુડ કપટને કાઢજો રે અળગા, સાથે કાઢી કારીયારો....એનો૦ ૨

સાખી.

ભોમે ભીડ પડે કદી, જાય કદાચિત શિશ;
ટેક ટકાવી રાખજો, રક્ષક છે જગદીશ.
ભીડ ભંજન પ્રભુ બિરદ સંભારી, ઉગારે ટેક રાખનારો–એ૦ ૩

સાખી.

બુધ્ધે બુદ્ધિ શુદ્ધ કરી, દ્યો દીનોને દાન;
જો દેશો તો પામશો, સમજણ ધરજો કાન.
આવો તે અવસર ફરી નહીં આવે, દાન આપી હાથ ઠારો–એ૦ ૪

સાખી.

ગુરૂએ ગુરૂ જ્ઞાની કરી, કરો સદા સતકાર;
કરૂણાલય કરૂણા કરી, કહેશે તત્ત્વ વિચાર.
શ્રવણ મનન નિદિધ્યાસન કરીને, ત્રિવિધ તાપને નિવારો–એ. ૫

સાખી.

શુક્રે શબ્દ વિષે ધરી, સુરત નુરત નિશાન,
અડોલ વૃત્તિ રાખીને, ભૂલો તન અભિમાન.
અંતરમાં પ્રભુને અવલોકી, ટારો અવિદ્યા પસારો–બેનો૦ ૬

સાખી.

શનીએ સૌમાં દેખજો, ભૂધર છે ભરપૂર;
ભેદ ભાવના પરહરી, અંતર દેખો નૂર.
પ્રેમ મગન થઈ હરિ ગુણ ગાશો, થશે સફલ જનમારો–બે૦ ૭

સાખી.

ઉપદેશ આપ્યો પ્રેમથી, વેદ વચન અનુસાર;
હેતે સૌ જન સાંભળો, ટળશે આ સંસાર.
ઓધવરામ કહે વાસના નિવારી, આતમા રામને સંભાળો–બે.૮

ૐ

॥ ૐ ॥

વેદાંતભૂષણ પંડિતશ્રી અચલદાસજી મહારાજ વિરચિત ભજનો.

પદ ૧ (રાગ નટકેદાર તાલ દાદરો.)

અંતર જપીએ ઓમ ઓમ, આનંદ પ્રકટે રોમ રોમ-ટેક૦
પ્રથમ જપમાં વૃત્તિ ધરવી, પછી અર્થની ભાવના કરવી;
શોભે સુહૃદય વ્યોમ વ્યોમ, અંતર જપીએ ઓમ ઓમ-૧
અ, ઉ, મ, તથા અમાત્ર વિચારો, લક્ષ્ય સ્વરૂપે મનને ધારો,
ઉગે અનુભવ સોમ સોમ, અંતર જપીએ ઓમ ઓમ-૨
તન્મય વૃત્તિ બને જે વાર, આવરણ ભંગ થાય તે વાર;
જે રીતે ફૂટે બોમ બોમ, અંતર જપીએ ઓમ ઓમ-૩
એમ અભ્યાસે ભાન ભૂલાય, અચલ આત્મસાક્ષાત્કાર થાય,
એવું છે જપમાં જોમ જોમ, અંતર જપીએ ઓમ ઓમ-૪

પદ ૨ (રાગ- ગજલ કવ્વાલી તાલ ૩.)

ચઢાવી પ્રેમનું ચંદન, કરૂં ગુરૂદેવને વંદન—ટેક.
દેખાડયો દેશ ઇશ્વરનો, ગયો સંશય અનીશ્વરનો;
સમર્પ્યું જ્ઞાનનું અંજન, કરૂં ગુરૂદેવને વંદન—૧
દયા ગુરૂદેવની જ્યારે, થઇ સુખિયા થયા ત્યારે;
અવિદ્યાનું થયું ખંડન, કરૂં ગુરૂદેવને વંદન—૨

ઓળખ્યા એક અવિનાશી, સચ્ચિદાનંદ સુખરાશી;
થયું અદ્વૈતનું મંડન, કરૂં ગુરૂદેવને વંદન—૩
અચલ સુખ છે ગુરૂ ચરણે, એમ જાણી થયા શરણે;
નાશ પામ્યા બધા બંધન, કરૂં ગુરૂદેવને વંદન—૪

પદ ૩ (રાગ ગજલ કવ્વાલી તાલ ૩.)

મિથ્યા સંસારની માયા, ધ્યાન ગુરૂદેવનું ધરીશું—ટેક૦
વિલાસો વિશ્વના ખોટા, પાણીના જેમ પરપોટા;
મૃષા જાણી પરિહરીશું, ધ્યાન ગુરૂદેવનું ધરીશું—૧
વાસનાની ત્યજી વ્યાધિ, શમાદિ સાધનો સાધી;
કામના રામની કરીશું, ધ્યાન ગુરૂદેવનું ધરીશું.—૨
મોક્ષ સુખ પામવા માટે, વિદિત વેદાંતની વાટે;
વિમલ દૃષ્ટિથી વિચરીશું, ધ્યાન ગુરૂદેવનું ધરીશું—૩
સમાગમ સંતનો સારો, અચલ આનંદ દેનારો;
સંતના સંગમાં ફરીશું, ધ્યાન ગુરૂદેવનું ધરીશું—૪

પદ ૪ (રાગ ગજલ કવ્વાલી તાલ ૩.)

વદે છે વેદને શાસ્ત્રો, પ્રેમનો પંથ છે ન્યારો—ટેક૦
વસે સંગ્રામમાં વીરો, ભૂલી તનભાનને ધીરો;
સહે છે તીર તરવારો, પ્રેમનો પંથ છે ન્યારો—૧
પ્રકાશે પ્રેમની જ્યોતિ, શોક સંતાપને ખોતી;
બોલે ઉર ઓમ એકતારો, પ્રેમનો પંથ છે ન્યારો—૨
ભજે ભગવાનને યોગી, આત્માનંદના ભોગી;
લાગે સંસાર પણ ખારો, પ્રેમનો પંથ છે ન્યારો—૩

પ્રભુમાં પ્રેમ છે જેને, અચલ આનંદ છે તેને;
ઉતાર્યો ભવ તણો ભારો, પ્રેમનો પંથ છે ન્યારો—૪

પદ ૫ (રાગ ગજલ કવ્વાલી તાલ ૩.)

પ્રેમ છે પંથ મુક્તિનો, આપે આનંદ આત્માને—ટેક૦
વાસના સર્વની વામે, પ્રેમથી બ્રહ્મસુખ પામે;
ત્યજે ક્ષણમાં અનાત્માને, આપે આનંદ આત્માને—૧
ભાવના ભવ તણી ભાંગે, પ્રભુના ધ્યાનમાં લાગે;
મળે શાંતિ નિજાત્માને, આપે આનંદ આત્માને—૨
સાધના પ્રેમથી સાધે, એક ઇશ્વરને આરાધે;
કરે સાક્ષાત સ્વાત્માને, આપે આનંદ આત્માને—૩
જીવન છે પ્રેમમય જેનું, સફળ સાધન થયું તેનું;
અચલ દેખે પરાત્માને, આપે આનંદ આત્માને—૪

પદ ૬ (રાગ ભજન તાલ ૩.)

પ્રભુને ભજીલે મનવા પ્રેમે કરી,
પ્રેમે કરી મનમાં કાંઇક ડરી—ટેક૦
પૈસાના પૂરમાં તું વિસર્યો હરિ,
લાખો કમાણો વૃત્તિ તોય નાવરી રે-પ્રભુ૦ ૧
આવી સુંદર કાયા પળમાં જાશે બરી,
અબળા રોશે તારી આંસુડા ભરી રે-પ્રભુ૦ ૨

ગર્ભવાસનાં તે દુખડાં ગયાં વિસરી,
બહાર આવીને તારી બુદ્ધિ ગઈ ફરી રે-પ્રભુ૦ ૩
ઊંડી આશાને હવે મેલ તું પરી,
કહે અચલદાસ અંતે જાવું છે ગરી રે-પ્રભુ૦૪

પદ ૭ (રાગ ભજન તાલ ૩.)

આવો અવતાર ખોયો ચિંતામણી,
ચિંતામણી ખોટો ભાર ખણી રે—ટેક૦
નાત જાતમાં તું પામ્યો મોટાઇ ઘણી,
તેથી કુડા કામની તે ભીંતો ચણી રે-આવો૦૧
કુંખ લજાવી તેં તો જનની તણી,
મીઠામેરામણને મેલી તાપ્યો તાપણીરે-આવો.૨
કાળ રહ્યો છે માથે દિવસો ગણી,
ઓચિંતા ઉપાડી જાશે થાપ હણીરે-આવો૦ ૩
પરલોકનો છે મારગ ભાલાની અણી,
કહે અચલદાસ લેખાં લેશે ધણી રે-આવો૦ ૪

પદ ૮ (રાગ ભજન તાલ ૩.)

અવિદ્યાના ઘેનમાં તે જોયું નહીં જાગી રે,
માથે કાળની નોબત વાગી રે—ટેક૦
જરારૂપી જમરાજાની નોટીશ આવી રે,
તે તો તોપણ નિદ્રા ન ત્યાગીરે-અવિદ્યાના૦ ૧
જોયા જમદૂત ત્યારે મનમાં મુંઝાણોરે,
હવે કેમ શકે તું ભાગી રે-અવિદ્યાના૦ ૨

આંખ ઉઘાડી તે તો ઉંચુ નવ જોયું રે,
તારા ઘરમાં લાય આવી લાગીરે—અવિદ્યાના૦ ૩
કહે અચલદાસ ગુરૂ ઓધવ પ્રતાપે રે,
હવે અવધી મળે નહિ માગીરે—અવિદ્યાના૦ ૪

પદ ૯ (રાગ ભજન તાલ ૩)

ભવના વિલાસમાં તું ભૂલી બેઠો મરવાનું,
તને ભજન ગમે તે શાનું રે—ટેક૦
માનવ દેહરૂપી નૌકા તું પામ્યો રે,
તોએ સુઝયું નહીં તરવાનું રે—ભવના૦ ૧
દેશ વિદેશમાં તું ધનને માટે ધાયો રે,
તેમાં ભૂલી ગયો કરવાનું રે—ભવના૦ ૨
આવા અવતારમાં તે પ્રભુ નવ જાણ્યા રે,
ખાલી સમજ્યો ઉદર ભરવાનું રે—ભવના૦ ૩
કહે અચલદાસ ગુરૂ ઓધવ પ્રતાપે રે,
તે તો ભાતું કર્યું નહીં ત્યાંનું રે—ભવના૦ ૪

પદ ૧૦ (ધ્વનિ રાગ—ભીમપલાસ તાલ ૩)

સંતોના સંકટ દૂર કરે, શ્રીરામ હરે શ્રીરામ હરે....ટેક૦
ભૂમિનો ભાર વધે જ્યારે, ઇશ્વર અવતાર ધરે ત્યારે;
સાધુ જનનાં કારજ સુધરે, શ્રીરામ હરે શ્રીરામ હરે—૧

મુનિ યજ્ઞતણું રક્ષણુ કીધું, અહલ્યાને ઉચિત ધામ દીધું;
તાડીકા પ્રહારી એક શરે, શ્રીરામ હરે શ્રીરામ હરે—૨
શંકર ધનુના બે ખંડ કર્યા, ભૂપાલ જનક આનંદ ભર્યા;
આકાશે સુર જય જય ઉચરે, શ્રીરામ હરે શ્રીરામ હરે-૩
નવ રાખી રાજ્યતણી પરવા, પિતુ વચન સત્ય પાલન કરવા;
શ્રીરામચંદ્ર વન વન વિચરે, શ્રીરામ હરે શ્રીરામ હરે-૪
શબરીના પૂર્વ પુણ્ય યોગે, જુઠાં ફળ ઇશ્વર આરોગે;
આવાં ફળ શબરી કયાંથી અરે, શ્રીરામ હરે શ્રીરામ હરે-૫
રાવણુને લંકામાં મારી, વિભીષણુને રાજ્યતિલક સારી;
શ્રીરામ અયોધ્યા તરફ વરે, શ્રીરામ હરે શ્રીરામ હરે-૬
સીતાસહ અવધપુરી આવ્યા, ભરતાદિકને મન અતિ ભાવ્યા;
પુષ્પકથી પ્રભુ પ્રેમે ઉતરે, શ્રીરામ હરે શ્રીરામ હરે-૭
રાજ્યાભિષેક આનંદ થયો, કૌશલ્યાદિકનો શોક ગયો;
દર્શનથી અચલ દેહ વિસરે, શ્રીરામ હરે શ્રીરામ હરે-૮

શ્રીગુરુ ઇશ્વરરામજીની સ્તુતિ

જય ઇશ્વર સ્વામી, ગુરુ જય ઇશ્વર સ્વામી;
ચિંતકજન ચિંતામણી (૨) અંતર આરામી;
ૐ જય દેવ ગુરુદેવ૦ ૧

સ્વયંજ્યોતિ સુખરૂપ શાંતિ સુખદાતા, ગુરુ(૨)
અનુભવના ભંડાર (૨) ભવસંકટ ત્રાતા;
ૐ જય દેવ ગુરુદેવ૦ ૨

અતિમંગલ અવતાર સુંદરતનુ ધારી, ગુરુ(૨)
પરમ બ્રહ્મ પરિપૂર્ણ (૨) અનહદ ઉપકારી;
ૐ જય દેવ ગુરુદેવ૦ ૩

માયામંડિત લોક દૃષ્ટનષ્ટ જાણી, ગુરુ (૨)
સ્વસ્વરૂપ મન સમજી(૨) ઉર સમતા આણી;
ૐ જય દેવ ગુરુદેવ૦ ૪

કામ ક્રોધ મદ લોભ અવગુણ અતિ ભારી, ગુરુ(૨)
રાગ દ્વેષ રજનીચર (૨) તે નાંખ્યા ટારી;
ૐ જય દેવ ગુરુદેવ૦ ૫

જીવન્મુક્ત ઉદાર દિવ્યરૂપ દૃષ્ટા, ગુરુ (૨)
સ્વયં સ્વરૂપ બતાવે(૨) અવિચલ સુખ શ્રષ્ટા;
ૐ જય દેવ ગુરુદેવ૦ ૬

શ્રીગુરુ ઓધવરામ-પદરજ શિર ધારી, ગુરુ(૨)
અચલદાસ અભિવંદે (૨) સંતત સુખકારી,
ૐ જય દેવ ગુરુદેવ૦ ૭

॥ ૐ ॥

મહારાજશ્રી કેશવરામજીકૃત
શ્રીશિવસ્તુતિ

(રાગ—ભૈરવી કવ્વાલી તાલ ૩.)

શિવેશ્વર નાથને દ્વારે, શિવેશ્વર નાથને દ્વારે;
રટે છે સંતજન સારે, શિવેશ્વર નાથને દ્વારે....ટેક૦
શંભુ છે ભસ્મીના ભોગી, નિરંજન નાથ છે યોગી;
એમ વેદાંત ઉચ્ચારે, શિવેશ્વર નાથને દ્વારે—૧
નંદીની સ્વારી રે સારી, પારવતી સાથમાં પ્યારી;
ત્રિશૂલથી શૂલને ટારે, શિવેશ્વર નાથને દ્વારે—૨
સતી છે સિદ્ધિની દાતા, જગતની આદિ છે માતા;
ચડી છે ભક્તની વારે, શિવેશ્વર નાથને દ્વારે—૩
દાસ કેશવ કહે તારો, સફળ કર જન્મ આ મારો;
અધમને તુંજ ઓધારે, શિવેશ્વર નાથને દ્વારે—૪

(રાગ—ધનાશ્રી તાલ ૩.)

શંભુ શિવેશ્વર નાથ વ્હાલા અમને, શંભુ શિવેશ્વર નાથ-ટેક.
શિવેશ્વરનાં દર્શન કરીને, ચડાવું બીલીના પાત....વ્હાલા૦ ૧
ઉમાનાથને જે જન સેવે, મટે મરણુની ઘાત....વ્હાલા૦ ૨
દિગંબરના દાસ થઈને, રહેવું શિવની સાથ....વ્હાલા૦ ૩
વિરભદ્રને રંગી ભૃંગી, જોડી ઉભા છે પાથ....વ્હાલા૦ ૪
કેશવદાસ શરણે પડયો છે, હવે પકડો હાથ....વ્હાલા૦ ૫

॥ ૐ ॥

પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ બાવા શ્રી દેવાસાહેબ વિરચિત ભજનો.

પદ ૧ (રાગ ગજલ્ કવ્વાલી તાલ ૩)

ભજન કર ભજન કર ભાઇ, ભલા તન મનખા પાઇ;
જન્મારા જાત હૈ તેરા, પીછે હૈ જમકા હેરા—ટેક૦
તેરે હૈ પગ પગ જોખા, મિટે નહીં મરનકા ધોખા;
એક દિન હોયગા ઐસા, માટી મિલી માટીમેં જૈસા-ભ૦૧
પૃથ્વીપર પાંવ જબ ધરતે, દીસિનકે દીગ તબ ડરતે;
મહાબલી વીર ભયે કે તે, અંત ખેહ હો ગયે તે તે-ભ૦૨
ગ્રહીલે સંતકા શરના, જગત અભિલાષ કયા કરના;
બંધન તેરે પાશ સબ તુટે, નિર્ભય હોઇ કાલ તે છુટે-ભ.૩
મહિમા ભક્તિકી ભારી, લીજે સો ચિત્તમેં ધારી;
સફલ તિન જન્મહીં કીના, દેવા હરિ નામ જીન લીના. ૪

પદ ૨ (રાગ—ગજલ કવ્વાલી તાલ ૩)

મૂરખ મત જાન કછુ મેરા, શરીર યહ અંત નહીં તેરા;
એક દિન છોડ સબ જાના, સમજ ઉર ઐસેહીં જ્ઞાના....ટેક૦
જીનહીં જીન દેહકો ધરિયા, કાલવશ અંત સો મરિયા;
શીશા જ્યોં શૈલ પર પરિયા, ફુટતે બાર ના કરિયા....મૂ૦ ૧

બુદ બુદા હોત જ્યોં જલમેં, ફુટ સબ જાતહીં પલમેં;
દેહ સબ ઐસેહીં લેખો, ભૂલે જિન અમર કર પેખો....મૂ૦ ૨
બ્રહ્માદિક જીવ હૈ જીતને, અંત તન ધારી હૈ તીતને;
શરીર સબ છોડ કર જાવે, કીટ તુલ્ય જન્મહીં પાવે....મૂ૦૩
મહાબલવાન હૈ માયા, જીનહીં સબ જીવ ભરમાયા;
હરિકે ભજનકો ભૂલે, જુઠાકો દેખીકે ફૂલે....મૂ૦ ૪
સંગતિ સંતકી કરિયે, હૃદય નિજ જ્ઞાનકો ધરિયે;
ફેરા ભવ ફેર ના ફરિયે, દેવા ગુરૂ ગંમસે તરિયે....મૂ૦ ૫

પદ ૩ (રાગ ગજલ કવ્વાલી તાલ ૩.)

મતિ અભિમાન કર પ્યારે, પ્રભુ ભજ રેન દિન સારે;
કાલ સર સંધે શિર તેરે, તીતરકો બાજ જ્યોં હેરે....ટેક૦
જીવ જીન લોકમેં જાવે, કાલ તિન પીછેહીં આવે;
હરિ બીન જંત દુખ પાવે, તિનહીંકો કોન છોડાવે....મતિ૦ ૧
પ્રભુજીકો સુમરી લે મનમેં, જનનીકે ઉદર નહીં જનમેં;
મિટે ગલે કાલકી ફાંસી, મિલે તુઝે આપ અવિનાશી....મ૦ ૨
તેરે પર એક ભય ભારી, અકલ ગતિ કાલકી ન્યારી;
ચેત અબ દાવ હૈ તેરા, ફિરે નહીં જગતમેં ફેરા....મ૦ ૩
પ્રભુજીકો ભજન જે કરહીં, સોઈ ભવ વારધી તરહીં;
દેવા તિન તત્ત્વહીં ચીના, જીનહીં હરિ નામહીં લીના....મ૦ ૪

પદ ૪ (રાગ—ગજલ કવ્વાલી તાલ ૩)

પતંગી રંગ જ્યોં રાતા, તેરે જગ દેખતે જાતા;
બાદલકી છાયા હૈ છીનસી, પલકમેં જાત હૈ બીનસી—ટેક.

જલામલી કરત યોં જાની, પાતપર ઓસકા પાની;
જગતકી બાત સબ ઐસી, રહ્યા કોઈ અંત ના બેસી....૫૦ ૧
રહ્યા નહીં પ્રિયવ્રત રાજા, તજા તિન લોકહીં સાજા;
ચિરંજીવી લોમસ માનો, સોઈ ભયો કાલકો ખાનો....૫૦ ૨
નિરગુન દેહ ધર જોઇ, જગતમેં અમર નહીં કોઈ;
અમર સો પારબ્રહ્મ પાવે, જીનતે ફિર જન્મ નહીં આવે....૫૦ ૩
સતસંગ બ્રહ્મકી શ્રેની, અનેક અઘ કાષ્ટકી વહ્નની;
તિનસે કર સંતકી સેવા, મિલે તુઝે પાર બ્રહ્મ દેવા....૫૦ ૪

પદ ૫ (રાગ—ગજલ કવ્વાલી તાલ ૩)

જગતસે કામ કયા તેરા, પ્રભુ ભજ મન તું મેરા;
સમજ લે બાત યહ સાચી, યહી બીન ઓર સબ કાચી-ટેક.
લોકનકી પ્રીત સબ જુઠી, ઠાલી જ્યું વાયુકી મુઠી;
જાતે કછુ બેર નહીં લાગે, તિમિર રવિ ઉગતે ભાગે....જ૦ ૧
મૂર્ખ જગ ભર્મ તે ભૂલે, દેખી કુલ સંપદા ફૂલે;
યહી સબ ઓસકી બરષા, સોઇ કૈસે મેટહીં તરસા....જ૦ ૨
વિષયકા નેહ સબ ઐસા, વિલોના વારિકા જૈસા;
ઈનમેં કછુ હાથ નહીં આવે, ભજન બિન જન્મહીં જાવે-જ૦ ૩
હરિ હરિ ચિત્તમેં ધરિયે, જગત અભિલાષ કયા કરિયે;
લીજે ગુરૂ જ્ઞાનીકા શરના, દેવા ફિરી હોવે નહીં મરના-જ૦ ૪

પદ ૬ (રાગ—ગજલ કવ્વાલી તાલ ૩)

હરિકો ભજ મન મેરા, મિટે તુઝે જગતકા ફેરા;
દુઃખ તેરે દૂર હોઇ જાવે, યાહીતે પરમસુખ પાવે—ટેક૦

હરિકો હૃદય જે ધરહીં, કાલકે જાલ નહીં પરહીં;
સુની હમ સંતમુખ બાની, વચન યહ વેદકે જાની....હ૦ ૧
પાપ કોઈ નિકટ નહીં આવે, તાપ સબ તનહીંકે જાવે;
કોટી કરી નાશહીં જૈસે, સુની ધુની સિંહકી તૈસે....હ૦ ૨
દેખી.યહ જગતકી રચના, ઇનહીંસેં કબહુ ના પચના;
તેરે એક ભજનહીં કરના, દેવો કહે હોવે નહીં મરના....હ૦ ૩

પદ ૭ (રાગ—ગજલ કવ્વાલી તાલ ૩)

તું કયા સુખ દેખી લોભાનો, યહી જગ સ્વપ્ન કરી જાનો;
ઇન્દ્રિય વશ કરત સુર ક્રીડા, સોઇ પશુ જાનહીં લીલા–ટેક.
નિદ્રા એક દુસરે અહારા, મૈથુન ભયે સમજ લે સારા;
સકલ યહ જીવનાકો સરખા, કર તું નિજ તત્ત્વકી પરિક્ષા–તું. ૧
મૃગજલ દેખવે તાહીં, પાન કછુ કરના હૈં નાહીં;
બીજલી જ્યોં કરત પરકાશા, છિનકમેં હોત હૈ નાશા–તું. ૨
યહી વિધ જાન લે માયા, થીર નહીં બાદલકી છાયા;
ચલા ચલી કરત પંથ જાતા, બટાઉ જૈસા તેરા હૈ નાતા–તું. ૩
સદ્‌ગુરૂ તુઝે બહુત સમજાયા, તેરા તુઝે રૂપ દેખાયા;
યથારથ બાત કહી તેરે, દેવા ગુરૂ હેતુ ભયે મેરે–તું. ૪

પદ ૮ (રાગ—મંગલ તાલ દીપચંદી)

લાલ ધન સા ભૂમી જામેં ભક્ત હરિકે, ધન હરિકથા ઉચારરે;
ધન વક્તા સુનતા સોઇ ધન હૈ, ધન ધન સોઇ નર નાર રે–ટેક.
લાલ ધન સોઈ દેશ ગામ સોઇ ધન હૈ, ધન ધન કુલ પાવનરે;
ધન ધન દેહ ધર્યો હૈ મનુષકો, પરમારથ જ્યોં ધન રે–લા૦ ૧

લાલ તિરથ પતિ તિરથ હૈ જે તે, આવી કરે તહાં વાસ રે;
અચલ કથા જહાં હોત હરિકી, સુનત મિટે જમ ત્રાસરે-લા૦ ૨
લાલ યહ સતસંગ દેવનકો દુર્લભ હૈં, બ્રહ્માદિક સબ કોઇ રે;
યહ સતસંગકો સબહીં ઇચ્છત હૈં, ભાગ્ય બડે જબ હોઇરે-લા. ૩
લાલ પૂજા ધ્યાન ધારણા હરિકી, હરિ કીરતિ પરસંગ રે;
કહે દેવા તહાં કલી નહીં વ્યાપે, વાસ વસે શ્રીરંગ રે-લા૦ ૪

પદ ૯ (રાગ—મંગલ તાલ દીપચંદી.)

લાલ આજ આનંદ મહામંગલ મેરે, સંત સમાગમ પાયોરે;
પૂર્વકે મહાભાગ્ય કરીકે, હરિ કિરપા બની આયો રે—ટેક.
હરિજન તાદ્દશ રૂપ હરિકે, અંતર બિચ ન કોય રે;
વિચિ વારિ જ્યોં હરિ હરિજન હૈ, દેખનકે તન દોય રે-લા૦ ૧
મહાજ્ઞાની જે જીવનમુગતા, પ્રગટ પરિબ્રહ્મ રૂપ રે;
તાકે સંગ અભયપદ પાયો, અબ ન પરોં ભવ કૂપ રે-લા૦ ૨
લાલ સંતનકો મહાતમ કયા વરનો, મહિમા અપરમપારરે;
ધન ધન દેવા સંગ હરિજનકો, કબહું ન હોવે હાર રે-લા૦ ૩

ગુજરાતી ભાષાનાં ભજનો.

પદ: ૧૦ (રાગ રામગરી તાલ દીપચંદી.)

પરમાનંદને રે પામવા, તો હરિજન સેવો;
તન મન ધન સોંપી કરી, ચરણે ચિત દેવો—ટેક૦

એવી છે રીત જગતની, જો સગાં ઘેર આવે;
હેતે હૈયે ઘાલી મળે, મનમાં ઘણું ભાવે–પરમાનંદનેο ૧

જેવા છે મિત્ર ને બાંધવા, તે વલભ બહુ લાગે;
તેથી અંતર રાખે નહીં, મનમાં અતિ અનુરાગે–પરમાο ૨

તેથી વિશેષ જાણો સંતને, દંભ કપટ ન આણો;
મનસા વાચા કર્મે કરી, હરિજન હરિ પરમાણો–પરમાο૩

હૈયામાં હરખ અતિ ઘણું, સેવા સાધુની કરતાં,
કહે દેવો એને ગૌપદ, ભવસિંધુ સહેજે તરતાં–પરમાο ૪

પદ ૧૧ (રાગ રામગરી તાલ દીપચંદી.)

ભેદુરે મળે તો વાતું કીજિયે, ભેદુ મરમને જાણે;
અણુસમજુને શું કહિયે, પક્ષ પોતાનો તાણે—ટેકο

ભેદુ રે મળે તો ભેદ કાંઇ નથી, એકરસ થઇને રહીયે;
આનંદ વાધે અતિ ઘણો, એ સુખ કેને કહીયે—ભેદુο ૧

હીરાના ગ્રાહક હીરાઓ લે, મૂલ્ય મોંઘેરા ખરચી;
બીજા કાંઇ જાણે નહીં, રહીયે પોતામાં સરચી–ભેદુο ૨

મુક્તાફલની રે ગાંઠડી, ઉઘાડી નવ કીજે;
બદ્રીફલના ગ્રાહકને, એમજ કેમ દીજે–ભેદુο ૩

વિષય રસ વલભ છે જેહને, તેને સુધા કેમ દઇયે;
કહે દેવો એમ જાણીને, સાધુ શરણે રહિયે–ભેદુο ૪

પદ ૧૨ (રાગ પ્રભાતી તાલ દીપચંદી.)

તમે તમારૂં બિરદ સંભાળો નાથજી,
પતિત-પાવન એ નામ તારૂં;
નિર્ગુણ નિર્વિકાર નિર્ભેદ છો શ્રી હરિ,
સગુણ રૂપ થયા નિજ સંત સારૂં-ટેક૦

અંગુષ્ઠ સમાન દેહ ધરી પરિક્ષતની રક્ષા કરી,
તમારા જનની તમે એમ રાખો;
પ્રહલાદ કારણે નૃસિંહજી પ્રગટિયા,
સાધુના દુઃખ તે તમે કેમ સાંખો-તમે૦ ૧

માત ને તાત તે તમે છો ત્રિકમા,
તમ વિના બીજું હું કંઇ ન જાણું;
દેવાના સ્વામી પ્રભુ યોગ ક્ષેમ કરતા,
હું વચ્ચે સો ઉદ્વેગ આણું—તમે૦ ૨

પદ ૧૩ (રાગ—પ્રભાતી તાલ દીપચંદી)

હરિ તારા ચરણ વિણ શરણ બીજું નથી,
વેદ-વાણી સર્વે એમ કહે છે........ટેક૦

ચરણના શરણ વિણ ઉડે આકાશમાં,
અંડ ભેદી અને પાર થાએ;
સપ્ત પાતાળમાં ફરે જો સઘળે,
કાળ છોડે નહીં જ્યાં જ્યાં જાએ....હરિ૦ ૧

ચરણ ને શરણ સનકાદિક સરિખા,
શારદા શેષ તે શિશ નામે;
તેજ પાદાંબુજ ભજે છે વિદ્વજ્જન,
ધ્યાન ધરીને ભવ પાર પામે....હરિ૦ ૨

ચાર પ્રકારની મુક્તિ છે. જુજવી,
તે ન ઇચ્છે મન મારૂં લેવા;
ચરણના શરણમાં રાખજે શામળા,
તાહેરી ભક્તિ તે દેજે દેવા....હરિ૦ ૩

અષ્ટ મહાસિદ્ધિ નવ નિધિ સમીપ છે સંતને,
ત્રિભુવન સુખ અનિચ્છાએ આવે;
કહે દેવો કૃષ્ણ કમલાપતિ,
તાહરા ભક્તને ભક્તિ વિણ કંઇ ન ભાવે....હરિ૦ ૪

॥ ૐ ॥

બ્રહ્મનિષ્ઠ બાવાશ્રી રામસંગજી વિરચિત ભજનો.

પદ ૧ (રાગ ઝીંઝોટી તાલ દીપચંદી.)

મનમેં પ્યાસ નિત પ્રત આશ,
પ્રભુસે વિરત રહિ અટકી—ટેક૦
કરહુ ક્રિયા તોભી ચિતતો હરિમયરે,
કરત જૈસે ખ્યાલ છલપર સુરત જ્યોં નટકી-મનમેં.૧
ભલા ભી કહેગા કોઈ બુરા ભી કહેગા રે,
વહી લૌકિક લાજ તો સબ ભૂવપર પટકી—મનમેં૦૨
અંતઃકરણમેં ધ્યાન લગો હૈ રે,
ચક્ષુ જોરે ચંદ્રસે ચકોર જ્યોં લટકી—મનમેં૦ ૩
રીતિ રંગકી રામસંગ કહે રે,
સોઇ જીવે જોઇ પીવે પ્રેમકી બટકી—મનમેં૦ ૪

પદ ૨ (રાગ ઝીંઝોટી તાલ દીપચંદી.)

મોહન સુનો ઇતની અરજ હમકો, ગરજ દરશનકી....ટેક૦
પ્યારેકી સુરત વિસરે નિમિષ નહીં રે,
કહેં સો કયા હમે તુમ સબ જાનહો મનકી—મો૦ ૧

પ્રિયતા બઢે તબ ઐસી દશા હોત રે,
　　ખડી રોમાવલી હોવે બુઝ નહીં તનકી–મોહન૦ ૨
હમકો પ્યાસ લગી તુમરે દરશકી રે,
　　અન્ય કછુ નહિ આશ દેહ અરૂ ગેહ સુત ધનકી–મો૦૩
વિરહી જનકી રામસંગ કહે રે,
　　ઓરકી તો બાત નહિ યહ બાત હરિજનકી–મો૦૪

ગુજરાતી ભાષાનાં ભજનો.

પદ ૨ (રાગ ટોડી તાલ દીપચંદી.)

સદગુરૂ મુખે સમજોરે, સ્વે આ અવસર ચાલ્યો જાય છે,
　　સદગુરૂમુખે સમજો....ટેક૦
શ્રવણ મનન નિદિધ્યાસન કરીને,
　　સાક્ષાત અનુભવ નિજ થાય છે—સદગુરૂમુખે૦ ૧
પૂરણ સૌમાં સત પરમાતમ,
　　વેદ પુરાણ નિત ગાય છે—સદગુરૂમુખે૦ ૨
જ્ઞાનગંગા સત્સંગમાં આવીને,
　　તે જન ધન્ય ધન્ય જે નાય છે—સદગુરૂમુખે૦ ૩
બ્રહ્માતમ એક રૂપ જાણો તો,
　　આનંદ અંગ ન માય છે—સદગુરૂમુખે૦ ૪
રામસંગ કહે ગુરૂ કૃપાથી,
　　જન્મોના પાપ વિલાય છે—સદગુરૂમુખે૦ ૫

પદ ૩ (રાગ ટોડી તાલ દીપચંદી.)

પૂર્ણાનંદ પામી રે, નિજ રૂપ પોતાનું જોઇને,
પૂર્ણાનંદ પામી રે—ટેક૦
ગુંગો સાકર ખાઇને! હરખે,
સ્વાદ ન કહેવાય કોઇને–પૂર્ણાનંદ૦ ૧
સિંધુ જોવા ચાલી સેંધવ પુતલી,
રસરૂપ થઈ આપો ખોઇને–પૂર્ણાનંદ૦ ૨
આનંદ અમૃત પાન કરીને,
દોડે નહિ મૃગ તોઇને–પૂર્ણાનંદ૦ ૩
રામસંગ કહે બુજ સંભારી,
સહજ સમાધિ રહી સોઇને–પૂર્ણાનંદ૦ ૪

પદ ૪ (રાગ ધનાશ્રી તાલ દીપચંદી.)

મારો હરિ છે ઘટ ઘટ વાસી,
ભલા દર્શન કર્યો મેં દિલમાંહી રે–ટેક૦
સ્થાવર જંગમ સૌમાં પૂરણુ,
ખાલી નથી તલભર કયાંહી રે–મારો૦ ૧
નભવત વ્યાપી આપ અમાપી,
સચ્ચિદાનંદ સદાઇ રે—મારો૦ ૨
શુદ્ધ સનાતન નિશ્ચલ આતમ,
સ્વે સમજે દ્વૈત ન કાંઇ રે—મારો૦ ૩
રામસંગ કહે ભ્રાંતિ નાશન,
સદગુરૂ બુજ બતાઈ રે—મારો૦ ૪

પદ ૫ (રાગ ધનાશ્રી તાલ દીપચંદી.)

પ્રિતમ મારા હેતુ હૈયાના, તમ વિના ઘડી કેમ રહેવાય રે–ટેક૦
મુખ દીઠે સુખ બહુ ઉપજે રે, આનંદ ઉર ન સમાયરે–પ્રિ૦ ૧
બીજું નહીં કોઇ ચિતમાંચિંતવન, સુરતિ લાગી તનમાંયરે-પ્રિ.૨
વાલમ તારા મુખની વાતો, સાંભળતાં સ્થિર મન થાય રે–પ્રિ. ૩
રામસંગ કહે રામ અમારા, રસના કેટલા ગુણ ગાય રે–પ્રિ. ૪

પદ ૬ (રાગ—આશા તાલ ૩.)

રાસ રમાડી રસિયે વાલે, ગિરધર પ્યારા લાગે છે—ટેક૦
સુંદરી વ્રજની પ્રેમાતુર થઇ, મધ્યરાતની વનમાં તે ગઇ;
પ્રેમે કરી મુરછાઇને રહી સમજી ઘરને ત્યાગે છે....રાસ૦ ૧
સોળે શણગાર અવળા પહેર્યાં, સેંથામાં લઈ કાજળ સાર્યાં;
બાળકને લઇ પાછાં વાર્યાં, બાવરી થઇને ભાગે છે....રાસ૦ ૨
નિરમલ શરદ પુનમની રાત્રી, ગોપી થઈ છે કૃષ્ણ સંગાતી;
તદાકાર થઈ મદમાં માતી, બંસી વાલાની વાગે છે...રાસ૦ ૩
રાસ રમાડી રસિયે રંગે, અગ જગ મોહ્યા જોઈને સંગે;
ખગ મૃગ થિર થયા અતિ ઉમંગે, અંતરમાં અનુરાગે છે....રા.૪
વ્રહ આતુર સબ સખિયો થઇ છે, મળી કૃષ્ણમાં એક રૂપ રહીછે;
રામસંગ કહે વાત સહી છે, કરૂણાદષ્ટિ માગે છે....રાસ૦ ૫

–()○()–

કચ્છી ભાષાનાં ભજનો.

પદ ૭ (રાગ—આશા તાલ ૩.)

સંસાર સપનું કુડી બાજી, દિલ ધર સાહેબસેંની બંદા–ટેક.
જડે અપાટો કાલજ દીંધે, હલેયોની વેને રસ્તે સીધે;
મનમન શોભા પુરા ન થીંધે, સતગુરૂ ચેં તીં સમજ અધા–સં.૧
ધન મિઝતાં તું ધ્યાન રખેંતો, પોર આઠ અલબત ખોયેંતો;
પાંઇજો પ્રભુ તું ભુલી વઝેંતો, જમાર કરીયે કુડા ધંધા–સં. ૨
હિતાં માનખો ફરી ન અચિંધે, ઘણા દીં થયા તોકે મોહમદપીંધે;
વિષય મિંઝાં તોકે તૃપતિ ન થીંધે, છડહાણે કુડા કોટા સંધા-સં ૩
મિથ્યાકે તું હાણુ મતાણુજ, નામ રૂપકે ખોટો જાણુજ;
રામસંગ ચે નિજસુખ માણુજ,હરિગુરૂ સંતની કરૂણા કંધા-સં. ૪

પદ ૮ (રાગ—કરાકડો તાલ દીપચંદી)

વિસરો નતા રાત દીં રે,
વલા અસાંકે વિસરો નતા રાત દીં–ટેક
જરૂર ગોકુલનું મથુરાં પધારીંધા,
ભાયો નતં મું ઇંય....વલા૦ ૧
પ્રિતલડયું હાણે બધીયું ન મિટન્યું,
જીંય ન ટરે લોઅતાં લીંય....વલા૦ ૨
જેડી યાદગરી મોરલેકે મિંયજી,
આઉં સારીયાં સજણુકે તીંય....વલા૦ ૩
રામસંગ ચે રમાપતિ આંજે,
પગલે અસાંજો નીંય....વલા૦ ૪

પદ ૯ (રાગ—તોડીની કાફી તાલ ૩.)

જુલમી ન કજે હિન જાનસે,
ઔલી સબ જગ ઠાઠ ફના દિસજે;
સબ જગ ઠાઠ ફના દિસજે,
પરદેશ હલણુનો ભય રખજે—ટેક૦
અતિથિ અભ્યાગત અરથું અચે તેકે,
અન્ન વસ્ત્રાદિક દાન દીજે....જુલમી૦ ૧
પીર ફકીર ગરીબ સબે તિનસે,
મુખ બોલ મિઠે કુછજે....જુલમી૦ ૨
વચન વડી મરજાદ સહિત,
સતશાસ્ત્રેજા સત સત મંજજે....જુલમી ૩
પ્રેમાસ્પદ સ્વરૂપ સમજજે,
દેહ મિથ્યાસે નેહ ન કજે....જુલમી૦ ૪
પિંઢજો રૂપ અનુપ અખંડિત,
રામસંગ ચહે દીલ ધરજે....જુલમી૦ ૫

પદ ૧૦ (રાગ—તોડીની કાફી તાલ ૩)

લાચાર કુબુધિ જીવ, જગમેં મતલોભી થ્યા યાર;
મતલોભી થ્યા યાર, દીંયમેં કુડીયું કુછે હજાર—ટેક૦
પૈસેજા સે ગુલામ પામર, ભૂલા ભૂલે ગેમાર....લાચાર૦ ૧
પરદારાસે પ્રીત રખેંતા, ખૂબ મીડે તાં ખુવાર....લાચાર૦ ૨
કામ અંધ બ્યો કીન બુઝેતા, સમજેં શ્વાન વેવાર....લાચાર૦ ૩

અભાગિયા સે હરિકે ન સુમરે, હિન દુનિયાનું ધાર....લા૦ ૪
રામસંગ ચયે એડા મૂરખ, પોંધા નરક ધરાર....લાચાર૦ ૫

પદ ૧૧ (રાગ તોડીની કાફી તાલ ૩.)

આધાર જગમેં જીવ, મન સાચોનિ નેહડો કજે;
સચોનિ નેહડો કજે, મનડો હરિ ચરણે રખજે-ટેક૦
કુડીયું પ્રીતું તુટી વિંજેસે, પલમેં દીજે તજેં-આ૦ ૧
નિઢડે વડેં જીવેં તેં પ્યો, કાલ ગુડે ને ગજે-આ૦ ૨
મૂરખ જિનમેં મરેંતા પણ, પ્રભુ ભજીંધે લજેં-આ૦ ૩
રામસંગ ચયે સ્યાણોસે, જુકો રૂચે રામકે ભજે-આ૦ ૪

પદ ૧૨ (રાગ જોગિયો તાલ દીપચંદી.)

જીનિજે રિદે જાદગરી, સેમું સેણુ નેણુ દિઠા;
સેમું સેણુ નેણુ દિઠા, ઉનીજા વચન માન મિઠા -ટેક૦

દૂર દેશજા વાસી, તિનિસે મિલણુજી પ્યાસી;
હુઈ તાં અંદરમેં આસી, સે અચિ નજીક વિઠા-જી૦ ૧

દાસ અસી અયું જેજા, દરશન થયા અજ તેંજા;
મોરલે ગ્રઝે જન્મેજા, કપેયાં ક્રોડ કરમ ચીઠા-જી૦ ૨

પ્રગટયા પુન્ય ભાગ વડા, માંકે પિરિ સજણુ ગડયા;
રામસંગ ચવે સદા, રોંધા અવશ એકઠા-જીનિજે૦ ૩

પદ ૧૩ (રાગ જોગિયો તાલ દીપચંદી.)

સંતનજા હિતકારી, ભગવત પદ પામીંધા;
ભગવત પદ પામીંધા, આનંદ મગનમેં રોંધા—ટેક૦

આળસ ભ્રાંતિ છડે, નિત સતસંગમેં ઇંધા;
હરિગુરૂ સંતેકે નેણેસેં નિરખીધાં;
ઉનીજા વચન સુણી, હિરદે મિંજ ધારીંધા—સં૦ ૧

ગુરૂજે પગલેમેં, મસ્તકકે નામીંધા;
સુગરા સનેહ ધરે, ચરણામૃતકે પીધાં;
મનજો દરદ વડો, તેંકે ધોઇ ટારીંધા—સં૦ ૨

મિથ્યા વિષય ત્યાગ કરે, ઉલટી વૃતિ વારીંધા,
પિંઢસે તરે એડા પુરૂષ, બેકે સેજ તારીંધા,
રામસંગજી ચવે, કારજ તિનિજા સરંધા—સં૦ ૩

॥ ૐ ॥

બ્રહ્મનિષ્ઠ બાવા શ્રી સેવારામજી વિરચિત ભજનો.

પદ ૧ (રાગ આશા તાલ ૩.)

મૈં યાચક તેરે દ્વારહિ આયો ગુરૂ,
ભક્તિદાન મોહિ દીજેજી ગુરૂ ભક્તિદાન-ટેક૦
તુમ સમર્થ સદગુરૂ પ્રભુ મેરે,
મૈં હું તુમરે ચેરન ચેરે;
અપનો જાની કરો અબ એસી,
ગુરૂ દુરમતતે રખ લીજેજી—મૈં૦ ૧
ચરણુ કમલ તુમરે નિત સેવું,
ગદ ગદ રસના નામહિ લેવું;
શ્રદ્ધા પ્રીત રહે હિરદેમેં,
ગુરૂ પ્રેમ ભાવ મન ભીજેજી—મૈં૦ ૨
શીલ સંતોષ ક્ષમા સુચિ સમતા,
ધીરજ શાંતિ ઉત્તમ વિધી નમતા;
આતમ સ્થિતી દીજે ગુરૂ દેવા,
યહ અટલ દાત નવ છીજેજી—મૈં૦ ૩
વિવેક વિચાર સાર સત રાચું,
જ્ઞાન વિજ્ઞાન તુમરિ યાચું;
સેવારામ પ્રણુવે ગુરુ સ્વામી,
યહ કૃપા દ્રષ્ટિ મોહિ કીજેજી—મૈં૦ ૪

પદ ૨ (રાગ સોરઠ તાલ દીપચંદી.)

આનંદમેં ઘર કીના, સંતન આનંદમેં ઘર કીના;
આનંદમેં ઘર કીના—ટેક૦
તૃષ્ણા મેટ ભયે બિન તૃષ્ણા,
જ્ઞાન ગુરૂકો ચીના;
પાંચહિ ચોર પ્રબલ ઘટ ભીતર,
સંગ તિનીકો છીના—સંતન૦ ૧
હરદમ દમમેં ચેતન રહના,
મન પવના વસ કીના;
આપહી આપસે બોલન લાગે,
મીનકો મારગ લીના—સંતન૦ ૨
રાજસ તામસ સાત્વિક ઉપર,
ચોથે પદ લય લીના;
ચોથે પદમેં અમૃત વીયરી,
પ્રેમ કટોરા ભર પીના—સંતન૦ ૩
આઠો પ્રહર મગન મનમાંહી,
પરમારથમેં પ્રવીના;
સેવારામ હરિ બસે હિરદેમેં,
રોમ રોમ રંગ ભીના—સંતન૦ ૪

પદ ૩ (રાગ બિભાસ તાલ પંજાબી ઠેકો.)

શ્રી ગુરૂદેવ બડે મહારાજા,
લોક પરલોક મેરી રાખો લાજા—ટેક૦

મેરે અવગુન ચિત નહીં આનીયે,
આપનો બિરદ બડાઇ ગનીયે—શ્રી ગુરૂદેવ૦ ૧
જનમ જનમ બહુ કર્મ કમાયે.
બકસી લેહુ મોહી શ્રી ગુરૂ રાયે—શ્રી ગુરૂદેવ૦ ૨
માત ઉદર સુત પાદ ચલાવે,
સુત અપરાધ મન માત ન લાવે—શ્રી ગુરૂદેવ૦ ૩
ખાડ સર્પ જલ અગ્નિતે રાખે,
માત પિતા સુત હિત અભિલાખે—શ્રી ગુરૂદેવ૦ ૪
તેસે પાલહું શ્રીગુરૂ મેરા,
સેવારામ જન ચેરન ચેરા—શ્રી ગુરૂદેવ૦ ૫

પદ ૪ (રાગ ભિભાસ તાલ પંજાબી ઠેકો.)

સતગુરુ સાહેબ સ્વામી મેરે, જાચતહું દ્વારહી તેરે—ટેક૦
તો દર સ્વાલી બહુ હરષાને, આતમ લાભ પાઇ તૃપતાને-સ૦૧
જેજે આયે ગયે નહીં ખાલી, હરિ હીરાનિધિ તાંહી દીવાલી-સ.૨
જનમ જનમ તિન ખાતે તૂટે, ધર્મરાયકે કરજહું છુટે-સ૦ ૩
ખોલી દિલાવો કૃપાભંડારા, ભાવભક્તિ નિજનામ ઉચારા-સ. ૪
ચરન કમલ સેવા દ્રઢ દીજે, સેવારામ શરને રખ લીજે-સ૦ ૫

પદ ૫ (રાગ સામૈયાનો.)

ભેટયા સંત દયાલારે જાગ્યા ભાગ્ય વિશાલા—ટેક૦
કરી કૃપા ચરણે સંગ મિલાયો,
જાની સો અપનો બાલારે-જાગ્યા૦ ૧

ભવસાગરતેં ખેંચ લીયો હૈ,
કેશ પકડ તતકાલા રે—જાગ્યા૦ ૨
ડુબત રાખ લીયો જન અપનો,
પતિત પાવન બ્રદ પાલારે—જાગ્યા૦ ૩
અમૃત વચન સુનાયે મનોહર,
સેવારામ કીનો ન્યાલા રે—જાગ્યા૦ ૪

પદ ૬ (રાગ સામૈયાનો.)

સંત મીલે સુખકારી રે, ભઈ કિરપા ભારી—ટેક૦
આજ અનુપમ દિવસજ પ્રગટયો, મહામંગલ વરતારીરે-ભ૦૧
ધનધન ભાગ્ય હમારે રે સજની, પરસ્યા સંત સુખારીરે-ભ૦ ૨
દર્શન દેખત હુયા રે વધાણું, ઉલટયા પ્રેમ અપારી રે-ભ૦ ૩
સેવારામ સંત ચરણુરજ ઉપર, વાર વાર બલિહારી રે-ભ૦ ૪

પદ ૭ (રાગ પ્રભાતી તાલ દાદરો.)

જાચક જન દ્વાર આયો, સ્વામી ગુરૂદેવા;
કૃપાકે નિધાન દીજે, ચરન કમલ સેવા—ટેક૦
શાંતિ શીલ સબર તોષ, નમણુ ખમણુ નેહા;
પ્રેમ પ્રીતિ ભાવ ભક્તિ, માંગતહું એહા—જાચક૦ ૧
વિવેક વિચાર સાર, ઉત્તમ બુદ્ધિ જાચું;
આર્જવ અક્રોધ મતિ, રામ રંગ રાચું—જાચક૦ ૨
શમદમાદિ દાન દેહુ, શ્રદ્ધા સત ભાવા;
જ્ઞાન ધ્યાન અચલ હોય, આતમ સ્થિત પાવા—જાચક૦ ૩

તેરે તો ભંડાર સુભર, ભરે હૈ દયાલા;
સેવારામ ચાહત ભીખ, નજર કરો ન્યાલા—જાચક૦ ૪

પદ ૮ (રાગ પ્રભાતી તાલ દાદરો)

મૈં અનાથ શરન સ્વામી, અપનો અબ કીજે;
ડૂબત ભવસાગર માંહી, ભુજા પકડ લીજે—ટેક૦
રાગ દ્વેષ કંઠા દોઉ, મન મનોરથ નીરા;
તરંગ અમિત તૃષ્ણા, પુનિ આશ વધત વીરા—મૈં૦ ૧
વડવાનળ ચિંતા ચિત્ત, ભરમ ભમર હોઇ;
અવિદ્યા તહાં ઊંડતા, અજ્ઞાન ગાજ સોઇ—મૈં૦ ૨
કામ ક્રોધ લોભ મોહ, મત્સ્ય મહાભારી;
દંભ રંભ આદિ આન, જંત હૈ અપારી—મૈં૦ ૩
શ્રી-ગુરૂ દયાલ મોહી, ખેંચી લીજે કાઢી;
સેવારામ પાર કરો, ચરન નાવ ચાઢી—મૈં૦ ૪

પદ ૯ (રાગ પ્રભાતી તાલ દાદરો.)

શ્રીગુરૂ કૃપાલ લાલ, બાલક હું તેરા;
ભાવેત્યોં પાલ બિરદ, જાની નિજ ચેરા—ટેક૦
મૈં ચોર્યાસી કુપ પર્યો, લીની આયે ડુબિયા;
લોભ સહિત લાર ઉપર, મુખ પસારી જુડિયા....શ્રીગુરૂ૦ ૧
તલે કાલ વ્યાલ પડ્યો, સૂઝત નહિ ઓઇ;
રાત દિવસ ઉંદર આયુ, કતરત હૈ સોઈ....શ્રીગુરૂ૦ ૨

એસે અંધેરે કૂપ માંહી, કાઢો ગુરૂ દેવા;
પ્રેમ ડોરી પાઇ ખેંચી, લીજે તત ખેવા....શ્રીગુરૂ૦ ૩
ચરન કમલ સેવા દઢ, દીજે મેરે સ્વામી;
સેવારામ શિશ નાઇ, કરત હૈ નમામી....શ્રીગુરૂ૦ ૪

પદ ૧૦ (રાગ—પ્રભાતી તાલ દાદરો.)

જગત બીજ વાસના, નિવાર ગુરૂ મેરી;
અબકી બેર રાખ મોહી, શરન ગ્રહી તેરી........ટેક૦
કબહુ લે પતાલ ધસી, કીયો નરક ગામી;
કબહુ લે આકાશ ઉડી, સ્વર્ગ ભોગ હામી....જગત૦ ૧
કબહુ નારી કબહુ પુરૂષ, વાસના ભ્રમાયે;
કબહુ પશુ પક્ષી આદિ, જોનીમેં રમાયે....જગત૦ ૨
જેસે જંદા માંકડો, પિનાઇ હાટહાટા;
તેસે ઈન મોહિ ફેર્યો, વિષય સુગમ ઘાટા....જગત૦ ૩
દીનકે દયાલ ગુરૂ, બંધ તે છુડાવો;
સેવારામ દાસકી જું, ફાંસકો મિટાવો....જગત૦ ૪

પદ ૧૧ (રાગ—પ્રભાતી તાલ દાદરો.)

સુન પુકાર શ્રી ગુરૂ, સહાય સદા કીજે;
તૃષ્ણા નિવાર ડાકની, ઉબારી દાસ લીજે........ટેક૦
ત્રિલોકી રાજ પાઇ, તોભી તૃપતિ નહિ હોતી;
ઉંડો ઉદર અભર ભૂખી, નયન ભરી જોતી....સુન૦ ૧
સર્વ જીવ રાંધને, પકાવને લગાયે;
સાત સાયર પાન કરે, તદપિ ન અઘાયે....સુન૦ ૨

લબરકાહિ કરત જીભ, બહુરી ચાપ ચાટે;
નિચની પિશાચની સો, મોહિ હીય કાટે....સુન૦ ૩
સંતોષદ્દાત ભેજીકે, સુપાપની પ્રહારો;
સેવારામ શરન રાખ, બિરદકો સંભારો....સુન૦ ૪

પદ ૧૨ (રાગ—પ્રભાતી તાલ દાદરો.)

ઉદય પ્રતાપ આપનો, ગુરૂ દયાલ કીજે;
મહા વિકટ કટક કોટિ, જટક પટક દીજે........ટેક૦
મોહરાયકી જુ ફોજ, મહા વિષમ ભારી;
કામ ક્રોધ લોભ આદિ, બડે અહંકારી....ઉદય૦ ૧
હર્ષ શોક રાગ દ્વેષ, દંભ રંગ આદિ;
મત્સર ઉદમાદ ત્રિગુણુ, તાપત્રય વિષાદિ....ઉદય૦ ૨
પક્ષપાત માન સાન, આપદા અજ્ઞાના;
અરિદલ યહ ઘેરી આયો, તાહિતે બચાના....ઉદય૦ ૩
વિવેક ફોજ સાથ દેહુ, વેરી સબ મારે;
સેવારામ રામ આંણુ, ફેરી દેઉ પ્યારે....ઉદય૦ ૪

પદ ૧૩ (રાગ—પ્રભાતી તાલ દાદરો)

રાખ રાખ શરન મોહિ, શ્રી ગુરૂ દયાલા;
કાલ વ્યાલતેં બચાઇ, કાટિ માયા જાલા........ટેક૦
અવિદ્યારૂપ હોઇ મોહિ, માયા બંધ કીનો;
કર્મજાલ માંહે ઘેરી, જીવ નામ દીનો....રાખ૦ ૧
દેહ માની આપ મિથ્યા, અહં બુદ્ધિ ધારી;
મોહ મગન હોઇ રહ્યો, વિષેકો વિકારી....રાખ૦ ૨

જન્મ જન્મ છૂટે ઇન, દીને બહુ ક્ષોભા;
કાલકે આધિન પર્યો, તુટી ગઇ શોભા....રાખ૦ ૩
સદ્ગુરૂ પુકાર સુનો, તુમહો જ્ઞાનદાતા;
સેવારામકો છોડાઇ, અબહી લ્યો ત્રાતા....રાખ૦ ૪

પદ ૬૪ (રાગ—પ્રભાતી તાલ દાદરો.)

અખંડ બોધ આતમા, અક્રિય અનાદિ જોઇ;
સત ચિદ આનંદરૂપ, સદ્ગુરૂ હૈ સોઇ........ટેક૦
પરંબ્રહ્મ પરમધામ, પરમાતમ જાનો;
પરાપાર પરમ પુરૂષ, સદ્ગુરૂ પ્રમાનો....અખંડ૦ ૧
નિર્ગુન નિરાકાર પ્રભુ, નામ રૂપ ન્યારા;
સોઇ ગુરૂ સગુન બની, આયે અવતારા....અખંડ૦ ૨
નિરંજન નિરવાન નાથ, કૈવલ અવિનાશી;
ગુરૂરૂપ દેહ ધરી, પ્રગટે સુખરાશી....અખંડ૦ ૩
જાકો વેદ નેતિ નેતિ, ગાવત શિર નામી;
સેવારામ સોઇ ગુરૂ, મેરે અંતરયામી....અખંડ૦ ૪

ગુજરાતી ભાષાનાં ભજનો.

પદ ૬૫ (રાસ રાગ સામૈયાનો)

રૂડું દર્શન પામ્યો મહાસંતનું રે,
અનુગ્રહ થયું ભગવંતનું રે—ટેક૦
કાંઈ રૂડી થનાર મને દીસતી રે,
કાઢી લીધી સંસારમાં ચીસથી રે—રૂડું૦ ૧

પ્રભુ મેર કરી ઘણી અમ પરે રે,
જ્યારે શિશ નમાવ્યું ચરણુ ઉપરેરે—રૂડું૦ ૨
મારાં નેણુ નિરખીને સફલ થયાં રે,
શબ્દ સુણી શ્રવણે દુખડાં ગયાં રે—રૂડું૦ ૩
કહે દાસનો દાસ સેવારામ છે રે,
મારા સંત-સ્વરૂપને પ્રણામ છે રે—રૂડું૦ ૪

પદ ૧૬ (રાસ રાગ સામૈયાનો.)

વાલા સંત મારે ઘરે આવીયા રે,
રૂડા રામ સ્નેહી મન ભાવીયા રે....ટેક૦
બ્રહ્માનંદ મગન લયલીન છે રે,
ત્રિધા તાપ થયા જેના છીન છે રે....વાલા ૧
બ્રહ્મવેતા તે બ્રહ્મસ્વરૂપ છે રે,
જીવનમુક્તા તે સંત અનુપ છે રે....વાલા ૨
જેની સુરતિ તે પરબ્રહ્મમાં વસી રે,
નિજ બોધ સ્વરૂપમાં ગયા ધસી રે....વાલા ૩
સેવારામ વંદત શિશ નાઇકે રે,
સંત ચરણુ હિરદેમેં વસાઇકે રે....વાલા ૪

સિંધી ભાષાનાં ભજનો.

પદ ૧૭ (રાગ બિહાગ તાલ ૩.)

રામ નામ સંગ થીંધે રે,
હિક રામ નામ સંગ થીંધે રે....ટેક૦

મરણુ વેરા મેટ મોચારા, ઓડી કોઇ ન ઈંધે રે,
તોકે ઓડી કોઈ ન ઇંધે રે....રામ૦ ૧

કાઢો કાઢો સૌ કોઇ ચવધે, પુઠીયા ચોકો દ્દીંધે રે,
તોજો પુઠીયા ચોકો દ્દીંધે રે....રામ૦ ૨

ઠલો ઠિકર ઠોકીધે મથેમેં, પોયતાં કાંઢી દ્દીંધે રે,
તોકે પોયતાં કાંઢી દ્દીંધે રે....રામ૦ ૩

સેવારામ સુતક વઠી વેંધે, પ્રેત પ્રેત પોય ચોંધે રે,
તોકે પ્રેત પ્રેત પોય ચોંધે રે....રામ૦ ૪

પદ ૧૮ (રાગ હુસેની તાલ ૩.)

હિતે જીયણુયાર થોડો જગમેં,
મથે કાલ સુજેતો ઘણુક હરિ, હિતે જીયણુગાર—ટેક

રાવણુ કુંભકરણુ બલવંતા,
કાલ ચબ્યા હિક શ્વાસ કરી....હિતે૦ ૧

કૌરવકો દલ જોર ભયો હૈ,
કાલ હણ્યા મન મોદ ધરી....હિતે૦ ૨

છપ્પન કોડ કુલ યાદવ હુવડા,
કાલ ખપાયા હિક લગી ન ઘડી....હિતે૦ ૩

કાગજ કોટ રહે કેતરો,
જીતે કાલ ગલોલેજી ચોટ ઢરી....હિતે૦ ૪

સેવારામ ચવે સુણુ મનવા,
જપ રામ રિદે તરી કાલ ડરી....હિતે૦ ૫

પદ ૧૯ (રાગ હુસેની તાલ ૩.)

વિંજે જોબનપૂર સરાર હલેયો હિનજગમેં અસ્થિર કોય ન રેયો,
વિંજે જોબન પૂર................ટેક૦
કરકી ચંગાયું મેટ મંઘાયું, વાટ વટાઉડો તુંજ અયેં-વિંજે૦ ૧
ખણીગુણુ મુંચારણુ બંધ ગઠડી, કમ ઈંધે સા પરલોકમૈયેં-વિંજે.૨
આલસ ઉંઘન વાર પરે, જપ રામ નામ સુખસાર હૈયેં-વિંજે૦૩
તોકે જીંય ગુરૂ ચેયો કનમેં, તુંતાં તીંય કરીયે ત મોક્ષલૈયેં-વિં૦૪
સેવારામ શરણુ સદગુરૂજે, ભવસાગરમેં તું તાં ન વૈંયે-વિં૦ ૫

પદ ૨૦ (રાગ હુસેની તાલ ૩)

છાકે ભાર ઉઠાયેં ખણી શિરતે,
છડેડાર એંકાર વિકાર ભરી; છાકે ભાર ઉઠાયે-ટેક.
હિન દેહ અભિમાન મુઠા કેતરા,
ખ્યા નરક મિંઞા નિકર્યા ન વરી-છાકે૦ ૧
ઓચો ગાત્ર કરે હલેયા જગમેં,
તેજો કાલ ભંજે કંધ લાય ન ઘરી-છાકે૦ ૨
કુડ લુંચાયું કો કરીયેં તો,
મોંઘા પંવધે મારવરી-છાકે૦ ૩
અણુહુંધો છો તું ભાર ઉઠાઇયેં,
જિત તિત પૂરણુ આય હરિ-છાકે૦ ૪
સેવારામ સુફલ થીંધો ફેરો,
નામ જપી હૈયે હેત ધરી-છાકે૦ ૫

પદ ૨૧ (રાગ હુસેની તાલ ૩)

હલ સાધ સંગત દેહ મોબતસેં,
મન તોકે ભલાઇ થીંધી ઘણી....હલ સાધ સંગત–ટેક.
સુમત ઇછીંધા કુમત કટિંધા,
અંધર દિસિંધા ધૂગ ઘણી....હલ૦ ૧
સંત વચન સત સત કરી મંજજે,
અસત વચન કીન ચોંધાખણી....હલ૦ ૨
સંત મોલમેં તું સુખ પાંઇધે,
અખંડ આનંદ તોકે ઈંધો ભણી....હલ૦ ૩
સેવારામ ચવે સતસંગતમેં,
નિરમલ મત તોજી ઇંધી છણી....હલ૦ ૪

પદ ૨૨ (રાગ—ભજન તાલ દીપચંદી.)

જેકર છાલ થીયાં રે, જેડયું ઘર સંતન પાણીયારીરે;
જેકર છાલ થીયાં–ટેક૦
ચંપી કરીયાં આઉં ચરનનજી સાંઇ વો,
ડીયાં અંગણુ બોવારી રે....જેકર૦ ૧
ચાકર ઉનજી રે આંઉં થીયાં સાંઇ વો,
કરીયાં ટેલ સંભારી રે....જેકર૦ ૨
નિરમલ નેહી રે રામ સનેહી ભલા,
સંત સદા ગુલજારી રે....જેકર૦ ૩
સદા એસો રહો સંગ સંતનજો ભલા,
સેવારામ બલિહારી રે....જેકર૦ ૪



॥ ॐ ॥

॥ श्रीसद्गुरु स्तवनमाला ॥

चैतन्यं शाश्वतं शांतं, व्योमातीतं निरंजनः ।
नादबिंदुकलातीतं, तस्मै श्रीगुरवे नमः ॥१॥

सर्वश्रुतिशिरोरत्न, विराजितपदांबुजः ।
वेदांतांबुजमार्तंडस्तस्मै श्रीगुरवे नमः ॥२॥

अज्ञानतिमिरांधस्य, ज्ञानांजनशलाकया ।
चक्षुरुन्मिलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥३॥

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः ।
गुरुरेव परं ब्रह्म, तस्मै श्रीगुरवे नमः ॥४॥

ध्यानमूलं गुरोर्मूर्तिः, पूजामूलं गुरोः पदम् ।
मंत्रमूलं गुरोर्वाक्यं, मोक्षमूलं गुरोः कृपा ॥५॥

अखंडमंडलाकारं, व्याप्तं येन चराचरम् ।
तद्पदं दर्शितं येन, तस्मै श्रीगुरवेनमः ॥६॥

नगुरोरधिकं तत्त्वं, नगुरोरधिकं परम् ।
गुरोः परतरं नास्ति, तस्मात्संपूज्यते गुरुः॥७॥

अखंडानंदबोधाय, शिष्यसंतापहारिणे ।
सच्चिदानंदरूपाय, रामाय गुरवे नमः ॥८॥

अज्ञानमूलहरणं, जन्मकर्मनिवारणम् ।
ज्ञानवैराग्यसिद्धयर्थं, गुरुपादोदकं पिबेत् ॥९॥

ब्रह्मानंदं परमसुखदं, केवलं ज्ञानमूर्तिं ।
द्वंद्वातीतं गगनसदृशं, तत्त्वमस्यादिलक्ष्यम् ॥
एकं नित्यं विमलमचलं, सर्वधीसाक्षिभूतं ।
भावातीतं त्रिगुणरहितं, सद्गुरुं तं नमामि ॥१०॥

સોરઠા.

વસ્તુ ગતે સો એક, યામે કછુએ ભિન નહિ;
હરિગુરુ સંત વિવેક, નામ મનોહર સુર કહે....૧

છંદ નારાચ.

હરિ ગુરુ જુ એક હૈ, વિવેક સોં વિચારજે;
કરી કૃપા કૃપાલકી, જુ આપકો ઉધારજે;
લહેજુ ભેવ જ્ઞાનકો, અજ્ઞાન અંતરા તજે;
અખંડરૂપ આતમા, ભલીજુ પ્રીતસોં ભજે....૨

ન દૂર હૈ નજીકસો, ન નીલ પીત રંગ હૈ;
ન સ્વેત શ્યામકો કહે, ન બાલ વૃદ્ધ અંગ હૈ;
ન પારહૈ અપારકો, ન વૈખરી પિછાનહીં;
સદા અસંગ આતમા, પરાત પાર માનહીં....૩

કયોં પરાત પાર હૈ, લખે ન કોઇ ભેવકો;
અનામયં અચિંત હૈ, દ્રશ્યો ન જાત દેવકો;
અગાધ સંતકો મતો, કથ્યો ન જાત કયૌં કહે,
યથામતી જુ ભાખહીં, લખ્યો ન જાત કયોં લહૈં....૪

ગુરૂજબે કૃપા કરે, તબેસુ તત્ત્વકો લહે,
મિટે અજ્ઞાન આનકો. દુરીતકો દુરી દહે;
લખેજુ સાચ સારકો, અસારકો ન ધારહી;
ગ્રહીજુ જ્ઞાન કેવલં, અજ્ઞાનકો નિવારહી.... ૫

લખ્યો સ્વરૂપ બ્રહ્મકો, ચરાચરંજુ દેખહી;
ભિન્નાભિનં ન ભાવહે, ન કાહુકો ઉવેખહી;
હરી હરિજુ દર્શહી, હરી વિના ન આનહૈ;
હરી હરી જપે સદા, હરી હરી સુધ્યાનહે....૬

હરી હરી જુ બોલહી, હરી હરી સુધ્યાવતે;
હરી હરી બખાનહૈ, હરી હરી સુ ગાવતે;
હરી હરી જુ ચિંતવે, હરી હરી સુ માનતે;
હરી હરી જુ વંદહી, હરી હરી પિછાનતે....૭

અચિંત રૂપ આતમા, સ્વરૂપસો ધરે સદા;
વૃતી અડોલવારધી, ન કાહુપેં ચલે કદા;

તપે રવિ નિદાનકો, કછુ ન ઉષ્ણુ લાગહી;
મતો અપાર જ્ઞાનકો, જુતાહિકો ન ત્યાગહી.... ૮

પ્રમાણિકા છંદ.

ન કામ ક્રોધ લોભ હે, ન સોભકો અસોભ હે;
ન મોહદ્રોહકો કરે, ન ભેદ ભાવના ધરે... ૯
સબેજુ દ્વૈત ત્યાગહી, ન સંગ દોષ લાગહી;
તજે ન વેદ આમના, કરે ન મન કામના....૧૦

દોહા.

જ્ઞાની ગુરુકો વંદીયેં, જુગલ જોરિકે પાન;
રવિ હરતજ્યોં તિમિરકો, ગુરુ હરે અજ્ઞાન....૧૧
પ્રાપતિ જે પરિબ્રહ્મકી, જાકે વચન તેં હોય,
તાકી પદરજ પરસિંયે, ગુરૂસમ આનન કોય....૧૨
જિનહીકે અજ્ઞાનકરિ, ભાસત માયા ભાસ;
સત્ય સ્વરૂપકે જ્ઞાનતેં દિસે બ્રહ્મ વિલાસ....૧૩
જ્ઞાનીકે ઉપદેશતેં, મિલે પરિબ્રહ્મરાય;
દેવા ગુરૂ ધન ધન્ય હે, વંદન યોગ્ય સદાય.....૧૪
પ્રથમ કરોં કરજોરિકે, ચરનકમલકી સેવ,
વિઘ્ન હરે મંગલ કરે, જયજયજય ગુરૂદેવ....૧૫
જો પરહી ગુરૂ ચરનમેં, સો તરહી તતખેવ,
સો ફીર ઉદર ન આવહી, જય જય ગુરૂદેવ....૧૬
ગુરૂબિન સંશય ના મિટે, ગુરૂબિન મિલે ન ભેવ,
ગુરુબિન જ્ઞાન ન ઉપજે જય જય જય ગુરૂદેવ....૧૭

જ્ઞાનિ ગુરૂ પ્રસાદતેં, પરી ભજનકી ટેવ,
લાગી લગન લોચન ખુલે, જય જયજય ગુરૂદેવ....૧૮
પરાપાર પરિબ્રહ્મ જે, અકલ અખંડ અભેવ,
તિન વપુધરી કરૂણા કરી, જય જય જય ગુરૂદેવ....૧૯
ધરે ધ્યાન ગુરૂદેવકો ધ્યાવે અંગ અવેવ;
સો પાવે મહા મુક્તિસુખ જય જય જય ગુરૂદેવ—૨૦
ભયો પ્રકાશહી બ્રહ્મકો, ગયો સકલ અહમેવ,
અંતર ઉદયો આતમા, જય જય જય ગુરૂદેવ—૨૧
ગુરૂ સોઇ પરિબ્રહ્મ હે, ગુરુ નિરંજન એવ;
વિહારી પદ વંદન કરે, જયજય જય ગુરૂદેવ—૨૨

ચોપાઇ

નમો નમો ગુરુદેવ ગુસાંઇ, મેં આયો તુમરી સરનાઇ;
તાતેં કરોં વિનય કરજોરી, નાથ યથામતિ સામૃથ મોરી—૨૩
પશ્ચિમ ખંડ ધરા કચ્છદેસ, તહાં સદ્ગુરૂ દેહ ધર્યો નરેશ;
હમલા ગામ સુથાનકવાસા, જહાં સુખ પાવે સંત નિવાસા—૨૪
તહાં પ્રગટે ગુરુ સાહેબ દેવા, પૂરન બ્રહ્મ અખંડ અભેવા;
યાદવ કુલમેં ભયે અવતારા, જીવ અનેક ઉધારનહારા—૨૫
જન્મ ધર્યો જીવનિકે કારન, તાકો સદ્ગુરૂ આયે તારન;
માત પિતા કુલ કુટુંબ પ્રવારા, તાકો સદ્ગુરૂ તારનહારા—૨૬
ધનધન માતપિતા ધન બંધુ, જા ઘર પ્રગટે કરૂણા સિંધુ;
ધન સો નગર વસેજા માંહી, તામેં લોક વસે ધનતાહીં—૨૭
ધન ધન શિષ્ય કરે જો સેવા, તાપર કૃપા કરે ગુરુદેવા;
સેવક સંગ રહેસો ધન હૈ જાકો રાતદિવસ દરશન હૈ—૨૮

ધન ધન ભુમી જહાં વિચરહી, તા ભુમીકો પાવન કરહી;
જો કોઈ ચંદન પુષ્પ ચઢાવે, તો પ્રિયતા મનમેં નહિ આવે-૨૯
જો કોઇ કુટીલ વચન મુખ દાખે, તાકો દોષ હૃદે નહિ રાખે;
સીતલશાંત સદા સ્થિર માના, બ્રહ્મવિના દેખે નહિ આના-૩૦
બ્રહ્મભાવ કરિ બ્રહ્મ પિછાન્યો, બ્રહ્મ રૂ આપ એક કરી જાન્યો;
તાતેં બ્રહ્મરૂપ ગુરૂ દેવા, અકલ અખંડ અનંત અભેવા-૩૧
જો નિર્ગુન નિર્ભેદ નિરંજન, સો મેરે ગુરૂ ભવદુઃખ ભંજન;
એક અજન્મા જો અવિનાસી, સો મેરે સદ્‌ગુરુ સુખરાસી-૩૨
એક અખંડિત અકલ અમાપક, સો મેરે ગુરૂ ઘટ ઘટ વ્યાપક;
જો ચિદ્રુપ ચલે નહિ ડોલે, સો મેરે ગુરૂ ઘટ ઘટ બોલે-૩૩
જો વ્યાપક જલ થલકે માંહિ, સો સદગુરૂ દુજાકો નાહિ;
તાતેં એક આદિ મધ અંત, સદગુરૂ આપ સ્વયં ભગવંત-૩૪
ગુરૂ ગોવીંદ ગુરૂ સોઇ રામા, એકહિ રૂપ ધર્યા દોઇ નામા;
દેવા સદગુરૂ સાહેબ મેરા, ભેટત ચરન મિટયા ભવ ફેરા-૩૫
દેખી દીન દયા મન આની, કરી કૃપાજન અપનો જાની;
જન વિહારી ગુરૂ મહીમા ગાવે, સકલ સંતકો શીશ નમાવે-૩૬

દોહા.

વ્યાપક સબ ઘટ આતમા, જાકો આદિ ન અંત;
સો મેરે ઉર નિત વસે, જય જય ગુરુ ભગવંત-૩૭
જાકો ગાવત વેદ નિત, અકલ અખંડ અનંત;
સો મેરે નિજ આતમા, જય જય ગુરૂ ભગવંત-૩૮
જુઠા કલ્પિત જિન વિષે, સકલ ચરાચર જંત;
સમરસ ખેલે સબનમેં, જય જય ગુરૂ ભગવંત-૩૯

સબ જડ ઇંદ્રિય જિનહિંતે, વ્હે ચૈતન વરતંત;
સોઇ પ્રગટ પરમાતમા, જય જય ગુરૂ ભગવંત–૪૦
ખોજ્યા જિન ખાંખત કરી, તિન પાયા નિજ તંત;
પાયા ગુરૂ પ્રસાદતેં જય જય ગુરૂ ભગવંત–૪૧
ગુન નિર્ગુન નહિ જિન વિષે, સોઇ સબ ગુનવંત;
તબસો દુજા કયા કહે, જય જય ગુરૂ ભગવંત–૪૨
એસે આતમ તત્ત્વકો, જો સમજે સો સંત;
સો ઉત્તમ હે સબનિતેં, જય જય ગુરૂ ભગવંત–૪૩
સમજા સમજી ત્યાં સમ્યા, માનુભાવ મહંત;
વિહારી વંદન યોગ્ય હૈ જય જય ગુરૂ ભગવંત–૪૪

ચોપાઇ

ઇનકો પઠન પ્રાત ઉઠી કરહીં, ગુરૂકે ચરન કમલ ચિત ધરહીં;
યહ ગુરૂમહિમા સુને સુનાવે, તાકો ફેર જન્મ નહિ આવે-૪૫

કુંડલિયા

દેવા યહ વર દીજિયેં, ઉપજે આતમ જ્ઞાન,
ચરન તુમારે ચિત વસે, ધરોં નિરંતર ધ્યાન,
ધરોં નિરંતર ધ્યાન, અવર ઇચ્છા નહિ કોઇ,
દુર્લભ યહ વરદાન, દયા કરિ દીજે સોઈ,
કહે વિહારી કર જોડ, સદા સંતનકી સેવા,
ઉપજે આતમ જ્ઞાન, દીજિયેં યહ વર દેવા.—૪૬

પરંપરા ગુરુ પધ્ધતિ.

દોહા

સદચિદ આનંદરુપ નિજ, નામરૂપ જગદ્વંદ;
પ્રથમ વસ્તુ નિર્દેશ યહ, મંગલ નિજ સુખકંદ—૪૭

દ્વિતીય વંદના રૂપજો, મંગલ શુભ નિષ્કામ;
મન તન ધન કુલબાન કરિ, વંદો સદગુરૂ રામ—૪૮
તૃતીય મંગલા ચરણજો, સ્તવનરૂપ પુનિ હોય;
ગુરૂ સબ નિતેં શ્રેષ્ઠ હૈ, ગુરૂસમ આન ન કોય—૪૯
મંગલત્રયત નમન કરી, સાંપ્રદાય અનુસાર;
પરંપરા ગુરુ પદ્ધતી, તાકોં કરોં ઉચ્ચાર—૫૦

ચોપાઇ

ચિદાનંદ સત બ્રહ્મપ્રગટ પરમાતમ દેવા;
અકલ અચિંત અનામ, અરૂપ અતીત અભેવા;
આપહિ અપની શક્તિ, તાહીંતેં જગ ઉપજાયો;
થિરચરકોં આધાર, શ્રુતિ નારાયણ ગાયો—૫૧

નારાયણકે નાભીકમલ, પ્રગટે ચતુરાનન;
બ્રહ્મરૂપ પ્રતિપાદક, ચારોં વેદ પરાયન;
તપોનિધી પ્રગટે તિનતેં, મુનિ ગુરુ વશીષ્ટ;
બ્રહ્મભૂત કરૂણાકે સાગર, સકલ વરીષ્ટ—૫૨

શક્તિ મુનિ પ્રગટે તિનતેં પરમાદ્ભૂતજ્ઞાની;
ચિદાનંદમય સમરસ, મહા મંગલ વિજ્ઞાની;
શક્તિતનય મહારાજ, પરાસર તપકે આગર;
બ્રહ્મલીન મન સદા, સદોદીત સુખકે સાગર—૫૩

પુત્રરૂપ દેહ પ્રગટ ભયો, તિનતેં ગુરૂ વ્યાસ;
વેદ મથન કરી બ્રહ્મસૂત્ર, જીન કીયો પ્રકાશ;
ભારત ઇતિહાસાદિક, અષ્ટાદસહિ પુરાના;
ભક્તિ જ્ઞાન વૈરાગ્ય, ધર્મ વર્ણાશ્રમ નાના—૫૪

વ્યાસપુત્ર યોગીંદ્ર વિરાગી, શુક મહારાજા;
સપ્ત અહર્નિમેં કીનો, મોક્ષ પરિક્ષત રાજા;
શિષ્ય તિનહીકે ગૌડ પાદ આચાર્ય જાનો;
પ્રગટ કીયો સંન્યાસ, ધર્મ બહુ દિન અલપાનો—૫૫

યોગેંદ્ર ગોવિંદાચાર્ય તિનકે શિષ્ય,
શરનાગત જન મેટનહારે ભૂત ભવિષ્ય;
તિનકે શંકર આચાર્ય, સબ જગ સુખકંદા;
કરિ દીનો પ્રસ્થાન, જગતમેં મેટયો દ્વંદા—૫૬

કરી દિગનિમેં વિજય, બોધ પાખંડ ઉડાયો;
એક બ્રહ્મ અદ્વૈત, સબલ મત સબનિ દ્રઢાયો;
સૂત્ર શ્રુતિ સ્મૃતિ વાકય વ્યવસ્થા કીન યથાર્થ;
ગૌન પદારથ તીન, મુખ્ય કરી મોક્ષ પદાર્થ—૫૭

ચાર શિષ્ય તિનકે, પરમાદ્‌ભુત અજીત અકામ;
પરમબ્રહ્મ લયલીન, કહું અબ તિનકે નામ;
પ્રથમ પદ્મપાદાચાર્ય, તમ ભ્રાંતિ દિવાકર;
દ્વિતીયસુ હસ્તામલક; બ્રહ્મ અનુભવ રત્નાકર—૫૮

તૃતિય ત્રોટકાચાર્ય, શરણાંગત સુખદાયક,
ચતુર્થ વાર્તિકકાર, તજ્ઞ જન ભજવે લાયક;
પ્રગટ ભયે તિનતેં દશનામી, શિષ્ય ધુરંધર;
દૂર કરન મારુત સમ, જગ તમ મેઘાડંબર—૫૯

તીર્થાશ્રમ પુનિ વનારન્ય, ગિરિ પર્વત સાગર;
સરસ્વતી ભારતી પુરિ, મહા બુધિકે આગર;

સરસ્વતી કુલ રામ, અખંડાનંદ ગુંસાઇ;
સકલ ચરન રજ, વાર વાર વંદો શિરનાઈ—૬૦

સંપ્રદાય અનુસાર, પ્રતાપી સંત મહંત;
યથામતિ કછું કહું, કહત નહિ આવે અંત;
નાનક દાદુદેવ, અખાજી સુંદરદાસ,
નરહર મનહરદાસ, રજગ નિજરૂપ પ્રકાશ—૬૧

નિરંજની ભગવાનદાસ, શુકદેવ પ્રતાપી;
હરસુર પુનિ સહદેવ, સ્વામી રણછોડ અદ્યાપી;
હમલા મહુ પ્રગટે, ગુરૂ દેવા સાહેબ જ્ઞાની;
ભક્તિ જ્ઞાન વૈરાગ્ય, યુક્ત અનુભવકી ખાની—૬૨

તિનકે જેઠિરામ, વિહારી સેવારામ;
બુદ્ધિવાન ગુરૂ રામસિંહજી ક્ષેમ અભિરામ;
ગુરૂ ઈશ્વર સુખ ધામ, કામ ક્રોધાદિક ટારે;
પ્રબલ બોધ ઉર સોધ, શિષ્ય ભવફંદ નિવારે—૬૩

લાલરામ લયલીન, લક્ષગુરૂ સેવા માંહી;
નિરમલ મતી પ્રવીન, સંત પ્રત્યક્ષ લખાહી;
ચાર જુગનિકે સંત, જગ્ત મહું પર ઉપકારી;
વાર વાર વંદો તિનકી પદરજ શિર ધારી—૬૪

નારાયન ગુરુ સંત ભેદ મતિયામેં નાહી;
કથન માત્ર ત્રયનામ, વસ્તુતેં એકે આહી;
એસો યહ અદ્વૈત, જ્ઞાન સદ્‌ગુરૂ તેં પાયો;
અહં બ્રહ્મઅસ્મી અનુભવ, અતિ અડિગ દ્રઢાયો—૬૫

વેદ સદ્ગુરૂ અપનો, અનુભવ તીન પ્રતિતી;
અવર યુક્તિ દૃષ્ટાંત, પ્રક્રિયાકી બહુ રીતી;
કરી વિચાર બાપુ, જ્યૌં કો ત્યૌં નિજપદ પાયો;
નિજાનંદમય સ્વસંવેદ, ચિદઘન તન છાયો—૬૬

કુંડલીયા.

નારાયન ગુરૂ સંતપદ, વંદો વારંવાર;
તારક ભવજલ ઊદધિકે, દાયક શુદ્ધ વિચાર;
દાયક શુદ્ધ વિચાર, સાર પરમાતમ પ્રાપક;
અગમ અગોચર અકહ, રહિત જો વ્યાપ્ય રૂ વ્યાપક;
જન બાપુ સદ્ગુરૂ તેં પાયો, રહિત ત્રિવિધ હદ;
વંદો વારંવાર, સંત ગુરૂ નારાયન પદ—૬૭
રામગુરૂ ચિત રાખીયે, નિત તવ પદકો નેહ;
સત ચરચા સત સંગતિ, જન્મ કરમ કટ જેહ;
જન્મ કરમ કટ જેહ, એહ નિજ જ્ઞાન અખંડિત;
શ્રવન મનન અતિ સાર, પાર સબ હોગયે પંડિત;
બાપુ કહે તુમ બાપ, કૃપાઘન પુરનકામ;
નિત તવ પદકો નેહ, રાખીયે સદ્ગુરૂ રામ—૬૮

શ્રીકૃષ્ણછબી વર્ણન.

દોહા.

અદ્ભુત છબિ આનંદમય, મેરે જીવન પ્રાન;
જન વિહારી કર જોરી જુગ, બહુર્યોં કરોં બખાન—૬૯

ચોપાઇ

બહુરી કરોં પ્રભુકી છબિ બરનન,
ચિત મેરો લાગો જિન ચરનન;
યથા યોગ્ય હૈ યહ છબી જેસેં,
કહી ન જાત કવિ બરનત કેસેં—૭૦
શ્યામ સ્વરૂપ સુભગ તન સુંદર,
વ્રજાધીસ વ્રજ નટ નાગરવર;
ચરનન કરત ચારૂ નેપુર ધુન,
હોત અધીર ધીર યહ ધુન સુન—૭૧
સુંદર જુગલ જાનુ જંઘાવર,
કટિતટ કટિમેખલા મનોહર;
અદ્‌ભુત ઉદર બીચ નાભી અધ,
મનહુન ભ્રમર પરત જલકે મધ—૭૨
બનિ વિસાલ ઉર માલ મનોહર,
શુભ ગુન સકલ સદન સુંદર વર;
અતિ કપોત કરકંઠ વિશેષા,
તાબિચ રુચિર બની ત્રય રેષા—૭૩
પુનિ પ્રચંડ ભુજદંડ બાહુબલ
ખેદ લહે જિનતેં કેવલ ખલ;
રત્નજડિત કર કંકન રાજે,
બાહન બાજુબંદ બિરાજે—૭૪
અધિક અધિક પલપલ છબિ આનન,
મકરાકૃત કુંડલ છબિ કાનન;

ચારૂ ચિબુક જુગદશન પાંતિવર,
નવલ નાસિકા શુભ અતિ સુંદર—૭૫
ગુલિક જુગલ ગંડસ્થલ સોહન,
મુસકન હસન મદન મનમોહન;
ચંચલ ચપલ ચારૂયુગ લોચન,
પરમ દયાલ દીન દુઃખ મોચન—૭૬
રૂચિર ભાલ ગૌરોચન રેષા,
બનિ લિલાટ બિચ બિંદી વિશેષા;
પેંચદાર પગરી શિર શોભિત,
જિન અતિક્રીન મદન મન ક્ષોભિત—૭૭
મણિ જડીત શિર મુકુટ મનોહર,
તાબિચ લસત લલિત મુક્તાવર;
અંગ અંગ અંબર વર ભૂષન,
જિનકે દર્શ મિટે સબ દૂષન—૭૮
કોટિ કોટિ મંગલમય મૂરત,
સુકૃત કોટિ સદન યહ સૂરત;
અતિ વિચિત્ર લીલા વિસ્તારન,
યદુકુલ જન્મ ધર્યો જિન કારન—૭૯
અજર અમર ગુન અગુન ગુસૈયાં,
સો પ્રભુ ચારત બન બન ગૈયાં;
શ્રુતિ પુરાન કૌ પાર ન પાવે,
સો પ્રભુ ગ્વાલ નિગ્વાલ હસાવે—૮૦

જિનકોં યોગેશ્વર નહિ જાને,
સો લલનારસ રૂપ લુભાને;
જિનકો શિવ સનકાદિક ધ્યાવે,
સો પ્રભુ ગ્વાલ નિસો મિલિ ગાવે—૮૧

જિનકી મહીમા કહી ન જાવત,
તિન પ્રભુકો વ્રજનારિ નચાવત;
કાન કાન પુનિ કહત કનૈયા,
લે લે નામ લડાવત મૈયા—૮૨

નિર્વિકાર નિજરૂપ દિખાવન,
વ્રજવિહારી કીનો વ્રજપાવન;
અતિ અગાધ આશય દિખરાયો,
કિન કિન વિરલે સંતનિપાયો—૮૩

દીન દયાલ જાની યદુનંદન,
વાર વાર કરહો પદવંદન;
દાસ વિહારી જાનિ જન અપનો,
સ્વામી દૂર કરોં જગ સ્વપનો—૮૪

દોહા.

સુખદ સિંધુ અવતાર સબ, રત્નકૃષ્ણ બલરામ;
સો વસહું મમ ચિતસદન, ધ્યાનયોગ્ય છબિધામ-૮૫

ચોવીસ ઇશ્વરાવતારકે નામ.

ચોપાઇ.

જય જય આદિ વરાહ, મીન વામન મન્વંતર;
સનકાદિક નરસિંહ, દેનવર ધ્રુવ ધન્વંતર;

કપિલ કમઠ હયગ્રીવ, હંસ હરિ નર નારાયણ;
રૂષભ દેવ રઘુવીર, કૃષ્ણ પરિબ્રહ્મ પરાયન—૮૬
બુદ્ધ નિકલંકી વ્યાસ, પ્રથુ પ્રથવી કે ઇસ;
ફરસુરામ અભિરામ, યજ્ઞદત્ત એ ચોવીસ;
તિનકે પદારવિંદ, વંદ પુનિ વંદન કરહોં;
તિનહી ચરનકી રેનુ, સદા મેરે શિર ધરહોં—૮૭
પાદકિરેનુ પ્રાસાદ, ખુલે અનુભવકે લોચન;
દેખ્યા ચૈતન બ્રહ્મ, ભયા જિનતેં ભવમોચન;
અબ ન પરોં ભવકૂપ, રૂપ નિજ અપના પાયા;
દેવા ગુરૂ દયાલ, દયા કરિ મોહિ બતાયા—૮૮

ગુરુસ્તુતિ.

સોરઠા.

દેવા ગુરૂ દયાલ, સાહેબ મેરે ઉર સદા;
કર્મ ભર્મ અરૂ કાલ, ઉડ ગયે જિનકે વચનતે—૮૯
મહાવાકયકો બોધ, મોહિ દીયો ગુરૂ મહેર કરી;
લીયો સ્વરૂપ હી સોધ, ભાગ ત્યાગ લક્ષણા કરી—૯૦

દોહા.

પતિત ઉધારન મહા પ્રભુ, દયાસિંધુ ગુરૂદેવ;
સેવારામ યાચે સદા, ચરન કમલકી સેવ—૯૧
ચરન કમલકો ધ્યાન પ્રભુ, દીજે દૃઢ ઉરમાંહિ;
યાચક યાચત શ્રી ગુરુ, ભીખ એહિ તુમ પાહિ—૯૨
તુમ દાતા ત્રય લોકકે, સદ્‌ગુરૂ સદા કૃપાલ;
ભાવ ભક્તિ ભીક્ષા ચહોં, દીજેં દીન દયાલ—૯૩

ભટકિ ભટકિ દેખે સબે; દેવી દેવ અપાર;
ઉલટે બંધનમેં પરે, કોઈ ન છુડાવનહાર—૯૪
ભ્રમત ભ્રમત આઇ પર્યો, સદ્ગુરૂ તો દરબાર;
કૃપા દૃષ્ટિ કીજેં પ્રભુ, પકરી ઉતારો પાર—૯૫
તુમ બિન હમરો કોઉ નહિ, અવર વસીલો કોય;
તાતેં સદગુરુ રાખીયેં, શરન આપની મોંય—૯૬
સદા હમારે ચિત વસો, બિસરો ન એક લગાર;
તુમપેં માગું શ્રી ગુરુ, તુમરો ધ્યાન ઉચાર—૯૭
તુમરે યશ નિત ગાવહોં, તુમરે ગુન અરુ ગીત;
સદ્ગુરુ તુમરે પાદ સો, ઉમંગે નિત નિત પ્રીત—૯૮
કુંજી ઇંડા જ્યોં તજે, આપ વસે પરદેશ;
સદ્ગુરુ એસેં રાખીયો, સુરતીમાંજ હમેશ—૯૯
સુરતિ બિના નિપજે નહી, શિશુ ઇંડા ગલિ જાય;
તાતેં તુમહિ દયાલ ગુરુ, હોજો સદા સહાય—૧૦૦
પ્રાર્થના યહ જો કરી, સદ્ગુરુ ધરજો કાન;
સેવારામ પ્રણવે સદા, મેરે જીવન પ્રાન—૧૦૧
દેવા દરશન દિલહિમેં, પલ પલ દીજે મોહિ;
એક નિમિષ નહિ ભૂલહોં, સ્વામી છબિહી તોહી—૧૦૨
સુરત તુમારી સદ્ગુરુ, છિન એક બિસરત નાહિ;
મહા લલિત છબિ લિખધરી, મન મંદિરકેમાંહિ—૧૦૩
દેવા મેરી અરજી એક, સુનિયો દે કરી કાન;
નેહ નિભેસો કીજીયેં, કૃપા-સિંધુ ભગવાન—૧૦૪
વાણી વચન વિલાસતેં, નહિ પાવે નિજ ભેવ;
વિહારી વસ્તુ તો મિલે, કૃપા કરે ગુરુદેવ—૧૦૫

સેવારામ સેવા સંતકી, કરે જુ મન ચિતલાઇ;
સો પાવે મહા મુક્તિ સુખ, યામે સંશય નાઇ—૧૦૬
ગુરુ કૃપા તેં પાઈયેં, ચરન-કમલકી સેવ;
સેવારામ મુખ બોલીયેં, જય જય જય ગુરુદેવ—૧૦૭

ધ્વનિ.

જય ગુરુ દેવા જેઠીરામ, રામસિંહ ગુરૂ દેવ નમામ;
હરસુરસ્વામી રણછોડરામ, પરમાનંદ ગુરૂ એક અનામ.
વિહારી ક્ષેમગુરૂ સેવારામ, ગુરૂ ઈશ્વરસ્વામી પુંજારામ;
અખંડાનંદ જય જય રામ, સતગુરૂ રામ પૂરન કામ.
દત્ત દીગંબર જય રઘુનાથ, ગુરુવરસ્વામી શ્રી મુનિનાથ;
હરિ નારાયણ ગુરૂ નારાયણ, દ્વૈત નિવારણ પરમાનંદ.
સદા શિવ શંકર, ભક્તજન પ્રિય પંકજ લોચન;
નારાયણ તવદાસોહં, બોલો શ્રી દ્વારિકાનાથકી જય.

ધ્વનિ.

જય ગુરુ દેવા જય ગુરુ દેવ, તવ પદ પંકજ કરૂં મન સેવ;
જય ગુરુ દેવા જય રણછોડ, તવ પદ નમું હું દ્વે કરજોડ; (૨)
જય ગુરુ દેવા જેઠીરામ, તવ પદ પંકજ કર મન ધામ; (૨)
જય ગુરુ દેવા સેવારામ, રામસંગ ગુરૂ મોહનરામ; (૨)
જય ગુરુ દેવા વિહારી ક્ષેમ, ગુરૂ ઇશ્વરપદ કર મન પ્રેમ; (૨)
જય ગુરુ દેવા ઇશ્વરરામ; લાલરામ ગુરૂ કરુણા ધામ, (૨)

શ્રીસામદાસજીકૃત-શ્રીગુરુ ઇશ્વરરામજીની સ્તુતિ

દોહા.

એક એવ અદ્વૈત જો, પરમાતમ, જગદીશ;
જન કારણ તનુ ધારિવર, જય જય સદ્ગુરૂ ઇશ—૧

મનહું અપર બીરાજ હી, રઘુપતિ ગુરુ મુનીશ;
જ્ઞાન દાન નિત દેત વર, જય જય સદ્‌ગુરુ ઈશ—૨
પૂરણ કામ નિઃકામમતિ, સમજહિ રંક મહીશ;
જ્ઞાન ભાન મતિ માન અતિ, જય જય સદ્‌ગુરુ ઇશ—૩
સદા વિચારત લક્ષ જો, તજી ભ્રમ ઇશ અનીશ;
પુનિ પુનિ ભાષત શિષ્ય પ્રતિ, જય જય સદ્‌ગુરૂ ઇશ—૪
દાતા જ્યૌં નિજ મુક્તિકે, કરુણાકરકા શિશ;
શરન હરન ભવ ભીતિ ભલ, જય જય સદ્‌ગુરુ ઇશ—૫
મોક્ષ કીયો જ્યોં ગ્રાહ તે, હરિ તતકાલ કરીશ;
કીનો બંધ વિછેદ મમ, જય જય સદ્‌ગુરૂ ઈશ—૬
નિગમાગમ જેહી ગાવહી, મનપર કહત મુનીશ;
સોઇ લખાવત લક્ષ જો, જય જય સદ્‌ગુરુ ઈશ—૭
નિજાનંદ નિમગ્ન જો, વર વરીયાન વરીશ;
જગમંગલ કર જાસુદ્રગ, જય જય સદ્‌ગુરુ ઇશ—૮
નિગમાગમ સબ જાસુ ઉર, વસત વદન વાગીશ;
રિદ્ધિસિદ્ધિ રહત સો પાદતલ, જય જય સદ્‌ગુરૂ ઈશ—૯
સોહત સુઠીવર સુભગ ષટ, મનહુ માયાધીશ;
રમત રમાવત આપ સબ, જય જય સદ્‌ગુરૂ ઇશ—૧૦
શરન સુખદ ભય હરન ભવ, અધરન ધરન ગિરીશ;
અશરન શરન ન અપરજન, જય જય સદ્‌ગુરૂ ઇશ—૧૧
મહીમા અગમ અગાધ અતિ, બરણી ન શકત ફનીશ;
સામ કહા એક મુખ ભને, જય જય સદગુરૂ ઇશ—૧૨
ઇશ્વર ઇશ્વર રૂપ હોઈ, લીન મનુજ અવતાર;
આરયવરતર પૂજ્ય મમ, નિજ જન કીન ઉદ્ધાર—૧૩

॥ ૐ ॥

॥ श्रीगुर्वष्टकम् ॥

शरीरं सुरूपं तथा वा कलत्रं,
यशश्चारु चित्रं धनं मेरुतुल्यम् ।
गुरोरंघ्रिपद्मे मनश्चेन्न लग्नं,
ततः किं ततः किं ततः किं ततः किम् ॥१॥

રૂપયુક્ત શરીર, સુંદર સ્ત્રી, નિર્મલ મહાન્ યશ તેમજ સોનાના સુમેરુ જેટલું ધન પ્રાપ્ત હોય, છતાં પણ જો શ્રીગુરુદેવના ચરણકમલમાં મન લાગેલું ન હોય, તો તે રૂપયુક્ત શરીરથી શું? તે સુંદર સ્ત્રીથી શું? તે નિર્મલ મહાન્ યશથી શું? અને સોનાના સુમેરુ જેટલા ધનથી શું? અર્થાત કંઇ પણ નહીં. ૧.

कलत्रं धनं पुत्रपौत्रादि सर्वं,
गृहं बांधवाः सर्वमेतद्धि जातम् ।
गुरोरंघ्रिपद्मे मनश्चेन्न लग्नं,
ततः किं ततः किं ततः किं ततः किम् ॥२॥

સ્ત્રી, ધન અને પુત્રપૌત્રાદિ સર્વ, તેમજ ઘર અને બાંધવો એ બધું પ્રાપ્તજ હોય, છતાં પણ જો શ્રીગુરુદેવના

ચરણકમલમાં મન પ્રીતિવાળું ન હોય, તો ઉપરોક્ત બધું પ્રાપ્ત હોય, તેથી શું? તેથી શું? તેથી શું? અને તેથી શું? અર્થાત્ કંઇ પણ નહીં. ૨.

षडङ्गादिवेदो मुखे शास्त्रविद्या,
कवित्वादि गद्यं सुपद्यं करोति ।
गुरोरंघ्रिपद्मे मनश्चेन्न लग्नं,
ततः किं ततः किं ततः किं ततः किम् ॥३॥

શિક્ષા, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ એ છ અંગોસહિત ચારવેદ, પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા, સાંખ્ય, યોગ, ન્યાય અને વૈશેષિક. એ છ શાસ્ત્ર તેમજ ચૌદ વિદ્યા મુખ પાઠ હોય, અને કવિત્વાદિ ગદ્ય તથા સુપદ્યની રચના કરી જાણતો હોય, છતાં પણ જો શ્રીગુરુદેવના ચરણકમલમાં મન લીન થયું ન હોય, તો ઉપરોક્ત બધું પ્રાપ્ત થયું હોય, તેથી શું? તેથી શું? તેથી શું? અને તેથી શું? અર્થાત્ કંઇ પણ નહીં. ૩.

विदेशेषु मान्यः स्वदेशेषु धन्यः,
सदाचारवृत्तेषु मत्तो न चान्यः ।
गुरोरंघ्रिपद्मे मनश्चेन्न लग्नं,
ततः किं ततः किं ततः किं ततः किम् ॥४॥

જે વિદેશો વિષે સુમાનનીય હોય અને સ્વદેશો વિષે પ્રસંશાવાળો હોય, તેમજ સાધારણજનોમાં નહીં, પણ

સદાચારી પુરુષોમાં જે પોતાના સદાચારીપણાનો પૂર્ણ ગર્વ ધરાવનાર હોય, છતાં પણ જો શ્રીગુરુદેવના ચરણકમલમાં મન સ્નેહયુક્ત ન હોય, તો ઉપરોક્ત બધું પ્રાપ્ત હોય, તેથી શું? તેથી શું? તેથી શું? અને તેથી શું? અર્થાત કંઈ પણ નહીં. ૪.

क्षमामंडले भूपभूपालवृन्दैः,
सदा सेवितं यस्य पादारविन्दम् ।
गुरोरंघ्रिपद्मे मनश्चेन्न लग्नं,
ततः किं ततः किं ततः किं ततः किम् ॥५॥

પૃથ્વીમંડલ પર અનેક રાજાઓ અને મહારાજાઓ વડે જેનાં ચરણકમલ સદા સેવાતાં હોય, છતાં પણ જો શ્રીગુરુદેવના ચરણકમલમાં મન અનુરક્ત ન હોય, તો ઉપરોક્ત બધું પ્રાપ્ત હોય, તેથી શું? તેથી શું? તેથી શું? અને તેથી શું? અર્થાત્ કંઈ પણ નહીં. ૫.

यशो मे गतं दिक्षु दानप्रतापा-
ज्जगद्वस्तु सर्वं करे यत्प्रसादात् ।
गुरोरंघ्रिपद्मे मनश्चेन्न लग्नं,
ततः किं ततः किं ततः किं ततः किम् ॥६॥

દાનના પ્રતાપથી મારૂં યશ દશોદિશામાં વ્યાપ્ત છે, અને તેના પ્રભાવથી જગતની સર્વે વસ્તુઓ મારા હાથમાં પ્રાપ્ત છે. એમ પોતાને માનનાર હોય, છતાં પણ જો

શ્રીગુરુદેવના ચરણકમલમાં મન આસક્ત ન હોય, તો ઉપરોક્ત બધું પ્રાપ્ત હોય, તેથી શું? તેથી શું? તેથી શું? અને તેથી શું? અર્થાત્ કંઇ પણ નહીં. ૬.

न भोगे न योगे न वा वाजिराजौ,
न कान्तामुखे नैव वित्तेषु चित्तम् ।
गुरोरंघ्रिपद्मे मनश्चेन्न लग्नं,
ततः किं ततः किं ततः किं ततः किम् ॥७॥

જેનું ચિત્ત ભોગમાં આસક્ત નથી, અષ્ટાંગી યોગમાં આસક્ત નથી, મોટમોટા ઘોડાઓમાં આસક્ત નથી, સુંદર સ્ત્રીના મુખમાં આસક્ત નથી, તેમજ પૈસાઓમાં પણ આસક્ત નથી. એવો પોતે વિરક્ત હોય, છતાં પણ જો શ્રીગુરુદેવના ચરણકમલમાં મન ભક્તિયુક્ત ન હોય, તો ઉપરોક્ત બધું પ્રાપ્ત હોય, તેથી શું? તેથી શું? તેથી શું? અને તેથી શું? અર્થાત્ કંઇ પણ નહીં. ૭.

अरण्ये न वा स्वस्य गेहे न कार्ये,
न देहे मनो वर्तते मे त्वनर्घ्ये ।
गुरोरंघ्रिपद्मे मनश्चेन्न लग्नं,
ततः किं ततः किं ततः किं ततः किम् ॥८॥

મારૂં મન મારા ઘરમાં નથી, કોઇ કાર્યમાં નથી, દેહમાં નથી, તેમજ મારૂં મન કોઇ અમૂલ્ય પદાર્થમાં પણ નથી, કેવલ અરણ્યમાં આનંદ માનનારૂં છે. એમ માનનારો હોય, છતાં પણ જો શ્રીગુરુદેવના ચરણકમલમાં મન નિરંતર

પ્રેમયુક્ત ન હોય, તો ઉપરોક્ત બધું પ્રાપ્ત હોય, તેથી શું ? તેથી શું ? તેથી શું ? અને તેથી શું? અર્થાત્ કંઇ પણ નહીં. ૮

अनर्घ्याणि रत्नानि भुक्तानि सम्यक्,
समालिंगिता कामिनी यामिनीषु ।
गुरोरंघ्रिपद्मे मनश्चेन्न लग्नं,
ततः किं ततः किं ततः किं ततः किम् ॥९॥

અમૂલ્ય રત્નો સારી રીતે ભોગવ્યાં હોય, અને અનેક રાત્રિઓ વિષે અતિસુરમ્ય મનોહર સ્ત્રી આલિંગન અપાયલી હોય, છતાં પણ જો શ્રીગુરુદેવના ચરણકમલમાં મન ઓત-પ્રોત ન હોય, તો ઉપરોકત બધું પ્રાપ્ત હોય, તેથી શું ? તેથી શું ? તેથી શું ? અને તેથી શું? અર્થાત્ કંઇ પણ નહીં. ૯

गुरोरष्टकं यः पठेत्पुण्यदेही,
यतिर्भूपतिर्ब्रह्मचारी च गेही ।
लभेद्वांछितार्थं पदं ब्रह्मसंज्ञं,
गुरोरुक्तवाक्ये मनो यस्य लग्नम् ॥१०॥

સંન્યાસી, રાજા, બ્રહ્મચારી કે ગૃહસ્થ ગમે તે હોય, પણ જે પુણ્યાત્મા શ્રીગુરુદેવના અષ્ટકનો એટલે ઉપરોકત શ્લોકોનો પાઠ કરે છે, અને જેનું મન શ્રધ્ધાવિશ્વાસપૂર્વક શ્રીગુરૂદેવના ઉકત વાકયમાં લાગેલું છે, તે વાંછિત વસ્તુ બ્રહ્મતત્ત્વને એટલે મોક્ષને પ્રાપ્ત થાય છે. ૧૦

ઇતિ શ્રીમચ્છંકરાચાર્યવિરચિતં શ્રીમતઉદ્ધવરામ-મહારાજપ્રણીતગુર્જરટીકાસહિતં શ્રીગુર્વષ્ટકં સમાપ્તમ.

त्रिवर्णने उपयोगी श्रीयजुर्वेदीय प्रातःसंध्या.

સવારે–પ્રાતઃકાલમાં ઉઠી બે હાથને પરસ્પર ઘસી નીચેનો શ્લોક બોલી હાથનાં દર્શન કરવાં.

कराग्रे तिष्ठते लक्ष्मीः, करमूले सरस्वती ।
करमध्ये तु गोविन्दः, प्रभाते करदर्शनम् ॥

પછી એકાગ્રચિતે થોડીવાર પ્રભુનું ધ્યાન કરી એક બે પ્રભાતીઆં બોલવાં.

પછી પોતાના વડીલોને નમસ્કાર કરી મલત્યાગ અને દાતણ વગેરે ક્રિયા કરી પોતાના શરીરની પ્રકૃતિ પ્રમાણે ઠંડા અથવા ગરમ પાણીથી ઘેર અથવા કૂવે કે તળાવે નાવાનો નીચે પ્રમાણે સંકલ્પ કરવો.

अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे यथावर्तमाननक्षत्रयोगकरणलग्नमुहूर्तसमवाये एवं ग्रहगणविशिष्टायां शुभपुण्यतिथौ ममोपात्तदुरितक्षयार्थं प्रातःस्नानमहं करिष्ये ॥

ઉપરોક્ત સંકલ્પમાં જ્યાં જ્યાં અમુક શબ્દ છે, ત્યાં ત્યાં ચાલતા મહિનાનું, ચાલતા પક્ષનું, ચાલતી તિથીનું તેમજ ચાલતા વારનું નામ લેવું. જેમકેઃ—

कार्तिकमासे, मार्गशीर्षमासे, पौषमासे, माघमासे, फाल्गुनमासे, चैत्रमासे, वैशाखमासे, ज्येष्ठमासे, आषाढ-मासे, श्रावणमासे, भाद्रपदमासे, आश्विनमासे, अधिकमासे. शुक्लपक्षे, कृष्णपक्षे, प्रतिपत्तिथौ. द्वितीयायां तिथौ, तृतीयायां तिथौ, चतुर्थ्यां तिथौ, पंचम्यां तिथौ, षष्ठ्यां तिथौ, सप्तम्यां तिथौ; अष्टम्यां तिथौ, नवम्यां तिथौ, दशम्यां तिथौ, एकादश्यां तिथौ, द्वादश्यां तिथौ, त्रयोदश्यां तिथौ, चतुर्दश्यां तिथौ, पौर्णमास्यां तिथौ, अमावास्यां तिथौ. रविवासरे, सोमवासरे, भौमवासरे, बुधवासरे, गुरुवासरे, भृगुवासरे, शनिवासरे.

પછી ન્હાતી વખતે નીચેનો મંત્ર બોલવો.

गंगे च यमुने चैव, गोदावरि सरस्वति ।
नर्मदे सिन्धुकावेरि, जलेऽस्मिन्संनिधिं कुरु ॥

ન્હાવાની શક્તિ ન હોય, તો હાથ પગ ધોઇને પણ સંધ્યા થઈ શકે છે.

પછી પોતાને ઘરે અથવા મંદિરે જ્યાં અનુકૂળ હોય ત્યાં આસન પર બેસી ડાબા હાથમાં થોડી ભસ્મ લઈ તે પર જમણો હાથ ઢાંકી નીચેનો મંત્ર બોલવો.

ॐ अग्निरिति भस्म, वायुरिति भस्म, जलमिति भस्म, स्थलमिति भस्म, व्योमेति भस्म; सर्वं ह वा इदं

भस्म, मन एतानि चक्षूंषि भस्मानि ॥ પછી નીચેનો મંત્ર બોલી તેમાં થોડું જલ નાંખવું. ॐ आपो ज्योतीरसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरोम् ॥ પછી બંને હાથની વચલી ત્રણે આંગળીઓ વડે નીચેનો મંત્ર બોલી તે ભસ્મને મસળવી. ॐ त्र्यंबकं यजामहे सुगंधिं पुष्टिवर्धनम्। उर्वारुकमिव बंधनान्मृत्योर्मुक्षीय माऽमृतात् ॥ પછી તે શ્રી સૂર્યનારાયણને બતાવી તે ભસ્મનાં ॐ नमः शिवाय. એ મંત્રના ઉચ્ચારપૂર્વક લલાટ, કંઠ, હૃદય, ખભા, બાહુઓના સંધીઓ, પડખાં, નાભિ, પાસળાં અને શિર એ સ્થળે ત્રિપુંડ્ર એટલે ત્રણ આડી રેખાઓ કરવી.

પછી આચમનીવડે પંચપાત્રમાંથી જમણા હાથમાં જલ લઈ એક આચમન લેવું. પછી તે હાથને તરભાણીમાં ધોઇ નાંખવો. એજ રીતે પ્રત્યેક આચમનના અંતે હાથ ધોઇ નાંખવો.

ત્યાર પછી નીચેનો ગાયત્રી મંત્ર બોલી શિખા બાંધવી.

ॐ। भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् ॐ ॥

શબ્દાર્થઃ—સર્વને ઉત્પન્ન કરનાર તથા પ્રકાશવાળા (શ્રીસૂર્યદેવનું) (જે) શ્રેષ્ઠ તેજ છે, તેનું (અમે) ધ્યાન કરીએ છીએ; જે (સૂર્યદેવ) અમારી બુદ્ધિને (ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં) પ્રેરે છે.

ભાવાર્થ:—ૐકાર એ ઇશ્વરનો વાચક એટલે નામ છે, અને સર્વે વેદમંત્રોના આરંભમાં તેનો ઉચ્ચાર કરવો જરૂરનો છે. **भूः भुवः स्वः** એ ત્રણ વેદમાંથી સારરૂપે ગ્રહણ કરેલી વ્યાહૃતિઓ કહેવાય છે, એ ત્રણ અહીં શ્રીસૂર્યના તેજના વિશેષણરૂપે ગ્રહણ કરવામાં આવી છે, શ્રીસૂર્યનું તેજ પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગમાં વ્યાપ્ત છે, એ તેનો અર્થ છે. આઠ અક્ષરવાળો એક પાદ એવા ત્રણ પાદ એટલે ત્રણ ચરણ મળીને ગાયત્રી થાય છે; જેથી તેને ત્રિપદા પણ કહે છે. ગાયત્રી મંત્રના પ્રથમ પાદમાં **वर्यं** છે તેનું **णियं** ગણવાથી બધાં મળી ચોવીશ અક્ષરો થાય છે. ગાનારને એટલે યથાવિધિ જપ કરનારને પાપથી તારે છે, જેથી તે ગાયત્રી કહેવાય છે.

શિખા બંધન કર્યા પછી ૐ **भूः पुनातु** એ મંત્ર બોલી પહેલું, ૐ **भुवः पुनातु** એ મંત્ર બોલી બીજું અને ૐ **स्वः पुनातु** એ મંત્ર બોલી ત્રીજું એમ ત્રણ આચમન લેવાં.

પછી નીચેનો મંત્ર બોલી મસ્તક ઉપર થોડું જલ છાંટવું.

ॐ। अपवित्रः पवित्रो वा, सर्वावस्थां गतोऽपि वा ।
यः स्मरेत्पुंडरीकाक्षं, स बाह्याभ्यंतरः शुचिः ॥

પછી નીચેનો મંત્ર બોલી પોતાના આસનને થોડું જળ છાંટવું.

ॐ । पृथ्वि त्वया धृता लोका, देवि त्वं विष्णुना धृता ।
त्वं च धारय मां देवि, पवित्रं कुरु चासनम् ॥

પછી બે વાર આચમન લઇ ત્રણ પ્રાણાયામ કરવા. પ્રાણાયામની સમજણ નીચે પ્રમાણે છેઃ—

નેત્રો બંધ કરી, મૌન રહી, ડાબા નસ્કોરાદ્વારા થોડો રેચક કરી એટલે અંદરના વાયુને બહાર કાઢી, પછી જમણા હાથની ટચલી અને તેની પાસેની આંગળીથી નાકનું ડાબું છિદ્ર દબાવી, જમણા છિદ્રદ્વારા બહારના અમૃતમય વાયુને અંદરમાં યથાશક્તિ લેવો. તે સમયે ગુદાને સંકોચવી પછી અંગૂઠાવડે નાકનું જમણું છિદ્ર પણ બંધ કરી દેવું અને ડોકને થોડી નીચી નમાવી, નીચેનો મંત્ર મનમાં ત્રણ વાર બોલવો, અને તેટલા સમય સુધી અંદર પૂરેલા વાયુને રોકી રાખવો. પછી ડોકને ઉંચી કરી જેમ હતી તેમ સરખી રાખી, નાભિને યથાશક્તિ બરડા તરફ ખેંચી, નાકના ડાબા છિદ્ર ઉપર રાખેલી બે આંગળીઓ ઉપાડી તે વાટે અંદરના વાયુને ધીરે ધીરે બહાર કાઢવો. આ એક પ્રાણાયામ જાણવો. આવા ત્રણ પ્રાણાયામ કરવા જોઇએ. જો પ્રાણાયામની બાબત પોતાનાથી બરાબર ન સમજાય તો કોઈ જાણનારની પાસેથી જાણી લેવી.

ॐ भूः ॐ भुवः ॐ स्वः ॐ महः ॐ जनः ॐ तपः ॐ सत्यम् । ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो

यो नः प्रचोदयात् ॥ ॐ आपो ज्योतीरसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरोम् ॥

ગાયત્રી મંત્રની આગળ જે સાત વ્યાહૃતિ છે, તે સૂર્યના તેજના વિશેષણરૂપે છે. સૂર્યનું ઉપાસન કરવા યોગ્ય જે તેજ છે, તે કહેલા સાતે લોકમાં સાત કિરણોવડે વ્યાપીને રહેલું છે. એ તેનો ભાવાર્થ છે.

ગાયત્રીનો શિરોભાગ પણ સૂર્યના તેજના વિશેષણરૂપ છે. તેનો અર્થ આ પ્રમાણે છેઃ—(વળી એ તેજ) જલરૂપ, જ્યોતિરૂપ, રસરૂપ, અમૃતરૂપ, વ્યાપકરૂપ, ઉપજાવનાર, રક્ષણ કરનાર, લય કરનાર તથા ૐકારરૂપ છે.

પછી સ્નાન કરવાના સંકલ્પની પેઠે સંધ્યા કરવાનો સંકલ્પ કરવો; સંકલ્પની વિશેષ સમજણ સ્નાન કરવાના સંકલ્પના સ્થળે આપી છે, માટે ત્યાંથી તે સમજી લેવી.

પછી બંને હાથ જોડી રાખી નીચેના મંત્રોવડે ગાયત્રીનું આવાહન કરવું.

ॐ गायत्रीं त्र्यक्षरां बालां, साक्षसूत्रकमंडलुम् ।
रक्तवस्त्रां चतुर्वक्त्रां, हंसवाहनसंस्थिताम् ॥
ब्रह्माणीं ब्रह्मदैवत्यां, ब्रह्मलोकनिवासिनीम् ।
आवाहयाम्यहं देवी–मायातीं सूर्यमंडलात् ॥
आगच्छ वरदे देवि, त्र्यक्षरे ब्रह्मवादिनि ।
गायत्रि छंदसां मातर्, ब्रह्मयोनि नमोऽस्तुते ॥

પછી નીચેના મંત્રો બોલી મસ્તક પર જલ છાંટવું, એટલે પ્રત્યેક મંત્રના અંતે મસ્તક પર જલ છાંટવું જોઈએ.

ॐ आपो हि ष्ठा मयो भुवस्ता न ऊर्जे दधातन। महे रणाय चक्षसे ॥१॥ ॐ यो वः शिवतमो रसस्तस्य भाजयतेह नः। उशतीरिव मातरः ॥२॥ ॐ तस्मा अरङ्गमाम वो यस्य क्षयाय जिन्वथ। आपो जनयथा च नः ॥३॥

પછી નીચેનો મંત્ર બોલી એક આચમન લેવું.

ॐ सूर्यश्च मा मन्युश्च मन्युपतयश्च मन्युकृतेभ्यः पापेभ्यो रक्षंताम् यद्रात्र्या पापमकार्षम्, मनसा वाचा हस्ताभ्याम्, पद्भ्यामुदरेण शिश्ना, रात्रिस्तदवलुंपतु, यत्किंच दुरितं मयि, इदमहं माममृतयोनौ, सूर्ये ज्योतिषि जुहोमि स्वाहा ॥

પછી જમણી હથેળીમાં જલ રાખી, ડાબા હાથના અંગૂઠાવડે નાકનું ડાબું છિદ્ર દબાવી રાખી, જમણી હથેળીને નાકના જમણા છિદ્રની આગળ રાખી, નીચેનો મંત્ર મનમાં બોલી, તે જલ પર તે છિદ્રદ્વારા રેચક કરવો એટલે અંદરનો વાયુ બહાર કાઢવો. પછી તે જલને જોયા વગર ડાબી બાજુએ જલદી ફેંકી દેવું, ને તે જલમાં નીકળેલા પાપપુરુષના સહસ્ત્ર કડકા થઈ ગયા એવી ભાવના કરવી.

ॐ। द्रुपदादिव मुमुचानः स्विन्नः स्नातो मलादिव। पूतं पवित्रेणेवाज्यमापः शुंधन्तु मैनसः ॥१॥

36

એ પ્રમાણે અઘમર્ષણ કર્યા પછી હથેળી ધોઇ એક આચમન લેવું. પછી સૂર્યના સામા ઉભા રહી, ખોબામાં અથવા અર્ઘીઆમાં જલ લઇ, સપ્રણવ ત્રણ વ્યાહૃતિ સહિત ગાયત્રી મંત્રવડે શ્રીસૂર્યદેવને ત્રણ અર્ઘ્ય આપવા. જો બની શકે તો તે અર્ઘ્ય ચંદન, ચોખા તથા પુષ્પસહિત આપવા. જો દિવસ ઊગી ગયા પછી સંધ્યા કરવામાં આવે તો પ્રાયશ્ચિત્તનિમિત્તે એક ચોથો અર્ઘ્ય ઉપર પ્રમાણે આપવો. અર્ઘ્ય આપતી વખતે અંગૂઠાને તથા તેની પાસેની આંગળીને જલથી દૂર રાખવાં, ને ખોબાને ઊંચો લાવી સૂર્યને અર્પણ કરતા હોઇએ ત્યારે તે જલ નીચે પવિત્ર જગ્યા પર પડવું જોઇએ અથવા બીજી તરભાણીમાં થોડું જલ નાંખી તે નીચે રાખી તે પર પડવું જોઇએ.

પછી ૐ **असावादित्यो ब्रह्म** એ મંત્ર બોલી પોતાના આસનને પ્રદક્ષિણા કરીને અથવા જમણા હાથમાં જલ લઇ બેઠાં બેઠાં પ્રદક્ષિણાની રીતે શરીરની આસપાસ તે હાથ ફેરવીને તે જલ છાંટવું. પછી એક આચમન લઇ એક પ્રાણાયામ કરવો.

પછી બંને પગ સીધા રાખી ઉભા રહી હાથ જોડી અથવા બંને હાથ ઉંચા કરીને બંને કરતલો શ્રીસૂર્ય સામાં રાખી નીચેના ચાર મંત્રોદ્વારા શ્રીસૂર્યનું ઉપસ્થાન કરવું.

ૐ। उद्वयं तमसस्परि स्वः पश्यन्त उत्तरम्। देवं देवत्रा सूर्यमगन्म ज्योतिरुत्तमम् ॥१॥ ॐ उदुत्यं जातवेदसं

देवं वहन्ति केतवः । दृशे विश्वाय सूर्यम् ॥२॥ ॐ चित्रं देवानामुदगादनीकं चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः। आप्रा द्यावा-पृथिवी अन्तरिक्षं सूर्य आत्मा जगतस्तस्थुषश्च ॥३॥ ॐ तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत्। पश्येम शरदः शतं जीवेम शरदः शतं शृणुयाम शरदः शतं प्रब्रवाम शरदः शतमदीनाः स्याम शरदः शतं भूयश्च शरदः शतात् ॥४॥

ઉપસ્થાન કરી રહ્યા પછી ઉભા રહીને સ્થિર ચિત્તે હાથમાં રુદ્રાક્ષની માળા અથવા તુલસીની માળા લઇ તે હાથ ગૌમુખીમાં રાખી, ગૌમુખી ન હોય તો હાથ પર વસ્ત્ર ઢાંકી તે હાથ નાભિ પર રાખી દશ, અઠ્ઠાવીસ એકસો આઠ કે સહસ્ર આઠ ગાયત્રીમંત્રનો જપ અર્થની ભાવના-સહિત કરવો. જપ કરતી વેળા આડુંઅવળું તથા ઉંચુંનીચું જોવું નહીં, હસવું નહીં તેમજ કોઇની સાથે બોલવું પણ નહીં.

જપના અંતમાં નીચેનો મંત્ર બોલી ગાયત્રીનું વિસર્જન કરવુ, વિસર્જનનો મંત્ર બોલતી વેળા બંને કરતલો સૂર્ય સામાં રાખવાં.

ॐ । उत्तमे शिखरे जाता, भूम्यां पर्वतमूर्धनि ॥
ब्राह्मणेभ्योऽभ्यनुज्ञाता, गच्छ देवि यथासुखम् ॥१॥

પછી બે આચમન લઇ નીચેનો સંકલ્પ બોલી પ્રાતઃસંધ્યાની સમાપ્તિ કરવી.

अनेन प्रातःसंध्याख्येन कर्मणा भगवान् श्रीपरमेश्वरः प्रीयतां न मम ॥

॥ इति प्रातःसंध्या ॥

જો ઉપર બતાવેલી બધી સંધ્યા ન થઇ શકે તો સંકલ્પ, આચમન, ત્રણ પ્રાણાયામ, શ્રીસૂર્યને અર્ઘ્યપ્રદાન, શ્રીસૂર્યનું ઉપસ્થાન ને યથાશક્તિ ગાયત્રીમંત્રનો જપ એટલું કરવું. જો પ્રમાદને લઇ એટલું પણ ન થઇ શકે તો શ્રીસૂર્યને અર્ઘ્યપ્રદાન અને દશ ગાયત્રી મંત્રનો જપ એટલું તો અવશ્ય કરવું, પરંતુ સંધ્યાનો લોપ કોઇ પણ રીતે ન કરવો; એમ શ્રીકાત્યાયન ઋષિનું માનવું છે.

સૂતકમાં નીચે બતાવ્યા પ્રમાણે સંધ્યા કરવી—

પ્રાણાયામ મંત્રરહિત કરવા. આચમનો મંત્રરહિત લેવાં. મંત્રો મનમાં બોલી માર્જન કરવું, એટલે મસ્તક પર જલ છાંટવું. ગાયત્રીમંત્ર સ્પષ્ટ બોલીને તે દ્વારા શ્રીસૂર્યને અર્ઘ્યપ્રદાન કરવું. શ્રીસૂર્યનું ઉપસ્થાન ન કરવું. દશ ગાયત્રીમંત્રનો મનમાં જપ કરવો. इति ।

॥ अथ यज्ञोपवीतधारणविधिः ॥

શ્રાવણ મહિનાની પુનમના દિવસે, ચાર માસે, સૂતક તેમજ ગ્રહણની સમાપ્તિએ અને અચાનક ત્રુટી જાય ત્યારે નીચે બતાવ્યા પ્રમાણે નવું જનોઇ ધારણ કરવું જોઇએ.

પૂર્વાભિમુખે અથવા ઉત્તરાભિમુખે બેસી જનોઇને જલથી ધોઇ, પછી એક આચમન લઇ એક પ્રાણાયામ કરવો. પછી જમણા હાથની હથેળીમાં થોડું જલ લઇ અથવા આચમનીમાં જલ લઇ જનોઇ ધારણ કરવાનો નીચે પ્રમાણે સંકલ્પ કરવો—

अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे मम श्रौतस्मार्तकर्मानुष्ठानसिद्ध्यर्थं नवीनयज्ञोपवीतधारणमहं करिष्ये ॥

અમુક શબ્દને ઠેકાણે જે મહિનો, જે પક્ષ, જે તિથિ અને જે વાર ચાલતો હોય તેનું નામ લેવું.

પછી ડાબા હાથમાં જનોઇ રાખી તે પર જમણો હાથ ઢાંકી દશ વાર ગાયત્રીમંત્ર બોલવો. પછી બંને હાથ ઉંચા કરીને તે જનોઇ નીચેનો મંત્ર બોલી શ્રીસૂર્યનારાયણને બતાવવું.

ॐ। तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत् । पश्येम शरदः शतं जीवेम शरदः शतं शृणुयाम शरदः शतं प्रब्रवाम शरदः शतमदीनाः स्याम शरदः शतं भूयश्च शरदः शतात् ॥

પછી નીચેના બે મંત્ર બોલી બંને હાથ નીચા કરી ડાબા હાથવડે ડાબા ખભા પર તે જનોઇ ધારણ કરવું.

ॐ। यज्ञोपवीतं परमं पवित्रं, प्रजापतेर्यत्सहजं पुरस्तात् । आयुष्यमग्र्यं प्रतिमुञ्च शुभ्रं, यज्ञोपवीतं बलमस्तु

तेजः ॥१॥ ॐ यज्ञोपवीतमसि यज्ञस्य त्वा यज्ञोपवीतेनोपनह्यामि ॥२॥

પછી એક આચમન લેવું. ગૃહસ્થ હોય તેણે એજ પ્રમાણે બીજું જનોઇ ધારણ કરવું, એટલે ગૃહસ્થે બે જનોઈ ધારણ કરવાં.

પછી દશ વાર ગાયત્રીમંત્રનો જપ કરી નીચેનો મંત્ર બોલી જુનું જનોઇ મસ્તક તરફથી ઉતારી નાંખવું.

एतावद्दिनपर्यंतं, ब्रह्म त्वं धारितं मया ।
जीर्णत्वात्त्वत्परित्यागो, गच्छ सूत्र यथासुखम् ॥

પછી કરેલો જપ નીચેનો સંકલ્પ બોલી શ્રીસૂર્યભગવાનને અર્પણ કરવો.

अनेन नवयज्ञोपवीतधारणार्थकृतेन यथाशक्ति गायत्रीजपकर्मणा श्रीसवितादेवता प्रीयतां न मम ॥

॥ इति यज्ञोपवीतधारणविधिः ॥

प्रास्ताविक श्लोको

रामो राजमणिः सदा विजयते रामं रमेशं भजे ।
रामेणाभिहता निशाचरचमू रामाय तस्मै नमः ॥
रामान्नास्ति परायणं परतरं रामस्य दासोऽस्म्यहं ।
रामे चित्तलयं सदा भवतु मे भो राम मामुद्धर ॥१॥

आदौ रामतपोवनादिगमनं हत्वा मृगं कांचनं ।
वैदेहीहरणं जटायुमरणं सुग्रीवसंभाषणम् ॥
वालीनिग्रहणं समुद्रतरणं लंकापुरीदाहनं ।
पश्चाद्रावणकुंभकर्णहननमेतद्धि रामायणम् ॥२॥

आशा नाम नदी मनोरथजला तृष्णातरंगाकुला ।
रागग्राहवती वितर्कविहगा धैर्यद्रुमध्वंसिनी ॥
मोहावर्तसुदुस्तराऽतिगहना प्रोत्तुंगचिंतातटी ।
तस्याः पारगता विशुद्धमनसो नंदंति योगीश्वराः ॥३॥

भोगे रोगभयं सुखे क्षयभयं वित्ते नृपालाद्भयं ।
माने हानिभयं जये रिपुभयं रूपे जरायाभयम् ॥
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतांताद्भयं ।
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम् ॥४॥

आयुर्वर्षशतं नृणां परिमितं रात्रौ तदर्धं गतं ।
तस्यार्धस्य परस्य चार्धमपरं बालत्ववृद्धत्वयोः ॥
शेषं व्याधिवियोगदुःखसहितं सेवादिभिर्नीयते ।
जीवे वारितरंगचंचलतरे सौख्यं कुतः प्राणिनाम् ॥५॥

यावत्स्वस्थमिदं शरीरमरुजं यावज्जरा दूरतो ।
यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः ॥
आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान् ।
संदीप्ते भवने प्रकूपखननं प्रत्युद्यमः कीदृशः ॥६॥

का चिंता मम जीवने यदि हरिर्विश्वंभरो गीयते ।
नोचेद्दर्भकजीवनाय जननीस्तन्यं कथं निःसरेत् ॥
इत्यालोच्य मुहुर्मुहुर्यदुपते लक्ष्मीपते केवलं ।
त्वत्पादांबुजसेवनेन सततं कालो मया नीयते ॥७॥

यन्मायावशवर्ति विश्वमखिलं ब्रह्मादिदेवासुरा ।
यत्सत्त्वादमृषैव भाति सकलं रज्जौ यथाऽहेर्भ्रमः ॥
यत्पादप्लवमेकमेव हि भवांभोधेस्तितिर्षावतां ।
वन्देऽहं तमशेषकारणपरं रामाख्यमीशं हरिम् ॥८॥

स्नातं तेन समस्ततीर्थसलिले दत्ताऽपि सर्वावनि-
र्यज्ञानां च कृतं सहस्रमखिला देवाश्च संपूजिताः ॥
संसाराच्च समुद्धृताः स्वपितरस्त्रैलोक्यपूज्योऽप्यसौ ।
यस्य ब्रह्मविचारणे क्षणमपि स्थैर्यं मनः प्राप्नुयात् ॥९॥

यं शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदांतिनो ।
बौद्धा बुद्ध इति प्रमाणपटवः कर्तेति नैयायिकाः ॥
अर्हन्नित्यथ जैनशासनरताः कर्मेति मीमांसकाः ।
सोऽयं वो विदधातु वांछितफलं त्रैलोक्यनाथो हरिः॥१०॥

ઉપદેશ–સારસંગ્રહરૂપ વ્યાખ્યાનો

→:o:←

ગુરુ શિષ્ય સંવાદ

શિષ્ય:—ગુરુદેવ ! આ દુઃખમય સંસાર સાગરથી હું કેવી રીતે પાર થઇશ ? મારી કેવી દશા થશે ? અને સંસારસાગર તરવાનો શો ઉપાય છે ?

ગુરુ:—હે શિષ્ય ! તું ભયભીત ન થા, આ દુઃખમય સંસારસાગર તરવાનો જે ઉપાય છે, તે હું તને કહું છું, તે તું ધ્યાન દઇ સાંભળ. આ જગત્માં બધી વસ્તુ સુલભ છે, પરંતુ કેવળ ત્રણજ વસ્તુ દુર્લભ છે, તે વિષે શ્રીશંકરાચાર્ય મહારાજ પણ કહે છે કે:—

"दुर्लभं त्रयमेवैतद्देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं, महापुरुषसंश्रयः ॥"

આ સંસારમાં મનુષ્યદેહ, મુમુક્ષુત્વ અને સંતસમાગમ એ ત્રણ વસ્તુ દુર્લભ છે, કારણકે જે જીવો પ્રભુના અસીમ દયાના પાત્રો હોય છે, તેઓ માટેજ પ્રભુ આ ત્રણ વસ્તુઓ સુલભ બનાવી દે છે, પ્રભુની કૃપા વિના ગમે તેટલા પ્રયત્નો કરો, પરંતુ આ ત્રણ વસ્તુઓ મળતી નથી.

મનુષ્યદેહનું દુર્લભપણું

આ સંસારમાં અંડજ, સ્વેદજ, જરાયુજ અને ઉદ્‌ભિજ એવી ચાર ખાણોમાંથી ચોર્યાસી લાખ યોનિઓ ઉત્પન્ન થાય છે. તે વિષે શાસ્ત્રમાં કહ્યું છે કે:—

" स्थावरं विंशतिर्लक्षं जलजं नवलक्षकं ।
कुर्माणां रुद्रलक्षं च दशलक्षं च पक्षिणाम् ॥
त्रिंसल्लक्षं पशूनां च चतुर्लक्षं च वानराः ।
ततो मनुष्यताप्राप्तिस्ततः कर्माणि साधयेत् ॥"

વીસ લાખ વૃક્ષાદિ, નવ લાખ જલમાં ઉત્પન્ન થનાર, અગીઆર લાખ કાચબા, કે જે જલ અને સ્થલમાં રહે છે, દશ લાખ પક્ષીઓ, ત્રીસ લાખ પશુઓ અને ચાર લાખ વાનરો. એ રીતે ચોર્યાસી લાખ યોનિઓ પ્રાપ્ત થયા પછી મનુષ્યદેહની પ્રાપ્તિ થાય છે, કે જેમાં કર્મ કરવાનો અધિકાર હોય છે. જરાયુજ-જરાયુ ચર્મથી વીંટાયલા, ઉદ્‌ભિજ-પૃથ્વીમાંથી ઉત્પન્ન થનારા, અંડજ-ઈંડામાંથી ઉત્પન્ન થનારા અને સ્વેદજ-પરસેવામાંથી ઉત્પન્ન થનારા એવા ચાર પ્રકારના જીવો સદા અખંડ સુખની ઈચ્છા રાખે છે. આ ચાર પ્રકારનાં જીવો જલ, સ્થલ અને આકાશમાં પોતપોતાના કર્માનુસાર ફલ ભોગવતા અનંત-કાળ સુધી વિચર્યા કરે છે. જ્યાંસુધી જીવો ઉપર ભગવાનની અપાર કરૂણાની દૃષ્ટિ થતી નથી ત્યાંસુધી સંસારનો અંત આવતો નથી. પૂર્વના પુણ્યનો ઉદય થવાથી દેવદુર્લભ આ

મનુષ્યદેહ પ્રાપ્ત થાય છે, જે દેહ મોક્ષદ્વાર કહેવાય છે. મનુષ્ય જન્મ વિના આ ભૂલોકની બધી યોનિઓ કેવળ સુખ દુઃખ ભોગવવાનાં સાધનરૂપ છે, જેમાં જઈને જીવો માત્ર કર્મફળનો ભોગજ કરી શકે છે. પ્રભુ જીવને મનુષ્ય-દેહ આપીને મોક્ષ સાધવાનો અપૂર્વ અવસર આપે છે, પણ બીજી યોનિમાં સાધન કરી શકાતું નથી. મનુષ્ય આ યોનિમાંજ સાધન કરીને જન્મ મરણના અતિભયાનક દુઃખોથી છૂટી શકે છે, જેથી આ મનુષ્યદેહ ભવસાગર તરવાને માટે નૌકાસમાન છે. શ્રીમદ્ભાગવતમાં શ્રીભગવાને પણ કહ્યું છે કેઃ–

" नृदेहमाद्यं सुलभं सुदुर्लभं प्लवं सुकल्पं गुरुकर्णधारम्।
मयानुकूलेन नभस्वतेरितं पुमान्भवाब्धिं न तरेत् स आत्महा॥"

મનુષ્યદેહરૂપી નૌકાને પ્રાપ્ત કરીને મારી કૃપારૂપ અનુકૂળ વાયુ અને સદ્ગુરુરૂપી કેવટને પ્રાપ્ત કરીને આ સંસારસાગરને જે તરતો નથી, તે આત્મઘાતી અને મહાપાપી છે. ગોસ્વામી તુલસીદાસજીએ પણ કહ્યું છે કેઃ–

"જો ન તરે ભવસાગર, નરસમાજ અસ પાઇ;
સો કૃતનિંદક મંદમતિ, આત્મહુનન ગતિ જાઇ."

માટે હે શિષ્ય! જે મનુષ્ય પોતે આત્મઘાતી થવા નથી માગતો, તેણે તો આ નરદેહને પ્રાપ્ત કરીને પોતાનું કલ્યાણ જરૂર કરવું. જોઇએ. શ્રુતિમાં પણ કહ્યું છે કેઃ—

'જે આત્મઘાતી મનુષ્ય છે, તે મહાઅંધકારમાં પડે છે. ત્યાં સૂર્ય પ્રકાશતો નથી અને ચંદ્રમાં ઉદય થતો નથી,

તારાઓનાં ત્યાં દર્શન થતાં નથી, અગ્નિ દૃષ્ટિમાં પણ આવતો નથી.”

એવી ભયંકર દશામાંથી બચવાને માટે દયાળુ પરમેશ્વર જીવોને દયા કરીને મનુષ્યદેહ આપે છે. ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે કે:-

"કબહુક કરી કરુણા નરદેહી,
દેત ઇશ બિનુ હેતુ સનેહી."

જન્મ જન્માન્તર પછી જીવ ઉપર કરુણા કરીને દયાસિંધુ પ્રભુ જીવને કયારેક મનુષ્યદેહ આપે છે. આવા દેહને પ્રાપ્ત કરીને જે મનુષ્ય ધર્માનુસાર તેનો ઉપયોગ કરતો નથી, તેનો ઉદ્ધાર થતો નથી, તેને વારંવાર અનેક યોનિઓમાં જાતજાતનાં દુઃખો સહન કરીને ભ્રમણ કરવું પડે છે. કોટડીવાળા મહાત્મા કૃષ્ણદાસજીએ પણ કહ્યું છે કે:—

"આવો રૂડો અવસર પામી, કાં ભૂલે છે નર;
પ્રભુને પ્રસન્ન કર, ચેતી લે તું ટાણામાં."

મહારાજ શ્રીઈશ્વરરામજીએ પણ કહ્યું છે કે:—

"તું તો આળસ મ કરરે અજાણ, કરી લે કમાઇરે;
પામ્યો દુર્લભ આ નરદેહ, ભજન કર ભાઇરે."

આવા દેહને પ્રાપ્ત કરીને જો મનુષ્ય ભજન કરવામાં આળસ કરે, તો તે પરલોકનું ભાતું તૈયાર કરી શકતો નથી. સંસાર તો પારધીની જાળ જેવો છે, તેમાં મનુષ્ય જેટલો મોહ રાખે છે, તેટલો વધારેને વધારે ફસાય છે,

અને વધારે દુઃખ ભોગવે છે. આવી તક કંઇ વારંવાર આવતી નથી, સજ્જન પુરુષો પ્રભુનું ભજન કરી દેહને સાર્થક કરે છે અને તકનો લાભ મેળવે છે. એવી રીતે સજ્જન પુરુષો સંસારથી મુક્ત થઇ અનંત સુખને પામે છે અને દુર્જનો આ સંસારને સાચો માની તેમાં અનેક પ્રકારનાં દુઃખોને ભોગવે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:–

"इहैव नरकव्याधेश्चिकित्सां न करोति यः ।
गत्वा निरौषधं स्थानं सरुजः किं करिष्यति ॥"

એક ગામથી બીજે ગામ જવું હોય, તોપણ મનુષ્યો કેટલાંએક સાધનો સાથે લઈ જાય છે, પરંતુ ઘણા દુઃખની વાત છે કે પરલોકમાં ગયા પછી જેને માટે કંઈ પણ બની શકે એમ નથી. એવી દુઃખરૂપ વ્યાધિની દવા જીવાત્મા અહીં કંઇ પણ કરતો નથી, તો પછી રોગયુક્ત પરલોકમાં જઇ દવા વિના શું કરશે? માટે હે શિષ્ય! આ દુર્લભદેહ પ્રાપ્ત કરીને મોક્ષમાર્ગનું અનુસરણ કરવું, મુક્તિદ્વાર મનુષ્યદેહને પામી જે પ્રભુ ભજન કરતો નથી, તેને પરલોકમાં પણ સુખ થતું નથી. ગોસ્વામી તુલસીદાસજીએ પણ કહ્યું છે કે:–

"બડે ભાગ્ય માનુષ તનુ પાવા, સુર દુર્લભ સદ્‌ગ્રંથન ગાવા;
સાધનધામ મોક્ષ કર દ્વારા, પાઇ ન જે પરલોક સંવારા.
સો પરત્ર દુઃખ પાવહી, સિર ધૂનિ ધૂનિ પસ્તાઇ;
કાલહી કર્મહી ઇશ્વરહી, મિથ્યા દોષ લગાઇ."

સર્વ સાધનનું ધામ મોક્ષનું દ્વાર દેવદુર્લભ આ નરદેહને પ્રાપ્ત કરી જે મનુષ્ય પોતાનો પરલોક સુધારતો નથી, તે કાલને, કર્મને તેમજ ઇશ્વરને મિથ્યા દોષ આપી પરલોકમાં દુઃખને પ્રાપ્ત થાય છે અને માથું ધુંણાવી ધુંણાવી પશ્ચાતાપને કરે છે. શ્રીશંકરાચાર્ય મહારાજે પણ કહ્યું છે કેઃ–

"पुनरपि जननं पुनरपि मरणं ।
पुनरपि जननीजठरे शयनम् ॥"

વારંવાર જન્મવું, વારંવાર મરવું, વારંવાર માના ઉદરમાં અનંત દુઃખો સહન કરવાં અને જન્મ થયાની સાથેજ દાઇના કરતાં પણ પહેલાં મૃત્યુના ખોળામાં જવું. મોટા થવાના ભ્રમમાં પ્રતિદિવસ મૃત્યુને આલિંગન કરવા વધારેને વધારે વેગથી દોડવું, અને એક દિવસ સગાં-સંબંધીઓને રોતાં કલ્પાંત કરતાં છોડી જવું. આ જાતની જીવની કેટલી બધી ભયંકર અવસ્થા છે. આવા સતત ક્રમનો ભંગ કેમ થાય. એવો ઉપાય આ દેહથી અવશ્ય કરી લેવો જોઈએ, પણ તે થતો નથી, કારણ કે પ્રથમ તો જીવાત્માને સ્તનપાન કરવું, માત્ર એટલુંજ જ્ઞાન હોય છે, ત્યારપછી બાલ્યાવસ્થામાં ખાવું પીવું અને રમત ગમત કરવી માત્ર એટલુંજ જ્ઞાન હોય છે, ત્યારપછી યુવા-અવસ્થામાં સ્ત્રીપુત્રાદિકમાં આસકિતપૂર્વક ગમે તે પ્રકારે ધન મેળવવું, માત્ર એટલુંજ જ્ઞાન હોય છે, અને વૃદ્ધા-વસ્થામાં અનેક પ્રકારનાં વૃથા મનોરથો તેમજ વૃથા

આશાઓદ્વારા માત્ર ચિંતામાંજ નિમગ્ન રહે છે. એવી રીતે જીવાત્મા આ મુક્તિદ્વાર મનુષ્યદેહને પ્રાપ્ત થયા છતાં પણ પોતાનું આત્મશ્રેય સાધવા પ્રભુનું ભજન કરી શકતો નથી. પછી જ્યારે મૃત્યુનો સમય નજીક આવે છે અને કફ, વાત તેમજ પિત્તથી તેનો કંઠ રૂંધાઇ જાય છે ત્યારે તે ઘણો વ્યાકુળ થઇ મનમાં વિચાર કરે છે કે:-"મુક્તિદ્વાર મનુષ્યદેહને પ્રાપ્ત થયા છતાં પણ મેં પ્રભુનું ભજન કર્યું નહીં અને હવે તો પરલોકમાં જવાનો સમય અતિસમીપ આવી ગયો." એમ વિચાર કરતાં તે પશ્ચાતાપની સાથે અંત-સમયની વેદનાથી બેભાન બની જાય છે અને પોતાની ઇચ્છા ન હોવા છતાં પણ તે આ મિથ્યા સંસારને છોડી પુણ્ય અને પાપને સાથે લઇ પૂર્વની પેઠે આ સંસારમાં ભટકયા કરે છે. માટે હે શિષ્ય! તેમ ન કરતાં પ્રભુનું ભજન કરી આ દુર્લભ નરદેહને સફળ કરવો.

મુમુક્ષુત્વનું દુર્લભપણું

શિષ્ય:—હે ગુરુદેવ! હવે મને દયા કરી આપ મુમુક્ષુત્વનું દુર્લભપણું કહી સમજાવો.

ગુરુ:—હે શિષ્ય! જે મનુષ્ય મોક્ષને માટે ઇચ્છા નથી રાખતો, તે દુર્ભાગી છે. લગભગ સર્વે મનુષ્યો વિષયસુખ અને તેનાં સાધનો મેળવવામાંજ મસ્ત રહે છે, તેમજ તેઓની જે જે પ્રવૃત્તિ જોવામાં આવે છે ત તે કેવળ વિષયસુખને માટેજ હોય છે, પણ તેમ કરવાથી તેઓની કામના કદી પણ પૂરી થતી નથી તે વિષે શ્રીમદ્-

ભાગવતમાં કહ્યું છે કેઃ–"**न जातु कामकामानामुपभोगेन शाम्यति।**" (ઈચ્છિત પદાર્થોનાં ઉપભોગવડે મનુષ્ય કદી પણ શાંતિ પામતો નથી) કદાચ હજારો અને લાખો વર્ષ સુધી પણ જો ઇચ્છાઓની સમાપ્તિને માટે અનેક પ્રકારના ઇચ્છિત વિષયનું સેવન કરવામાં આવે તો પણ ઇચ્છાઓની સમાપ્તિ થતી નથી, જેમ જેમ મનુષ્ય વિષયોનું સેવન કરે છે તેમ તેમ ઇચ્છાઓ અધિક વધતી જાય છે, કારણકે એક ઇચ્છા પૂર્ણ થવાની સાથે એજ ક્ષણે બીજી ઇચ્છા ઉત્પન્ન થાય છે. એવી રીતે આ સંસારમાં વિષયસુખની ઇચ્છા રાખનાર મનુષ્યની ઇચ્છાઓનો કદી પણ અંત આવતો નથી. વળી મનુષ્ય સુખરૂપ જાણી જે વિષયોને સેવે છે તેમાં ખરૂં સુખ નથી. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ- "**आपातरम्या विषया अंते च परितापिनः।**" (ઉપલક દૃષ્ટિથી વિષયો સુંદર લાગે છે, પણ અંતે મનુષ્યને તે સંતાપ આપનારા છે) જેથી બુદ્ધિમાન્ પુરુષો તે મિથ્યા વિષયસુખમાં આનંદ માનતા નથી, પણ જન્મમરણના બંધનમાંથી મુક્ત થવાને માટે સાધનો સહિત વિષયોનો ત્યાગ કરે છે. શ્રુતિ ભગવતિ પણ કહે છે કેઃ– "**त्यागेनैकेनामृतत्वमानशुः।**" (મોક્ષની ઇચ્છાવાળા અધિકારી જનો એકજ ત્યાગવડે અમૃતતત્વ એટલે મોક્ષને પ્રાપ્ત થાય છે.) જ્યારે મનુષ્યોનાં હૃદયમાં બીજી ઇચ્છાઓનો અભાવ થાય છે ત્યારેજ તેઓને મોક્ષને માટે ઇચ્છા ઉત્પન્ન થાય છે, પણ આ મિથ્યા સંસારના મોહમાં બંધાયલા મનુષ્યો

નિરંતર બીજી ઇચ્છાઓના અધિક વેગમાં સપડાતા જાય છે, અને દેહાદિકમાં હું અને મારાપણાની ઇચ્છાઓને મરણસુધી પણ છોડતા નથી. તે વિષે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ–

"दारा इमे मे तनया इमे मे गृहा इमे मे पशवस्त्विमे मे ।
एवं नरो मेषसमानरूपो मेमेकृतः कालवृकेण नीतः ॥
अशनं मे वसनं मे जाया मे बन्धुवर्गो मे ।
इति मे मे कुर्वाणं कालवृको हन्ति पुरुषाजम् ॥"

આ સ્ત્રીઓ મારી છે, આ પુત્રો મારા છે, આ ઘરો મારાં છે અને આ પશુઓ મારા છે. એવી રીતે मे मे એટલે મારૂં મારૂં કરનાર મનુષ્યરૂપી બકરાને કાળરૂપી વરૂ લઈ જાય છે. આ મારૂં ખાવાનું છે, આ મારાં વસ્ત્ર છે, આ મારી સ્ત્રી છે અને આ મારા બન્ધુઓ છે. એવી રીતે मे मे એટલે મારૂં મારૂં કરનાર પુરુષરૂપી બકરાને કાળરૂપી વરૂ મારી નાંખે છે. માટે જ્યાંસુધી આ શરીર કાળને વશ થયું નથી ત્યાંસુધી એકજ મોક્ષને માટે ઈચ્છા રાખી આત્મા અને અનાત્માનો વિચાર કરી પોતાનું આત્મશ્રેય અવશ્ય સાધી લેવું, કારણકે જ્યારે અંત સમયની વેદનાથી આ શરીર પરવશ બની જશે ત્યારે કંઇ પણ બની શકવાનું નથી. હવે વિચાર કેવો કરવો જોઇએ, તે વિષે શ્રીશંકરાચાર્ય મહારાજે પણ કહ્યું છે કેઃ–
"कोऽहं कस्त्वं कुत आयातः का मे जननी को मे तातः ।"
(હું કોણ છું? તું કોણ છે? આપણે કયાંથી આવ્યા

છીએ ? મારી માતા કોણ છે ? અને મારા પિતા કોણ છે ?) એવો વિચાર કરવો જોઇએ. જ્યારે આવા પ્રકારનો વિચાર કરવામાં આવે છે ત્યારે સંસારના સર્વ પદાર્થોને વિષે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને અનેક પ્રકારની સંસારની જે મિથ્યા આશાઓ છે તે દૂર થાય છે. આમ થવાથી મનુષ્યને સંસારના બંધનથી મુક્ત થવાને માટે સ્વાભાવિકજ ઇચ્છા ઉત્પન્ન થાય છે, પણ " **नास्ति मूलं कुतः शाखा** " (વૃક્ષનું મૂળજ નથી, તો પછી તેની શાખાઓ ક્યાંથી હોય.) એ ન્યાયી " હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? અને મારે ક્યાં જવું છે ?" એવો વિચાર જેને સ્વપ્નમાં પણ થતો નથી, તો પછી તેને આ દુઃખરૂપ સંસારથી મુક્ત થવાની ઇચ્છા કેમ થાય ? અર્થાત્ નજ થાય. જો મોક્ષને માટે :ઇચ્છા ઉત્પન્ન ન થાય, તો મનુષ્યદેહ પ્રાપ્ત થયા છતાં પણ તેનું ખરૂં પ્રયોજન સિદ્ધ થતું નથી.

સંસારથી મુક્ત થવાની જે ઇચ્છા તેનું નામ મુમુક્ષુતા છે, મુમુક્ષુતા અને મુમુક્ષુત્વ એ બે પર્યાય શબ્દ છે. આવા પ્રકારની ખરી મુમુક્ષુતા આ જન્મમાં અથવા પૂર્વ જન્મમાં જો પ્રભુને પ્રસન્ન કર્યા હોય, તોજ પ્રાપ્ત થાય છે, પ્રભુના અનુગ્રહ વિના તે કદી પણ પ્રાપ્ત થતી નથી. જ્યારે પોતાના કોઇ સ્નેહી સંબંધીનુ મરણ થાય છે ત્યારે તેને કાષ્ઠોમાં બળતો જોઇ ઘણાને એવો મસાણીઓ વૈરાગ્ય થાય છે કે " એક દિવસે આ બધું છોડી સદાને માટે અહીંથી ચાલ્યું જવું છે, માટે આ સંસારમાં કંઇ પણ નથી."

પરંતુ સ્નાન કરી જ્યારે ઘેર આવે છે ત્યારે સ્ત્રી પુત્રાદિ પરિવારને જોતાંજ તે વૈરાગ્ય ઉતરી જાય છે. અને પરસ્પર મળી ત્યાં એવી વાતો કરે છે કે:–"મર્યાની પાછળ કંઇ મરાતું નથી, હવે એ મૃતકની પાછળ લોકાચાર પ્રમાણે અવશ્ય કંઈ કરવું પડશે, માટે ખાઇ પી જલદી પરવારી ચાલો તપાસ કરીએ, કે તેના ખતખાતાઓમાં શું લખ્યું છે અને કેટલી મિલ્કત છે." એમ કહી ખૂબ તપાસ કરે છે. પછી વધારે મિલ્કત નીકળે, તો પણ બીજાની પાસે થોડી કહી સંભળાવે છે અને કેવળ લોકાચાર માટે તેમાંથી થોડુંઘણું ખરચી બાકીની બધી મિલ્કતને પોતે સંઘરી મેલે છે, અને મસાણીઓ વૈરાગ્ય જાણે હતોજ નહીં એમ ઉતરી જાય છે. માટે હે શિષ્ય ! જો સાચો વૈરાગ્ય હૃદયમાં હોય તોજ ખરી મુમુક્ષુતા પ્રાપ્ત થાય છે, અને એવી મુમુક્ષુતા જેને પ્રાપ્ત થાય છે, તેજ આ જન્મમરણરૂપ સંસારથી મુક્ત થાય છે. એવાજ હેતુથી મુમુક્ષુતા દુર્લભ કહેવાય છે.

સત્સંગનું દુર્લભપણું

શિષ્ય:—હે ગુરુદેવ ! હવે સત્સંગ દુર્લભ કેમ છે ? તે મને કૃપા કરી કહો.

ગુરુ:—હે શિષ્ય ! જ્યારે અનેક જન્મના ભાગ્યનો ઉદય થાય છે ત્યારેજ મનુષ્યને સત્સંગ પ્રાપ્ત થાય છે. મહાકવિ ભવભૂતિ પણ કહે છે કે:–" **सतां सद्भिः संगः कथमपि हि पुण्येन भवति ।**" (સત્પુરુષોનો સંગ કોઇ પણ

રીતે પુણ્યથીજ પ્રાપ્ત થાય છે.) ચોર્યાસી લક્ષાવતારમાં ભટકતાં ભટકતાં જ્યારે જીવાત્માને મનુષ્યદેહ પ્રાપ્ત થાય છે, ત્યારે તેનું ધ્યેય આ લોકના તેમજ પરલોકના નાશવંત સુખની પ્રાપ્તિ નથી, પણ પ્રભુની પ્રાપ્તિ છે; અને પ્રભુ પ્રાપ્તિનું મુખ્ય સાધન સત્સંગ છે, જેથી સત્સંગને દુર્લભ કહે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:–" **क्षणमपि सज्जनसंगतिरेका भवति भवार्णवतरणे नौका: ।**" (ક્ષણવાર પણ જો સજ્જન-પુરુષોની સંગતિ પ્રાપ્ત થાય, તો તે સંસારસમુદ્ર તરવામાં એક નૌકા બની જાય છે.) અવિદ્યા, કામ અને કર્મથી ઘેરાયલો મનુષ્ય સત્સંગદ્વારા પોતાના આત્મસ્વરૂપને જાણી આ જન્મમરણરૂપ મિથ્યા સંસારથી મુકત થાય છે. અજ્ઞાની મનુષ્ય કુવાસનાઓથી ઘેરાયલો અને અનેક પ્રકારનાં દુઃખોથી વ્યાપ્ત છે, જેનો આત્મા અવિદ્યાથી ઢંકાઈ ગયો છે, જેથી આત્માના વિકાશને માટે તેને બીજું કોઇ પણ સાધન નથી. આવા પ્રકારના બંધનમાંથી મુકત થવા તેમજ આત્મવિકાશ પ્રાપ્ત કરવા માત્ર એક સત્સંગજ છે. સત્સંગદ્વારા મનુષ્યના મનના ખોટા વિચારો મટી જાય છે, અંતઃકરણની અનેક દુર્વાસનાઓ નિવૃત્ત થાય છે, હૃદયની ખોટી લાગણીઓ તેમજ કઠોરતા દૂર થાય છે અને લાલચ, ભય, હિંસા વગેરે દુર્ગુણોનો નાશ થઈ મનુષ્યને ક્ષમા, શીલ સંતોષ આદિ દૈવી ગુણો પ્રાપ્ત થાય છે; એટલુંજ નહીં, પણ સત્સંગદ્વારા મનુષ્યની સર્વ પ્રકારની દીનતા નાશ પામે છે. શ્રીભર્તૃહરિએ પણ કહ્યું છે કે:—

"जाड्यं धियो हरति सिंचति वाचि सत्यं
मानोन्नतिं दिशति पापमपाकरोति।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥"

સત્પુરુષોની સંગતિ મનુષ્યોની બુદ્ધિની જડતાને હરણ કરે છે, વાણીમાં સત્ય આપે છે, માનની ઉન્નતિ કરે છે, પાપનો નાશ કરે છે, ચિત્તને પ્રસન્ન કરે છે અને દશો-દિશાઓમાં કીર્તિને વિસ્તારે છે. એવી રીતે કહો કે સત્સંગતી શું નથી કરતી? અર્થાત્ મનુષ્યોની સર્વ શુભ કામનાઓને સિદ્ધ કરે છે.

સંસારમાં સંતપુરુષોનું સ્થળ સર્વથી ઉંચું છે, કારણકે જેમને રાજાઓ અને મહારાજાઓ પણ માન આપે છે, છતાં પણ જેમની પાવન દૃષ્ટિમાં માન અને અપમાન એ કંઇ વસ્તુ નથી. એવા સમદર્શી શીતલ આત્મવેત્તા અનુભવી મહાપુરુષો મળવા ઘણા મુશ્કેલ છે. આમ હોવાથી જ્યારે ઈશ્વરનો અનુગ્રહ થાય છે ત્યારેજ એવા મહાપુરુષોનાં સમાગમનો લાભ મળે છે. શ્રીશંકરભગવાને પણ કહ્યું છે કે:—

" ગિરિજા સંતસમાગમ—સમ લાભ ન કછુ આન;
બિનુ હરિ કિરપા હોઇ નહીં, ગાવહીં વેદ પુરાન."

હે ગિરિજા! સંતપુરુષોના સમાગમ સમાન આ સંસારમાં બીજો કોઇ પણ લાભ નથી; અને તે પ્રભુની

કૃપા વિના કોઇને પણ પ્રાપ્ત થતો નથી. વળી સુંદર-દાસજીએ પણ કહ્યું છે કે:—

"માત મિલૈ પુનિ તાત મિલૈ,
સુત ભ્રાત મિલૈ યુવતિ સુખદાઈ;
રાજ મિલૈ ગજબાજ મિલૈ,
સબ સાજ મિલૈ મન વાંચ્છિત પાઇ;
યહ લોક મિલૈ સુર લોક મિલૈ,
વિધિં લોક મિલૈ વૈકુંઠહુ જાઇ;
'સુંદર' ઔર મિલૈ સબહીં,
સુખ દુર્લભ સંતસમાગમ ભાઇ.

'સુંદર' સબ કુછ મિલત હૈ, સમય સમય પરઆઈ;
દુર્લભ યહ સંસારમેં, સંત સમાગમ ભાઇ."

માતા, પિતા, પુત્ર, ભાઇ અને સુખદાયક સ્ત્રી પણ મળે છે; રાજ્ય, હાથીઘોડાઓ સર્વ સાધનો અને મનોવાંછિત વસ્તુ પણ પ્રાપ્ત થાય છે; આ લોક, સ્વર્ગલોક, બ્રહ્મલોક તેમજ વૈકુંઠલોકની પણ પ્રાપ્તિ થાય છે; સુંદર-દાસજી કહે છે કે હે ભાઇ! બીજું પણ બધું મળે છે, પરંતુ સંતસમાગમનું સુખ મળવું તે દુર્લભ છે. વળી સુંદરદાસજી કહે છે કે હે ભાઇ! સમય સમય પર સર્વ કંઇ આવીને મળે છે, પણ આ સંસારમાં સત્સંગ મળવો તે દુર્લભ છે.

સત્સંગનો મહિમા અપાર છે, કારણકે જે સત્સંગથી અનેક નીચ પણ ઉચ્ચ ગતિને પ્રાપ્ત થઇ ગયા છે, માટે સર્વ સાધનોથી સત્સંગ શ્રેષ્ઠ છે. કબીર સાહેબે પણ કહ્યું છે કે:—

"મથુરા જાવહુ દ્વારકા, ભાવે જા જગન્નાથ;
સાધુ સંગતિ હરિ ભકિત બિન કછુ ન આવે હાથ."

મથુરા જાઓ, દ્વારકા જાઓ અને ગમે તો જગન્નાથ જાઓ, પણ સાધુપુરુષોની સંગતિ અને પ્રભુની ભકિત એ બેજ વસ્તુ મેળવવાની છે, એ વિના બીજું કંઇ પણ હાથમાં આવતું નથી. વિચારમાળામાં પણ કહ્યું છે કે:—

"સત્સંગતિ નિજ કલ્પતરૂ, સકલ કામના હેત;
અમૃતરૂપી બચન કહી, ત્રિવિધતાપ હરી લેત."

સત્સંગ પોતે કલ્પવૃક્ષ છે, જેથી તે પોતાની છાયા તળે આવનાર સર્વ જનોની અનેક કામનાઓને પૂર્ણ કરે છે; એટલુંજ નહીં, પણ અમૃતરૂપી જ્ઞાયમય વચનો કહી જિજ્ઞાસુ-જનોનાં આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એવા ત્રણ પ્રકારના તાપોને હરણ કરે છે. સંતપુરુષો દર્શન માત્રથી પણ મનુષ્યોને કૃતાર્થ કરે છે, કારણકે બ્રહ્મવેત્તા મહાત્મા પુરુષો બ્રહ્મરૂપજ છે, જેથી એવા બ્રહ્મરૂપ મહાત્મા પુરુષોનાં દર્શન થવાં ઘણાં દુર્લભ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

"साधुनां दर्शनं पुण्यं, तीर्थभूता हि साधव ।
तीर्थं फलन्ति कालेन, सद्यः साधुसमागमः ॥"

સાધુપુરુષોનાં દર્શનો પૂણ્યરૂપ છે, કારણ કે સાધુ-

પુરુષો તીર્થરૂપજ છે; એટલુંજ નહીં, પરંતુ તીર્થ તો કાળાંતરે ફળે છે, પણ સાધુ પુરુષોનો સમાગમ સદ્ય ફળે છે, માટે તીર્થ કરતાં પણ સત્સંગ અધિક છે. વળી શાસ્ત્રમાં કહ્યું છે કે:—

"गंगा पापं शशी तापं, दैन्यं कल्पतरुस्तथा ।
पापं तापं तथा दैन्यं, हरेत्साधुसमागमः ॥"

ભગવતી ગંગાજી પોતામાં સ્નાન કરનાર શ્રદ્ધાળુ મનુષ્યના કેવળ પાપને હરણ કરે છે, ચંદ્રમાં મનુષ્યના કેવળ બહારના તાપને હરણ કરે છે અને કલ્પવૃક્ષ પોતાની છાયા તળે આવનાર મનુષ્યની કેવળ દીનતાને હરણ કરે છે, અને સાધુપુરુષોનો સમાગમ તો મનુષ્યના પાપ, તાપ અને દીનતા એ ત્રણેને હરણ કરે છે, જેથી સત્સંગનો મહિમા અપાર છે. આમ હોવાથી મનુષ્યદેહને પામી, મોક્ષને માટે ઈચ્છા રાખી અને મહાપુરુષોનો સંગ કરી મનુષ્ય આ જન્મમરણરૂપ સંસારથી મુક્ત થઈ શકે છે, માટે હે શિષ્ય! મનુષ્યદેહ, મુમુક્ષુતા અને સત્સંગ એ ત્રણ દુર્લભ છે.

સંતોનાં લક્ષણ

શિષ્ય:—હે ગુરુદેવ! હવે મને કૃપા કરી સંતોનાં લક્ષણ કહો.

ગુરુ:—હે શિષ્ય! સંતોનાં લક્ષણ શાસ્ત્રોમાં અનેક પ્રકારે વર્ણન કરેલાં છે, તેમાંથી થોડાંઘણાં અત્રે કહું છું, તે તું સાંભળ. શ્રીરામાયણમાં કહ્યું છે કે:—

"સાધુ ચરિત શુભ સરિસ કપાસુ,
નિરસ વિષદ ગુણ મયફળ જાસુ;
જો સહી દુઃખ પર છિદ્ર દુરાવા,
બંદનીય જેહી જગ જશ પાવા"

સંતપુરુષોનાં શુભ ચરિત્રો કપાસનાં જેવાં હોય છે. જેવી રીતે કપાસ નિરસ હોવા છતાં પણ તેનું ફળ નિર્મળ અને ગુણયુકત છે, તેવી રીતે સાધુપુરુષોનાં ચરિત્રો પણ વૈરાગ્યને લીધે સંસારના રસથી રહિત હોવા છતાં પણ નિર્મળ અને ગુણયુકત છે. જેવી રીતે કપાસ કાંતવા, પીંજવા વગેરેનાં દુઃખોને સહન કરીને પણ બીજાનાં છિદ્રો એટલે અવયવોને ઢાંકે છે, તેવી રીતે સાધુપુરુષો અનેક જાતનાં. દુઃખોને સહન કરીને પણ બીજાના અવગુણોને ઢાંકે છે. એજ કારણથી સાધુપુરુષો વંદનીય છે અને જગતમાં જેઓએ સર્વોત્તમ યશ પ્રાપ્ત કર્યો છે. વળી શ્રીરામાયણમાં કહ્યુંછે કેઃ—

"બંદઉં સંત સમાન ચિત્ત, હિત અનહિત નહિ કોઉ;
અંજલિગત શુભ સુમન જિમિ, સમ સુગંધ કર દોઉ."

બંને હાથમાં પ્રાપ્ત થયેલું પુષ્પ બંને હાથને સરખી સુગંધ આપે છે, પણ જે હાથવડે તે તોડવામાં આવ્યું છે, તેને તે ઓછી સુગંધ આપતું નથી, તેવી રીતે જેઓનો કોઈ પણ શત્રુ કે મિત્ર નથી, એવા સમાન ચિત્તવાળા સંતપુરુષોને હું વંદન કરૂં છું. સર્વે પ્રાણીઓ એકજ પ્રભુના બાળકો છે, અને તેઓનું રક્ષણ કરનાર પણ એકજ પ્રભુ છે. એમ જાણી સંતપુરુષો પ્રાણી માત્રના

ઉપર ઘણો પ્રેમ રાખે છે, એટલુંજ નહીં, પરંતુ પોતાનો કોઇ અપકાર કરે તો પણ તેના ઉપર તેઓ ઉપકાર કરે છે, પણ પોતાના વિશ્વપ્રેમી સ્વભાવને કદી પણ છોડતા નથી. શ્રીરામાયણમાં પણ કહ્યું છે કે:—

"સંત અસંતનકી અસકરની, જિમિ કુઠાર ચંદન આચરની;
કાટે પરશુ મલય સુનુ ભાઇ, નિજ ગુણ દેઇ સુગંધ બસાઇ."

સંતોની અને અસંતોની એવી કરણી છે. કે જેવી કુહાડા અને ચંદનની પરસ્પર વર્તવાની રીત છે. જેમ કુહાડો ચંદનને કાપે છે, છતાં પણ ચંદન પોતાના સુગંધ-રૂપી ગુણથી તેને વ્યાપ્ત કરે છે, તેમ દુર્જનો સંતપુરુષોનો અપકાર કરે તો પણ સંતપુરુષો તેઓ પર ઉપકાર કરે છે. એજ સંતપુરુષોનાં ખરાં લક્ષણો છે. સંતપુરુષો સંસારથી વિરકત હોય છે, પૂર્ણ સંતોષી હોય છે, અને બીજાના દુઃખે દુઃખી અને બીજાના સુખે સુખી હોય છે. તેઓ પ્રાણી માત્રમાં સમભાવવાળા હોય છે, કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને અભિમાનથી રહિત હોય છે, અને તેઓનું હૃદય અત્યંત કોમલ હોય છે. શ્રીરામાયણમાં પણ કહ્યુંછે કે:—

"સંત હૃદય નવનીત સમાના, કહા કબીન્હ પૈ કહૈ ન જાના;
નિજ પરિતાપ દ્રવૈ નવનીતા, પરદુઃખ દ્રવહી સંત સુપુનિતા."

સંતપુરુષોનું હૃદય નવનીત—માખણ જેવું હોય છે. એમ જે કવિઓએ કહ્યું છે, પણ તે કહેતાં આવડયું નથી, કારણકે માખણ તો પોતાને તાપ લાગે, તોજ પીગળે છે,

પણ સુપવિત્ર સંતપુરુષો તો બીજાનું દુઃખ જોતાંજ દ્રવીભૂત થઇ જાય છે. આમ હોવાથી સંતપુરુષો આ સંસારમાં કેવળ બીજાના હિતને માટેજ જીવે છે. શાસ્ત્રમાં કહ્યુંછે કેઃ--

"संवर्धकं छेत्तुमुपागतं वा, छायादिभिर्विश्रमिणं करोति।
वृक्षो यथा तद्वदरौ च मित्रे, समस्वभावो हरिदासवर्यः॥"

જેવી રીતે વૃક્ષ પોતાની વૃદ્ધિ કરનાર મનુષ્યને તેમજ કાપવા આવનાર મનુષ્યને પોતાની છાયાદિવડે શ્રમથી રહિત કરે છે, તેવી રીતે ઉત્તમ મહાપુરુષ શત્રુ અને મિત્ર બંનેમાં સમાન હોય છે. એવા મહાપુરુષ આ જગતમાં વિરલજ હોય છે. શ્રીગીતાજીમાં કહ્યું છે કેઃ-- "वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः।" જેને કોઇ પણ સાથે શત્રુભાવ કે મિત્રભાવ નથી અને જે આ સર્વ જગત્ વાસુદેવરૂપ છે, એવી રીતે જાણે છે, તે મહાત્મા અતિ દુર્લભ છે. એવા સંતોનું જીવન કેવળ જગત્ના કલ્યાણને માટે જ હોય છે, જેથી તેઓનો જગત્ પર જેટલો ઉપકાર છે તેટલો બીજા કોઇનો પણ નથી. એવા સંતપુરુષોનું સેવાવ્રત વિશ્વ-પ્રેમને લઇ એટલું તો વિશાળ અને જનસમાજનું શ્રેય કરનારૂં છે કે જે કલ્યાણની સુધાધારાને નિરંતર વ્હેવરાવી રહ્યું છે. જો તે ધારા વ્હેતી બંધ પડી જાત તો આ સંસારના સર્વે જીવો આસુરી બની ગયા હોત, પણ એ સુધાધારા બંધ થાય એમ નથી, કારણ કે એવાજ સંતોનું રક્ષણ કરવાને માટે પ્રભુના પ્રતિયુગ અવતારો થાય છે.

સંતોના વેષ કે ભાષા વગેરે તરફ ન જોતાં તેઓના અમૃતમય ઉપદેશ વચનોને સાંભળી જે બને તે બધાએ ઉત્તમ લાભ ઊઠાવવો જોઇએ. સંતપુરુષો વિશ્વના સૂર્ય, પ્રાણ, આધાર અને આત્મા છે, કારણ કે સંતપુરુષોના પાવન પ્રભાવથી જ આ વિશ્વની સમસ્ત મર્યાદા જળવાઈ રહી છે, નહિતર વહેલું જ આ વિશ્વ અસ્ત વ્યસ્ત બની જાત. શ્રીભગવાને પણ કહ્યું છે કે:—"બ્રહ્મા, શંકર, બલરામ, લક્ષ્મી અને મારો આત્મા એ પણ એવાં મને પ્રિય નથી, કે જેવા મને સંતપુરુષો પ્રિય છે." ગોસ્વામી શ્રીતુલસીદાસજીએ પણ કહ્યું છે કે:—

"રામ સિંધુ ઘન સજ્જન ધીરા, ચંદન તરૂ હરિ સંત સમીરા;
મોરે મન પ્રભુ અસ વિશ્વાસા, રામ તે અધિક રામ કર દાસા."

શ્રીરામ સમુદ્ર છે, અને ધીર એવા સંતપુરુષો મેઘ છે, કારણ કે પ્રભુના જ્ઞાનરૂપી અમૃતની વૃષ્ટિ કરીને મનુષ્યોને માટે પૂર્ણ જીવનદાતા બને છે એટલે તેઓને અજર અમર બનાવે છે. પ્રભુ ચંદનનું વૃક્ષ છે અને સંતપુરુષો તેના મહિમારૂપ સુગંધને વહન કરનાર વાયુ છે, કારણ કે પ્રભુના મહિમારૂપી સુગંધને પ્રસરાવી એટલે તે સંબંધી સદુપદેશ આપી દુરાચારી મનુષ્યોને પણ સદાચારી બનાવી દે છે, જેથી મારા મનને એવો દૃઢ વિશ્વાસ છે, કે શ્રીરામથી પણ શ્રીરામના દાસ એટલે સંતપુરુષો અધિક છે. એવા સંતપુરુષો આ સંસારમાં કેવલ જનસમાજના હિતાર્થે જ વિચરે છે. શ્રીશંકરાચાર્ય મહારાજે પણ કહ્યું છે કે:—

"शान्ता महान्तो निवसंन्ति संतो वसंतवल्लोकहितं चरंतः ।
तिर्णाः स्वयं भीमभवार्णवं जनानहेतूनान्यानपि तारयन्तः॥"

પોતે ભયંકર સંસારસમુદ્રને તરી જનારા શાંત એવા સંતમહંતો સ્વાર્થ વિના પણ બીજાઓને સંસારસમુદ્રથી તારતા વસંત ઋતુની પેઠે કેવલ લોકોના હિતને માટે જ વિચરતા આ સંસારમાં નિવાસ કરે છે. એવા પરોપકાર-પરાયણ જીવન્મુક્ત ઉદાર સંતપુરુષો આ સંસારસમુદ્રને તરવા ઇચ્છનાર મનુષ્યોને માટે એકાએક આધાર છે. શ્રીમદ્‌ભાગવતમાં પણ કહ્યું છે કે:—

"निमज्ज्योन्मज्जतां घोरे, भवाब्धौ परमायनम् ।
संतो ब्रह्मविदः शान्ता, नौर्दृढेवाप्सु मज्जताम् ॥"

જલમાં ડુબતા જનોને માટે નૌકાની પેઠે બ્રહ્મવેત્તા શાંત સંતપુરુષો આ ઘોર સંસારસમુદ્રમાં નીચે જઇને ઉપર આવતા એમ ડુબી જતા મનુષ્યોને માટે પરમ અવલંબન છે. આમ હોવાથી સંતપુરુષોની વિદ્યાદિ જે કંઈ સંપત્તિ છે, તે બીજાના હિતને માટે જ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

"पिबन्ति नद्यः स्वयमेव नांभः स्वयं न खादन्ति फलानिवृक्षाः।
नादन्ति सस्यं खलु वारिवाहाः परोपकाराय सतां विभूतयः॥"

જેવી રીતે પોતામાં રહેલા જલને નદીઓ ખરેખર પોતે પી જતી નથી, પોતામાં રહેલાં ફળોને વૃક્ષો પોતે ખાઇ જતાં નથી અને વાદળો પણ ધાન્યને ખરેખર પોતે

ખાઇ જતાં નથી, તેવી રીતે સંતપુરુષોની તમામ સંપત્તિ કેવલ પરોપકારને માટેજ છે. માટે હે શિષ્ય! સમભાવ, કોમલ હૃદય અને પરોપકારપરાયણતા વગેરે જે ઉપર કહ્યાં તેજ સંતોનાં ખરાં લક્ષણ છે.

દુર્જનોનાં લક્ષણ

શિષ્ય:—હે ગુરુદેવ! હવે મને કૃપા કરી દુર્જનોનાં લક્ષણો કહો, કારણ કે જો અમે દુર્જનોને જાણી શકીએ, તોજ તેઓના સંગથી દુર રહી શકીએ.

ગુરુ:—હે શિષ્ય! કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને અહંકારને આધીન રહેવું તેમજ વેદશાસ્ત્ર પ્રમાણે ન વર્તવું. એજ દુર્જનોનાં ખરાં લક્ષણો છે. દુર્જનોના સંગથી મહાન્ હાની થાય છે, અને આ લોક તેમજ પરલોક પણ બગડે છે, જેથી ભૂલે ચૂકે પણ દુર્જનોનો સંગ કરવો નહીં. શ્રીભતૃહરિએ પણ કહ્યું છે કે:—

"वरं पर्वतदुर्गेषु, भ्रान्तं वनचरैः सह।
न मूर्खजनसंपर्कः सुरेन्द्रभवनेष्वपि ॥"

વનમાં વિચરનારાં જાનવરોની સાથે કઠીન પર્વતો પર રખડવું તે સારૂં છે, પ્રરંતુ દેવરાજ ઇન્દ્રના ભવનો વિષે પણ મૂર્ખ જનોનો સંગ સારો નથી, કારણ કે દુર્જનોના સંગથી મનુષ્ય ઉચ્ચગતિને કદી પણ પ્રાપ્ત થઈ શકતો નથી, પણ દુર્ગતિને પ્રાપ્ત થાય છે. શ્રીરામાયણમાં પણ કહ્યું છે કે:—

કો ન કુસંગતી પાઇ નસાઇ, રહે ન નીચ મતે ગરુઆઇ;

કુસંગને પામી કોની અવનતિ થઈ નથી? અર્થાત્ બધાયની થઇ છે, કારણ કે દુર્જનોના સંગથી કોઇની પણ ઉન્નતિ થતી નથી. એક વચનથી શ્રીરામચંદ્રજીને ચૌદ વર્ષ સુધી વનવાસ અને બીજા વચનથી પોતાના પુત્ર ભરતને રાજ્યગાદીની પ્રાપ્તિ. એમ રાજા દશરથ પાસેથી બે વચનો માગી કૈકેયીએ પોતાના ગૌરવનો જે નાશ કર્યો હતો, તેનું પણ કારણ પોતાની દાસી દુર્જન જે મંથરા, તેનો સંગજ હતો. દુર્જનોના સંગથી ડગલે ને પગલે મહાન હાનિ છે, અને જેમ લોઢાના સંગથી અગ્નિ પણ ટીપાય છે, તેમ દુર્જનોના સંગથી સારો માણસ પણ દુઃખને પ્રાપ્ત થાય છે, જેથી દુર્જન ભણેલો હોય, તો પણ તેનો સંગ કરવો નહીં. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

"दुर्जनः परिहर्तव्यो, विद्ययाऽलंकृतोपि सन् ।
मणिना भूषितः सर्पः, किम सौ न भयंकरः ॥"

દુર્જન વિદ્યાવડે યુક્ત હોય, તો પણ તે ત્યજવાને યોગ્ય છે, કારણ કે મણિવડે સુશોભિત સર્પ એ શું ભયંકર નથી? અર્થાત્ વિષયુક્ત હોવાથી જેમ ભયંકર છે, તેમ દુર્જન પણ છલ, કપટ અને ઈર્ષ્યાદિ દુર્ગુણોવડે યુક્ત હોવાથી દુઃખદાયક છે. દુર્જન ગમે તેવો પ્રેમ બતાવતો હોય, તો પણ તેનો સ્વભાવ એવો છે કે તે ઉપકાર કરનારનો અપકારજ કરે છે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

" संवर्धितोऽपि भुजगः पयसा न वश्यः
स्वपालकानपि निहन्ति बलेन सिंहाः ।

दुष्टः परैरुपकृतस्तदनिष्टकारी
विश्वासलेष इह नैव बुधैर्विधेयः ॥"

જેમ દૂધવડે સારી રીતે ઉછરેલો સર્પ પોતાના પાલકને વશ થતો નથી, અને સિંહો પણ બલવડે પોતાના પાલકને મારી નાંખે છે, તેવી રીતે બીજાઓવડે ઉપકાર પામેલો દુર્જન તે ઉપકાર કરનારાઓનો અપકાર કરનારજ હોય છે, જેથી ડાહ્યા પુરુષોએ એ દુર્જનના સંબંધમાં લેશ માત્ર વિશ્વાસ કરવો નહીં, કારણ કે ગમે તેવા વિદ્વાન્ પુરુષને પણ દુર્જનના સંગની અસર થયા વિના રહેતી નથી.

એક વખત મહાકવિ કાલીદાસે ભોજ રાજાને કહ્યું કે:—"વિદ્વાન્ પુરુષે પણ દુર્જનના સંગથી દૂર રહેવું, કારણ કે તેને પણ તેની અસર થાય છે." એ સાંભળી ભોજ રાજાએ કહ્યું કે:—"એ તો સાધારણ માણસને તેની અસર થાય, પણ બુદ્ધિમાન્ પુરુષને કદી પણ તેની અસર થતી નથી." એમ કહી ભોજરાજાએ પોતાની સભાના ઉત્તમોત્તમ નરરત્ન પુરુષોને રજા આપી, રાજ્યના કાર્યવાહકોને બદલાવી તેમજ કોઈ એક વાણંદને પોતાનો હજુરી બનાવી અભિમાનથી મહાકવિકાલીદાસને કહ્યું કે:—"હવે હું જોઉં છું કે દુર્જનનો સંગ મને શું કરે છે?" છ મહિના પછી એક દિવસે વાણંદે રાજાને કહ્યું કે:—"ખુદાવિંદ! મારી સ્ત્રી અમુક શેઠના પુત્રવધૂના નખ ઉતારવા જાય છે, તેના આ નખ કેવા સુંદર છે, એ તો જરા જુઓ. જેના નખ આવા સુંદર છે તે પોતે કેવી સુંદર હશે? એવી સુંદર

સ્ત્રી તો આપના અંતઃપુરમાં શોભે." રાજાને દુર્જનોના સંગની અસર તો થઇજ હતી, જેથી તે નખોને જોતાંજ તેમના મનમાં એમ થયું કે "વાત ખરી છે." પછી તેમણે વાણંદને પૂછયું કેઃ—"તે કેમ મળે?" ત્યારે વાણંદે કહ્યું કેઃ—"તે સતી છે, પરપુરુષનું મ્હોઢું પણ જોતી નથી. જો આપ સંન્યાસીનો વેષ ધારણ કરી ભિક્ષા લેવાને માટે ત્યાં જાઓ, તો તે મહાત્મા જાણીને તમારો સત્કાર કરશે." પછી ભોજ રાજાએ તેમજ કર્યું. પોતાને આંગણે આવેલા મહાત્માને જોઇ સતીએ કહ્યું કેઃ—"મહારાજ! પધારો, હું હમણાં જ આપને ભિક્ષા આપું છું." એમ કહી તે સતી રસોડામાં જઈ હાથમાં કેરી લઇ રસ કાઢે છે જ્યારે તેમાંથી રસ નીકળતો નથી, ત્યારે તે સતી તેને કહે છે કેઃ—

"रे रे रसालफल मुंचसि किं रसं नो
नास्मत्पतिश्च परदाररतः कदाचित्।
नाहं परेण पुरुषेण रता कदाचि-
ज्जानाति भोजनृपतिः परदारकन्याम्॥"

હે આંબાના ફલ! તારામાંથી રસ કેમ નીકળતો નથી? મારો પતિ કયારે પણ પરસ્ત્રીમાં પ્રીતિવાળો નથી, અને હું કયારે પણ પરપુરુષની સાથે પ્રીતિ કરતી નથી તેમજ ભોજ રાજા પણ પરસ્ત્રીને પોતાની કન્યાસમાન જાણે છે. સતીનાં એવાં વચનો સાંભળતાંજ ભોજ રાજાને હૃદયમાં ઘણો આઘાત અને સંકોચ થતાં તેઓ ત્યાંથી તુરત પસાર

થઈ ગયા, અને મનમાં વિચાર કરવા લાગ્યા કે:—"અહા! દુર્જનોના સંગથી મારી વૃત્તિ બદલી જવાથી ફળોમાંથી રસ પણ જતો રહ્યો." પછી વાણુંદ વગેરેને રજા આપી મહાકવિ કાલીદાસને બોલાવી તેમણે કહ્યું કે:—"કવિશ્વર! તમે જે કહ્યું હતું તે વાત ખરી છે, કારણ કે દુર્જનોના સંગની બધાને અસર થાય છે."

આ ઉપરથી એમ જણાય છે કે ડાહ્યા પુરુષો પણ દુર્જનોના સંગથી દુર્દશાને પ્રાપ્ત થાય છે, તો પછી સાધારણ મનુષ્યો દુર્દશાને પ્રાપ્ત થાય, તેમાં કહેવુંજ શું? જેથી દુર્જનો ગમે તેવું મીઠું બોલતા હોય, તો પણ તેઓનો કદી પણ વિશ્વાસ કરવો નહીં, કારણ કે તેઓના હૃદયમાં હલાહલ ઝેર ભરેલું હોય છે; એટલુંજ નહીં, પરંતુ તેઓના બધા અંગો ઝેરથી ભરેલાં જ હોય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

"तक्षकस्य विषं दन्ते, मक्षिकाया विषं शिरः ।
वृश्चिकस्य विषं पुच्छे, सर्वांगे दुर्जनस्य च ॥"

સાપના દાંતમાં ઝેર હોય છે, માખીના મસ્તકમાં ઝેર હોય છે અને વીંછીના ડંખમાં ઝેર હોય છે, પણ દુર્જનના તો આખા અંગમાં ઝેરજ ભરેલું હોય છે. સર્પથી પરાભવ પામેલો મનુષ્ય એક વખત મરે છે, પણ દુર્જનથી પરાભવ પામેલો મનુષ્ય આ સંસારમાં વારંવાર જન્મે અને મરે છે. આમ હોવાથી ગમે તેવાં કષ્ટોને સહન કરી લેવાં, એ સારૂં છે, પણ દુર્જનોનો સંગ કરવો એ સારૂં નથી. સુંદરદાસજીએ પણ કહ્યું છે કે:—

"સર્પ ડસે સુ નહીં કછુ તાલક, બિછુ લગે સુ ભલો કરી માનો;
સિંહ સુ ખાય નહીં કછુ તો ડર, જો ગજ મારતા તો નહીં હાનો;
અગ્નિ જરૈ જલ બુડી મરૈ, ગિરિ જાઇ ગિરૈ ભય તો મત આનો,
'સુંદર'ઔર ભલો સબહીં યહ દુર્જન સંગ ભલો જિન જાનો."

સાપ કરડે, તો પણ કંઇ પરાભવ જેવું નથી, વીંછી કરડે, તો પણ સારૂં માનવું, સિંહ ખાઇ જાય તો પણ ડરવા જેવું કંઇ પણ નથી અને હાથી મારી નાંખે તો પણ કંઇ હાની નથી; અગ્નિમાં બળવું, જલમાં ડુબી મરવું અને પર્વત પર જઇ નીચે પડવું, તો પણ ભય માનવો નહીં. સુંદરદાસજી કહે છે કે બીજું પણ બધું સારૂં માનવું, પણ દુર્જનનો સંગ કદી પણ સારો જાણવો નહીં, કારણ કે દુર્જનના સંગથી આ લોક તેમજ પરલોક બંને બગડે છે. હે શિષ્ય! ઉપર કહ્યાં એજ દુર્જનોનાં ખરાં લક્ષણો છે, માટે તેઓના સંગથી સદા દૂર રહેવું.

માતાપિતા વગેરે સંબંધીઓનું પરસ્પર કર્તવ્ય

શિષ્ય:—ગુરુદેવ! હવે મને માતા, પિતા, પુત્ર, બન્ધુ, સ્ત્રી, સેવક, મિત્ર તેમજ કુમિત્રનાં કર્તવ્યો પરસ્પર કેવાં હોવાં જોઇએ? તે કૃપા કરી કહો.

ગુરુ:—હે શિષ્ય! તારા પ્રશ્નનો ઉત્તર શ્રીરામાયણમાંથીજ તને અનુક્રમે આપું છું, તે તું ધ્યાન દઇ સાંભળ. જગતના ઇતિહાસમાં દશરથ જેવા પ્રેમાળ પિતા, કૌશલ્યા તેમજ સુમિત્રા જેવી માતાઓ, શ્રીરામ અને લક્ષ્મણ જેવા

પુત્રો, ભરત અને શત્રુઘ્ન જેવા ભાઈઓ, શ્રીસીતાજી જેવી સતી સ્ત્રી, શ્રીહનુમાન અને અંગદ જેવા સેવકો તેમજ સુગ્રીવ જેવો મિત્ર. એવાં તો કોઈ થવાનાં જ નથી. પવિત્ર રઘુ-વંશમાં ઉત્પન્ન થયેલા દશરથ રાજાએ પુત્રના વિયોગથી જે પ્રાણનો પરિત્યાગ કર્યો છે, તે તો અદ્‌ભુતજ છે. દશરથ રાજાએ કહ્યું છે કેઃ—

"અયશ હોઇ બરૂ સુયશ નસાઉ, નરક પરૌં બરૂ સુરપુર જાઉં;
સબ દુઃખ દુસહ સહાવહુ મોહી, લોચન ઓટ રામ જનિ હોહી"

અપયશ થઈને મારા સુયશનો ભલે નાશ થાઓ. હું ભલે નરકમાં પડું કે સ્વર્ગમાં જાઉં, તેમજ હે વિધાતા! સર્વ દુઃસહ દુઃખો મને સહન કરાવો, પણ શ્રીરામચંદ્રજી મારાં નેત્રોથી અળગા ન થાઓ. આ એકજ દાખલો એમ બતાવે છે, કે પિતા એવાજ હોવા જોઇએ અને પોતાના પુત્ર પર પિતાનો પ્રેમ પણ એવો જ હોવો જોઈએ. પુત્રને જો સન્માર્ગે ચલાવવાની ઇચ્છા હોય, તો પિતાએ પણ સન્માર્ગગામી બનવું જોઇએ. પિતાએ પુત્રને વારસામાં પૈસોટકો કે જમીન આપવા કરતાં પણ તેને વિદ્યા, વિનય અને ઉદારતા આદિ ગુણવાળો બનાવવો તે વધારે સારૂં છે, કારણ કે તેમ કરવાથી વંશની કીર્તિ વધે છે.

માતાઓ પણ કૌશલ્યા અને સુમિત્રા જેવી હોવી જોઇએ, કારણ કે જ્યારે શ્રીરામ વનવાસ જવાની આજ્ઞા લેવા કૌશલ્યાજીની પાસે જાય છે ત્યારે તે કહે છે કેઃ—

"જો કેવલ પિતુ આયસુ તાતા, તો જનિ જાહુ જાય બલિ માતા;
જો પિતુ માતુ કહે બન જાના, તો કાનન સત અવધ સમાના,
ધર્મ સનેહ ઉભય મતિ ઘેરી, ભઇ ગતિ સાપ છછુંદર કેરી;
રાખોં સુતહી હોઇ અનુરોધુ, ધર્મ જાઇ અરૂ બન્ધુ વિરોધુ."

હે પુત્ર! જો વનમાં જવાને માટે કેવલ તમારા પિતાનીજ તમને આજ્ઞા હોય, તો માતા બલિહારી જાય, તમારે વનમાં જવું નહીં, અને જો માતપિતા બંને વનમાં જવાને માટે કહે, તો તે વન પણ તમારે માટે સો અયોધ્યા સમાન છે. ધર્મ અને સ્નેહથી મારી મતિ ઘેરાયલી છે. જેથી મારી સ્થિતિ તો એ સાપછછુંદરના જેવી થઈ ગઇ છે, કારણ કે હું નથી તમને રોકી શકતી કે નથી તમને રજા આપી શકતી. જો આગ્રહ કરીને તમને રોકું છું, તો તમારો તેમજ મારો ધર્મ જાય છે અને ભાઇઓમાં વિરોધ થાય છે, માટે તેમ કરવું તે માતાને ઉચિત નથી.

આ ઉપરથી એ સ્પષ્ટ જણાય છે કે કૌશલ્યાજીને પોતાની શોક પ્રત્યે જરા પણ દ્વેષ નથી અને ચારે ભાઇઓ પ્રત્યે પણ સરખો પ્રેમ છે. તે વેળા સુમિત્રા પણ લક્ષ્મણજીને કહે છે કે:—

"તાત તુમ્હાર માતુ વૈદેહી, પિતા રામ સબ ભાંતિ સનેહી;
અવધ તહાં જહાં રામ નિવાસુ, તહાં દિવસ જહાં ભાનુ પ્રકાસુ;
જો પૈ રામસીય બન જાહીં, અવધ તુમ્હાર કાજ કછુ નાહીં."

હે પુત્ર! સીતાજી તમારાં માતા છે અને સર્વ પ્રકારે સ્નેહ કરનાર શ્રીરામ તમારા પિતા છે; જ્યાં શ્રીરામનો

નિવાસ છે ત્યાં અયોધ્યા છે, જેમ કે જ્યાં સૂર્યનો પ્રકાશ છે ત્યાં દિવસ છે. જો શ્રીરામ અને સીતાજી વનમાં જતાં હોય તો આ અયોધ્યામાં તમારૂં કંઇ પણ કામ નથી. શ્રીરામની સાથે રહી મને, વચને અને કર્મે તેમની સેવા કરો. સુમિત્રા જાણે છે કે વનવાસની આજ્ઞા શ્રીરામને થઇ છે, છતાં પોતાના પુત્રને કેવો સુંદર ઉપદેશ આપે છે! જે આવી માતાઓ છે. તેજ ખરી માતાઓ છે.

જન્મ થયાની સાથે જ "शुद्धोऽसि बुद्धोऽसि निरंजनोऽसि" (હે પુત્ર! તું શુદ્ધ, બુદ્ધ અને મુક્ત છે.) પોતાના પુત્રને આવું અમૃત પાનાર માતા મંદાલસા અને પોતાના પુત્રને પરાજીત જોઇને "તારૂં મ્હોઢું જોવા નથી માગતી." એમ કહી તેને ઉત્સાહ આપનાર માતા વિદુલા, આવી માતાઓ આજે ક્યાં છે? અર્થાત્ નથી, જેથી આપણું ભારતવર્ષ આજે તેજહીન બની ગયું છે.

પુત્રો પણ શ્રીરામ જેવા હોવા જોઇએ. જ્યારે શ્રીરામ કૈકેયીના ભવને મૂર્છિત પડેલા દશરથ રાજાની પાસે ગયા ત્યારે તેમને કૈકેયી કહે છે કે:—"રામ! તમારા પિતાનું જીવન હવે તમારા હાથમાં છે; કારણ કે પિતાનો ઉદ્ધાર કરનાર પુત્રજ છે." ત્યારે શ્રીરામ કહે છે કે:—

"ધન્ય જન્મ જગતી ભલ તાસૂ, પિતહી પ્રમોદ ચરિત સુનિ જાસૂ;
ચારિ પદારથ કરતલ તાકે, પ્રિય પિતુ માતુ પ્રાણસમ જાકે."

હે માતા! તેનો જ જન્મ જગતમાં ધન્ય તેમજ શ્રેષ્ઠ છે, કે જેના ચરિત્રોને સાંભળી પિતાને ઘણો આનંદ

થાય છે. તેનાજ હાથમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે પદાર્થો પ્રાપ્ત છે, કે જેને માતપિતા પ્રાણસમાન પ્રિય છે. માટે મારા પિતાશ્રી જેમ કહેશે તેમજ હું કરીશ. આવા આજ્ઞાકારી પુત્રોજ પોતાના પિતાનો ઉદ્ધાર કરી શકે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

"पुंनाम्नो नरकाद्यस्मात्पितरं त्रायते सुतः ।
तस्मात्पुत्र इति प्रोक्तः, स्वयमेव स्वयंभुवा ॥"

પુત્ર પોતાના પિતાનું જેથી 'પું' નામના નરકથી રક્ષણ કરે છે, તેથી તે સ્વયમેવ બ્રહ્માજીવડે પુત્ર એવી રીતે કહેવામાં આવેલ છે. જે પુત્રોનાં આચરણોને જોઇ પિતા પરિતાપ પામે છે, તે પુત્રો નથી પણ પિતૃહત્યારા છે. વળી એમ પણ કહેવામાં આવ્યું છે કે:—"ગુણી માણસોની ગણત્રીના સમયે 'આ ગુણી છે.' એમ જેની ગણત્રી થતી નથી, તેની માતા ખરેખર વાંઝણી છે." જીવતાં પિતાને પાણીનો પ્યાલો ભરી પણ ન આપે, અને તેનો સ્વર્ગવાસ થયે તેની પાછળ બનાવીને દહાડો કરે, એનો અર્થ કંઈ પણ નથી, જેથી શાસ્ત્રમાં કહ્યું છે કે:—

"मातरं पितरं चैव, साक्षात्प्रत्यक्षदेवताम् ।
मत्वा गृही निसेवत, सदा सर्वप्रयत्नतः ॥"

માતા અને પિતાને સાક્ષાત્ પ્રત્યક્ષદેવ માનીને પુત્ર સર્વ પ્રયત્નોવડે સદા તેમની સેવા કરે. જે પુત્ર પોતાના માતપિતાને ગાળો તેમજ દુઃખ આપે છે, તે પોતે પણ

પોતાના સંતાનોવડે પરિણામે ગાળો તેમજ દુઃખ પામે છે, જેથી તેમ ન કરતાં માતપિતાને દેવસમાન જાણી તેમની સાથે પુત્રે તેવું વર્તન રાખવું જોઈએ. શ્રુતિ પણ કહે છે કે:—" मातृ देवो भव, पितृ देवो भव। " (માતા અને પિતાને દેવસમાન માનવાં.) માતા અને પિતાનો પોતાના પુત્ર પર એટલો ઉપકાર છે કે તે તેમના ઋણુમાંથી કદી પણ મુક્ત થઈ શકતો નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

" यं मातापितरौ क्लेशं, सहेते संभवे नृणाम् ।
न शक्या निष्कृतिस्तेषां कर्तुं वर्षशतैरपि ॥"

પુત્રોના જન્મ વખતે તેમનાં માતપિતા જે કલેશને સહન કરે છે, તેનો વિચાર કરતાં તેમના ઋણુમાંથી તેઓ સેંકડો વર્ષોવડે પણ મુક્ત થઇ શકે એમ નથી. આમ હોવાથી માતપિતાની સેવા કરનાર, દાતા, ભક્ત, ઉદાર અને શૂરવીર એવા જેઓ ગુણી પુત્રો છે, તેઓજ ખરા પુત્રો છે.

ભાઇઓ પણ લક્ષ્મણુજી તથા ભરતજી જેવા હોવા જોઇએ. જે સમયે શ્રીરામ વનમાં જવા તૈયાર થાય છે, તે સમયે લક્ષ્મણુજીને સમજાવતાં પોતે કહે છે:—" હે લક્ષ્મણુજી! તમે મારી સાથે વનમાં આવો તે કરતાં અહીં અયોધ્યામાં રહી તમારે માતપિતાની સેવા કરવી, અને જ્યારે જ્યારે આપણાં માતપિતા મારા વિયોગથી દુઃખી થાય ત્યારે ત્યારે તેમને ધાર્મિક વચનો સંભળાવી આશ્વાસન આપવું, એ વધારે સારૂં છે." એ સાંભળી લક્ષ્મણુજી કહે છે કે:—

"મૈં શિશુ સનેહુ પ્રતિપાલા, મંદર મેરૂ કિ લેઇ મરાલા;
ગુરૂ પિતુ માતુ ન જાનૌ કાહુ, કહૌં સુભાવં નાથ પતિ આહુ.
જહંલગી જગત સનેહુ સગાઇ, પ્રીતિ પ્રતીતિ નિગમ નિજ ગાઇ;
મોરે સબૈ એક તુમ સ્વામી, દીનબન્ધુ ઉર અંતરજામી.
ધર્મ નીતિ ઉપદેશીય તાહીં, કીરતિ ભૂતિ સુગતિ પ્રિય જાહી;
મન ક્રમ બચન ચરણરત હોઇ, કૃપાસિંધુ પરિહરિય કી સોઇ."

હું અબોધ બાળક છું. આપ પ્રભુના સ્નેહથી પ્રતિપાલન કરાયલો દાસ છું. તે વેદોક્ત નીતિનો અધિકારી શી રીતે થઇ શકું ? શું મંદરાચલ કે મેરૂને હંસ કદી ઉપાડી શકે છે ? હે નાથ ! હું ગુરુ, માતા કે પિતાને કોઇને જાણુતો નથી, પણુ માત્ર આપનેજ જાણું છું. આ હું સ્વાભાવિક રીતે કહું છું, તે આપ વિશ્વાસથી સત્ય જાણો. હે દીનબન્ધુ ! હે ઉરઅંતર્યામી ! જગત્‌માં જે જે સ્નેહો, સગાઈઓ, વિશ્વાસો અને પ્રીતિઓ વેદોએ કહેલ છે, તે તે સર્વમાં મારે તો આપજ છો. હે સ્વામિ ! જેઓને કીર્તિ, ઐશ્વર્ય અને સદ્‌ગતિ પ્રિય હોય, તેઓનેજ આવો ધર્મ નીતિનો ઉપદેશ દેવો યોગ્ય છે. હે કૃપાના સમુદ્ર ! જે મન, વચન અને કર્મથી આપના ચરણોમાંજ આશકત હોય તેને શું તજી દેવો ઘટિત છે ? જો મને આપની સાથે નહીં લઈ જાઓ, તો હું મારા પ્રાણોનો ત્યાગ કરીશ. અહા ! આનુંજ નામ ખરો ભ્રાતૃભાવ છે, કારણુ કે જો વડીલ બન્ધુ શ્રીરામના ચરણોની સેવા ન મળે, તો જેને પોતાના પ્રાણુની પણુ પરવા નથી. ભરતજીનો તો ભ્રાતૃભાવ એવો હતો, કે તે

41

થવાનોજ નથી, કારણ કે શ્રીરામ, લક્ષ્મણજી અને સીતાજીને વનવાસ મળવામાં તેમજ દશરથ રાજાના પ્રાણ ત્યાગમાં પોતાની માતાને કારણરૂપ માનીને તેઓ તેને કહે છે કે:—

"હંસ વંશ દશરથ જનક, રામ લખણસે ભાઇ;
જનની તું જનની ભઇ, વિધિસે કહા બસાઇ.
વર માંગત મન ભઇ ન પીરા;
જરી ન જીહ મુંહ પરે ન કીરા."

સૂર્યવંશમાં મારો જન્મ થયો, દશરથ મારા પિતા થયા અને શ્રીરામ તેમજ લક્ષ્મણજી જેવા મારા ભાઈઓ થયા, પણ હે માતા! મારી જનની તું થઈ, એ વિધાતાએ શું સારૂં કર્યું? વરદાન માગતાં તારા મનમાં પીડા કેમ ન થઈ! તારી જીભ કેમ બળી ન ગઇ! અને તારા મ્હોંમાં કીડા કેમ ન પડયા! હે માતા! કૌશલ્ય અને સુમિત્રાએ તારૂં શું બગાડયું હતું? કે જેમના પ્રાણપ્રિય પુત્રોને તે વનમાં મોકલ્યા. આજે કૌશલ્યા અને સુમિત્રા પોતાના પ્રિય પુત્રોને વારંવાર યાદ કરી, આંસુઓને પાડી અને માથાં પછાડી પછાડી સમયને કેમ પસાર કરતાં હશે? માટે હે પાપીણી માતા! મારી આંખોથી અળગી ખસી જા. હું હમણાંજ શ્રીરામને લેવા જાઉં છું, અને તેમના બદલામાં હુંજ ચૌદ વર્ષ સુધી વનમાં રહીશ. અહા! પોતાના મોટા ભાઈ શ્રીરામ પ્રત્યે ભરતજીનો આવો જે પ્રેમ છે, તેનું પુરૂં માપ કોણ કાઢી શકે? કારણકે શ્રીરામે પણ લક્ષ્મણજીને કહ્યુંછે કે:—

"લખણ તુમાર શપથ પિતુ આના,
સુચિ સુબન્ધુ નહિ ભરત સમાના."

હે લક્ષ્મણજી! તમારા અને પિતાના સોગંદ ખાઇને કહું છું કેઃ—

"ભરત સમાન પવિત્ર ભાઈ કોઇ પણ થવાનો નથી." વળી શ્રીવસિષ્ઠ મુનિને પણ ભરતના વિષયમાં શ્રીરામે કહ્યું છે કેઃ—

" નાથ શપથ પિતુ ચરણ દોહાઇ,
ભયઉ ન ભુવન ભરત સમ ભાઇ."

હે નાથ! આપના તેમજ પિતાના ચરણોના સોગંદ ખાઇને કહું છું કે " ત્રણે ભુવનમાં ભરત સમાન કોઇ પણ ભાઇ થયો નથી." જેઓ આવા ભાઈઓ છે, તેઓજ ખરા ભાઇઓ છે.

સ્ત્રીઓ પણ સતી સીતાજી જેવી હોવી જોઇએ. જ્યારે શ્રીરામે વનમાં જતી વખતે વનનાં કષ્ટોનું વર્ણન કરતાં અયોધ્યામાં રહી સાસુ અને સસરાની સેવા કરવાનું સીતાજીને કહ્યું ત્યારે તે કહે છે કેઃ—

" જહં લગી નાથ નેહ અરૂ નાતે,
પિય બિનું તિયહિં તરણી તેં તાતે;
તનુ ધન ધામ ધરણી પૂર રાજુ,
પતિ વિહીન સબ શોક સમાજુ.
ભોગ રોગસમ ભૂષણ ભારૂં
યમયાતના સરીસ સંસારૂં;
પ્રાણનાથ તુમ બિનુ જગમાંહીં,
મો કહું સુખઃ કતહું કોઉ નાહીં.

જિય બિનુ દેહ નદી બિનુ વારી,
તૈસેહી નાથ પુરૂષ બિનું નારી."

હે નાથ! સાસુ, સસરા વગેરેના જે સ્નેહો અને સંબંધો છે, તે બધા જ્યાં સુધી પતિનો સ્નેહ અને સંબંધ છે, ત્યાં સુધીજ છે, પતિ વિના તે સ્ત્રીને તપેલા સૂર્યની પેઠે તપાવનારા છે. શરીર, ધન, ઘર, જમીન, શહેર અને રાજ્ય એ બધું પતિ વિના સ્ત્રીને શોકના સમાજરૂપજ છે. પતિ વિના સ્ત્રીને ભોગ રોગ સમાન છે, આભૂષણો ભારરૂપ છે અને સંસાર યમની તાડના સમાન છે. હે પ્રાણનાથ! આપ વિના આ સંસારમાં મને સુખ દેનાર અન્ય કોઇ કયાંય પણ નથી. જેવી રીતે જીવ વગરનુ શરીર છે અને જલ વગરની નદી છે, તેવી રીતે હે નાથ! પતિ વગરની સ્ત્રી છે. માટે આપ વિના હું કોઈપણ પ્રકારે અહીં રહી શકું, એમ નથી.

આવી રીતે જે વર્તવું, તેજ સ્ત્રીઓનો ખરો ધર્મ છે, વળી વનવાસે વિચરતા શ્રીરામ જ્યારે અત્રિ ઋષિને આશ્રમે પધાર્યા ત્યારે સ્ત્રીઓનાં ધર્મો સંભાળતાં સતી અનસૂયાજી સીતાજીને કહે છે કે:—

"ધીરજ ધર્મ મિત્ર અરૂ નારી,
આપત્કાલ પરખિયે ચારી;
વૃદ્ધ રોગવશ જડ ધનહીના
અંધ બધિર ક્રોધી અતિ દીના;
ઐસેહુ પતિ કર કિયે અપમાના,
નારી પાવ યમપુર દુઃખ નાના."

ધીરજ, ધર્મ, મિત્ર અને સ્ત્રી એ ચારની આપત્ત-કાલમાંજ પરિક્ષા થાય છે; વૃદ્ધ, રોગી, મૂર્ખ, ધનહીન, આંધળો, બહેરો, ક્રોધી, કે દુઃખી એવા પતિનું પણ અપમાન કરવાથી સ્ત્રી યમલોકમાં અનેક દુઃખને પામે છે.

સ્વર્ગની પ્રાપ્તિને માટે પતિની સેવા વિના સ્ત્રીને બીજું કંઈપણ કર્ત્તવ્ય નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

"नास्ति स्त्रीणां पृथग्यज्ञो, न व्रतं नाप्युपोषितम्।
पतिः शुश्रूयते येन, तेन स्वर्गे महीयते॥"

પતિની સેવાને છોડી સ્ત્રીઓને યજ્ઞ, વ્રત કે ઉપવાસ કંઇ પણ કરવા યોગ્ય નથી; એકજ પતિની જે સેવા કરવી તે વડે સ્ત્રી સ્વર્ગમાં ઉચ્ચ પદને પ્રાપ્ત કરી શકે છે. વળી શાસ્ત્રમાં કહ્યું છે કે:—

"न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते।"

ઇંટો, પત્થર કે માટીનું બનાવેલું ઘર એ કંઇ ખરૂં ઘર નથી, પણ પતિના સુખે સુખી અને પતિના દુઃખે દુઃખી એવી જે પતિવ્રતા સ્ત્રી, તેજ ખરૂં ઘર છે. આવા પ્રકારની જે પતિવ્રતા સ્ત્રીઓ છે, તેજ ખરી સ્ત્રીઓ છે.

પતિઓએ પણ પતિ શબ્દના અર્થનો વિચાર કરી તે પ્રમાણે વર્તવું જોઈએ, કારણ કે 'पातीति पतिः' જે પાલન એટલે રક્ષણ કરે, તે પતિ કહેવાય છે, જેથી જેમ બને તેમ પતિઓએ પોતાની પત્નીઓને દુઃખી થવા દેવી

નહીં, પણ જોઇતા વસ્ત્રાદિ યોગ્ય પદાર્થોની પૂરતી વડે તેમજ મધુર વચનો વડે તેમને સંતુષ્ટ તેમજ પ્રસન્ન રાખવી. મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે:—

" यत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवताः ।
यत्रैतास्तु न पूज्यन्ते, सर्वास्तत्राफलाः क्रियाः ॥ "

જે કુલમાં સ્ત્રીઓ પૂજાય છે, એટલે આદરપૂર્વક માન જાળવવા વડે પ્રસન્ન રાખવામાં આવે છે, ત્યાં દેવો પ્રસન્ન રહે છે, અને જે કુલમાં તેમ કરવામાં આવતું નથી ત્યાં દેવોની પ્રસન્નતાના અભાવે કરાયલી બધી ક્રિયા નિષ્ફળ નીવડે છે. આમ હોવાથી અચલ સુખની ઇચ્છા રાખનાર પતિ અને પત્નીએ જેમ પરસ્પર પૂર્ણ સંતોષ જળવાય, તેમજ વર્તવું જોઇએ. મનુ ભગવાને પણ કહ્યું છે કે:—

" संतुष्टो भार्यया भर्ता, भर्त्रा भार्या तथैव च ।
यस्मिन्नेव कुले नित्यं, कल्याणं तत्र वै ध्रुवम् ॥ "

જે કુલમાં પતિ પત્ની વડે અને પત્ની પતિ વડે અવશ્ય નિરંતર સંતુષ્ટ રહે છે, ત્યાંજ અચલ કલ્યાણનો નિવાસ છે. માટે ઉપર કહ્યા પ્રમાણે જેઓ વર્તે છે, તેજ ખરા પતિઓ છે.

સેવકો પણ શ્રી હનુમાનજી અને અંગદ જેવા હોવા જોઇએ, કારણ કે પોતાના સ્વામી શ્રી રામને માટે પોતાના મસ્તકને પણ જેઓ હાથમાં લઈ ફરતા હતા. આવા અનન્ય

હિતકારી સેવકો મળવા આ સંસારમાં દુર્લભ છે. શ્રી રામે પણ કહ્યું છે કેઃ—

" તવ સમાન નહિ કોઉ હિતકારી,
સુર મુનિ સિદ્ધ મનુજ તનુધારી;
અનુજ રાજ સંપત્તિ વૈદેહી,
દેહ ગેહ પરિવાર સનેહી;
સબ મોહી પ્રિય નહિ તુમહી સમાના,
મૃષા નહિ કહું મોર યહ બાના; "

હે હનુમાનજી! શરીર ધારી દેવ, મુનિ, સિદ્ધ કે મનુષ્ય તમારા સમાન મારૂં હિત કરનાર કોઈ પણ નથી. ભાઇઓ, રાજ્ય, ઐશ્વર્ય, સીતાજી, શરીર, ઘર, પરિવાર કે સ્નેહી એ બધાં તમારા સમાન મને પ્રિય નથી, આવી મારી વાણીને હું મિથ્યા કહેતો નથી, અર્થાત્ સત્ય કહું છું. સેવા ધર્મના ખરા રહસ્યને સાચા સેવકોજ જાણે છે, કારણ કે આજના સેવાભાવિ સેવકો કદાચ ભાવિમાં સેવા કરે તો ભલે, પરંતુ હમણાં તો તેઓ ઉપરથી સેવા બતાવી ધીરે ધીરે સ્વામીનું સર્વસ્વ લુંટી લઇ પોતાનું ઘર ભરવાનીજ સેવા કરે છે. આવા સેવાભાવિઓથી કોઇની પણ ઉન્નતિ થઈ નથી તેમજ થવાની પણ નથી. આવા સેવાભાવિઓ સેવાના ખરા રહસ્યને ન જાણે, એ સ્વાભાવિક છે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ— " **सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ।** " સેવાધર્મ અતિ ગહન છે, જેથી તે કેટલાએક યોગીઓને પણ જાણવામાં ન આવે, એવો છે. ગુહ રાજાએ જ્યારે ભરતજીને પુછયું કેઃ—

"આપ રથ ઉપર ન બેસતાં પગે ચાલી કેમ જાઓ છો?" ત્યારે તેઓ કહે છે કે:—

"સિરપે જાઉં ઉચિત અસ મોરા, સબસે સેવક ધર્મ કઠોરા"

હું મસ્તકથી ચાલીને જાઉં, તોજ બરાબર ગણાય, કારણ કે બધા ધર્મો કરતાં સેવાધર્મ કઠિન છે. આવા કઠિન સેવાધર્મને જેઓ પાળે છે, તેઓજ ખરા સેવકો છે.

મિત્રોએ પણ મિત્રોના ધર્મ પ્રમાણે વર્તવું જોઇએ, કારણ કે મિત્રતા કરવી સરલ છે, પણ તેને નિભાવવી કઠિન છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:—"आपदि मित्रपरीक्षा" મિત્રની ખરી પરીક્ષા આપત્તકાલમાંજ થાય છે, કારણ કે તેવા સમયમાં પણ ખરો મિત્ર પોતાના મિત્રને છોડતો નથી, અને જે બને તે મદદ કરી તેને દુ:ખમાંથી મુક્ત કરે છે. હિતોપદેશમાં પણ કહ્યું છે કે:—"आपत्सु मित्रं जानीयात्" મિત્રને આપત્તકાલમાંજ જાણી લેવો, કે તે કેવો છે? કારણ કે જે આપત્તિમાં પણ આવી ઉભો રહે, તેજ મિત્ર છે. ખરા મિત્રના લક્ષણો શાસ્ત્રમાં નીચે પ્રમાણે કહ્યાં છે:—

"पापं निवारयति योजयति हिताय,
गुह्यं न गुह्यति गुणान्प्रकटीकरोति।
आपद्गतं न च जहाति ददाति काले,
सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः॥"

જે મિત્ર મિત્રને પાપથી વારે છે, મિત્રને સન્માર્ગે દોરે છે, ગુપ્ત રાખવા યોગ્ય વાતને મિત્રની પાસે ગુપ્ત રાખતો

નથી, મિત્રના ગુણોને બીજાની પાસે પ્રકટ કરે છે, આપત્તિથી હણાયલા મિત્રને ત્યાગતો નથી અને સમયપર જે જોઇએ તે મિત્રને આપે છે. સંતપુરુષો કહે છે, કે એજ ખરા મિત્રનું લક્ષણ છે. શ્રી રામાયણુમાં પણ કહ્યું છે કે:—

"કુપંથ નિવારી સુપંથ ચલાવા ગુણ પ્રકટે અવગુણહીં દુરાવા;
દેત લેત મન શંક ન ધરહીં, બલ અનુમાન સદા હિત કરહીં,
વિપત્તકાલ કરસતગુણ નેહા, સ્રુતિ કહ સત્ય મિત્ર ગુણ એહા."

જે મિત્ર મિત્રને કુપંથથી નિવારી સુપંથે ચલાવે છે, મિત્રના અવગુણોને ઢાંકી તેના ગુણોને પ્રકટ કરે છે, મિત્રને દેતાં અને લેતાં મનમાં શંકા રાખતો નથી, પોતાની શક્તિ પ્રમાણે સદા મિત્રનું હિત કરે છે અને વિપત્તિના સમયે મિત્રમાં સેંકડો પ્રકારે સ્નેહ કરે છે, શ્રુતિ કહે છે કે એજ ખરા મિત્રના ગુણો છે. ખરો મિત્ર નવડાના અંક જેવો હોય છે, કારણ કે નવડાને ગમે તેટલો વધારવામાં આવે, તો પણ તે જેમનો તેમ રહે છે. જેમ કે ૯×૨=૧૮ ૧+૮=૯ ૯×૩=૨૭ ૨+૭=૯ ૯×૪=૩૬ ૩+૬=૯ તેવી રીતે ખરો મિત્ર સંપત્તિમાં અને વિપત્તિમાં સરખોજ પ્રેમ કરનાર હોય છે.

કુમિત્ર આઠડાના અંક જેવો હોય છે, કારણ કે આઠડાને જેમ જેમ વધારવામાં આવે, તેમ તેમ તે ઘટે છે અને વધે છે. જેમ કે ૮×૨=૧૬ ૧+૬=૭ ૮×૩=૨૪ ૨+૪=૬ ૮×૬=૪૮ ૪+૮=૧૨ તેવી રીતે કુમિત્ર સંપત્તિમાં અને વિપત્તિમાં એક સરખો પ્રેમ કરનાર હોતો નથી. આવા કુમિત્રનો ત્યાગજ કરવો. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે:—

"परोक्षे कार्यहन्तारं, प्रत्यक्षे प्रियवादिनम् ।
वर्जयेत्तादृशं मित्रं, विषकुम्भं पयोमुखम् ॥"

જે પ્રત્યક્ષપણે પ્રિય બોલનાર છે અને પરોક્ષપણે કાર્યનો નાશ કરનાર છે, એવા કુમિત્રનો અંદરથી ઝેરથી અને ઉપરથી દુધથી ભરેલા ઘડાની પેઠે પરિત્યાગ કરવો. એવા કુમિત્રથી લાભ થવાને બદલે ઘણી હાની થાય છે, કારણ કે તેઓ પોતાને જ્યાં સુધી ગરજ હોય ત્યાં સુધીજ ઉપરથી મિત્રતા બતાવે છે, પણ તેઓનું હૃદય તો પત્થર જેવું હોય છે. શ્રી રામાયણમાં પણ કહ્યું છે કે:—

"જે ન મિત્ર દુઃખ હોહીં દુઃખારી, તિન્હ બિલોકત પાતક ભારી;
નિજ દુઃખ ગિરિસમ રજકર આના, મિત્ર દુઃખ રજ મેરૂ સમાના;
જિનકે અસ મતિ સહજ ન આઇ, તે સઠહીં કત કરત મિતાઇ."

જેઓ મિત્રના દુઃખે દુઃખી થતા નથી, તેઓને જોતાં ઘણું પાપ લાગે છે. પોતાના પર્વત સમાન દુઃખને રજકણ જેટલું માનવું, અને મિત્રના રજકણ જેટલા દુઃખને સુમેરૂ સમાન માનવું. જેઓને સ્વાભાવિક આવી મતિ આવતી નથી, તેઓ શઠ અમસ્તા શા માટે મિત્રતા કરતા હશે? કુમિત્રનો સ્વભાવ સહજ એવો હોય છે, કે તેઓ મનમાં કુટીલતા રાખી પ્રથમ મિત્રની સાથે મીઠી મીઠી વાતો કરે છે અને પછી તેનું જળામૂળથી બધું ઉખેડી નાંખે છે, માટે ઉપર કહ્યા પ્રમાણે સારી રીતે વિચાર કરી સુમિત્રની સાથે મૈત્રી કરવી અને કુમિત્રનો ત્યાગ કરવો, એમાંજ ખરૂં સુખ સમાયલું છે.

જે ગૃહસ્થાશ્રમમાં બધા સંબંધીઓ પોતપોતાના કર્તવ્ય પ્રમાણે વર્તે છે, તેજ ગૃહસ્થાશ્રમને ધન્યવાદ ઘટે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

"सानंदं सदनं सुताश्च सुधियः कान्ता न दुर्भाषिणी
सन्मित्रं सुधनं स्वयोषिति रतिश्चाज्ञापरा सेवकाः ।
आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मृष्टान्नपानं गृहे
साधोः संगमुपासते हि सततं धन्यो गृहस्थाश्रमः ॥"

આનંદયુક્ત ઘર હોય, સુબુદ્ધિવાળા પુત્રો હોય, અને મધુર બોલનારી સ્ત્રી હોય; સારો મિત્ર હોય, સારી સંપત્તિ હોય, પોતાની સ્ત્રીમાં પ્રીતિ હોય, આજ્ઞા પરાયણ સેવકો હોય, અતિથિ સત્કાર હોય, પ્રતિદિવસ શિવપૂજન થતું હોય, શુદ્ધ ખાનપાન હોય, અને જે ઘરે નિરંતર સત્સંગ થતો હોય. આવો જે ગૃહસ્થાશ્રમ છે, તે ખરેખર ધન્યવાદને યોગ્ય છે. વળી શાસ્ત્રમાં કહ્યું છે કે:—

"मानुष्यं वरवंशजन्म विभवो दीर्घायुरारोग्यता
सन्मित्रं सुसुतः सती प्रियतमा भक्तिश्च नारायणे ।
विद्वत्त्वं सुजनत्वमिन्द्रियजयः सत्पात्रदानेरतिस्ते-
पुण्येन विना त्रयोदश गुणाः संसारिणां दुर्लभाः ॥"

મનુષ્યપણું, સારા વંશમાં જન્મ, સંપત્તિ, દીર્ઘાયુ, આરોગ્યતા, સારો મિત્ર, સારો પુત્ર, વ્હાલી સતી સ્ત્રી, શ્રી નારાયણની ભક્તિ, વિદ્વતા, સજ્જનતા, ઇન્દ્રિયોનો જય અને

સત્પાત્રને દાન દેવામાં પ્રીતિ, આ તેર ગુણો પુણ્ય વિના સંસારીઓને મળવા દુર્લભ છે. માટે હે શિષ્ય! જે ઉપર કહ્યું તેજ માતપિતા વગેરે સંબંધીઓનું પરસ્પર કર્તવ્ય છે, અને એજ પ્રમાણે બધાએ વર્તવું જોઇએ.

દાનવિચાર

શિષ્યઃ—ગુરુદેવ! હવે મને કૃપા કરી જે દાનનું ખરૂં રહસ્ય હોય, તે કહો.

ગુરુઃ—હે શિષ્ય! દાનના અનેક પ્રકારો છે, છતાં પણ તે વિષે જે કંઇ હું કહું છું, તે તું ધ્યાન દઈ સાંભળ.

દાન ચાર પ્રકારનું છે, જલદાન, અન્નદાન, દ્રવ્યદાન અને વિદ્યાદાન. તર્ષ્યાને પાણી આપવું, તે જલદાન કહેવાય છે, ભૂખ્યાને અન્ન આપવું, તે અન્નદાન કહેવાય છે, સુપાત્રને દ્રવ્ય આપવું, તે દ્રવ્યદાન કહેવાય છે અને વિદ્યાર્થીઓને વિદ્યા આપવી કે અપાવવી તે વિદ્યાદાન કહેવાય છે. દ્રવ્યદાનને માટે પાત્ર કે અપાત્રનો વિચાર કરવો પડે છે, પણ જલદાન કે અન્નદાનને માટે તેવો વિચાર કરવો પડતો નથી, જેથી તે ઉત્તમ છે, અને સર્વ કોઇ યથાશક્તિ તેને કરી શકે છે. કબીર સાહેબે પણ કહ્યું છે કેઃ—"દેનેકો ટુકડા ભલા, લેનેકો હરિ નામ." દેવા યોગ્ય ટુકડો છે એટલે અન્ન છે અને લેવા યોગ્ય હરિનું નામ છે. આમ હોવાથી કોઇપણ માણસ પોતાને ત્યાં સમયપર આવી જાય, તો પ્રથમ તેને બીજું કંઇ પણ ન પૂછતાં ભોજન કિંવા જલ ગ્રહણ કરવાનો પ્રેમથી

આગ્રહ કરવો, કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—" **अतिथिः स्वयं विष्णुः** " આપણે ત્યાં આવનાર કોઇ પણ અતિથિ સાક્ષાત્ વિષ્ણુ છે, એમ જાણી તેનો યથાશક્તિ સત્કાર અવશ્ય કરવો જોઇએ, એજ ગૃહસ્થાશ્રમનો મૂખ્ય ધર્મ છે. જો પૂર્વે કંઇ કર્યું હોય, તોજ પ્રભુની કૃપાથી ધનાદિ પદાર્થો પ્રાપ્ત થાય છે, માટે જો પ્રભુએ આપ્યું હોય, તો સદ્‌ગૃહસ્થોએ શ્રદ્ધા-પૂર્વક સ્થળે સ્થળે ધર્મશાળા, અન્નક્ષેત્ર, કૂપ, તળાવ કે દેવ-મંદિર બંધાવવા માટે દ્રવ્યદાન અવશ્ય કરવું જોઇએ. જો ધનવાનો લોભને વશ થઇ દ્રવ્યદાન ન આપે, તો ધર્મ, ચોર, રાજા અને અગ્નિ એ જે ધનના ચાર ભાગીદારો છે, તેમાંથી એક તો પોતાનો ભાગ અવશ્ય લે છે. આમ હોવાથી જ્યાં ગરીબોને અન્ન મળે છે, અને વિદ્યાર્થીઓને વિદ્યા મળે છે, એવે સ્થળે શ્રીમંતોએ દ્રવ્યદાન આપવા માટે અવશ્ય ઉદારતા રાખવી જોઇએ. ખરી રીતે જોતાં અન્ન જલથી પણ માણસને ક્ષણિક તૃપ્તિ થાય છે, પરંતુ વિદ્યા તો અક્ષય ભંડાર છે, કારણ કે તે આ લોકમાં તેમજ પરલોકમાં પણ ફળ આપે છે, જેથી સર્વ દાનો કરતાં વિદ્યાદાન શ્રેષ્ઠ છે. આવા હેતુથીજ અનેક વિદ્યાલયો તેમજ ગુરુકુલ વગેરે સંસ્થાઓ સ્થાપવા-માં આવે છે. શ્રી ભર્તૃહરિ મહારાજે પણ કહ્યું છે કેઃ—

" विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं
विद्या भोगकरी यशःसुखकरी विद्या गुरुणां गुरुः ।
विद्या बन्धुजनो विदेशगमने विद्या परं दैवतं
विद्या राजसु पूज्यते न तु धनं विद्याविहीनः पशुः॥"

વિદ્યા એજ મનુષ્યનું અધિક રૂપ અને જેને કોઇ ન જાણી શકે એવું ગુપ્ત ધન છે; ભોગને આપનારી તેમજ યશ અને સુખને આપનારી વિદ્યા છે; ગુરુઓને પણ ગુરુ-પદ આપનારી વિદ્યા છે; વિદેશે જવામાં વિદ્યા એજ બન્ધુ છે; વિદ્યાજ ખરૂં દૈવત છે; રાજાઓને ત્યાં પણ વિદ્યા પૂજાય છે, પણ ધન પૂજાતું નથી; જેથી વિદ્યા રહિત મનુષ્ય પશુ છે. મનુષ્યને પશુ કોટીમાંથી દેવ કોટીમાં જવું હોય, તો વિદ્યાથીજ જવાય છે. કિંબહુના આ જન્મમાં પ્રાપ્ત કરેલી વિદ્યા બીજા જન્મમાં પણ ફળ આપે છે. વિદ્યા ધનને ચોરો લુંટી શકતા નથી, અગ્નિ બાળી શકતો નથી અને ભાઇઓ તેનો ભાગ પડાવી શકતા નથી. જેમ જેમ તેનો વ્યય કરવામાં આવે છે, તેમ તેમ તે વધતું જાય છે. આમ હોવાથી વિદ્યાનું દાન બધાં દાનો કરતાં શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે.

હવે પોતપોતાની ઇચ્છા પ્રમાણે કોઇએ જલદાન તો કોઇએ અન્નદાન અને કોઇએ વિદ્યાદાન તો કોઇએ દ્રવ્ય-દાન આપવું જોઇએ, કારણ કે જ્યારે હાથ ખુલ્લે છે ત્યારે હૃદય ખુલ્લે છે, અને જ્યારે હૃદય ખુલ્લે છે ત્યારે ઇશ્વરનાં દર્શન થાય છે. એ પ્રમાણે દાન કરવાથી પણ પ્રભુની પ્રાપ્તિ થાય છે, પણ એ યાદ રાખવું કે શ્રદ્ધાપૂર્વક કરેલું દાન અનંત ઘણું ફળ આપે છે. દાન કરવાથી વ્યવહારમાં પણ ઘણો લાભ થાય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે:—

"दानेन भूतानि वशी भवंति दानेन वैराण्यपियान्ति नाशम् ।
परोपि बन्धुत्वमुपति दानैर्दानं हि सर्वव्यसनानि हन्ति ॥"

દાન કરવાથી પ્રાણીમાત્ર વશ થાય છે, વૈરભાવનો નાશ થાય છે; શત્રુઓ મિત્ર બની જાય છે અને દાનજ સર્વ દુઃખોને નાશ કરે છે. માટે હે શિષ્ય! જે મેં ઉપર કહ્યું એજ દાનનું ખરૂં રહસ્ય છે.

નામસ્મરણનો મહિમા

શિષ્યઃ—ગુરુદેવ! હવે મને કૃપા કરી આ સંસાર-સમુદ્ર તરવાનો જે અતિ સરલ ઉપાય હોય તે કહો.

ગુરુઃ—હે શિષ્ય! પ્રભુના ગમે તે નામનું સ્મરણ કરવું, એજ આ કલિકાલમાં સંસારસમુદ્ર તરવાનો અતિ સરલ ઉપાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

" कृते यद्ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः ।
द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात् ॥"

સત્ય યુગમાં પ્રભુનું ધ્યાન કરવાથી, ત્રેતાયુગમાં યજ્ઞો કરવાથી અને દ્વાપર યુગમાં પ્રતિમાઓની પૂજા કરવાથી જે ફળ મળતું હતું, તેજ ફળ કલિકાલમાં કેવળ પ્રભુનું નામ-સ્મરણ કરવાથી પ્રાપ્ત થાય છે. આમ હોવાથી એકજ પ્રભુના નામના આધારે આ ભવસાગર તરી શકાય છે, જેથી રામ, કૃષ્ણ કે શિવ ગમે તે પ્રભુના એક નામનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરવું જોઇએ. શ્રીરામાયણમાં પણ કહ્યું છે કેઃ—

" બારી મથે બરૂ હોઈ ઘૃત, સિકતાતે બરૂ તેલ;
બિનુ હરિ ભજન ન ભવ તરિયે, યહ સિદ્ધાંત અપેલ."

જલ મંથન કરવાથી ભલે ઘૃત નીકળે અને રેતીમાંથી ભલે તેલ નીકળે, પણ પ્રભુના ભજન વિના ભવજલ નહીં તરી શકાય એ અટલ સિદ્ધાંત છે. માટે જે બને તે ખૂબ પ્રભુના નામનું સ્મરણ કરવું, કારણ કે આ ઘોર કલિકાલમાં તે વિના મન સ્થિર કરવાનો બીજો કોઇ પણ ઉપાય નથી. આ કલિયુગ કેવો છે, તે વિષે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે:—

"सीदन्ति सन्तो विलसन्त्यसन्तः, पुत्रा म्रियन्ते जनकश्चिरायुः।
परेषु मैत्री स्वजनेषु वैरं, पश्यन्तु लोकाः कलिकौतुकानि॥"

આ કલિયુગમાં સંતો દુઃખને ભોગવે છે, અસંતો આનંદને ભોગવે છે, પુત્રો મરી જાય છે, પિતા વધારે જીવે છે, બીજાઓને વિષે મૈત્રી કરવામાં આવે છે અને સ્વજનોને વિષે વેર કરવામાં આવે છે. માટે હે લોકો આ કલિયુગનાં કૌતુકોને તો જુઓ!

"निर्वीर्या पृथिवी निरौषधिरसा नीचा महत्वं गता
भूपाला निजकर्मधर्मरहिता विप्राः कुमार्गेरताः।
भार्या भर्तृविरोधिनी पररता पुत्राः पितुर्द्वेषिणो
हा कष्टं खलु वर्तते कलियुगे धन्या नराः सज्जनाः॥"

પૃથ્વી સામર્થ્ય વગરની તેમજ વનસ્પતિઓના રસો વગરની થઈ ગઇ છે, નીચ જનો મહત્વને પ્રાપ્ત થયેલા છે, રાજાઓ પોતાના ધર્મકર્મથી રહિત થઈ ગયા છે, બ્રાહ્મણો કુમાર્ગમાં પ્રીતિવાળા થઇ ગયા છે, પત્ની પતિનો વિરોધ

કરનારી તેમજ પરપુરુષમાં પ્રીતિવાળી થઇ ગઇ છે, અને પુત્રો પિતાનો દ્વેષ કરનારા થઇ ગયા છે. ઘણા ખેદની વાત છે, કે કલિયુગમાં ખરેખર કષ્ટ છે, માટે સજ્જનપુરુષો ધન્યવાદને યોગ્ય છે.

"सन्तः क्वापि न सन्ति सन्ति यदि वा दुःखेन जीवन्ति ते
राजानोऽपि न सन्ति सन्ति यदि वा तृष्णाधनग्राहिणो ।
विद्वान्सोऽपि न सन्ति सन्ति यदि वा मात्सर्ययुक्ताश्चते
दातारोऽपि न सन्ति सन्ति यदि वा सेवानुकूलाः कलौ ॥"

સંતો ક્યાંય પણ નથી, અથવા છે તો તે દુ:ખવડે જીવે છે, રાજાઓ પણ નથી, અથવા છે તો તે તૃષ્ણાવડે ધનને ગ્રહણ કરનારા છે, વિદ્વાનો પણ નથી, અથવા છે તો તે ઇર્ષ્યાવડે યુક્ત છે અને દાતાઓ પણ નથી, અથવા છે તો તે કલિયુગમાં સેવાવડે અનુકૂળ છે, એટલે પોતાની કંઈ પણ સેવા કરાવી દાન આપનારા છે.

અહો ! આ કેવો ભયંકર કલિકાલ છે, કે જેમાં રાજાઓ, પ્રજાજનો, બ્રાહ્મણો અને સંતસાધુઓ પોત-પોતાનો ખરો ધર્મ શો છે ? તે પ્રમાણે વર્તતા નથી અને જ્યાં જ્યાં દૃષ્ટી કરીએ ત્યાં ત્યાં કેવલ મતભેદ, કુસંપ, દંભ, કપટ અને બીજાનું કોઇ પણ પ્રકારે પડાવી લેવું, એવા પ્રકારની દુરાસાજ જોવામાં આવે છે. આવા ઘોર કલિકાલમાં રામનામ સિવાય જપ, તપ, યોગ, યજ્ઞ વગેરે

સાધનો સાધવાં ઘણાં કઠિન છે, જેથી શ્રીરામાયણમાં પણ કહ્યું છે કે:—

"કલિયુગ યોગ યજ્ઞ નહીં જ્ઞાના, એક આધાર રામગુણ ગાના;
સો ભવ તરૂ કછુ સંશય નાહીં, નામ પ્રતાપ પ્રગટ કલિમાંહીં."

કલિયુગમાં યોગ, યજ્ઞ કે જ્ઞાન સાધી શકાય, એમ નથી, એકજ શ્રીરામના ગુણો ગાવા, એજ આધાર છે. જો પ્રભુના ગુણો ગાવામાં આવે, તો મનુષ્ય સંસારસમુદ્રને તરી શકે છે, તેમાં કંઈ પણ સંશય નથી, કારણ કે પ્રભુના નામનો મહિમા આ કલિકાલમાં પ્રકટજ છે, છતાં પણ પ્રભુમાં તેમજ પ્રભુના નામમાં આપણને વિશ્વાસ કયાં છે? કારણ કે આપણા હિંદુઓના દેવોની ૩૩ કરોડની સંખ્યા હોવા છતાં પણ આપણે તેમને છોડી પીર વગેરે બીજાના દેવોને માનીએ છીએ, અને તેઓ પર માન્યતાઓ કરીએ છીએ, એ કેટલી આપણા કમનશીબની વાત છે! માટે હે શિષ્ય! તેમ ન કરતાં આપણે આપણા દેવોનેજ માનવા, અને શ્રીરામ, કૃષ્ણ કે શિવ એવા જુદા જુદા નામે ઓળખાતા પ્રભુ એકજ છે, એમ જાણી દૃઢ વિશ્વાસ રાખી આ સંસારસમુદ્રથી પાર થવાને માટે કોઇ પણ પ્રભુના, એક નામનું અવશ્ય સ્મરણ કરવું.

સર્વે ધર્મો સાચા છે

શિષ્ય:—ગુરુદેવ! આ સંસારમાં આજ કાલ અનેક ધર્મો ચાલી રહ્યા છે, તેમાંથી કયો ધર્મ સાચો માનવો?

ગુરુઃ—હે શિષ્ય! બધા ધર્મો સાચા છે, કારણ કે દેશ, કાલ અને અધિકારના ભેદને લઈ એકજ પ્રભુની પ્રાપ્તિને માટે જુદા જુદા બધા ધર્મો બતાવવામાં આવ્યા છે, જેથી એકજ ઇશ્વરની પ્રાપ્તિ બધા ધર્મોનું ખરૂં ધ્યેય છે. આમ હોવાથી જેમ સર્વે નદીઓ જુદા જુદા અનેક માર્ગોદ્વારા એકજ મહાસાગરને મળે છે, તેમ સર્વે મનુષ્યો જુદા જુદા અનેક ધર્મોદ્વારા એકજ ઇશ્વરને પ્રાપ્ત થાય છે. જુદા જુદા ધર્મો પ્રમાણે કલ્પાયલાં ઇશ્વરનાં નામો અનેક છે, પણ વસ્તુતઃ ઇશ્વર એકજ છે. જેમ આપણે જલને પાણી કહીએ છીએ, નાનાં બાળકો ભૂ કહે છે, અંગ્રેજો વૉટર કહે છે અને મુસલમાનો આબ કહે છે. વળી બાળક જલનું એક પ્રકારનું સ્વરૂપ સમજે છે અને રસાયનશાસ્ત્રી તેનું બીજા પ્રકારનું સ્વરૂપ સમજે છે. જેમ ભાષાના ભેદથી તેમજ અવસ્થાના ભેદથી જલના નામમાં તેમજ તેના સ્વરૂપની સમજમાં ભેદ હોય છે, પણ તે જલ વસ્તુમાં ભેદ નથી, તેમ એકજ ઇશ્વરનાં પરમેશ્વર, ગૉડ અને અલ્લાહ ઇત્યાદિ જુદાં જુદાં નામો જુદા જુદા દેશના મનુષ્યોએ પોતપોતાની ભાષામાં કલ્પ્યાં છે, પરંતુ કેટલાએક અજ્ઞાની મનુષ્યો પોતાના પરંપરાથી પ્રાપ્ત ધર્મનું ખરૂં રહસ્ય જાણ્યા વિના માત્ર ઉપરના સ્થૂલ સ્વરૂપને ઉપલક દૃષ્ટીએ જાણી લઇ પરસ્પર વિવાદ કરે છે, તેમાં તેમનોજ દોષ છે. જેમ એક માતપિતાનાં અણુસમજુ છોકરાં પોતાનાં માતપિતા એકજ છે, એ વાતને ન જાણી પરસ્પર ગાળો દે છે, પણ સમજતાં નથી કે એ ગાળો અન્યને નહીં,

પણ પોતાનાં માતપિતાનેજ લાગે છે. તેમ સર્વે ધર્મોવડે મનાયલા ઈશ્વર એકજ હોવાથી એક ધર્મવાળા બીજા ધર્મના ઈશ્વરની નિંદા કરે તો તે પોતાના ઇશ્વરનીજ નિંદા કરે છે, અને જો બીજાના ધર્મને ખોટો કહે છે. તો તે પોતાનાજ ધર્મને ખોટો કહે છે, કારણ કે સર્વે ધર્મોથી એકજ ઇશ્વરની પ્રાપ્તિ થાય છે, જેથી સર્વે ધર્મો સાચા છે. આમ હોવાથી સર્વ કોઇ મનુષ્યે વૃથા વાદવિવાદ ન કરતાં પોતપોતાના ધર્મમાં તત્પર રહીને એકજ ઇશ્વરની પ્રાપ્તિ કરી લેવી, અને પોતાના સનાતન ધર્મમાં તત્પર રહેતાં ગમે તેવાં કષ્ટો આવે, તો પણ તે સહન કરી લેવાં, કારણ કે શ્રીગીતાજીમાં પણ કહ્યું છે કેઃ—"**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः।**" (પોતાના ધર્મમાં જો મરણ થાય તો પણ તે શ્રેષ્ઠ છે, કેમકે તેમ થવાથી ઉચ્ચગતિની કિંવા ઈશ્વરની પ્રાપ્તિ થાય છે, અને પરધર્મ ગમે તેવો શ્રેષ્ઠ હોય, તો પણ તે ભયંકર છે, કારણ કે તેનાથી અંતે અધોગતિ થાય છે.) માટે હે શિષ્ય! દરેકને માટે પોતપોતાનો ધર્મ સાચો છે. એમ જાણી સર્વ કોઇએ પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તીને એકજ ઇશ્વરને પ્રાપ્ત કરી લેવા જોઇએ.

इति शिवम् .

ઇતિ શ્રીઇશ્વર-વિહારીવિલાસ
ભાગ પહેલો સમાપ્ત.



श्रीश्रीसीताराम

THE GITA PRESS GORAKHPUR.

No. 1007.

realpatidar.com

सन्मार्गदर्शक

श्रीईश्वर-विहारीविलास

ભાગ બીજો

લેખક:— પૂ. પ્ર. મહારાજ શ્રીઓધવરામજી

Author = Sant Odhavram-ji

44

બીજા ભાગની પ્રસ્તાવના

આજે કચ્છ દેશમાં તેમજ કચ્છ દેશની બહાર સરલ સ્વભાવવાળા કડવા પાટીદાર ભાઈઓ મોટી સંખ્યામાં છે, અને જેમનો મૂળથી શુદ્ધ સનાતન ધર્મ છે, કારણ કે જેઓ પૂર્વથીજ ક્ષત્રિયો છે, છતાં પણ તેઓ આજે વિધર્મીઓના સંગથી 'મુમના' એ નામે ઓળખાય છે અને સૈયદો તેમજ કાકાઓના સંગથી પીરાણા પંથના અનુયાયી બની તેમનો બતાવેલ ધર્મ પાળે છે, જેથી તેમના કેટલાએક રીત રીવાજો તેમજ આચરણો પણ લગભગ મુસલમાન ભાઈઓનાં જેવાંજ છે. આ એક કડવા પાટીદાર ભાઈઓ પર મોટું કલંક હોવાથી તે કલંક અવશ્ય દૂર થવું જોઇએ. જો કે એ જ્ઞાતિમાં કેટલાએક સુધરેલા ભાઈઓ આજ કાલ જાગૃત થયા છે, જેથી પોતે સનાતન હિંદુ ધર્મને પાળે છે, અને પોતાના જ્ઞાતિબન્ધુઓને પણ તેજ ધર્મમાં લાવવાને માટે બનતા પ્રયાસો કરી રહ્યા છે, છતાં પણ એ જ્ઞાતિમાં જેવો જોઇએ તેવો સુધારો હજી સુધી પણ થયો નથી, કારણ કે જે ભાઈઓ પીરાણા પંથનેજ સુદૃઢપણે માની રહ્યા છે, તેઓને સુધરેલા ભાઇઓ પર દ્વેષ હોવાથી પોતે ઉલટા વધારેને વધારે પીરાણા પંથમાં ફસાતા જાય છે. એટલુંજ નહીં, પરંતુ સુધરેલા ભાઇઓને ગોળી પીવાનો ઘણો આગ્રહ કરે છે, અને જો સુધરેલા ભાઇઓ તેમ ન કરે તો તેમની સાથે સગપણસંબંધ તોડવાને માટે પણ તેઓ તૈયાર થાય છે, તેમજ દરેક રીતે વહેવારમાં અટકાવી તેઓને પોતાની સાથે ભેળવવા ચાહે છે,

મુમના નામે ઓળખાય છે.

onduct, ustoms and traditions are like that of uslims

છતાં પણ જે સુધરેલા ભાઈઓ કંઈક સમજણુવાળા છે, અને પોતાના નિશ્ચય પર મક્કમ છે, તેઓ તેમની સાથે કોઈ પણ રીતે ભળવા ઈચ્છતા નથી. આમ હોવાથી એ જ્ઞાતિમાં કુસંપ અને મતભેદ અત્યારે મોટા પ્રમાણમાં જોવામાં આવે છે, જેથી વચલી કોટીના જે ગરીબ ભાઈઓ છે, તેઓને ઘણી મુશ્કેલીઓ સહન કરવી પડે છે. ખરી રીતે જોતાં આમ થવાનું કારણુ માત્ર એકજ અજ્ઞાન છે. જો એ અજ્ઞાન દૂર થાય, તો કુસંપ કે મતભેદ જેવું કશુંજ રહે નહીં, કારણ કે સર્વ કોઇ પોતપોતાના ધર્મ પ્રમાણે જુદા જુદા નામે ઓળખાતા એકજ ઇશ્વરને માને છે. પછી તેને અલ્લા કહો અથવા ઈશ્વર કહો. આમ હોવાથી આપણે પણ આપણા શુદ્ધ સનાતન હિંદુધર્મ પ્રમાણે શ્રીરામ, શ્રીકૃષ્ણ કે શ્રીલક્ષ્મીનારાયણ એવા જુદા જુદા નામે ઓળખાતા એકજ ઈશ્વરને માનવા જોઈએ, પરંતુ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી ધર્મનું ખરૂં રહસ્ય શું છે? તે સમજાતું નથી, જેથી તે અજ્ઞાનને દૂર કરવા તેમજ ધર્મના ખરા રહસ્યને સમજવા ઉત્તમમાર્ગદર્શક એવા કોઈ પણ એક પુસ્તકની ખાસ જરૂર છે, અને કેટલાએક કડવા પાટીદાર ભાઈઓને પણ એ જરૂરીઆત સમજવામાં આવતી હોવાથી તેઓના પૂર્ણ આગ્રહથી, તેમજ પૂજ્યપાદ મારા ગુરુમહારાજશ્રીનો પણ એવો શુદ્ધ સંકલ્પ હતો કેઃ—"જે જ્ઞાતિમાં મારો જન્મ થયો છે, તે જ્ઞાતિ શુદ્ધ સનાતન હિંદુધર્મ પાળનારી અવશ્ય થવી જોઇએ, અને તે માટે ઉત્તમમાર્ગદર્શક કોઈ પણ એક ગ્રંથ અવશ્ય તૈયાર થવો જોઇએ." તેવામાં

Imp

લાલરામ મહારાજનો સંકલ્પ

તેઓશ્રીનું શરીર શાંત થવાથી તે કાર્ય પૂરૂં થયું નહીં, જેથી તેઓશ્રીનો શુદ્ધ સંકલ્પ પાર પાડવા ખાસ કડવા પાટીદાર ભાઇઓને માટેજ આ "શ્રીઇશ્વર-વિહારીવિલાસ" પુસ્તકનો બીજો ભાગ બનાવવામાં આવ્યો છે. જેમાં કડવા પાટીદાર ભાઈઓ ક્ષત્રિયો કેવી રીતે છે? ચાર યુગની સમજણ શી છે? તેઓએ કેવા નિયમોનું પાલન કરવું? ધંધાદાર કડવા પાટીદાર ભાઈઓએ ધર્મ પ્રમાણે દિવસે કેવી રીતે વર્તવું? ષોડ પ્રકારના સંસ્કારનું રહસ્ય શું છે? બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર આદ્યશકિત અને જોતપાટની પૂજા કેવી રીતે કરવી? મૂર્તિપૂજા કરતી વખતે અનુક્રમે કયા શ્લોકો કે મંત્રો બોલવા? અને કડવા પાટીદાર ભાઇઓને કેવા ઉપદેશની જરૂર તથા જ્ઞાનની જરૂર છે? વગેરે પ્રશ્નોના ઘણા સારા ખુલાસા કરવામાં આવ્યા છે; એટલુંજ નહીં, પરંતુ જેમાં અજ્ઞાન દૂર થાય અને ધર્મનું ખરૂં રહસ્ય સમજાય એવાં "બોધામૃત" વગેરે ઘણાં સારાં પ્રકરણો આપવામાં આવ્યાં છે.

આશા છે કે સનાતનધર્મપ્રેમી મારા કડવા પાટીદાર ભાઇઓ આ પુસ્તકને વાંચી, વિચારી તેમજ સમજી તે પ્રમાણે જરૂર વર્તશે અને મારા પરિશ્રમને અવશ્ય સફળ કરશે. इति शिवम्।

22-Nov-1942

શ્રીઇશ્વર–આશ્રમ, ઇશ્વરનગર (કચ્છ) સં. ૧૯૯૯, દેવદીવાળી.	લે. યોજનાર.

यत्कृपातो मनो मग्नं, मे ब्रह्मानंदसागरे ।
तमहं श्रीगुरुं वन्दे, लालरामं मुहुर्मुहुः ॥



પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીલાલરામજી.

પ્રાકટ્ય—સંવત્ ૧૯૧૩ વૈશાખ સુદ ૨

સ્વરૂપાવસ્થાન—સંવત્ ૧૯૭૧ મહા વદ ૨

Birth : 26-Apr-1857

Death: 02-Feb-1915

realpatidar.com

પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીલાલ-રામજીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

પૂજ્યપાદ મહારાજ શ્રીલાલરામજીનો જન્મ કચ્છ નખત્રાણા તાલુકે આવેલા દેશલપુર ગામે કડવા પાટીદાર જ્ઞાતિના સંતસેવક ભકત ગોપાલજીના સ્વધર્મપરાયણ ધર્મ-પત્ની માનબાઇ (માતુશ્રીના) ઉદરથી સંવત્ ૧૯૧૩ માં વૈશાખ સુદ ૨ ને દિવસે થયો હતો. તેમનાં માતપિતાએ નામ પાડવાના સમયે જ્યોતિર્વિદ્ બ્રાહ્મણદ્વારા જેમનું " લાલજી " એવું નામ પાડયું હતું. તેઓશ્રી નાનપણથીજ ઘણા વિચક્ષણ અને બુદ્ધિશાળી હતા. જ્યારથી તેઓશ્રી યોગ્ય અવસ્થાના થયા ત્યારથી પોતાના પિતાની સાથે રહી ખેતીનું કામકાજ કરતા, અને સંતસાધુઓ તેમજ પ્રભુમાં ઘણો પ્રેમ રાખતા. તેમને ત્યાં અવારનવાર સંતસાધુઓ આવતા તેમજ ઉતરતા અને સત્સંગનો ઘણો આનંદ થતો. જ્યારે સંતસાધુઓ તેમને ત્યાં પધારતા ત્યારે તેમની સેવામાં તેઓશ્રી ઘણા તત્પર રહેતા. તેમનાં માતપિતા પ્રથમથીજ સનાતનધર્મને પાળતાં, પણ પીરાણા પંથને માનતાંજ નહીં, તેમજ સૈયદો અને કાકાઓનો સંગ કે વિશ્વાસ બીલકુલ કરતાં નહીં.

DOB: 26-Apr-1857

એક વખત વિચરતા વિચરતા પૂજ્યપાદ મહારાજ શ્રીઇશ્વરરામજી દેશલપુર ગામે પધાર્યા, અને તેમને ત્યાં

ઉતર્યા. કેટલોક સમય ત્યાં રહી તેમણે સત્સંગીઓને સત્સંગનો ઘણો સારો લાભ આપ્યો. પછી મહારાજશ્રી જ્યારે ત્યાંથી વિદાય થયા ત્યારે પોતાનાં માતપિતાની પાસેથી વિનયપૂર્વક આજ્ઞા મેળવી તેઓશ્રી પણ તેમની સાથે વિદાય થયા. પછી જેમની તીવ્ર જિજ્ઞાસાને જોઇ પૂજ્યપાદ મહારાજશ્રીએ તેમને તુરતજ ગુરુદીક્ષા આપી, અને તેમનું "લાલદાસજી" એવું નામ નિયત કર્યું. ત્યાર પછી તેઓશ્રી ગુરુદેવની પાસેથી વેદાંતશાસ્ત્રનો અભ્યાસ કરતા અને તનમનથી અનન્યભાવે તેમની સેવામાં તત્પર રહેતા. મહારાજ શ્રીલાલરામજીની ધારણા શકિત ઘણી સારી હોવાથી પૂજ્યપાદ મહારાજશ્રી પણ તેમના પર ઘણા પ્રસન્ન રહેતા, અને તેઓશ્રી પણ જેમ શ્રીગુરુદેવને સંતોષ થાય તેમજ વર્તતા. મહારાજ શ્રીલાલરામજી શ્રીગુરુદેવના સાચા અનન્ય ભકત હતા; એટલુંજ નહીં, પરંતુ તેઓશ્રી સ્વભાવના ઘણા શાંત, વ્યવહાર કુશળ, સર્વ પ્રકારે પુરુષાર્થી તેમજ પોતાના ગુરુ ભાઇઓમાં પૂર્ણ પ્રેમ રાખનાર હતા. પૂજ્યપાદ મહારાજશ્રી જ્યાં જ્યાં પધારતા ત્યાં ત્યાં કથા કરતી વખતે મહારાજ શ્રીલાલરામજી શાસ્ત્ર વાંચતા અને મહારાજ શ્રીઈશ્વરરામજી અર્થપ્રવચન કરતા, કારણ કે તેઓશ્રીનું શાસ્ત્ર વાંચન પણ ઘણુંજ સારૂં હતું. શ્રીગુરુદેવની હૈયાતીમાં તેમજ હૈયાતી પછી આશ્રમના વ્યવહારને પોતેજ ચલાવતા.

પૂજ્યપાદ મહારાજ શ્રીઈશ્વરરામજીના વિદેહકૈવલ્ય થયા પછી ત્રીજે મહિને તેઓશ્રીએ ગુરુભાઇઓની સાથે મળી

તેમનો ઘણો સારો મોટો એક મહોત્સવ કર્યો. તે વખતે પૂજ્યપાદ મહારાજશ્રીના બધા શિષ્યોમાં અનન્ય ગુરુભક્ત વેદાંતપારંગત બ્રહ્મવેત્તા મહારાજ શ્રીલાલરામજી ગાદીને લાયક હોવા છતાં પણ ગુરુભાઇઓના કેટલાએક મતભેદને લઇ તેઓશ્રીને ગાદી ન સોંપાતાં મહારાજ શ્રીઇશ્વરરામજીની છબીનેજ પછેડી ઓઢાડવામાં આવી, છતાં પણ ગુરુભાઇઓની સંમતિથી આશ્રમના વ્યવહારને તો તેઓશ્રીજ ચલાવતા હતા.

ત્યાર પછી સાધુ પ્રિયદાસજી તથા મૂલદાસજીની ઇચ્છાનુસાર ગામમાં રહેલો આશ્રમ તેમને સોંપીને મહારાજ શ્રીલાલરામજી પોતાના લીલારામજી, બાપુરામજી, દયારામજી, રામદાસજી, નારાયણદાસજી, પ્રેમદાસજી, પૂર્ણદાસજી વગેરે ગુરુ ભાઇઓ સહિત પોતે "ઇશ્વરસાગર" સરોવરની સમીપે વસવા લાગ્યા. કેટલાક સમય પછી તેઓશ્રીએ મહારાજ શ્રીઇશ્વરરામજીની સમાધિ પર તેમનું એક શિખરબંધ ભવ્યમંદિર બંધાવી, સામે શ્રીશંકરનું પણ એક શિખરબંધ ભવ્યમંદિર બંધાવી તેમજ બીજાં પણ કેટલાએક મકાનો બંધાવી શ્રીગુરુદેવના બીજા એક નૂતન ભવ્ય આશ્રમની ત્યાં સ્થાપના કરી. જેમાં આવતા જતા અતિથિઓને આદર સહિત ઘણો સારો સત્કાર મળવા લાગ્યો, અને પોતે પણ ગુરુભાઇઓની સાથે મળી શ્રીગુરુદેવનું સ્મરણ તેમજ ખૂબ ઇશ્વર ભજન કરવા લાગ્યા.

લાલરામજી મહારાજે આશ્રમ સ્થાપ્યો

ત્યાર પછી સંવત ૧૯૭૧ માં સાધુ લીલારામજી તથા બાપુરામજીનો મહારાજ શ્રીલાલરામજીએ એક સારો

Around 1914-1915

ઉત્સવ કર્યો, જેમાં અમારા સંપ્રદાયના અધિપતિ બાવા શ્રીપૂર્ણરામજીએ સંતસાધુઓ તેમજ સેવકોની સંમતિથી મહારાજ શ્રીલાલરામજીને મહારાજ શ્રીઇશ્વરરામજીની ગાદી સોંપી મહંતપદે નિયુક્ત કર્યા. મહંતપદ સ્વીકારવામાં તેઓશ્રી રાજી ન હતા, છતાં પણ સેવકોના આગ્રહથી શુભ પ્રવૃત્તિ ચાલુ રહે અને સંપ્રદાયની પરંપરાનો નાશ ન થાય તે માટે તેમ કરવું પડયું.

મહારાજ શ્રીલાલરામજી સમર્થ શ્રીગુરુદેવના પૂર્ણ કૃપાપાત્ર હતા, કારણ કે જેમની અનન્યભાવયુક્ત સેવાથી પ્રસન્ન થયેલા સાક્ષાત્ શ્રીઇશ્વરાવતાર શ્રીગુરુદેવે તેમને પ્રથમથીજ એવું વચન આપ્યું હતું કે:—"તમારે આશ્રમના ખરચાને માટે ચિંતા રાખી બહાર વિચરવું નહીં, પણ ખૂબ ઇશ્વરનું ભજન કરવું, કારણ કે તમે જે ખરચો કરશો, તે તમને અહીંજ મળી જશે." આમ હોવાથી તેઓશ્રી બીલકુલ બહાર વિચરતા નહીં, અને જે બને તે શ્રીગુરુદેવના ભજનમાંજ તલ્લીન રહેતા. ઘણી વાર એવું બનતું કે તેઓશ્રી જ્યાં બેઠા હોય ત્યાંથીજ પાંચસેં, હજાર કે વધારે, જોઇતી કોરીઓની પૂરતી કરી આપતા. આ ઉપરથી જોનારાઓને ઘણું આશ્ચર્ય થતું, એ તેઓશ્રીના સહવાસીઓને કયાં અજાણ્યું છે! અર્થાત્ સર્વ કોઇને સુપ્રસિદ્ધ છે.

વેદાંતશાસ્ત્રનો વિચાર જેમનું સહજ કર્તવ્ય છે, શ્રીગુરુદેવની રહસ્યરૂપ સમસ્યા જેમનું ધ્યાન છે અને

શ્રીગુરુદેવની શ્રદ્ધાપૂર્વક સેવા જેમનો મૂલમંત્ર છે. એવી રીતે પોતાના અવશેષ આયુષ્યને વ્યતીત કરતા અને અખંડાનંદને અનુભવતા તેઓશ્રી સંવત્ ૧૯૭૧ માં મહા વદ ૨ ને દિવસે પંચભૌતિક દેહનો પરિત્યાગ કરી વિદેહ કૈવલ્ય પામ્યા. એ પ્રમાણે પોતાની શુભ કીર્તિને અમર કરી શ્રીગુરુદેવની પાવન સેવાનો અમૂલ્ય બીજમંત્ર પોતાના શિષ્યોને શીખવી ગયા.

Death: 02-Feb-1915

અહા ! તે કડવા પાટીદાર જ્ઞાતિને ખરેખર ધન્યવાદ ઘટે છે, કારણ કે જે જ્ઞાતિમાં આવા પ્રતાપી મહાપુરુષ મારા શ્રીગુરુદેવ થઇ ગયા છે. इति शिवम्

શ્રી ઇશ્વર–આશ્રમ,
ઇશ્વરનગર (કચ્છ)
સંવત્ ૧૯૯૯
દેવદીવાળી.

લે૦
યોજનાર.

॥ हरिः ॐ ॥

सन्मार्गदर्शक

श्रीईश्वर-विहारीविलास

ભાગ બીજો

卐卐

॥ श्री सद्गुरवे नमः ॥

શ્રી મંગલાચરણ

समस्तसंसारविहारहीनं
स्वानंदसिन्धौ च सदा निमग्नम् ।
शिष्यैः प्रशिष्यैः परिसेवितांघ्रि
नमामि तं श्रीगुरुमीश्वराख्यम् ॥ १ ॥

સંસારના સમસ્ત વિહારથી એટલે જન્મમરણુરૂપ સંસર્ગથી રહિત, નિજાનંદસમુદ્રમાં સદા નિમગ્ન અને શિષ્યોવડે તેમજ પ્રશિષ્યોવડે સારી રીતે જેમનાં ચરણ-કમલો સેવાયલાં છે, એવા સાક્ષાત્ શ્રીઇશ્વરાવતાર જે શ્રીગુરુ ઇશ્વરરામજી છે, તેમને હું નમસ્કાર કરૂં છું. ૧.

કડવા પાટીદાર જ્ઞાતિની ઉત્પત્તિ

પ્રથમ અજન્મા, અવિનાશી, સર્વ શક્તિમાન્ અને સ્વતંત્ર એવા શ્રીઆદિનારાયણ પોતે એકજ હતા. તેમને સંકલ્પ થયો કે:—“एकोऽहं बहु स्याम” (હું એક છું તે બહુરૂપે થાઉં) ત્યારે શ્રી નારાયણની નાભિમાંથી એક કમલ ઉત્પન્ન થયું, તે કમલમાંથી બ્રહ્માજી ઉત્પન્ન થયા, તેનાથી કશ્યપ ઋષિ થયા, તેનાથી અત્રિ ઋષિ થયા. અત્રિ ઋષિનો પુત્ર ચંદ્ર થયો, તેનો પુત્ર બુધ થયો, તેનો પુત્ર પુરૂરવા થયો, તેનો ત્રપુ નામે પુત્ર થયો, તેનો પુત્ર વામ નામે થયો, તેના પુત્રનું નામ કુશ હતું, અને તેના વંશમાં કર્મા રાજા થયા કે જે મહાન્ ભક્ત અને ઋષિ જેવા આચરણવાળા હતા, તેના વંશમાં જે થયા તે કર્મીઓ કહેવાયા. ઘણો વખત વ્યતીત થવાથી શબ્દ અપભ્રંશ થઇ જવાથી કર્મીઓને બદલે કણબીઓ કહેવાયા. કર્મીઓ એટલે કણબીઓ પોતે ક્ષત્રિય છે કે જેઓ પાટીદાર એ નામથી પ્રસિદ્ધ છે, અને એ નામ ક્ષત્રિય જાતિનું સૂચક છે. ઘણા વખતને લીધે પોતાની જમીનના અભાવે બીજા ધંધામાં લાગી ગયા. અને આજીવિકા માટે બીજા પ્રાંતોમાં ગયા, જેથી ભિન્ન ભિન્ન નામે ઓળખાયા, પણ તેઓ ક્ષત્રિયજ છે. જેવી રીતે ભટ્ટીના ભાટીઆ, લવના લોહાણા અને ભાનુ નામ સૂર્ય તેના વંશના હોય તે ભાનુશાળી કહેવાય છે. તેવીજ રીતે પાટીદારો પણ

જાણવા. એ વિષેનો વધારે ખુલાસો જાણવો હોય તો તે 'પીરાણા સતપંથ પોલ' એ પુસ્તકમાંથી જાણી લેવું.

હવે એક બીજી વાત એ કે આવા શુદ્ધ હિંદુ ક્ષત્રિયો પાટીદારો 'મુમના' કેમ કહેવાયા? તો તેમાં માત્ર એટલુંજ જાણવાનું છે કે પીર ઇમામશાની કોઇ પણ સિદ્ધિને લીધે તેમને ગુરુ માન્યા, અને તેમનાં બનાવેલાં શાસ્ત્રમાં તેઓએ શ્રદ્ધા રાખી. પછી પીર ઇમામશાના અનુયાયીઓએ એ કોમને ધીરે ધીરે હિંદુધર્મમિશ્રિત વચનો શીખાવી મુસલમાન ધર્મોનાં વચનો પર શ્રદ્ધા બંધાવી અને કેટલાક નિયમો, નામો અને કર્મો મુસલમાનના રિવાજ પ્રમાણે કરાવ્યાં, અને તેઓને સાધુઓ તેમજ બ્રાહ્મણોનો સંગ બંધ કરાવ્યો, તેમજ જનોઈ, શીખા અને કંઠી વગેરે જે હિંદુઓનાં ચિન્હો હતાં, તે દૂર કરાવી પોતાના હિત માટે સાચી હિંદુ જ્ઞાતિને 'મુમના' એવા નામથી પ્રસિદ્ધ કરી દીધી, અને મંદિરને ઠેકાણે 'ખાનું' એવું નામ નાખ્યું. એવી રીતે તે જ્ઞાતિની બધી ક્રિયાઓ બદલાવી નાંખી. એ પણ જો વિસ્તારથી જોવું હોય તો તે પણ 'પીરાણા સતપંથ પોલ' પુસ્તકમાંથી જોઇ લેવું. તે પુસ્તકમાં સૈયદો ક્યાંથી આવ્યા? તેમની ઉત્પત્તિ કેમ થઈ, અને તેઓએ આવા શુદ્ધ હિંદુઓને કેમ ભોળવ્યા વગેરે વિસ્તારથી છે. અહીં તો માત્ર સંક્ષેપમાં બતાવ્યું છે. વળી હજી પણ એ પાટીદાર જ્ઞાતિમાં તેજ, રૂપ, શરીરનો ઢંગ, બળ, પુરુષાર્થ તથા શરીરની ચામડીનો રંગ ઉત્તમ જ્ઞાતિનાં જેવાંજ છે. એ જ્ઞાતિમાં દાનપણું, શૂરવીરપણું, દયા,

ધર્મમાં દ્રઢતા તથા ખાનપાનની શુદ્ધિ ઘણી સારી છે. તેઓનો પહેરવેશ પણ ઘણોજ સાદો છે. એ રીતે પણ એ જ્ઞાતિ ઘણી સારી છે, છતાં પણ તે આજે પોતાનો શુદ્ધ સનાતન ધર્મ છોડવાથીજ જ્યાં ત્યાં નિંદાને પાત્ર થઇ રહી છે, માટે એ કલંકને દૂર કરવા પોતાનો શુદ્ધ સનાતન હિંદુ ધર્મ પાળવો જોઈએ.

ચાર યુગની સમજણ

પ્રથમ નિરંજન, નિરાકાર, અજન્મા, અવિનાશી, અક્રિય, અચિંત્ય, પૂર્ણ અને અનંત એવા સચ્ચિદાનંદ બ્રહ્મ એકજ પરમાત્મા હતા. તે વેળા સ્થૂલ પાંચ મહાભૂતો અને સ્થૂલ ભૌતિક સૃષ્ટિ, દેવતાઓ કે દાનવો, સૂર્ય કે ચંદ્ર, અંધકાર કે પ્રકાશ, શબ્દ કે વાણી વગેરે સ્થૂલ સૃષ્ટિ જેવું કંઇ પણ ન હતું અને માયા પણ અવ્યક્ત એટલે અદૃશ્ય રૂપે હતી. જ્યારે પરમાત્માએ પોતાની માયાશક્તિનો આશ્રય લઇ એવો સંકલ્પ કર્યો કેઃ—"एकोऽहं बहु स्याम" (હું એક છું તે અનેક રૂપે થાઉં.) ત્યારે શબ્દ ૐકાર ઉત્પન્ન થયો, અને ૐકારથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ ત્રણ દેવો પ્રકટ થયા. સ્થૂલ સૃષ્ટિની ઉત્પત્તિ કરવી તે બ્રહ્માજીનું કામ છે, સૃષ્ટિનું પાલન કરવું તે શ્રીવિષ્ણુનું કામ છે અને સૃષ્ટિનો સંહાર કરવો તે શ્રીમહેશ્વરનું કામ છે. પછી બ્રહ્માણી, શ્રીલક્ષ્મીજી અને રૂદ્રાણી એ ત્રણ શકિતઓ પ્રકટ થઇ.

પછી બ્રહ્મપુરી, વૈકુંઠપુરી, અને કૈલાસપુરી એ ત્રણે ઉત્પન્ન થઇ અને તે ત્રણ પુરીઓમાં ત્રણે દેવોએ વાસ કર્યો. પછી બીજા દેવોને ઉત્પન્ન કર્યા, તેઓનો વાસ સ્વર્ગમાં થયો. તે સ્થળનું નામ ઇન્દ્રપુરી પડયું. તે અમરપુરી પણ કહેવાય છે. પછી દાનવો થયા, તેઓનો વાસ પાતાળમાં થયો. એવી રીતે પ્રથમ સૃષ્ટિ દેવોની થઇ, બીજી સૃષ્ટિ ઋષિઓની થઇ, ત્રીજી સૃષ્ટિ મનુષ્યોની થઇ અને ચોથી સૃષ્ટિ પશુપક્ષીઓ વગેરેની થઇ. એવી રીતે અનેક જીવોનાં દેહો પેદા થયા, અને પ્રભુ પોતે તેમાં વ્યાપી રહ્યા. તે પછી બધાં માટે સાધનો ઉત્પન્ન કર્યાં. ચાર ખાણુ, ચાર વાણુ, ચાર વેદ, ચાર આશ્રમ, ચાર વર્ણ, યજ્ઞ, હોમ, જપ, તપ, યોગ, ધ્યાન, ઉપાસના, કર્મ, ચંદ્ર, સૂર્ય, રાતદિવસ, વાર, માસ, વર્ષ અને ઋતુઓ વગેરે ઉત્પન્ન કર્યાં. પછી નિત્યકલ્પ, નિમિત્તકલ્પ, દિનકલ્પ અને મહાકલ્પ, એ ચાર કલ્પ ઉત્પન્ન થયા. જેનાં નામ મુસલમાનોએ જાયલા, ફાયલા, અજા અને ખલીફા એવાં કલ્પ્યાં છે, તે નામ હિંદુઓ માટે નથી.

સત્યયુગમાં રાજા હરિશ્ચંદ્ર અને પ્રહલાદજી વગેરે ભકતો થયા, અને હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ વગેરે અસુરો થયા. તે અસુરોનો સંહાર કરવા પ્રભુના વરાહ અને નૃસિંહ વગેરે અવતારો થયા. ત્રેતાયુગમાં હનુમાનજી, વિભીષણ અને સુગ્રીવ વગેરે ભકતો થયા, અને રાવણ અને કુંભકરણ વગેરે અસુરો થયા. તે અસુરોનો સંહાર કરવા પ્રભુનો શ્રીરામાવતાર થયો. દ્વાપરયુગમાં પાંડવો વગેરે ભકતો થયા; અને શિશુપાલ

અને કંસ વગેરે અસુરી રાજાઓ થયા. તે અસુરી રાજાઓનો સંહાર કરવા પ્રભુના શ્રીકૃષ્ણ અને બળરામ એવા અવતારો થયા. કલિયુગમાં પ્રભુનો બુદ્ધાવતાર થયો; અને હવે અસુરી રાજાઓનો નાશ કરવા પ્રભુનો કલકી અવતાર થશે. એવી રીતે ચાર યુગનો ક્રમ જાણવો.

પીર ઈમામશાએ પોતાના પુસ્તકમાં જે વર્ણન કરેલું છે. એ વિષે વધારે જાણવું હોય તો તે "પીરાણા સતપંથ પોલ" પુસ્તકમાંથી જાણી લેવું. સૃષ્ટિની ઉત્પત્તિનો વધારે ખુલાસો જાણવો હોય તો તે વેદ, ઉપનિષદો, પુરાણો અને મહાભારતમાંથી ઘણો સારો મળી આવશે, અહીં તો માત્ર સંક્ષેપમાં સારભાગજ બતાવવામાં આવ્યો છે.

કડવા પાટીદાર ભાઇઓને પાળવા યોગ્ય નિયમો

(૧) કડવા પાટીદાર ભાઈઓએ 'અમે મુમના છીએ' એવો શબ્દ ભૂલે ચૂકે પણ પોતાના મોઢાથી બોલવો નહીં, અને જે મુમનાપણાનું અભિમાન રાખે તેની સાથે વ્યવહાર પણ રાખવો નહીં.

એટલે સતપંથી હોવાનું અભિમાન રાખે તેની સાથે વ્યવહાર રાખવો નહિ.

(૨) આપણા ધર્મશાસ્ત્રમાં દેવસ્થાનને મંદિર અથવા દેવાલય એવું નામ કહેવામાં આવે છે, જેથી તેને 'ખાનુ' એવું નામ ભૂલે ચૂકે પણ કહેવું નહીં.

શુક્રવાર નો ઉપવાસ રાખવો નહીં

(૩) કોઇ પણ હિંદુજ્ઞાતિમાં શુક્રવાર પાળવામાં આવતો નથી, માટે શુક્રવાર મુસલમાનના ધર્મનો દિવસ હોવાથી ભૂલે ચૂકે પણ શુક્રવારી બીજ પાળવી નહીં, પણ એકાદશી અને સોમવાર વગેરે હિંદુ તહેવારો પાળવા.

(૪) મંદિરમાં બ્રહ્માજીનું તથા જોતનું જે સ્થળ છે ત્યાં મુસલમાનના પીરનાં જેવાં જે ચિન્હો છે, તે ન હોવાં જોઇએ. ભલે લાકડાનું સિંહાસન હોય, પણ તે મંદિરના આકારે હોવું જોઇએ. જોતપાટ કે બ્રહ્માજીની છબી અથવા જેના પર શ્રદ્ધા હોય એવી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, રામ, કૃષ્ણ, હનુમાન, ગણપતિ, સૂર્ય કે દેવી વગેરેની ગમે તે મૂર્તિ એ મંદિરમાં પધરાવી શકાય છે, કારણ કે એ હિંદુઓના દેવો છે. તેની સાથે ગુરુની છબી પણ રહી શકે છે.

લોબાનનો ધૂપ કરવો નહિ

(૫) મંદિરમાં સેવા કરતી વખતે જે લોબાનનો ધૂપ કરવામાં આવે છે, તે ન કરતાં હિંદુધર્મ પ્રમાણે અગરની છાલનો, ઘીનો કે ચંદન વગેરેનો ધૂપ કરવો જોઇએ.

(૬) સેવા કરનાર મુખી અથવા પોતાની જ્ઞાતિનો જે માણસ હોય, તેણે સવારે તેમજ સાંજે ઠંડા કે ગરમ પાણીથી ન્હાઇ, ધોઇ પવિત્ર વસ્ત્ર પહેરી મંદિરમાં જઇ પ્રભુની સેવા કરવી; સેવા કરનાર બ્રાહ્મણ હોય તો તેણે પણ તેમ કરવું, પણ જાતે સેવા કરવાથી પ્રભુ ઘણા રાજી થાય છે.

(૭) સેવા કરનારે સેવા કરતી વખતે " ૐ નમો ભગવતે વાસુદેવાય " એ મંત્રનો ઉચ્ચાર કરવો; અને

દર્શનાર્થે આવનાર ભાઈઓએ તથા બ્હેનોએ હાથ જોડી દેવની સન્મુખ ઉભા રહેવું, અને શંખ, મૃદંગ, નગારૂં, કરતાલ, ઝાઝ તેમજ આરતિ વગેરે વગાડવાં. સેવા થઇ રહ્યા પછી સેવા કરનારે બધાને જલના છાંટા નાંખવા. પછી બધાએ મળીને પ્રભુની સ્તુતિ કરવી. ત્યાર પછી ચરણામૃત લઇ પરિક્રમા કરી પોતાને ઘેર જવું.

(૮) સવારમાં કેવલ જે નગારૂં વગાડવામાં આવે છે, તેની સાથે આરતિ પણ વગાડવી. એ હિંદુધર્મની રીત છે. દેવને પ્રસાદ રાંધેલો અથવા સૂકો ધરાવવો, પણ ધરાવતી વખતે કેલમા પઢવી નહીં, પણ થાળ બોલવો. એ હિંદુ-ધર્મની રીત છે. બોલવાના થાળ આ પુસ્તકમાં આપ્યા છે તે શીખી લેવા.

(૯) હિંદુધર્મ પ્રમાણે પાટીદાર ભાઈઓએ ચોરી બાંધી પરણવું, પણ દુવા નાંખી પરણવું નહીં. ચોરી બાંધવી એ હિંદુ રીવાજ છે. પરણાવતી વખતે જો બ્રાહ્મણ હોય તો વધારે સારૂં, જો બ્રાહ્મણ ન મળી શકે તો હિંદુધર્મને પાળનાર મુખી વિવાહવિધિના મંત્રોને શીખી વિવાહ કરાવી શકે છે, પણ એ ધ્યાનમાં રાખવું કે ધર્મશીલ બ્રાહ્મણો ચારે વર્ણના ગુરુ હોવાથી તેઓના હિસ્સાની સવા કોરી, સવાપાંચ કોરી કે તેથી વધારે તેઓને આપી દેવી. બ્રાહ્મણ પાસે લગ્ન પૂછાવી લગ્ન પોતાની ઇચ્છા પ્રમાણે કોઇ કરે તો તેમાં જ્ઞાતિએ અટકાવ કરવો નહીં.

(૧૦) હિંદુધર્મના રીવાજ પ્રમાણે મંદિરમાં ગંગાજલ વાપરવું, કારણ કે ગંગાજલ પવિત્ર છે. જો ગંગાજલ ન હોય કે ન મળીં શકે તો પ્રભુનું ચરણોદક વાપરવું. કારણ કે એ પણ ગંગાજલ છે, પંણ ગોળી પીવી તે હિંદુઓને માટે નિષેધ છે.

aaval

(૧૧) હિંદુધર્મ પ્રમાણે હિંદુઓના ધર્મગુરુ હિંદુજાતિનાંજ થઈ શકે છે.

(૧૨) જેમાં માત્ર કલ્પિતધર્મો બતાવવામાં આવ્યો હોય, એવાં પુસ્તકો કેટલાએક ભાઈઓ વાંચે છે, અને તેમાં અંધશ્રદ્ધા રાખે છે. માટે હિંદુધર્મ પાળનાર કડવા પાટીદાર ભાઇઓએ તે પુસ્તકો કદી પણ ન વાંચતાં હિંદુધર્મનાં પુસ્તકો વાંચવાં.

(૧૩) હિંદુધર્મ પ્રમાણે મુડદાને અગ્નિદાહ કરવો, પણ તેને જમીનમાં દાટવું નહીં. મુડદાને જમીનમાં દાટી ઉપર કબર કરી અને લોબાનનો ધૂપ કરી રાંધેલો પ્રસાદ ધરાવવો, એ મુસલમાની રીવાજ છે, માટે તેમ કરવું નહીં. જો અગ્નિદાહ કરવાને માટે કોઈ પણ સાધન ન મળે, તો મુડદાને જમીનમાં દાટવું, પણ ઉપર કબર કરવી નહીં; અને જો ઉપર કંઇ કરવું હોય તો ચોરસ ઓટો કરવો.

(૧૪) હિંદુધર્મ પ્રમાણે બ્હેનોએ ચાર દિવસ ઋતુધર્મ અવશ્ય પાળવો; તે વખતે રાંધવું કે પીવાનું પાણી ભરવું નહીં, બાકી ઘરનું કામકાજ તેમજ ખેતીનું કામકાજ બધું થઈ શકે છે; ચોથે દિવસે ન્હાઇધોઇ રાંધવું તેમજ

પીવાનું પાણી ભરવું, પણ પ્રભુનાં દર્શન કરવા મંદિરે પાંચમે દિવસે જવું. ઋતુધર્મ ન પાળવાથી ચંડાલણી કે ભંગીઆણીનો અવતાર આવે છે, અથવા બીજી કોઈ નીચ યોનિ પ્રાપ્ત થાય છે; અને ઋતુધર્મ પાળવાથી ઉત્તમ-ગતિ મળે છે.

(૧૫) વેદોક્ત હિંદુધર્મ પ્રમાણે કડવા પાટીદાર ભાઇઓએ યથાશક્તિ દક્ષિણા આપી કોઇ બ્રાહ્મણ પાસેથી જનોઈ જરૂર ધારણ કરવું જોઇએ. જ્યારે જનોઈ તૂટી જાય ત્યારે આ પુસ્તકમાં બતાવ્યા પ્રમાણે તે ધારણ કરી લેવું. કોઇ દિવસે નવાય અથવા ન નવાય તો પણ તેમાં કંઈ દોષ જેવું નથી. જનોઈ તુટતી વખતે તે પાસે ન હોય, તો વસ્ત્ર વીંટી દેવું, પાણીનાં ત્રણ ખભા પર લીટાં કરી દેવાં અથવા તે ઠેકાણે રજનાં ત્રણ લીટાં કરી દેવાં, અને પછી મળે ત્યારે તે ધારણ કરી લેવું. શરીર બરાબર હોય તો દરરોજ ન્હાવું, સંધ્યા કરવી અને ભગવત્ પૂજા કરવી. શિખા, જનોઇ, કંઠી અને તિલક તે અવશ્ય ધારણ કરવાં, કારણ કે એ આપણા હિંદુ ધર્મનાં ખરાં ચિન્હો છે. જેમ કંઠનું ભૂષણ કંઠી છે, તેમ કપાળનું ભૂષણ તિલક છે.

(૧૬) કડવા પાટીદાર જ્ઞાતિમાં એવો રીવાજ છે કે ભાઇઓ તથા બ્હેનો એક બીજામાં હાથો મિલાવી રામ રામ કરે છે, તે આપણા હિંદુ રીવાજ પ્રમાણે બરાબર નથી, જેથી ભાઇઓ તથા બ્હેનોએ દૂરથી હાથ જોડી એક બીજાને રામ રામ કરવા. ભાઈઓ ભાઇઓને તથા બ્હેનો બ્હેનોને એક

બીજામાં હાથ મિલાવી રામ રામ કરે તેમાં હરકત નથી, સંતસાધુઓને પણ બ્હેનોએ દૂરથી નમસ્કાર કરવા.

(૧૭) કેટલાએક હિંદુ કડવા પાટીદાર ભાઈઓ પીરાણામાં જે જમાત નામથી પ્રસિદ્ધ છે, તેનેજ તીર્થ માની ત્યાં જઈને જે વિધર્મીઓને દાન આપે છે, તે હિંદુ ધર્મ પ્રમાણે બરાબર નથી, કારણ કે નારાયણ સરોવર, દ્વારકા, ગોકુલ, મથુરા, કાશી, જગન્નાથ અને રામેશ્વર વગેરે જે સ્થળો છે, તેજ હિંદુઓનાં ખરાં તીર્થ છે, માટે ત્યાં જઇ પ્રભુનાં તેમજ સંતસાધુઓનાં દર્શન કરવાં, અને યથાશક્તિ દાન આપવું.

(૧૮) કડવા પાટીદાર હિંદુ ભાઈઓએ બીજાના દેવો પર માન્યતાઓ ન કરતાં હિંદુઓના દેવો પર માન્યતાઓ કરવી. ઇચ્છા હોય ત્યારે પોતાને ઘેર ઠાકોર થાળી કરી પ્રસાદ વ્હેંચવો; પ્રસાદ સાકર અને સીંગદાણા વગેરેનો થઇ શકે છે. શક્તિ હોય તો સત્યનારાયણની કથા વંચાવવી, નવ દિવસ સુધી શ્રી રામાયણની કથા વંચાવવી અથવા સાત દિવસ સુધી શ્રીમદ્ ભાગવતની કથા વંચાવવી. ગ્રહણના સમયે ગ્રહણ પાળવું, કારણ કે ન પાળવાથી દોષ લાગે છે. ઉત્સવ કે શુભ પ્રસંગે મહાત્માઓના આશ્રમે જવું.

(૧૯) જે પૂર્વે દશોંદ બાંધવામાં આવી છે, તે બરાબર છે. એ દશોંદનો ભાગ ખેડુતોએ તેમજ મજુરોએ બધાએ આપવો, અને તે રકમ મંદિરમાં રાખવી. દુષ્કાલ વખતે ગાયોને ચરો નાંખવામાં, ગામમાં કોઇ વિધવા અનાધાર બ્હેન

કે અનાધાર બાળક હોય તેને અન્નવસ્ત્ર આપવામાં, જ્યારે કોઇ સંતસાધુઓ પધારે ત્યારે તેઓને ટેલ કરી આપવામાં તેમજ કોઈ ધાર્મિક સ્થળે અનાજ મોકલવામાં તે રકમનો ઉપયોગ કરવો.

(૨૦) કડવા પાટીદાર હિંદુ ભાઈઓએ 'લિશાણી' એ નામને બદલે 'પ્રભુપ્રસાદ' કે 'ભાવભોજન' એ નામ નાખવું, અને દર વર્ષે એ ભોજન કરવું. તે વખતે રાસ-મંડળ કરવું, ભજનો ગાવાં, ઠાકોર થાળી કરવી, રાત્રે જાગવું, દિવસે પાંખી પાળવી, ગુલાલ ઉડાડી ઝાંઝ પખાવાજથી કીર્તનો કરવાં, બ્હેનોએ રાસડા લેવા તેમજ કથા વ્યાખ્યાનો કરવાં અથવા કરાવવાં. એ રીતે બધાએ મળી ખુબ આનંદ ઉત્સવ કરવો.

(૨૧) કડવા પાટીદાર ભાઇઓએ કન્યાવિક્રય કરવો નહીં, કારણ કે કન્યાવિક્રય કરવો એ મહાપાપ છે. શક્તિ ન હોય તો દીકરીને ઓછું આપવું, પણ તેના પૈસા તો નજ લેવા. પૈસા લઇ દીકરી જેવા તેવાને પરણાવી દેવાથી તેને સાસરે ઘણું દુ:ખ થાય છે અને તેનું પાપ તેના પૈસા લેનારને લાગે છે, માટે દીકરીનું નાણું લેવું નહીં, કારણ કે ઉતરતી કોમ–મેઘવાળો પણ દીકરીનો દાણો લેતા નથી.

(૨૨) કડવા પાટીદાર જ્ઞાતિ જાતે કામ કરી હકનો પૈસો કમાઇ ખાનાર છે, કોઇનો પણ કરજો રાખતી નથી, વ્હેવાર સારો જાળવે છે અને ધર્માદાનું ખાવું તેને પાપ માને છે, પણ કેટલાએક ભાઇઓ પીરાણાના નામથી પૈસા લઇ

જેઓ ઉપયોગ કરતા હોય તેમણે તેમ ન કરવું જોઇએ. કારણ કે ધર્માદાનો પૈસો અંતે સત્યાનાશ વાળે છે. ગૃહસ્થોએ કોઇપણ ધાર્મિક સ્થળે જવું, તો ત્યાં ખુશીથી ખાવું, પણ કેવળ ખાઇ રાજી થવું નહીં, કારણ કે ધર્માદાની રજ પણ ગૃહસ્થોને માટે સારી નથી, માટે ખાધાથી પણ ત્યાં વધારે આપી દેવું.

સંત પૂજ્ય ઓધવરામ મહારાજ કહી ગયા છે કે સતપંથીઓ સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ રાખવો નહીં.

(૨૩) કડવા પાટીદાર ભાઇઓએ ઉપર કહેલા નિયમો પ્રમાણે વર્તવું. જેઓ ઉપર કહેલા નિયમો પ્રમાણે વર્તે નહીં, અને દુરાગ્રહથી એ પંથનેજ વળગી રહે, તેઓની સાથે સનાતન ધર્મ પ્રમાણે વર્તનાર સુધારક ભાઇઓએ કોઇપણ પ્રકારનો સંબંધ રાખવો નહીં, અને તેઓનો ત્યાગ કરવો, કારણ કે એમ કરવાથીજ કડવા પાટીદાર જ્ઞાતિનો ખરો ઉદ્ધાર છે.

કડવા પાટીદાર ભાઇઓને કરવા યોગ્ય દૈનિકક્રિયા

સનાતનધર્મપ્રેમી મારા કડવા પાટીદાર ભાઇઓએ વિચાર કરવો જોઇએ, કે ચોર્યાશી લાખ અવતારના જીવો આ સંસારમાં કેવલ પેટને માટેજ સવારથી સાંજ સુધી દોડયા કરે છે, અને જેઓને અહાર, નિદ્રા, ભય અને મૈથુન

માત્ર ચાર પ્રકારનુંજ જ્ઞાન છે. જો દેવદુર્લભ મનુષ્યદેહને પામી આપણુને પણુ માત્ર એટલુંજ જ્ઞાન હોય, તો પશુ-પક્ષીઓ અને આપણા વચ્ચે કંઇપણુ તફાવત નથી, માટે રત્નચિંતામણી મનુષ્યદેહને પામી આપણે પ્રભુ ભજનનો લાભ લઇ શકીએ તોજ આપણી વિશેષતા ગણાય, માટે મારા કડવા પાટીદાર ભાઈઓએ તેમજ બ્હેનોએ નીચે બતાવેલી દૈનિકક્રિયા પ્રમાણે અવશ્ય વર્તવું જોઈએ.

ધર્મશાસ્ત્ર પ્રમાણે બધાએ સવારે ચાર વાગે ઉઠવું જોઈએ. પથારી પરથી ઉઠતાંજ હાથ જોવાનો શ્લોક બોલી પોતાના હાથનાં દર્શન કરવાં. પછી પાંચ મિનિટ પ્રભુનું ધ્યાન કરી કે નામ લઇ પછી એક બે કે ચાર પ્રભાતિયાં બોલવાં. પછી શૌચ જઈ માટીથી ત્રણુ વાર હાથ ધોઈ દાતણુ કરવું. પછી ન્હાવાનો મંત્ર બોલી ઠંડા કે ગરમ પાણીથી ન્હાવું. પછી પવિત્ર વસ્ત્રો પહેરી પવિત્ર જગ્યાએ બેસી સંધ્યા અથવા ભાષા ગાયત્રી કરવી. જો અક્ષરો વાંચવાનું જ્ઞાન હોય તો બ્હેનોએ પણુ ન્હાઈ ધોઈ આ પુસ્તકમાં આપેલાં "શ્રીસદ્‌ગુરુનો સદુપદેશ," "ભવતાપ-નિવર્તક બોધામૃત" વગેરે પ્રકરણોનો પાઠ કરવો. પછી પોતપોતાના અધિકાર પ્રમાણે હરિહર, રામરામ કે નમસ્કાર કરી પ્રભુનાં દર્શન કરવા મંદિરે જવું. પછી પ્રભુનું ચરણા-મૃત લઇ પોતાને ઘેર આવી ચા કે કોફીને ન પીતાં રાબ, રોટલો કે છાશ જે પ્રભુ આપે તે સાદું ભોજન લઈને પોતાને ધંધે જવું. હકનો ધંધો કરવો, પણુ કુડ કમાવું

નહીં, કારણ કે કુડનો પૈસો અંતે ઘરમાં રહેતો નથી, અને ઉલટું પાપ લાગે છે. બપોરે જમ્યા પછી થોડો આરામ લઇ કીર્તનો કે ભજનો વગેરે જે યાદ કરવાનાં હોય તે યાદ કરવાં. ધંધો કરી સાંજે ઘેર આવી પ્રભુનાં દર્શન કરવા મંદિરે જરૂર જવું. પછી પ્રસાદ હોય તો પ્રસાદને લઇ અથવા ચરણામૃતને લઇ ઘેર આવી ભોજન લેવું. પછી ઘરના કામથી પરવારી રાત્રે ગામમાં કોઇ સ્થળે સત્સંગ થતો હોય, તો ત્યાં સાંભળવા જવું અને જો તે ન થતો હોય, તો પોતાને ઘેર પોતાના કુટુંબી જનોની સાથે બેસી શ્રીરામાયણ કે બીજાં ધર્મનાં પુસ્તકો અથવા આ પુસ્તકને વાંચી કે વંચાવી કથા સાંભળવી. પછી અનુકૂળતા પ્રમાણે નિયમસર સુઇ જવું. આ પ્રમાણે વર્તવાથી ધંધો કરવા છતાં પણ પ્રભુ ભજનને માટે ઘણો સમય મળી શકે છે અને મનુષ્યદેહ સફલ થાય છે.

હિંદુઓને માટે શાસ્ત્રમાં બતાવેલા ષોડ પ્રકારના સંસ્કાર

(૧) ગર્ભાધાન, (૨) પુંસવન, (૩) સીમંતોન્નય, (૪) જાતકર્મ, (૫) નામકર્ણ, (૬) અન્નપ્રાશન, (૭) ચૂડા-કર્મ, (૮) કર્ણવેધ, (૯) ઉપનયન, (૧૦) વેદારંભ, (૧૧) સમાવર્તન, (૧૨) વિવાહ, (૧૩) ગૃહસ્થાશ્રમ, (૧૪) વાન-

પ્રસ્થ, (૧૫) સંન્યાસ અને (૧૬) અંત્યેષ્ટિ. એ ષોડ પ્રકારના સંસ્કાર છે, તેમાં ગર્ભાધાનથી લઈ નામકર્ણ સુધીના પાંચ સંસ્કારો બ્રાહ્મણની મારફત અથવા સંબંધીઓની મારફત સમજી પોતે કરી લેવા. બાકીના સંસ્કારો નીચે પ્રમાણે જાણવાઃ—

(૬) **અન્નપ્રાશન સંસ્કાર**:—છઠ્ઠે મહિને બાળકને ન્હવરાવી સારાં વસ્ત્રો પહેરાવવાં, યથાશક્તિ હોમ કરાવવો, શક્તિ હોય તો સત્યનારાયણની કથા વંચાવવી અને સાધુ-બ્રાહ્મણોને તેડાવવા. પછી દૂધપાક વગેરે રસોઇ તૈયાર કરાવી ભગવાનને ભોગ ધરાવી તે પ્રસાદ બ્રાહ્મણ કે મહાત્માના હાથે બાળકના મ્હોમાં અપાવવો. પછી યથાશક્તિ દાન આપવું અને ભજન કીર્તનો કરાવી આનંદ કરવો.

સુરધને જવાનું નથી કહ્યું.

(૭) **ચુડાકર્મ સંસ્કાર**:—બાર મહિને કે ત્રીજે વર્ષે યથાશક્તિ હોમ કરાવી અથવા પ્રભુ મંદિરે જઇ ત્યાં બાળકના ઝંડા એટલે બાલ ઉતરાવવા. પછી તેને ગરમ પાણીથી ન્હવરાવી, નવાં વસ્ત્રો પહેરાવી, મંદિરમાં પ્રભુનાં દર્શન કરાવી અને પ્રભુનું ચરણામૃત લઈ તેને પીવરાવવું તેમજ થોડું તેના માથા પર છાંટવું. પછી ધૂપદાનીમાંથી થોડી ખાક લઇ તે બાળકના મસ્તક પર લગાડવી તેમજ ગુલાલનો સાથીઓ કરવો. પછી મહાત્માનો કે બ્રાહ્મણનો હાથ તેના મસ્તક પર રખાવવો. પછી યથાશક્તિ સાધુ-બ્રાહ્મણોને વસ્ત્રો અને દક્ષિણાઓ આપવી. પછી વાણંદને

દ્રવ્ય તેમજ વસ્ત્ર આપી રાજી કરવો. પછી બધાએ જમી-જુઠી આનંદ કરવો.

(૮) **કર્ણવેધ સંસ્કાર**:—પોતાના કુટુંબના વૃદ્ધ ડોશી, બ્હેન, ફૂઇ કે બ્રાહ્મણ જે દિવસે શુકન કરી આપે, તે દિવસે બાળકના કાન વીંધાવવા અને મીઠા ચોખા રાંધી બધાએ જમવું. રાત્રે પ્રભુની ઠાકરથાળી કરી આનંદ કરવો.

(૯) **ઉપનયન સંસ્કાર**:—જન્મથી બ્રાહ્મણે આઠ વર્ષે, ક્ષત્રિયે અગીઆર વર્ષે અને વૈશ્યે બાર વર્ષે જનોઇ ધારણ કરવું જોઈએ. જો વિદ્યાભ્યાસ વહેલો કરાવવો હોય, તો પાંચમે, છઠ્ઠે કે આઠમે વર્ષે પણ પુત્રને જનોઇ ધારણ કરાવી શકાય છે. જનોઇ ધારણ નહીં કરનારને વેદ ભણવાનો તેમજ સત્કર્મ કરવાનો અધિકાર નથી, અને તે શૂદ્ર ગણાય છે, જેથી ઉપર કહ્યા પ્રમાણે જ્યારે ઇચ્છા હોય ત્યારે સુમુહૂર્તે સ્નાન કરાવી, દેહશુદ્ધિ કરાવી તેમજ યથાશકિત હોમહવન કરાવી, બ્રાહ્મણને દક્ષિણા આપી તેની પાસેથી પોતાને ઘરે, સંતોના આશ્રમે કે પ્રભુ મંદિરે પોતાના પુત્રને જનોઇ ધારણ કરાવવું. શકિત હોય તો સગાં, સંબંધીઓ તેમજ સંતસાધુઓને બોલાવી જે બને તે ખરચો કરી વિવાહની પેઠે ખૂબ આનંદ કરવો.

(૧૦) **વેદારંભ સંસ્કાર**:—જનોઇ ધારણ કરાવ્યા પછી પોતાના પુત્રને વેદવિદ્યા તેમજ વ્યાવહારીક વિદ્યા શીખાડવાને માટે ગુરુકુલમાં જરૂર દાખલ કરવો. જો તેમ

ન બની શકે, તો તેને કોઇ પણ શાળામાં દાખલ કરવો, પણ તેને અભણ રાખવો નહીં.

(૧૧) **સમાવર્તન સંસ્કાર**:—વિદ્યા ભણી રહ્યા પછી ગુરુને યથાશકિત દક્ષિણા આપી તેમજ પોતાના બ્રહ્મચારી ભાઈઓને મળી બ્રહ્મચારીએ પોતાને ઘેર આવવું, માતપિતાને નમસ્કાર કરવા અને સંબંધીઓને મળવું. પછી પોતાના કામકાજમાં જોડાવું.

(૧૨) **વિવાહ સંસ્કાર**:—પ્રથમ માતપિતાએ વર કરતાં પાંચ વર્ષ નાની, સારા ગુણોવાળી તેમજ સારા કુળવાળી એવી વરને યોગ્ય કોઇ સારી કન્યાને જોઈ તેની સાથે પોતાના પુત્રનો સંબંધ જોડવા નક્કી કરવું; કન્યા પક્ષવાળાએ પણ તેમજ કરવું. તેમાં પણ વર અને કન્યા બંનેની પસંદગી હોવી જોઇએ. પછી કોઇ સારા બ્રાહ્મણ પાસેથી જોવરાવી શુભ લગ્નનો દિવસ નક્કી કરી તેમજ વિવાહની બધી સામગ્રી ભેળી કરી સગાં, સંબંધીઓ, સ્નેહીજનો તેમજ પોતાના પુત્રના ગુરુજનોને આદર સહિત આમંત્રણ આપવું. પછી પોતાની જ્ઞાતિના રીવાજ પ્રમાણે સારા મુહૂર્તે માંડવો રોપવો, અને વિવાહની બધી ક્રિયા કોઈ સારા બ્રાહ્મણની મારફત કરાવવી. જો બ્રાહ્મણ ન મળે, તો કોઇ ભણેલો પોતાનો જ્ઞાતિબન્ધુ અથવા જે મુખી હોય તે ‘ સંસ્કારવિધિ’ નામના પુસ્તકમાંથી વિવાહવિધિના વેદમંત્રોને યાદ કરી હિંદુરીવાજ પ્રમાણે ચોરી બાંધીને વિવાહની બધી ક્રિયા કરાવી શકે છે, પણ તે વખતે કલમા પઢવી નહીં, ખાનામાં જઈ

ગોળી પીવી નહીં તેમજ દુવા નાંખવી નહીં, કારણ કે તેમ કરવું એ મુસલમાની રીવાજ છે; જો જરૂર જણાય તો વરના ગુરુજનો પણ લગ્નની ક્રિયા કરાવી શકે છે. વિવાહપ્રસંગે દેવાલેવામાં કે જમણવારમાં પોતાની શક્તિનો વિચાર કરી તે પ્રમાણે ખરચો કરવો, પણ દેખાદેખી કરવી નહીં. એ પ્રમાણે વેદોક્ત વિધિથી વિવાહ કરવો.

સુરધને જવાનું નથી કહ્યું.

(૧૩) **ગૃહસ્થાશ્રમ સંસ્કારઃ**—વિવાહ થયા પછી ઇષ્ટદેવની પાસે અથવા પોતાની કુળદેવીના સ્થાનકે વર-કન્યાની છેડાછેડી છોડવી. ત્યારપછી પતિ અને પત્નીએ ગૃહસ્થાશ્રમના ધર્મ પ્રમાણે વર્તવું, પુત્રે પોતાનાં માત-પિતાને સાક્ષાત્ દેવ માની તેમની ખૂબ સેવા કરવી અને પોતાને જે અનુકૂળ હોય તે હુન્નરનો ધંધો કરવો. પત્નીએ પણ પોતાના પતિને સાક્ષાત્ ઈશ્વર સમજી તેમજ પોતાના સાસુ સસરાને સાક્ષાત્ દેવ માની જે બને તે ખૂબ સેવા કરવી, ઘરનું કામકાજ કરવું, સૌની સાથે પ્રેમ રાખવો, સવારે ઉઠી પ્રથમ પતિને નમસ્કાર કરવા તેમજ પોતાના સંતાનોમાં સારા સંસ્કાર નાંખવા. યથાશક્તિ અતિથિ સત્કાર કરવો, ગાયોની સેવા કરવી, પક્ષીઓને ચણ નાંખવું, કુતરાઓને રોટલો નાંખવો, શ્રાદ્ધના સમયે શ્રાદ્ધ કરવું અને ખાવું, પીવું, પહેરવું વગેરે વહેવાર સાદો રાખવો. એ ગૃહસ્થાશ્રમનો મુખ્ય ધર્મ છે.

(૧૪) **વાનપ્રસ્થ સંસ્કારઃ**—પચાસમેં વર્ષે અથવા મન ઉપરામ થાય ત્યારે પતિ અને પત્નીએ વાનપ્રસ્થના

ધર્મ પ્રમાણે વર્તવું, એટલે ગૃહસ્થાશ્રમની પ્રવૃત્તિનો ત્યાગ કરી પોતાને ઘરે, સંતોના આશ્રમે અથવા કોઇ તીર્થસ્થળે નિવૃત્તિપરાયણ રહી કેવલ ઇશ્વર ભજન કરવું. જો પુત્ર હોય, તેમજ તે લાયક હોય, તો તેને યોગ્યતા પૂર્વક વ્યવહાર સોંપવો; જો પુત્ર ન હોય તો નિવૃત્તિપરાયણ રહી ઇશ્વર ભજન કરી શકાય એવી બીજી કોઇ પણ અનુકૂલ યોજના કરવી. જો પત્નીની તેમ કરવા ઇચ્છા ન હોય, તો તેણીએ પોતાના પુત્રની પાસે અથવા ઘરે રહેવું. હૃદયમાં કોઇ પણ આશા રાખવી નહીં સાત્વિક ભોજન લેવું, સાદાં વસ્ત્રો પહેરવાં, જિતેન્દ્રિય રહેવું, તીર્થો કરવાં, દેવદર્શન કરવાં, સત્સંગ કરવો, સંતસેવા કરવી અને અધિકાર પ્રમાણે ૐકાર કે પ્રભુના નામનો જપ કરવો.

(૧૫) **સંન્યાસ સંસ્કારઃ**—પંચોતેરમે વર્ષે અથવા જે દિવસે વૈરાગ્ય થાય, તેજ દિવસે સાધનસહિત સર્વકર્મનો ત્યાગ કરી કોઇ ગુરુની પાસેથી સંન્યાસને ગ્રહણ કરી જ્ઞાનનિષ્ઠ બની ઇચ્છાનુસાર વિચરવું અને સાથે કમંડલુ, ભગવાં વસ્ત્ર, પુસ્તક વગેરે પરિમિત સામગ્રી રાખવી. ધનની ઇચ્છા રાખવી નહીં, વાદવિવાદથી દૂર રહેવું, નિરંતર વેદાંતશાસ્ત્રનો વિચાર કરવો, આત્માનુસંધાનપરાયણ રહેવું, નીચે દૃષ્ટિ રાખી ચાલવું, પ્રારબ્ધાનુસાર જે મળે તે જમવું, વસ્ત્રથી ગાળીને પાણી પીવું, સ્ત્રીઓની વાતો તેમજ તેમનાં ગીતો સાંભળવાં નહીં, માન, અપમાન, સ્તુતિ તેમજ નિંદામાં સમાન રહેવું અને કોઇ પણ સ્થળે આસક્ત થવું નહીં.

(૧૬) અંત્યેષ્ટિકર્મ સંસ્કારઃ—શરીર છૂટવાના સમયે ગીતાજીનો પાઠ કરાવવો તેમજ પ્રભુ નામની ધૂન કરવી. પછી ગૌમુત્ર અને છાણથી જમીનને લીંપી મરનાર પ્રાણીને ત્યાં ભોંયપથારી દેવી. પછી ગંગાજલ અને તુલસીનું પત્ર હાથમાં લઈ જે દેવું હોય, તેનો સંકલ્પ કરી તે તેના મુખમાં દેવું. પછી તે મૃતક શરીરને શુદ્ધ જલથી સ્નાન કરાવી, સફેત નવાં વસ્ત્રો પહેરાવી, બીજું જનોઇ પહેરાવી, ગંગાજલ છાંટવું, તિલક કરવું અને કંઠી બાંધવી. પછી તેને નનામીમાં સુવરાવી ઘૃત, ચંદન તેમજ બ્રહ્મપીપળાનાં લાકડાં વગેરે સામગ્રી સાથે લઇ બધાએ પ્રભુના નામની ધૂન કરતાં કરતાં તેને ઉપાડી લઇ સ્મશાને જવું. ત્યાં ચિતા બનાવી તેને શુદ્ધ કરી તેમાં તે મૃતક પ્રાણીને સુવરાવી તેના જમણા પગના અંગૂઠામાં અગ્નિદાહ કરવો; પછી પ્રકટેલા અગ્નિમાં પ્રથમ ઘીની નવ આહુતિઓ આપવી, અને બાકીનું ઘી છેલ્લી વખતે ચિતામાં હોમી દેવું. અગ્નિદાહ થઇ રહ્યા પછી ન્હાઈ ધોઇ બધાએ ઘેર આવવું. પછી ત્રણ દિવસ સુધી વડનાં પાંદડાંનાં ત્રણ દડીઆ દૂધ અને પાણીથી ભરી તે ઓરડા ઉપર અથવા ચોવટે રાખવા. ત્રીજે દિવસે ચાર કાંધીઆએ સાથે પાણી ભરી લઇ બ્રાહ્મણ સહિત ત્યાં જવું, અને દહીં, દૂધ, મધ, તલ અને ગંગાજલ સહિત શુદ્ધ જલથી વાની ઠારવી. તે પર એક કોરો ઘડો રાખી તે પર એક કાચા લોટનો લાડુ રાખવો, પછી નાનાં અસ્થિઓને વીણી લઇ તે એક માટલીમાં કોઇ સ્થળે રાખી દેવાં, પછી દશમે દિવસે નદીએ અથવા અનુકૂલ વખતે કોઈ તીર્થસ્થળે તે

અગ્નિદાહ કરવાનું કહ્યું છે.

અસ્થિઓને પધરાવી દેવાં. દશમે દિવસે સૂતક ઉતારવું એટલે તે દિવસે ભદ્ર કરાવવું અને ન્હાઇ ધોઈ પવિત્ર થવું, પછી દસમાની, અગીઆરમાની, બારમાની અને તેરમાની મૃતકની પાછળ જે ક્રિયા જેમ થતી હોય, તેમ બ્રાહ્મણની મારફત બધી કરવી, અને પોતાની જ્ઞાતિના ગરીબ બાળકોને, અતીતોને, સાધુઓને તેમજ બ્રાહ્મણોને યથાશક્તિ જમાડવા. જો શક્તિ હોય અને મરનાર વૃદ્ધ હોય તો તેની પાછળ જ્ઞાતિભોજન કરવું, પણ કરજો કરી તે કરવું નહીં; કારણ કે જ્યારે શક્તિ થાય ત્યારે તે કરી શકાય છે. નાના મરણની પાછળ ધાર્મિક ક્રિયા બધી કરવી, પણ જ્ઞાતિભોજન કરવું નહીં. છ મહિને અથવા બાર મહિને મરનારની પાછળ શ્રીમદ્‌ભાગવતની કથા વંચાવવી, અને બ્રાહ્મણને યથાશક્તિ ગૌદાન, વસ્ત્રદાન તેમજ દ્રવ્યદાન આપવું. દરેક ભાદરવા માસમાં શ્રાદ્ધના સમયે મૃતકના મરણને દિવસે તેના પુત્રે અવશ્ય શ્રાદ્ધ કરવું. એ પ્રમાણે મૃતક ગૃહસ્થની ઉત્તર ક્રિયા કરવી. ઉપરોક્ત ષોડ પ્રકારના સંસ્કારનો વધારે ખુલાસો કોઇ ભાઈને જાણવા ઇચ્છા હોય તો તે 'સંસ્કારવિધિ' નામના પુસ્તકમાંથી જાણી લેવો.

મારા કડવા પાટીદાર ભાઇઓ સનાતનધર્મના ત્યાગથીજ આજે આપણી અધોગતિ થઇ રહી છે, માટે ઉપરોક્ત ષોડ પ્રકારના સંસ્કાર પ્રમાણે બધાએ વર્તવું જોઇએ, કારણ કે એથીજ ખરી રીતે પોતાની જ્ઞાતિનો ઉદ્ધાર છે.

મૂર્તિપૂજાની સમજાણ

સવારે સૂર્યોદય પહેલાં ઉઠી શૌચક્રિયા તથા દાતણ કરી સ્નાન કરવું. સ્નાન કર્યા બાદ શુદ્ધ વસ્ત્ર પહેરી સંધ્યા કરી મંદિરે જઇ કોઇ પણ જંતુ ન મરી જાય તેનો ખ્યાલ રાખી સાવરણીથી અંદર બહાર વાળી તેને સાફ કરવું. તે વખતે પ્રભુનામનો ઉચ્ચાર કરતાં રહેવું. પછી સેવાનાં પાત્રો રેતીથી સાફ કરવાં, પછી વસ્ત્રથી ગાળીને સેવાને માટે જલ ભરી લાવવું, પછી પાષાણ કે ગમે તે ધાતુની પ્રભુની મૂર્તિ હોય, તેને જલથી ન્હવરાવી વસ્ત્રથી સાફ કરવી. અને જો પ્રભુની છબી હોય તો તેને માત્ર વસ્ત્રથી સાફ કરવી. પછી મૂર્તિને વાગા અને આભૂષણો ધરાવી ચંદન ચઢાવવું, અને મળી શકે તો પુષ્પો અથવા પુષ્પનો હાર ધરાવવો. પછી અગરબત્તી પ્રકટાવવી. પછી દર્શને આવનાર ભાઈઓએ આરતિઓ, શંખ, નગારાં વગેરે જે હાજર હોય તે વગાડવાં, અને સેવા કરનારે સેવા કરવી. પ્રથમ અર્ધ્ય ઉતારી પછી સાફી બતાવી પ્રભુને ચમર ઢોળવો. ત્યાર પછી ડાબા હાથમાં ઘંટડી પકડી અંગૂઠો જેમ ઉંચો ન રહે તેમ જમણા હાથમાં ધૂપીઉં લઈને ઉતારવું. પછી પંચવટી ઉતારવી. પછી ફરી અર્ધ્ય આપી તેને ધૂપીઆં ઉપરથી ફેરવી પાસે ઉભેલા માણસો પર તે જલ છાંટવું. પછી સેવા કરનારે મંદિરની બહાર આવી બધાને ધૂપ આપી, ચરણામૃત આપવું. પછી બધાએ પ્રભુના સામે હાથ જોડી આ પુસ્તકમાં આપેલી સંસ્કૃત સ્તુતિ અથવા પ્રાર્થના કરવી. પછી દૂધ, પ્રસાદ કે

ભોગ જે તૈયાર હોય, તે પ્રભુને ધરાવી થાળ બોલવો. બોલવાના થાળ આ પુસ્તકમાં આપ્યા છે. પછી ત્યાં આવેલા ભાવિકજનોને તે પ્રસાદ વ્હેંચી દેવો. પ્રસાદ સાકર, દ્રાક્ષ, નાળીએર, સીંગદાણા કે પતાસાં વગેરેનો તેમ રાંધેલો પણ ધરાવી શકાય છે. સવારે મંગલા આરતિ અને સાંજે સંજા આરતિ એમ બે વખત પ્રભુની સેવા કરવી. ભણેલો તેમજ સનાતનધર્મમાં નિષ્ઠાવાળો કોઇ સુપાત્ર બ્રાહ્મણ મળે, તો તેની આજીવિકા ચાલે એવી યોજના કરી તેને રાખવો, તે બ્રાહ્મણ સાંજે અને સવારે મંદિરની સેવા કરે અને દિવસે છોકરાઓને ભણાવે. એમ કરવાથી બાળકોને અભ્યાસ કરવા સગવળ પણ થશે. આજે ઘણાં ગામોમાં એમજ કરવામાં આવે છે, તે સારૂં છે. બ્રાહ્મણ ન હોય તો કોઇ ભણેલો પોતાનો જ્ઞાતિ ભાઇ પણ સેવા કરી શકે છે, કારણ કે પ્રભુની સેવા કરવાનો બધાને અધિકાર છે. રાત્રે જમીજુઠી પરવારી મંદિરે કથા સાંભળવી, અને ભજનો ગાવાં કિંવા સાંભળવાં. પ્રભુની સેવા સદા ચાલુ રહે તે માટે બધા ભાઇઓએ હમેશાં ધર્માદાનો ભાગ કાઢતાં રહેવું. અને તે રકમનો મંદિરની સેવામાં, સાધનોમાં તેમજ ગરીબોને લોટ આપવામાં ઉપયોગ કરવો. એવી રીતે મંદિરની સેવા થવી જોઇએ, કારણ કે એમ કરવાથીજ કડવા પાટીદાર જ્ઞાતિનો ખરો ઉદ્ધાર છે.

48

॥ ॐ ॥

॥ मूर्तिपूजाविधिः ॥

નીચેનો મંત્ર બોલી કળશની પૂજા કરવી:—

गंगे च यमुने चैव, गोदावरि सरस्वति ।
नर्मदे सिन्धुकावेरि, जलेऽस्मिन्संनिधिं कुरु ॥१॥

પછી નીચેનો મંત્ર બોલી પૂજવા યોગ્ય દેવનું આવાહન કરવું:—

आगच्छ भगवन्देव, स्थाने चात्र स्थिरो भव ।
यावत्पूजां करिस्यामि, तावत्त्वं संनिधो भव ॥२॥

પછી નીચેનો મંત્ર બોલી દેવને આસન આપવું:—

रम्यं सुशोभनं दिव्यं, सर्वसौख्यकरं शुभम् ।
आसनं च मया दत्तं, गृहाण परमेश्वर ॥३॥

પછી નીચેનો મંત્ર બોલી પાદપ્રક્ષાલન માટે દેવને જલ અર્પણ કરવું:—

उष्णोदकं निर्मलं च, सर्वसौगन्ध्यसंयुतम् ।
पादप्रक्षालनार्थाय, दत्तं ते प्रतिगृह्यताम् ॥४॥

પછી નીચેનો મંત્ર બોલી અર્ઘ્યપ્રદાન કરવું, એટલે હાથ ધોઇ દેવને જલ અર્પણ કરવું:—

ताम्रपात्रे स्थितं तोयं, गन्धपुष्पफलान्वितम् ।
सहिरण्यं ददाम्यर्घ्यं, गृहाण परमेश्वर ॥५॥

પછી નીચેનો મંત્ર બોલી દેવને સ્નાન માટે પંચામૃત અર્પણ કરવું:—

पयो दधि घृतं चैव, मधु च शर्करायुतम् ।
पंचामृतं मयाऽऽनीतं, स्नानार्थं प्रतिगृह्यताम् ॥६॥

પછી નીચેનો મંત્ર બોલી દેવને જલથી સ્નાન કરાવવું:—

गंगासरस्वतीरेवापयोष्णीनर्मदाजलैः ।
स्नापितोऽसि मया देव, तथा शान्तिं कुरुष्वमे ॥७॥

પછી દેવને આસન પર બેસારી નીચેનો મંત્ર બોલી ચંદન ચઢાવવું:—

श्रीखंडं चंदनं दिव्यं, गन्धाढ्यं सुमनोहरम् ।
विलेपनं सुरश्रेष्ठ, चंदनं प्रतिगृह्यताम् ॥८॥

પછી નીચેનો મંત્ર બોલી દેવને અક્ષત એટલે ચોખા ચઢાવવા:—

अक्षताश्च सुरश्रेष्ठ कुंकुमाक्ताः सुशोभिताः ।
मया निवेदिता भक्त्या गृहाण परमेश्वर ॥९॥

પછી નીચેનો મંત્ર બોલી દેવને પુષ્પો ચઢાવવાં:—

माल्यादीनि सुगन्धीनि मालत्यादीनि वै प्रभो ।
मयाऽऽनीतानि पुष्पाणि गृहाण परमेश्वर ॥१०॥

પછી નીચેનો મંત્ર બોલી અબીલ ગુલાલ વગેરે માંગલિક પદાર્થો અર્પણ કરવાં:—

श्वेतचूर्णरक्तचूर्णहरिद्राकुंकुमान्वितैः ।
नानापरिमलद्रव्यैः प्रीयतां परमेश्वरः ॥११॥

પછી નીચેનો મંત્ર બોલી અગરબત્તી અથવા બીજો કોઇ સારો ધૂપ કરવો:—

वनस्पतिरसोद्भूतो गन्धाढ्यो गन्ध उत्तमः ।
आघ्रेयः सर्वदेवानां धूपोऽयं प्रतिगृह्यताम् ॥१२॥

પછી નીચેનો મંત્ર બોલી દેવની પાસે દીવો કરવો:—

आज्यं वर्तिसंयुक्तं वह्निनायोजितं मया ।
दीपं गृहाण देवेश त्रैलोक्यतिमिरापहम् ॥१३॥

પછી નીચેનો મંત્ર બોલી દેવને નૈવેદ્ય ધરાવવું:—

शर्कराखन्डखाद्यानि दधिक्षीरघृतानि च ।
अहारं भक्ष्यभोज्यं च नैवेद्यं प्रतिगृह्यताम् ॥१४॥

પછી નીચેનો મંત્ર બોલી દેવને મુખવાસ અર્પણ કરવો:-

पुगिफलं महद्दिव्यं नागवल्लीदलैर्युतम् ।
एलादिफलसंयुक्तं ताम्बुलं प्रतिगृह्यताम् ॥ १५ ॥

પછી નીચેના મંત્ર બોલી દેવની પાસે કંઈ પણ ફળ ધરવું:—

इदं फलं मया देव स्थापितं पुरतस्तव ।
तेन मे सफलावाप्तिर्भवेज्जन्मनि जन्मनि ॥१६॥

પછી નીચેના મંત્ર બોલી દેવની આગળ યથાશક્તિ દ્રવ્યની ભેટ ધરવી:—

हिरण्यगर्भं गर्भस्य हेमबीजं विभावसोः ।
अनंतपुण्यफलमतः शान्तिं प्रयच्छ मे प्रभो ॥ १७ ॥

પછી નીચેના મંત્ર બોલી દેવની આરતી ઉતારવી:—

कदलीगर्भसंभूतं कर्पूरं च प्रदीपितम् ।
आरार्तिक्यमहं कुर्वे पश्य मे वरदो भव ॥ १८ ॥

પછી નીચેના મંત્ર બોલી હાથમાં જલ લઇ આરતીને ચારે તરફ જલની ધારાવાડથી પ્રદક્ષિણા કરીને દેવને વંદના કરવી:—

यानि यानि च पापानि जन्मान्तरकृतानि च ।
तानि सर्वाणि नश्यंतु प्रदक्षिणा पदे पदे ॥ १९ ॥

પછી નીચેના મંત્ર બોલી અર્ધ્ય ઉતારી ચારે તરફ જલ છાંટવું:—

रक्ष रक्ष महादेव रक्ष त्रैलोक्यरक्षक ।
भक्तानामभयंकर्ता त्राता भवभवार्णवात् ॥ २० ॥

પછી નીચેનો મંત્ર બોલી ચરણામૃત લેવું:—

अकालमृत्युहरणं सर्वव्याधिविनाशनम् ।
विष्णोः पादोदकं पीत्वा पुनर्जन्म न विद्यते ॥ २१ ॥

પછી નીચેના એક બે કે ત્રણ શ્લોકો બોલી પ્રભુની સ્તુતિ કરવી:—

शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं
विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभांगम् ।
लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्ध्यानगम्यं
वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ॥ २२ ॥

नमस्त्वनंताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशिरोरुबाहवे ।
सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटियुगधारिणे नमः ।२३।
त्वमेव माता च पिता त्वमेव त्वमेव बन्धुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्वं मम देवदेव ॥२४॥

॥ इति मूर्तिपूजाविधिः ॥

શ્રીપ્રભુને ભોગ ધરાવી અર્ઘ્ય ઉતારી બોલવાનો થાળ

ચોપાઇ

ભક્તિભાવે ધરિયો થાળ, પ્રભુ પ્રેમથી કરો સ્વીકાર;
સીરો ગોળ લોટનો કીધો, ઘૃત નાંખી ધરી આગળ દીધો. ૧

દૂધપાક લાડુને ભજિયા, મોહન જમજો મૂકી કજિયા;
અનેક પાક બનાવ્યા સારા, માંહે નાંખી ઘૃતની ધારા. ૨

મિઠાં ભોજન કીધાં એવાં, લક્ષ્મી ખાસ બનાવે જેવાં;
ભાવે ભોજન કરજો વાલા, આશ પૂરજો દીનદયાલા. ૩

અમે સેવકો છીએ તમારા, આપ સ્વામી છો સદા અમારા;
શરણાગત સ્વામી સુખ દાતા, ભોજન પ્રેમે લ્યો જનત્રાતા. ૪

ભકત સુદામાને સુખ દીધાં, કંચન મોલ તેહના કીધા;
ભકત વિદુર ઘર ભાજી લીધી, પ્રેમ સગાઈ બતાવી દીધી. ૫

જુઠાં ફળ ભીલડીનાં જમિયા, ઋષિ મુનિપર નાવી ખમિયા;
કરમાબાઈની ખીચડી ખાધી, મીરાંની પરિહરિ ઉપાધી. ૬

પ્રેમે પય નામાનું પીધું, અભયદાન તેને પ્રભુ દીધું;
દીનદયાળ દયા કરી જમજો, ભૂલ હોય તો માફ઼ જ કરજો, ૭

ભૂધર ભાવતણા ભૂખ્યા છો, સંતોનાં દુઃખથી દુઃખિયા છો;
પત્ર પુષ્પ ફળ જલથી સ્વામી, તૃપ્તિ પામો અંતરયામી. ૮

ગંગાજલ જારી ભરી રાખી, જમજો પ્રભુ ઉડાડું માખી;
પાન એલચી અને સોપારી, કાથો ચુનો ને વરિયારી. ૯

તજ લવીંગ રાખ્યાં સંભારી, મુખમાં લેજો દેવ મુરારી;
દીનદયાળુ કબૂલ કરજો, સ્વાદે સ્વાદે મુખમાં ધરજો. ૧૦
ભાવભક્તિના ભૂખ્યા હરિ, ભૂલ ચૂક નવ માનો જરી;
ઓધવદાસ તમારો વાલા, શરણે રાખો શ્રી નંદલાલા. ૧૧

દુઃખસમયમાં પ્રભુ પાસે કરવાની પ્રાર્થના

ચોપાઇ

નાથ નિરંજન નિર્મળ દેવા, એક અનાદિ અનંત અભેવા;
સત ચિત્ આનંદ આપ અમાય, શુદ્ધ સનાતન સત્ય અકાય. ૧
અકલ અદ્રષ્ય અનામય સ્વામી, ઘટઘટ પૂરણ અંતરયામી;
રૂપરેખ નહિ નહિ કોઈ રંગ,બાળ વૃદ્ધ નહિ નહિ કોઈ સંગ. ૨
મતિની ગતિ જાય નહિ જ્યાંહી, અગમ અગોચર આપ ગુસાંઈ;
નેતિ નેતિ કહી વેદ બતાવે, શિવ સનકાદિક શિશ નમાવે. ૩
મુખ સહસ્રથી શેષ પોકારે, નૂતન નિશદિન નામ ઉચારે;
અનંત મહિમા નાથ અપાર, બુદ્ધિહીન તે ચાહે પાર. ૪
સુર સાધુ ધેનુ ધરણી હિત, ભૂમિ ઉપર પ્રગટો છો નિત;
બ્રહ્મા વિષ્ણુ મહેશ સ્વરૂપ, કર્તા ભર્તા હર્તા રૂપ. ૫
કચ્છ મચ્છ વારાહ નૃસિંહ, વામન પરશુરામ અનીહ;
રામકૃષ્ણ બુદ્ધ કલકિ અસંગી,ઋષભ વ્યાસ પૃથુ ને બહુરંગી. ૬
દત્ત નારદ સનકાદિક રૂપ, હરિહર હલધર હંસસ્વરૂપ;
મધુસૂદન સુખરૂપ મુરારિ, ત્રિભુવન નાથ સદા ત્રિપુરારિ. ૭

શિવ શંભુ શંકર સુખકર્તા, ગંગાધર ગૌરી દુઃખહર્તા;
ગોવર્ધન ધારી ગોપાલા, દીનબન્ધુ છો દીનદયાલા. ૮
અધમ ઉદ્ધારન પતિત પાવન, પ્રભુ પરમેશ્વર પાપ નશાવન;
દશરથ સુત કૌશલ્યા લાલા, ભરત શત્રુઘ્ન સુમિત્રા બાલા. ૯
વાસુદેવ દેવકીનંદન, યશોમતિના સુખ યદુનંદન;
નિજ ભકતોના સંકટહર્તા, વિશ્વંભર છો પાલનકર્તા. ૧૦
હરિશ્ચંદ્ર તારામતી રાણી, રોઈદાસની ભકિત જાણી;
સગાળશા ચંગાવતી રાણી, ચેલૈયાની વાત વખાણી. ૧૧
ભૂપ મોરધ્વજનું સત લીધું, અભયદાન તેને પ્રભુ દીધું;
અંબરીષના ભર્યા ભંડાર, પદ્માવતીના પ્રાણ આધાર. ૧૨
મીરાંનાં પ્રભુ કારજ સીધાં, ઝેર પિયાલા અમૃત કીધા;
મહેતાજીનો કર્યો ઉદ્ધાર, સંકટ ટાર્યું અપરમપાર. ૧૩
અવિચલ પદવી ધ્રુવને આપી, ભકિતની મર્યાદા સ્થાપી;
ભકત સુદામાને દઇ સાથ, કંચન મોલ કર્યા છે નાથ. ૧૪
વિદુર ભકતનું કીધું કામ, ભાજી લઇને દીધું ધામ;
દ્રૌપદીએ કર્યો પોકાર, દ્વારકાથી દોડયા કીર્તાર. ૧૫
નવસેં નવાણું ચીરો પુરી, કૌરવની કરી આશ અધુરી;
દુઃખી ગજેન્દ્રે કર્યો પોકાર, ગરૂડ મુકીને કર્યો ઉદ્ધાર. ૧૬
ઘણા ભકતની કરી સહાય, યુગ યુગમાં પ્રભુ ધરિને કાય;
કામ ક્રોધ મદ મત્સર હરો, હસ્તકમલ શિર ઉપર ધરો. ૧૭
ધર્મ કર્મને કાંઇ ન જાણું, અંતર એક ભરોસો આણું;
કાલો ઘેલા હું કિરતાર, દાસ આપનો છું સરકાર. ૧૮

માત પિતાને બાળક વાલું, તેમ માનશો દીનદયાલુ;
આશા તૃષ્ણા પામે નાશ, પ્રભુ આપનો કરશો દાસ. ૧૯
નાસ્તિક ભાવ ન આવે પાસે, મલિનતા અંતરની નાસે;
જન્મ જન્મમાં ભક્તિ તમારી, દેજો મુજને નાથ સંભારી. ૨૦

દીનદયાલુ દીનાનાથ, ઘટ ઘટ વ્યાપક ઝાલો હાથ;
વિનયવંત નિર્માન વિવેકી, શમ દમ સાધનમાં નિત ટેકી. ૨૧
તેવા ભક્તોને પ્રભુ તારો, તે માટે અવતારજ ધારો;
ધરા ધામ ધન સુખના ભોગી, વિષયવાસનાથી જે રોગી. ૨૨
કુડા કપટી નિંદક ક્રોધી, વૈષ્ણવ જનના સદા વિરોધી;
એવા દુર્જન યાદ ન આવે, સદા આપને ભક્તો ભાવે. ૨૩

બિરદ તમારા પર બલિહારી, વાર વાર ભક્તો જાય વારી;
અધમ ઉદ્ધારન પતિત પાવન, દીનદયાળુ શોક નસાવન. ૨૪
ભક્તાધિન ભગવાન મુરારી, એમ કહે છે શાસ્ત્ર ઉચ્ચારી;
શરણાગત પ્રભુ શરણે રાખો, આપે ભક્ત ઉગાર્યા લાખો. ૨૫
કર્મ કર્યા ટાંણે નવ જોયું, માયામાં મન મારૂં મોહ્યું;
આપ તણો રાખ્યો નહિ શંક, ખોટું બોલ્યો થઇ નિશંક. ૨૬
ખોટી સાક્ષીઓ મેં ભરી, ગીતા પુસ્તક હાથે ધરી;
ધર્મતણા સોગંદો ખાઇ, મુખથી કીધી રામદુહાઇ. ૨૭
કુડ કપટ ને માન બડાઇ, લાલચ લોભ અને ચતુરાઈ;
નાત જાતની કરી પટલાઇ, સ્વારથ સાધ્યો કરી ન ભલાઇ. ૨૮
પંચોના પ્રભુ પૈસા લઈ, ઘર કુટુંબમાં ખર્ચ્યા જઈ;
લક્ષ્મીને પામી થઈ શેઠ, અધર્મ કીધો બાંધી ભેઠ. ૨૯

કર્યાં ગરીબોનાં અપમાન, માયા મદથી ભૂલ્યો ભાન;
સાધુસંતને દેખી કરી, મારા મનમાં આગજ બરી. ૩૦
ધર્માર્થે નવ ખરચ્યું મેં ધન, ભૂખ્યાને નવ દીધું મેં અન્ન;
તીર્થવૃતો નવ કીધા નિયમો, મનમાં રાખ્યા વૃથા વ્હેમો. ૩૧
સાધુ સંત ને માતપિતાની, સેવા કરી ન સુખદાતાની;
મનમાં મેં અભિમાનજ રાખ્યું; ફળ તેનું મેં ચોકસ ચાખ્યું. ૩૨
ઠગબાજી કરી લીધું મેં ધન, આપ વિષે નવ રાખ્યું મેં મન;
લુંટ ચોરીનો ધંધો કીધો, વ્યાજ વટાનો પૈસો લીધો. ૩૩
અમલદારને લાંચો આપી, પાડોશીની પાડો કાપી;
પરનિંદાઓ કીધી છે ઘણી, માફ્જ કરો પોતાનો ગણી. ૩૪
પ્રાત:સમયમાં ઉઠી કરી, હાંસી ઠઠ્ઠા કરી મશ્કરી;
જીભે નવ લીધું હરિનામ, વૃથા બકયો હું આઠોયામ. ૩૫
ધર્મપત્નીનો કીધો ત્યાગ, બીજી સાથે બાંધ્યો રાગ;
મિથ્યા સુખમાં આનંદ માની, સાચા સુખની કીધી હાની. ૩૬
અસત્ય ભાષણ મુખથી કીધું, બળી બળીને દાનજ દીધું;
અંધ અનાથોને નવ દીધું, મેંજ એકલે ખાધું પીધું. ૩૭
વેદ શાસ્ત્રને જાણ્યાં જુઠાં, બીજાનેજ ભણાવ્યાં ઉંઠાં;
મિથ્યા ડોળ કર્યો મેં ભારી, પ્રભુ આપની બીક વિસારી. ૩૮
મારાથી બહુ જીવો મર્યા, કર્મતણા કોઠારજ ભર્યા;
હિંસા કીધી અપરમપાર, એ ગણુતાં નહિં આવે પાર. ૩૯
સમર્થ સ્વામી આપ દયાળુ. ઉગારો પ્રભુ પરમકૃપાળુ;
મારા અવગુણનો નહિં પાર, આપ પ્રભુ છો ગુણ ભંડાર. ૪૦

જોશો બિરદ સંભાળી આપ, પ્રભુ કરો હવે મુજને માફ;
માતપિતા બન્ધુ છો મારા, અંતર્યામી ક્યાં છો ન્યારા. ૪૧
આપ વિના મારૂં નહિં કોઈ, ત્રણે ભુવનમાં લીધું જોઈ;
અંત સમયના થાજો બેલી, હવે ન મુજને દેશો ઠેલી. ૪૨
છોગાળા છે વાતજ છેલી, વહાર લેજો વિઠ્ઠલ વહેલી;
અનાથની અરજી સ્વીકારો, જન્મ જન્મના પાપો બાળો. ૪૩
કાલો ઘેલો છતાં તમારો, હવે મને ભવજળથી તારો;
દાસ તણી એવી છે અરજી, આપો ભક્તિ એ છે મરજી. ૪૪
આપ અમારા સદાય સ્વામી, બીજે ક્યાં જાવું બહુનામી;
એમ કહે ઓધવ શિરનામી, સદા ચરણમાં રાખો સ્વામી. ૪૫

દોહરો

સંકટ વખતે જે કરે, આનો મુખે ઉચ્ચાર,
તેના દુઃખ સઘળાં મટે, રીઝે સર્જનહાર. ૪૬

પાટીદાર ભાઇઓને સવારમાં કરવાની ભાષાગાયત્રી

ચોપાઇ

નેતિ નેતિ કહી વેદ પુકારે, પરિપૂર્ણ સચરાચર સારે;
અવિનાશી સતવસ્તુ બતાવે, ગીતા પણ જેના ગુણ ગાવે. ૧
ત્રણે કાલમાં નાશ ન જેનો, સચરાચરમાં નિવાસ તેનો;
પ્રભુ વ્યાપક છે બહાર અંતર, માયાતીત મતિથી છે પર. ૨
અંતે આ છે વિશ્વ વિનાશી, માટે સમરો શ્રીઅવિનાશી;
બ્રહ્માદિક નારદ મુનિ યોગી, બ્રહ્માનંદ સુખના જે ભોગી. ૩
સોહં સોહં સદા ઉચ્ચારે, પરમેશ્વમાં વૃત્તિ ધારે;
વેદોની જે સમજે સમસા, શાંતિ પામે તેની મનસા. ૪

તે પણ નિત ગાયત્રી કરે, જન્મ મરણ જેનાથી ટરે;
કલ્પવૃક્ષ ગાયત્રી માનો, પ્રભુ મળવાનો મારગ જાણો. ૫
ભેદભાવનો કરીને ત્યાગ, ગાયત્રીમાં કરવો રાગ;
મૂલમંત્રનું રહસ્ય જેહ, ભાષા વિશે કહ્યું છે તેહ. ૬
સંસ્કૃત અથવા ભાષા વાણી, જન્મ મરણની કરશે હાણી;
શ્રદ્ધાળુજન સમાન જાણે, વાદ વિવાદ નહી નવ આણે. ૭
આ ગાયત્રી કરે સુજાણ, સદૈવ તેનું છે કલ્યાણ;
આદિ ઈશ્વર એકજ હતા, જોગી જતિ ન પામે પતા. ૮
ત્યારે જ્યોતિ જલમલ જાગે, જ્યારે અખંડ ધ્યાનજ લાગે;
માયા ને ત્રણ ગુણ ત્યાં નાહીં, કાળકર્મની બીક ન ત્યાંહીં. ૯
પવન અગ્નિ આકાશ ન પાણી, નહીં પૃથ્વી નહિ વેદ ન વાણી;
નહિ સૂરજ ચંદા નહિ પ્રાણી, નહિ સાગર પર્વતને ખાણી. ૧૦
સ્વર્ગ મૃત્યુ પાતાળ ન દીસે, પાંચ છ કે નવ તત્ત્વ ચોવીસે;
નહિ રજની નહિ દિવસ ભાસે, મેઘ મંડળ નહિ ધ્રુવ પ્રકાશે, ૧૧
વર્ણાશ્રમની નહિ મર્યાદા, વેદ પુરાણ શાસ્ત્ર નહિ વાદા;
રૂપ રેખ નહિ રાગ ન દ્વેષા, વ્યાપક બ્રહ્મ નહિ ત્યાં કલેશા. ૧૨
જન્મ મરણ નહિ સૃષ્ટિ સંયોગા, રીત ભાત કે નહિ વિયોગ;
અવિનાશી પ્રભુ એકજ જાણો, મીન મેખ મિથ્યા નહિ માનો. ૧૩
આદિ મધ્ય અંત નહિ જેનો, ભેદ ન કોઇ જાણે તેનો;
સત્ ચિત્ આનંદ બ્રહ્મ કહાવે, ચકિત થઇને વેદજ ગાવે. ૧૪
એકજ હું બહુ રૂપે થાઉં, લીલા માટે સૃષ્ટિ રચાઉં;
વિચાર એવો કીધો જ્યારે, અંડ ઊપજ્યું જલમાં ત્યારે. ૧૫

અંડ ભેદીને પુરૂષજ ઉપના, ચૌદ ભુવનની જેમાં રચના;
નાભિ કમળથી બ્રહ્મા થયા, તપ કરતાં બહુ વર્ષો ગયાં. ૧૬
પ્રકટ થયા ત્યારે બહુનામી, તુષ્ટ થયા છે અંતરયામી;
દર્શન વિષ્ણુ દેવનાં કીધાં, બ્રહ્મદેવનાં કારજ સીધાં. ૧૭
બ્રહ્મા મુખથી કરે ઉચ્ચાર, ગાયત્રીનો વારંવાર;
ઉત્પત્તિ કર્તા બ્રહ્માદેવ, ગાયત્રી કરવાની ટેવ. ૧૮
કરૂણા સાગર કરી વિચાર, ગાયત્રીનો કર્યો પ્રચાર;
પ્રેમે ગાયત્રી જે કરશે, ભવસાગરથી તે જન તરશે. ૧૯
ગાયત્રીને કરજો આપ, કદી પામશો નહિ સંતાપ;
ગાયત્રીનો એ છે સાર, પરમાત્મા છે બાવન બ્હાર. ૨૦
રોમ રોમમાં રહ્યા ભરપૂર, જગમગ ઝળકે જેનું નૂર;
કર્તા ભર્તા અને અકર્તા, વિશ્વરૂપ લીલા વિસ્તર્તા. ૨૧
સફળ ગાયત્રી ત્યારે થાએ, દંભ કપટ જો મનથી જાએ;
જન એવાના મનમાં ખાસ, ગાયત્રી કરશે નિવાસ. ૨૨
શિખે શિખાવે કરે વિચાર, કહે ઓધવ તે પામે પાર;
ખેતી કર્તા અલ્પમતિ જન, ભાવ ભક્તિમાં છે જેનું મન. ૨૩
તેવા જનની સંભાળ લીધી, ભાષામાં ગાયત્રી કીધી;
સારજ લેતાં થાય મહાસુખ, ઇર્ષ્યા કરતાં ઉપજે અતિ દુઃખ. ૨૪
તેથી હાનિ લાભ ન મારે, ગમે તેમ અજ્ઞાની ધારે;
કદાચ કોઇ કહે નહિ સારૂં, તેથી નરસું થાય ન મારૂં. ૨૫
જનહિત માટે વિચાર ધરી, આ ભાષા ગાયત્રી કરી;
ઓધવદાસ કહે સૌ જનને, સાંભળજો સ્થિર રાખી મનને. ૨૬.

દોહરો

આ ગાયત્રી જે કરે, મનમાં રાખી હામ;
સુખ પામે સંસારમાં, અંતે પ્રભુનું ધામ. ૨૭

સુખી જનોનાં લક્ષણ

ચોપાઇ

ગુરૂજી સુખીજન કોને કહીએ, જેના સંગથી શાંતિ લહીએ;
સાંભળ શિષ્ય સુખીનાં લક્ષણ, કદી ખરાબ કરે નહિ ભક્ષણ. ૧
સુખની પેઠે સૌને પાળે, શરણાગતના દુઃખને ટાળે;
જે સતગુરૂની સમજે શાન, જાણો તેને સુખી સુજાણ. ૨
સુખીજન મૂરખ સંગ ન કરે, સતગુરૂ સાથે હેતજ ધરે;
તેજ સુખી સન્માર્ગ બતાવે, જુઠો માર્ગ કદી ન જણાવે. ૩
સુખિયા તે જે જન્મ સુધારે, લાખ ચોર્યાસી ફેરા ટારે;
તેજ સુખી જે ઘર ઘર જાય, સુખ દુઃખ પુછી કરે ઉપાય. ૪
દુઃખીયા જનના દુઃખને ટારે, ભક્તિવંત ભવસાગર તારે;
તેજ સુખી જે ભેદ ન જાણે, સમદ્રષ્ટિ શીતલતા આણે. ૫
આપ તરે બીજાને તારે, તેજ સુખી જે જ્ઞાતી સુધારે;
તેજ સુખી જે સાચું બોલે, અગમ દેશનો મારગ ખોલે. ૬
નાના મોટા જીવની સાથે, પ્રભુને પૂજે જમણે હાથે;
લુલા લંગડા અને અનાથ, વિધવા નારી અને સનાથ. ૭
સર્વે સુખી થાય એ માને, સૌની વાત સાંભળે કાને;
દશમે ભાગે દાન કરાવે, મનમુખિયા મનખોને વારે. ૮

એવા મુખીજનોને સંગે, કારજ સુધરે અતિ ઉમંગે;
સાચા કડવા પાટીદારો, હવે સનાતન ધર્મ સ્વીકારો. ૯
બોધ આપતાં જે નવ સુધરે, મુખી તેહનો સંગ ન કરે;
તે જ્ઞાતિ દ્રોહી કુલ દ્રોહી, તેના સંગે પાતક હોઇ. ૧૦
ક્ષમાવાન પર–દુઃખને ટારે, બીજાનું સુખ મનમાં ધારે;
તેજ મુખી જે ધર્મ ન ત્યાગે, દશોંદ ધનથી દૂરજ ભાગે. ૧૧
તેજ મુખી જે નિર્ભય રહે, શુદ્ધ સનાતન ધર્મજ કહે;
સદગુરૂમાં છે શ્રદ્ધા જેને, સાચા મુખી જાણવા તેને. ૧૨
સ્વપ્ને સમાન ગણે સંસાર, મુખીજન તેમાં કરે ન પ્યાર,
લક્ષ ચોર્યાસી ફેરા ટારે, મુખી તેવા સદગુરૂને ધારે. ૧૩
મુખીયા મુખથી રામજ કહે; રાત દિવસ મંદિરમાં રહે;
પ્રભુની કથા કહી સંભળાવે, રામ નામની ધૂન લગાવે. ૧૪
કોઇ પ્રસાદી લઇને આવે, પ્રેમે પ્રભુને તુરત ધરાવે;
ચરણામૃત સૌને તે આપે, પ્રભુ કૃપાથી પાપજ કાપે. ૧૫
માન ગુમાન ગર્વને રોકી, પ્રભુને તુરત નમાવે ડોકી;
સૌ ભાઈઓની સાથે બેસે, સારાં વચન સદા ઉપદેશે. ૧૬

દોહરા

લક્ષણુ મુખીયાનાં કહ્યાં, કડવા પાટીદાર;
હિંદુધર્મ સ્વીકારથી; છે જ્ઞાતિ ઉદ્ધાર....૧૭
જ્ઞાતિ સેવા પ્રેમથી, મુખી કરે શિરનાઇ;
આશીષ બોધવદાસની, કૃપા કરે રઘુરાઈ....૧૮

કલિયુગના જીવોના કલ્યાણને માટે બ્રહ્મલોકમાં થયેલો નારદ મુનિ તથા બ્રહ્માજીનો સંવાદ

ચોપાઈ

એક સમય નારદ મુનિ યોગી, બ્રહ્મલોકમાં ગયા ઉદ્યોગી;
બ્રહ્માજીનાં દર્શન કરવા, સર્વ જીવના દુઃખને હરવા. ૧
નમસ્કાર દંડવત્ જઇ કીધા, બ્રહ્માજીએ આદર દીધા;
ક્ષેમકુશળ પુછી નારદને, હૃદયે ધારી અતિ ઉમંગને. ૨
શું છે કામ દેવઋષિ મારૂં, તે કારજ હું કરૂં તમારૂં;
સર્વ જીવના શું છે હાલ, તેનો હશે આપને ખ્યાલ. ૩
સાંભળતાં બ્રહ્માની વાણી, ત્યારે બોલ્યા વીણાપાણી;
હવે સુણો બ્રહ્મા દઈ કાન, કલિયુગની હું કહું છું કાણ. ૪
જેણે થઈ છે મોટી હાણ, તે હું તમને કરૂં છું જાણ;
કૃષ્ણ પ્રભુએ ત્યાગ્યો દેહ, કલીએ સાધન કીધાં ખેહ. ૫
યોગ યજ્ઞ જપ તપ નહિ યોગી, દયા દાન નહિ ભક્તિભોગી;
વર્ણાશ્રમના ધર્મ ન નિયમ, શીલ સંતોષ ક્ષમા નહિ સંયમ.
જ્ઞાન ધ્યાન નહિ પ્રભુને પૂજે, કલિમાં કપટ કર્યાનું સૂજે;
મેલાં હૃદય થયાં સૌ જનનાં, રઘુપતિ ભજન કરે નહિ રશના.
માતા કન્યા ભગની એમાં, ખોટી દ્રષ્ટિ કરે જન તેમાં;
વેદ પુરાણ શાસ્ત્ર નવ માને, પાપ પુન્ય કશું એ નવ જાણે. ૮
કલ્પિત કુડા પંથ ચલાવે, વેદ વિમુખ થઇ કર્મ કરાવે;
ઇર્ષ્યા નિંદા માન બડાઇ, ભાઇઓ સાથે કરે લડાઈ. ૯

50

માતપિતાની કરે ન સેવ, ઘરની સ્ત્રીને માને દેવ;
નાસ્તિક પંથે જઈ લપટાણા, પ્રભુ મૂર્તીને માને પાણા. ૧૦
સાધુ સંત દેખીને બરે, દુર્જન સાથે સ્નેહજ કરે;
વકીલ વૈદ્યો લાગે મીઠા, સાધુ સંત ગમે નહિ દીઠા. ૧૧
તીરથ વૃતથી ભાગે દૂર, ભક્તિ ભાવ ન જાણે ભૂર;
બ્રાહ્મણુ કલિમાં વાંચે વેદ, આત્માનો નવ જાણે ભેદ. ૧૨
શિખા સૂત્રને કેવળ ધારે, પોથી કેરો ધર્મ ન પાળે;
ક્ષત્રીય ગયા ધર્મને ત્યાગી, મોજશોખ સુખમાં બહુ લાગી. ૧૩
રાજા થઇને પ્રજા ન પાળે, રૈયતને પીડીને બાળે;
વૈશ્ય ધર્મ વૈશ્યો નહિ પાળે, તે પણુ લાગ્યા ખોટે ચાળે. ૧૪
ગૌમાતાની સેવા ન કરે, પાપજ કરતાં જરા ન ડરે;
ધન ભેળું કરી રાખે ઘરમાં, ઠગવા રાખે કલમો કરમાં. ૧૫
ગરીબની ગરદનને કાપે, અનાજ આપે ઓછે માપે;
મોટા શેઠ બને છે વરી, ગજા કરે મન ગમતું કરી. ૧૬
પ્રભુની કથા સાંભળે જ્યારે, આળસમાં ઉંઘે છે ત્યારે;
ઉંચા આસન ઉપર બેસી, શુદ્રો કહે ધર્મ ઉપદેશી. ૧૭
મનમાં દંભ કપટને ધારી, કરીને ડોળ ઠગે નર નારી;
સંન્યાસી ધન સંચય કરે, અન્ય બિચારા ભૂખે મરે. ૧૮
પતિવૃતા છે કોઇક હાલે, મરજીસર વર્તે કલિકાલે;
સાસુ સસરો લાગે ખારાં, ભાઇ બેનને માને સારાં. ૧૯
ઘરમાં રહીને ઘર ન સંભાળે, બક બક કરીને પતિને બાળે;
કુટુંબી સાથે કલેશજ ધરે, બીજા સાથે પ્રેમજ કરે. ૨૦

પ્રભુ કથાથી દૂરજ રહે, અવગુણ પાડોસીના કહે;
કુડ કપટ ઇર્ષ્યામાં પૂરી, જગડો કરવામાં છે શૂરી. ૨૧
બાવન પત્તાની છે કથા, એવી તે પાળે છે પ્રથા;
સંતજનો સંતોષ ન ધારે, રામ નામ મુખથી ન ઉચારે. ૨૨
લોક રીઝાવે ધનને કાજ, પ્રભુ ભક્તિમાં આવે લાજ;
દંભે કરે પ્રભુનું ધ્યાન, મનમાં જેને બહુ છે માન. ૨૩
બીજાનું હિત દેખી કરી, જવાસિયા સમ જાયજ બરી;
સુધરેલા કલિમાં છે એવા, માતપિતાની કરે ન સેવા. ૨૪
તીરથ વ્રત યજ્ઞો નહિ માને, પ્રભુસેવાને પાખંડ જાણે;
જાતી વર્ણાશ્રમને તોડે, સંતજનોથી મુખને મોડે. ૨૫
પ્રભુ મંદિરમાં પગ નવ ધારે, બીજાને પણ પાછા વારે;
મનને ગમતું વર્તન કરે, પશુની પેઠે ઉદરજ ભરે. ૨૬
પોતાને બહુ ડાહ્યા માને, કથા ભજનને સુણે ન કાને;
પોતપોતાના ધર્મો ત્યાગી, અધર્મમાંજ ગયા છે લાગી. ૨૭
પંથ તણો નહિ કલિમાં પાર, ધર્મે ફાંટા થયા હજાર;
એક બીજાની નિંદા કરી, લોકોને ભરમાવે ફરી. ૨૮
સ્વપ્ના જેવો છે સંસાર, મિથ્યા માનો સૌ પરિવાર;
એવો આપે બોધ નિરંતર, બીજાનું ધન હરવા ખાતર. ૨૯
ધન ભેળું કરી ભરે ભંડાર, બંગલા મેડી કરે અપાર;
ખેતી વાડી કરે વેપાર, કરતા નથી પ્રભુમાં પ્યાર. ૩૦
ભક્તિ કરવાનાં જે દ્વાર, ત્યાં ચાલે જુઠો આચાર;
કલિયુગનો છે એજ પ્રભાવ, સૌનો બદલી ગયો સ્વભાવ. ૩૧

દીનદયાળુ દીનાનાથ, હવે ભક્તોનો ઝાલો હાથ;
મુજને આવે છે બહુ ત્રાસ, દેખી ધર્મ સનાતન નાશ. ૩૨
તુરત કહો એનો ઉપાય, હે બ્રહ્માજી કરો સહાય;
નારદનાં વચનોને જાણી, ત્યારે બ્રહ્મા બોલ્યા વાણી. ૩૩
હે નારદ મુનિ ધીરજ ધરો, અધિક ચિંતા શાને કરો;
સતયુગ ત્રેતા દ્વાપર કલિ, ચોકડી થાય ચાર યુગ મળી. ૩૪
સતયુગ ધ્યાન વડે પ્રભુ સામે, ત્રેતામાં તપથી પ્રભુ પામે;
દ્વાપર મૂર્તિ પૂજા વડે, કલિમાં નામ જપે પ્રભુ મળે. ૩૫
કલિમાં પાર ન અવગુણ તણો, પણ તેમાં છે સારજ ઘણો;
હરિનામ કલિમાં છે સાર, જીવ જપી ઉતરે ભવપાર. ૩૬
કુડ કપટ ને ઇર્ષ્યાધારી, મહા પાપિયો હત્યાકારી;
બીજા દ્રોહ અનેકજ કરે, ચોરી છલ કરીને ધન હરે. ૩૭
વેદ વિરોધી નાસ્તિક બુદ્ધિ, મન મુખિયાજન અતિ કુબુદ્ધિ;
એવા પણ પાપી જન તરે, હરિનામ મુખમાં જો ધરે. ૩૮
અજામિલ ગજ ગુણીકા જેવાં, તર્યાં નામથી પાપી તેવાં,
રામનામનું તત્ત્વ બતાવ્યું, શિવે ઉમાને સુખ ઉપજાવ્યું. ૩૯
રામનામમાં વાલ્મિક મચી, શતકોટી રામાયણ રચી;
તેજ મુનિને આવી દયા, કલિયુગ તુલસીદાસ તે થયા. ૪૦
કલિના જીવ તણી શુદ્ધ લીધી, તુલસીકૃત રામાયણ કીધી;
એ ગ્રંથોમાં હરિ ગુણ ગાયા, મટાડવા દુઃખદાયક માયા. ૪૧
કલિયુગમાં રામાયણ ગાશે, કારજ તેનાં અવશ્ય થાશે;
શ્રદ્ધા ભક્તિ રાખે ખરી, હરિગુણ ગાય નામ જપ કરી. ૪૨

ફરી અવગુણ ઉરમાં નવ ધરે, તે ભવસાગર પળમાં તરે;
પાપો સર્વે તેના ખરે, પ્રભુ મૂર્તિ અંતરમાં ધરે. ૪૩
ગાય અને નાચે કોઇ વારે, મૌન ધરીને બેસે કયારે;
લોક લાજ મર્યાદા ત્યાગે, દુર્જન સંગથી દૂરજ ભાગે. ૪૪
દેહદશાનું ભાનજ ભૂલી, પ્રભુ પ્રેમમાં રહે પ્રફૂલી;
એકોતેર પેઢી તે તારે, તેના યશને દેવ ઉચારે. ૪૫
નારદ એવું છે હરિ નામ, સંત હ્રદયમાં જેનું ધામ;
ભવ તરવાનો એજ ઉપાય, જેથી સર્વે દોષો જાય. ૪૬
અમૃતસમ બ્રહ્માની વાણી, સુણી સુખ પામ્યા વીણાપાણી;
બ્રહ્માજીને વંદન કરી, નારદ ભૂપર આવ્યા ફરી. ૪૭
રામ નામનો મહિમા ગાયો, જીવોને શુભ માર્ગ બતાવ્યો;
હે લોકો છે એક ઉપાય, પાપ પ્રલય જેનાથી થાય. ૪૮
રામ નામની ધૂન લગાવો, પ્રભુ પ્રેમ અગ્નિ પ્રગટાવો;
પાપો બળી જશે તે વાર, પ્રભુમાં થાશે પૂરણ પ્યાર. ૪૯
નામ અખંડ જપે છે જોગી, બ્રહ્મરૂપ સુખના જે ભોગી;
સાધક નામ જપે થઈ લીન, પામે વાંચ્છિત થાય અદીન. ૫૦
ધ્રુવ પ્રહલાદ વિભીષણ જેવા, નામનો મહિમા જાણે તેવા;
નરસિંહ મીરાં અને કબીર, નામને માને સુખની સીર. ૫૧
હે જીવો ચેતીને ચાલો, રામ નામ લઇ સુખને માલો;
રામાયણનો કરશો પાઠ, જાણી જગનો ખોટો ઠાઠ. ૫૨
રામાયણ પુસ્તકને વાંચો, આ છે સુખનો મારગ સાચો;
એવી રીતે બોધજ કરી, સર્વ જનોનાં સંકટ હરી. ૫૩

નારદમુનિ વૈકુંઠે ગયા, જીવો પર છે જેની દયા;
બ્રહ્મા નારદનો સંવાદ, સુણતાં થાય પાપનો બાધ. ૫૪
યથામતિ તે કહી સંભળાવ્યો, પ્રભુ મળવાનો પંથ બતાવ્યો;
જે જન સુણે ગ્રહે જે સાર, તેનો થાય અવશ્ય ઉદ્ધાર. ૫૫
ઓધવદાસ કરે પોકાર, આને વાંચો પાટીદાર;
આ છે મારી સાચી વાણી, જેથી થાશે દુ:ખની હાણી. ૫૬

દોહરો

શ્રદ્ધાપૂર્વક સાંભળે, આ સુંદર સંવાદ;
કલિના દોષ બધા ટળે, પલમાં મટે વિષાદ. ૫૭

ભવતાપનિવર્તક બોધામૃત

ચોપાઇ

આદિ એક પ્રભુને જાણો, નિત્ય નિરંજન સદા પ્રમાણો;
અજ અવિનાશી અકર્તા સ્વામી, માયા વડે થયા બહુનામી. ૧

માયા અને અવિદ્યા જેથી, ઇશ્વર જીવ થયા એ તેથી;
નામરૂપની થઇ કલ્પના, સુખ દુ:ખ આદિકની થઈ રચના. ૨

મન કલ્પિત આ છે સંસાર, જીવો ભટકે વારંવાર;
બહુનામીની બંદગી ચૂકયો, કુડા ગુરૂએ કાનજ ફૂંકયો. ૩

ગર્વ ગુમાન કરી ગેમાર, ફરી ફરી જન્મ્યો વારંવાર;
લાખ ચોર્યાસી ફેરા ફર્યો, યમરાજાથી તોય ન ડર્યો. ૪

સ્થાવર જંગમ યોનિ અપાર, ગણત્રી કર્તાં નાવે પાર;
કોઈ અચાનક પુણ્ય પ્રભાવે, નરતન દીધું પ્રભુએ ભાવે. ૫
ગર્ભવાસમાં કોલકરાર, પ્રભુ સાથે કીધા બહુ વાર;
ઠમબાજી પ્રભુ સાથે કીધી, જેણે આ નર દેહજ દીધી. ૬
ગુન્હેગાર થયો તે તેનો, બ્રહ્માદિક ભય માને જેનો;
ગર્ભવાસમાં કર્યો પોકાર, અધમ ઉદ્ધારન છો સરકાર. ૭
એક વખત આવી છોડાવો, દીનદયાલ દયા દીલ લાવો;
હવે આપનું ભજન કરીશ, સંતો સાથે સદા રહીશ. ૮
મુઠી બાંધી ધ્યાનજં ધરી, એવી રીતે સ્તુતિ કરી;
દીનબન્ધુને આવી દયા, સંકટથી છોડાવી ગયા. ૯
બહારે આવ્યો બુદ્ધિ ફરી, તેવામાં ભૂલ્યો તે હરિ;
બાળપણું ખેલમાં ગુમાવ્યું, યૌવન યુવતિ સંગ લગાવ્યું. ૧૦
વૃદ્ધપણું ચિંતામાં ખોયું, પાછું વાળી કદી ન જોયું;
સાધુ સંતની કીધી નિંદા, મનમાં રાખી ઘણીજ ભિંદા. ૧૧
પ્રભુની સાથે પ્રેમ ન કર્યો, મન મુખિયાને સંગે ફર્યો;
એમજ આખું આયુ ખોયું, જીવે પ્રભુ સામે નવ જોયું. ૧૨
ભજન કર્યું નહીં ભોગો ભાવ્યા, ત્યાં યમદૂતો લેવા આવ્યા;
દેખી દૂત ડર્યો તે ભારી, કંઠ રૂંધાણો બેઠો હારી. ૧૩
માતા પિતા બંધુ સુત ભગની, સ્ત્રી દોલતમાં લાગી લગની;
યમના દુ:ખથી કોણ બચાવે, કેમ કહો એ વખતે ફાવે. ૧૪
સન્નિપાતથી બકવા લાગ્યો, ઊઠી ઊઠીને તે ભાગ્યો;
યમદૂતો લઇ ચાલ્યા જ્યારે, હાય હાય પોકારે ત્યારે. ૧૫

દૂતો દેવા લાગ્યા માર, સંકટ પામ્યો જીવ અપાર;
દૂતોને નવ આવી દયા, ધર્મરાજ પાસે લઈ ગયા. ૧૬
એવી રીતે વારંવાર, દુઃખ પામે છે જીવ અપાર;
વેદવાકયનો એ છે સાર, ભજન વિના નવ થાય ઉદ્ધાર. ૧૭
એવી આવે સમજણુ જ્યારે, સાધુસંગમાં લાગે ત્યારે;
ભક્તિ કેરાં શીખે અંગ, પ્રભુ ભજનમાં લાગે રંગ. ૧૮
પ્રભુ યશ ગાતાં પ્રભુ રીઝાવે, ગદ્ ગદ્ કંઠે આંસુ આવે;
પ્રેમમગ્ન થઇ ત્યારે નાચે, રામ ભજનને રંગે રાચે. ૧૯
દેહદશાનું ભાનજ ભૂલે, લાગે સહજ સમાધિ ઝુલે;
બ્રહ્મજોતમાં વૃત્તિ મળે, ત્યારે લીંગ વાસના ગળે. ૨૦
જીવનમુક્ત થઇને ફરે, હર્ષ શોક મનમાં નવ ધરે;
એક બ્રહ્મને સઘળે દેખે, નાના ભાવ કદી નવ લેખે. ૨૧
અદ્રષ્ટ સુધી દેહ દેખાય, પછી બ્રહ્મમાં લય તે થાય;
આ બોધામૃત જેહ કહ્યું છે, ગીતામાં પણ તેહ રહ્યું છે. ૨૨
એને પીતાં અમર થવાય, જન્મ મરણનાં જોખમ જાય;
જે જન બોધામૃતને પીએ, યમદૂતોથી તે નવ બીએ. ૨૩
માનવ દેહ મળ્યો છે સારો, બોધામૃત પી જન્મ સુધારો;
બોધવદાસ કહે હિત વાણી, સજ્જન સુણો થાય દુઃખ હાણી.

દોહરો

જે જન બોધામૃત પિયે, ગુરૂમુખ કરી વિચાર;
શમે તાપ સંસારના, આવે નહિ અવતાર....૨૫

શ્રીસદ્‌ગુરુનો સદુપદેશ

ચોપાઈ

સાંભળ શિષ્ય જ્ઞાન સંભળાવું, જન્મ મરણુ જંજાળ નશાવું;
સ્વપ્ના જેવો છે સંસાર, તેમાં ભૂલ્યો શું ગેમાર. ૧
માનવ તન છે મુક્તિ દ્વાર, જીતી બાજી કાં તું હાર;
ઉત્તમ અવસર પામ્યો આજ, ભજન કરી લે સુધરે કાજ. ૨
ચેતી લે તું ભાઇ ટાણે, વખત મળે નહિ ખરચે નાણે;
શુદ્ધ સનાતન તું છો શિવ, શા માટે થઇ બેઠો જીવ. ૩
ભૂલ કરી છે તેં બહુ ભારી, તે સત્સંગે લહે સુધારી;
સાધુસંગથી નાશે ભ્રાંતિ, મટે અવિદ્યા પ્રગટે કાંતિ. ૪
હરિ ગુરૂ સંત રૂપ છે એક, ગુરૂ વચનમાં ધરજે ટેક;
ગુરૂ વિણુ ગતિ ન પામે કોઇ, વેદ શાસ્ત્રમાં લેજે જોઈ. ૫
શ્રીગુરૂ સાથે કરજે હેત, પ્રભુ મળવાનો એ સંકેત;
ગુરૂ ચરણુમાં શ્રદ્ધા રાખી, અહંતા મમતાને દે નાંખી. ૬
શ્રદ્ધા ભક્તિ વગરના જેઓ, ચાર ખાણુમાં ભટકે તેઓ;
ચોર્યાસીના ફેરા ફરે, વાર વાર જન્મે ને મરે. ૭
એ દુઃખનો નવ આવે પાર, સદા ખાય તે યમની માર;
માતપિતા ભગની સુત શાળી, સગાં સંબંધી ને ઘરવાળી. ૮
મૂરખ મમતા એમાં બાંધે, તે સારૂં નિત ધનને સાધે;
મારૂં તારૂં કરીને મરે, કુડ કપટને મનમાં ધરે. ૯

પાપી પેટ ભર્યાને માટે, પાપ કરી ચાલે કુવાટે;
ખેતી વાડી ને વેપાર, મૂરખ માને એમાં સાર. ૧૦
જ્યારે જમડા લેખું લેશે, ત્યારે તે શું જવાબ દેશે;
માટે સદ્‌ગુરૂ લે તું ધારી, તન ધન તેના પર દે વારી. ૧૧
માતપિતા સમ પાલક જાણ, ગુરૂદેવમાં ભેદ ન આણ;
ગુરૂ છે બ્રહ્મા વિષ્ણુ રૂપ, નીલકંઠ મહાદેવ સ્વરૂપ. ૧૨
ગુરૂ ગુણોના છે ભંડાર, ગુરૂ ગુણનો નવ આવે પાર;
સર્પ ઝેર ગારોડી ઉતારે, મૂરખથી ઉતરે નહીં મારે. ૧૩
તારૂ તે બીજાને તારે, અણુતારૂ બોડીને મારે;
ગુરૂ વિણ ભવસાગર નહીં તરીયે, કોટી ઉપાય કદાપિ કરીયે. ૧૪
ઇંદ્રે ત્યાગ ગુરૂનો કર્યો, સ્વર્ગભુવનથી ત્યારે પડ્યો;
ગુરૂ ભક્તિ છે સૌથી ન્યારી, કોટી વિઘ્નને નાંખે ટારી. ૧૫
ગુરૂને હરિથી અધિક જાણી, સત્ય માનજે ગુરૂની વાણી,
રાગ દ્વેષને જે જન વામે, તે જન પહોંચે પ્રભુને ધામે. ૧૬
શિરનાં સાટાં જે જન કરે, ભવસાગરથી તે જન તરે;
કામ ક્રોધ વેરી છે તારે, સિંહ સર્પની પેઠે મારે. ૧૭
નિશ્ચય એ છે નરકદ્વાર, જન્મ ધરાવે વારંવાર;
આસુરી સંપત્ત પરિવાર, દુર્જન સંગને દૂરથી ટાર. ૧૮
સાચી વાણી મુખથી બોલ, ગુરૂ સંગે બેસી મન ખોલ;
સત્ય સમાન નથી કોઇ સાર, સત્ય ઉતારે પરલે પાર. ૧૯
સત્ય ગ્રહણ હરિશ્ચંદ્રે કર્યું, અંતે તેનું કારજ સર્યું;
વેચૈયો તે સત્ય ન ચૂકયો, ત્યારે શ્રીપ્રભુએ નવ મૂકયો. ૨૦

ધર્મ યુધિષ્ઠિરની શી વાત, સત્ય ન ચુકયા દીવસ રાત;
સત્યવાદી શિબિ બળીરાજા, સત્ય ન છોડયું રાખી માજા. ૨૧
સત્યથી પામે સીતારામ, પ્રભુ ધામમાં લે વિશ્રામ;
શીલ સંતોષ ક્ષમાને ધારી, પાર થાય છે સૌ નરનારી. ૨૨
દૈવી સંપત્ત છે સુખદાઈ, તે તું ધારી લેને ભાઇ;
સ્વધર્મમાં મરે તે સારો, ધર્મ પારકો દુઃખ દેનારો. ૨૩
એક પ્રભુનાં બે સંતાન, હિંદુ બીજા મુસલમાન;
હિંદુધર્મને હિંદુ ન ટાળે, મુસલમાન પોતાનો પાળે. ૨૪
હિંદુ મુખથી રામ ઉચ્ચારે, મુસલમાન અલ્લા પોકારે;
શિખા સૂત્રને હિંદુ રાખે, ગાયત્રીમાં પ્રેમજ દાખે. ૨૫
મુસલમાન તે સુનત કરાવે, હિંદુ વેદ સંસ્કાર ધરાવે;
હિંદુ ગૌ માતાને પૂજે, મુસલમાન સૂવરથી ધ્રુજે. ૨૬
હિંદુ હોમ હવનને કરે, મુસલમાન નિમાજો પડે,
સ્વધર્મ છે સર્વને વાલો, વાદ વિવાદ કરે છે ઠાલો. ૨૭
પોતાનો જે ધર્મ ન પાળે, તે જન દુઃખી થાય છે કાળે;
એવા જનને સંગે ડરીયે, સજ્જન સંગમાં જઇને ભરીયે. ૨૮
પ્રભુ ચરણુમાં રાખી પ્રેમ, તજવો નહીં પોતાનો નિયમ;
ચક્રવર્તિ સૌ ચાલી ગયા, જેનાં જગમાં નામજ રહ્યાં. ૨૯
માન્ધાતાને પૃથ્વી વરી, તે પણ ગયા અંતમાં મરી;
પ્રિયવ્રત જેવા રાજા ગયા, જેના રથથી સાગર થયા. ૩૦
મહાબળી રાવણુ અભિમાની, તેની કાળે કીધી હાની;
જરાસંઘ જેવા જે બલી, તે પણ કાળે નાંખ્યા દલી. ૩૧

બાણાસુરને તુચ્છજ ગણ્યો, તેવાને પણ કાળે હણ્યો;
સર્વ જગત છે કાલ અધીન, કઈ ગણત્રીમાં તું છે દીન. ૩૨
નાશવંત આ છે સંસાર, તેમાં રંચક મળે ન સાર;
સાર વસ્તુ એક આતમજ્યોતિ, તેને તું લે અંતર ગોતી. ૩૩
જન્મ મરણથી જે છે ન્યારો, સત્ ચિત્ આનંદ બાવન બારો;
અગ્નિ ન બાળે નીર ન બોડે, પવન ન શોષે શસ્ત્ર ન તોડે. ૩૪
છ ઉર્મિ જેને નહિ વ્યાપે, એવું આતમ રૂપ અમાપે;
સૂરજ કિરણોથી તમ નાશે, સચરાચરમાં તેમ પ્રકાશે. ૩૫
જેમ પુષ્પમાં ગંધ પ્રસંગ, જેમ મધુરતા જલની સંઘ;
તેમ પ્રભુનો સઘળે વાસ, તે જાણે છે હરિના દાસ. ૩૬
નાભીમાં કસ્તુરી ધરી, બહાર ગોતે છે મૃગ ફરી;
તેમજ ગોતે અજ્ઞાની જન, વિષય વિશે લાગ્યું જેનું મન. ૩૭
અંતર દ્રષ્ટીથી જે દેખે, તે જન બ્રહ્મરૂપને પેખે;
બ્રહ્મ ખુમારી તેને ચડે, સુખના મહાસાગરમાં મળે. ૩૮
ભુલી ત્યારે તનનું ભાન, થાય સમાધિમાં એકતાન;
જોવા માત્ર દેહ છે તેનો, લાગ્યો રંગ પ્રભુમાં જેનો. ૩૯
પ્રારબ્ધને ભોગવી કરી, છોડી દેહ ન આવે ફરી;
મનુષ્ય જન્મનો એ છે લાવ, હમણાં તને મળ્યો છે દાવ. ૪૦
ચેતી લે તું ચતુર સુજાણ, નહીં તો પછી ઘણી છે હાણ;
શ્રીસદ્‌ગુરૂની સમજી શાન, મુકી દેવું માન ગુમાન. ૪૧
શિખામણ સદ્‌ગુરૂની સારી, તે તું લેને મનમાં ધારી;
ઓધવદાસ કહે હિતકારી, આ ઉપદેશ શિષ્ય લે ધારી. ૪૨

આ વચનો જે કાને ધરે, તે જન ભવસાગરથી તરે;
જે વરતે આને અનુસારે, તે જન બીજાને પણ તારે. ૪૩

દોહરો

જે જન શ્રીગુરૂદેવનો, ગ્રહણ કરે ઉપદેશ;
તે જન સુખ પામે સદા, રહે ન દુઃખનો લેશ....૪૪

કડવા પાટીદારોને સત્ય ઉપદેશ

દોહરા

ઓધવ ઉપદેશી કહે, સુણજો પાટીદાર;
હિંદુ ધર્મને પાળવા, ચોકસ કરો વિચાર....૧
ઓધવ ઉપદેશી કહે, સર્વ શાસ્ત્રનો સાર;
સાચા હિંદુ છો તમે, કડવા પાટીદાર....૨
ઓધવ ઉપદેશી કહે, સાંભળજો દઈ કાન;
પાખંડી ધર્મો તજો, પુરૂં આપી ધ્યાન....૩
ઓધવ ઉપદેશી કહે, કડવા પાટીદાર;
હિંદુ ધર્મ તણો કરો, ચોકસ પણે વિચાર....૪
ઓધવ ઉપદેશી કહે, હિંદુધર્મ અનુસાર;
વ્રત રાખો એકાદશી, તજો શુક્ર એ વાર....૫
ઓધવ ઉપદેશી કહે, ચોરી ફેરા ચાર;
હિંદુ ધર્મ રિવાજથી, ફરજો પાટીદાર....૬

ઓધવ ઉપદેશી કહે, કરો ફંદનો ત્યાગ;
શુદ્ધ સનાતન ધર્મમાં, સદા કરો અનુરાગ....૭
ઓધવ ઉપદેશી કહે, માનો પાટીદાર,
હિંદુ ધર્મ પણે કરો, શુભ અગ્નિસંસ્કાર....૮
ઓધવ ઉપદેશી કહે, તજો કુસંગી સંગ;
રામ કૃષ્ણ મુખથી કહો, અંતર ધરી ઉમંગ....૯
ઓધવ ઉપદેશી કહે, તજો ખાનું એ નામ;
ચરણામૃત પીઓ કહો, મંદિર જ્યોતિ ધામ....૧૦
ઓધવ ઉપદેશી કહે, કરો આરતી નાદ;
પ્રેમ થકી પાળો હવે, હિંદુ ધર્મ મર્યાદ....૧૧
ઓધવ ઉપદેશી કહે, હવે થાઓ તૈયાર;
સૌ જન સુધરીને કરો, જ્ઞાતિનો ઉદ્ધાર....૧૨

શ્રીપ્રભુની પ્રાર્થના

ચામર છંદ

ગણુપતિ ગુણોના ભંડાર, દાનવ દેવના સરદાર;
આપો અખંડ વિદ્યાદાન, ભક્તાધીન છો ભગવાન....૧
માતા શારદા ગુણ ધામ, મમ ઉરમાં કરો વિશ્રામ;
કુબુદ્ધિ કુડને કાપો, સદા શુદ્ધ બુદ્ધિને આપો....૨
ગુરૂ ગોવિંદસમ જાણી, નમું જોડી જુગલ પાણી;
કરૂણા દૃષ્ટિ ગુરૂ કરશો, શિશ પર કરકમલ ધરશો....૩

ગંગા શિશ પર ધરનાર, શંભુ કામ વશ કરનાર;
શંકર દેવ છો દાતા, સદા નિજ ભક્તના ત્રાતા....૪
રાખજો શરણુમાં સ્વામી, સંભાળી બિરદ બહુનામી;
વિશ્વંભર વિશ્વના કર્તા, અવિદ્યા જાળના હર્તા....૫
રમાપતિ રંક છું તારો, આપ આધાર છો મારો;
ફર્યો સંસારમાં ફેરા, ભોગવ્યા કલેશ ભવ કેરા....૬
હવે છું આપને શરણે, દાસને રાખજો ચરણે;
માન અભિમાનમાં ફૂલ્યો, આપના ભજનને ભૂલ્યો....૭
આપનું નામ નવ લીધું, દયાથી દાન નવ દીધું;
ન કીધી સંતની સેવા, સદા આનંદને લેવા....૮
મુક્તિના દ્વારને પામી, આપને વીસર્યો સ્વામી;
હવે હરિ હાથને ઝાલો, પુત્ર જાણી કરી પાલો....૯
સગાં સૌ સ્વાર્થનાં બેલી, અંતમાં દે બધાં મેલી;
મનાવે દેવ ને દાનવ, કરે વશમાં ઘણા માનવ....૧૦
છેવટે દે બધા છોડી, પલકમાં પ્રીતને તોડી;
કરૂં છું આપને અરજી, માનજો હોય જો મરજી....૧૧
ઉગારી ભક્તને લીધો, નાગરને હાર તેં દીધો;
સુદામા ભક્તના તંદુલ, જમ્યા આનંદથી બીલકુલ....૧૨
ભુવન કંચન તણું કીધું, દૂધ નામા તણું પીધું;
બોર શબરી તણાં લીધાં, ધરી મુખમાં તુરત દીધાં....૧૩
પધારી વિદુરના ઘરમાં, કેળા ફળને લીધાં કરમાં;
છાલને ભાવથી જમિયા, પ્રેમના રંગમાં રમિયા....૧૪

દ્રૌપદી બેનને માટે, ગયા છોડી ગરૂડ વાટે;
ઘણાં ભક્તો ગયા જીતી, આપ ચરણે કરી પ્રીતિ....૧૫
આપની ભક્તિને પામી, દુઃખો સંસારનાં વામી;
બલિએ બહુ કરી સેવા, તમે રાજી થયા તેવા....૧૬
મીરાંબાઇ ભક્ત સેનો, રૂપાં તોરલ બહુ બહેનો;
કીધાં બહુ કામ ભક્તોનાં, બેલી છો સાધુ સંતોના....૧૭
છોગાળા વાત છે છેલી, મને દેશો નહીં મેલી;
સંગ સાધુ તણો દેશો, વાત આ લક્ષમાં લેશો....૧૮
ચતુર્ભુજ ચરણની સેવા, આપજો દાસને લેવા;
વાસના વિષયની ટાળો, હ્રદયની કામના બાળો....૧૯
એવી છે દાસની અરજી, માનજો હોય જો મરજી;
દાસને રાખજો પાસે, નકા હાંસી ઘણી થાશે....૨૦
ભરોંસો છે મને ભારી, બીજી કોઈ નથી બારી;
ઉગારો દાસ ઓધવને, વસું હું આપને ભવને....૨૧

દોહરો

પ્રાતઃસમયમાં પ્રાર્થના, કરે પ્રભુની જેહ;
પૂરણ સુખ પામે સદા, છૂટે ભવથી તેહ. ૨૨

॥ ॐ ॥

પ્રાસ્તાવિક ભજનો

—: શ્રી રામચંદ્રજીની સ્તુતિ :—

શ્રીરામચંદ્ર કૃપાલુ ભજ મન, હરન ભવ ભય દારૂનં;
નવકંજ—લોચન કંજ મુખ કર, કંજ પદ કંજારૂનં...૧
કંદર્પ અગનિત અમિત છબિ, નવનીલ નીરદ સુન્દરં;
પટ પીત માનહુ તડિત રૂચિ સુચિ, નૌમિ જનકસુતાવરં....૨
ભજુ દીનબન્ધુ દીનેશ દાનવ, દલન દુષ્ટ નિકંદનં;
રઘુનંદ આનંદ કંદ કોસલ, ચંદ દશરથ–નંદનં....૩
શિર કીટ કુંડલ તિલક ચારૂ, ઉદાર અંગ વિભૂષનં;
આજાન ભૂજ શર–ચાપ ધર, સંગ્રામજીત ખર દૂષનં....૪
ઈમિ વદત તુલસીદાસ, શંકર શેષ મુનિ મન રંજનં;
મમ હ્રદય કંજ નિવાસ કરૂ, કામાદિ ખલદલગંજનં....૫

પદ ૧ (શ્રી થાળ—રાગ-પરજ—તાલ-દાદરો)

આજ જમજો અમારે ઘેર રે માવ, આવી બિરાજો આસનિયે.
લાડવા ને લાપસી બીજી ખાસુંદી, જલેબી લાવું સેવ રે માવ૦
અનેક પ્રકારનાં શાકજ કીધાં, સ્વાદમાં ન આવે ફેર રે માવ૦
આદુ લીંબુ કેરી મરીનાં અથાણાં, સુંદર મેલું કેર રે માવ૦
જલ જમુનાનાં નીર ભરી લાવું, તેમાં કોઇ નાવે વેર રે માવ૦

52

લવીંગ સોપારી પાનબીડાં એલચી, આવો તો થાય લીલાલેર રે
પુષ્પતણી રૂડી સેજ બિછાવું, પોઢો તો ચાંપું પેર રે માવ૦
પૂરણના સ્વામી પ્રભુ પ્રેમે પધાર્યા, અમ પર કીધી મેર રે માવ

પદ ૨ (શ્રી થાળ—રાગ-ઝીંઝોટી—તાલ-૩)

જમવા પધારો પ્રભુ નંદ દુલારા,
બાજોઠ ઢળાવ્યા મેં તો જીવન મારા....ટેક.
બરફી જલેબી લાડુ, પેંડા લાગે પ્યારા;
દુધપાક કીધા મેં તો, સાટા સુંદર સારા—જમવા....૧
સાકરનો તો શીરો કીધો, લાડુ બુંદી વાળા;
સેવ સંવારી સારી, ઉપર ઘૃત ધારા—જમવા....૨
આદુનાં અથાણાં સારાં, લીંબુ લટકારા;
કંટોલાનાં શાક સુધાર્યાં, ભિંડા છે છોગારા—જમવા....૩
આચમન કરવા લાવું, ગંગાજલ સારાં;
પાનબીડાં એલચી લાવું, લવીંગ અપારા—જમવા....૪
કચ્છ દેશ માંહે લઘુ, આસંબિયા ન્યારા;
પ્રેમજી કરે છે અરજી, તારો ભવ પારા—જમવા....૫

પદ ૩ (રાગ-સોરઠ—તાલ-૩)

આવી અનુભવની એંધાણી, ઉરમાં ધારજો રે .... ટેક.
સતસંગ સસરો છે શશિ જેવા, તાપ સંતાપ મટાડે તેવા;
અમૃતપદને લેવા, પાપ નિવારજો રે—આવી.... ....૧

સમજણુ સાસુ કદી ન સતાવે, નીતિ ધર્મનો માર્ગ બતાવે;
વાલપને દરશાવે, સેવા સારજો રે—આવી.... ....૨

વર વિશ્વંભર છે બહુનામી, તે સંગાતે આનંદ પામી;
દુ:ખડાં સરવે વામી, આજ્ઞા પાળજો રે—આવી.... ....૩

નણુંદ નિવૃત્તિ છે સુખકારી, અદ્દ્ભુત આનંદને દેનારી;
શીખામણુ દે સારી, ઘડી ન વિસારજો રે—આવી.... ....૪

દમ દેર જપ જેઠ પ્રમાણી, દયા દેરાણી જુગતે જાણી;
જરણા છે જેઠાણી, અંતર ટાળજો રે—આવી.... ....૫

સંબંધી સાચા મળ્યા છે કેવા, તન મન ધનથી કરજો સેવા;
ઋષિ પ્રેમજી એવાં, વચન વિચારજો રે—આવી.... ....૬

પદ ૪ (રાગ–રાસડો)

સખિયો આનંદનાં વધામણાં રે આજ,
ઉદય થયા સોના સમા ભાણુ રે;
નયને નિરખ્યા ઓધવરામને રે આજ.... ....ટેક.

રાગ રહિત તે વિશુદ્ધ છે રે રાજ,
નિર્મળ ને સુખના નિધાન રે—નયને....૧

માયા રહિત ત્યાગશીલ છે રે રાજ,
સેવકોને સુરતરૂ સમાન રે—નયને....૨

અમૃત વાણી મુખે ઉચ્ચરે રે રાજ,
પ્રભુની કરાવે પહિચાન રે—નયને....૩

એકાંતવાસી ને વિરક્ત છે રે રાજ,
મમતા રહિત મતિ માન રે—નયને....૪
યોગારામી ને ધ્યાનનિષ્ઠ છે રે રાજ,
સેવકોને આપે અભયદાન રે—નયને....૫
બોધ સુણાવે સતશાસ્ત્રનો રે રાજ,
જાણે છે સકલ જહાન રે—નયને....૬
અખંડ આનંદ રૂપ છે રે રાજ,
જ્ઞાને રહ્યા છે ગુલતાન રે—નયને....૭
હ્રુદય થકી રામબાળા વિનવે રે રાજ,
દયા કરી દ્યો પ્રભુ જ્ઞાન રે—નયને....૮

પદ ૫ (રાગ–સોરઠ—તાલ–૩)

જીવન આપ વિના જગમાંય, સગું નહી માહેરૂં રે—
—જીવન આપ વિના—ટેક૦

ખરો ભરોંસોછે પ્રભુ તારો,સાયક શામળીઆ દુ:ખ ટાળો;
આપત્તિથી ઉગારો, દુ:ખથી હું ડરૂં રે....જીવન૦—૧
સંકટ વેળા હે શામળીઆ, ભક્તજનોને ભાવે મળીઆ,
ભવના ફેરા ટળીઆ, જાણ્યું મેં ખરૂં રે....જીવન—૨
સ્વાર્થતણા સર્વે સંગાતી, સગાં સહોદર નાતી જાતી;
હવે તો એજ ચહાતી, ભવજળથી તરૂં રે....જીવન—૩
રામ બાળાને રામ ભરોંશો, અમૃતમય દ્રષ્ટિથી જોશો;
જોશો નહીં પ્રભુ દોષો, અરજી એ કરૂં રે....જીવન—૪

પદ ૬ (રાગ-પ્રભાતી—તાલ-દીપચંદી)

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,
જુજવે રૂપ અનંત ભાસે;
દેહમાં દેવ તું તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે—ટેક૦

પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા,
વૃક્ષ થઇ ફૂલ્યો રહ્યો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ લાવીને,
શિવ થકી જીવ થયો એજ આશે....અખિલ—૧

વેદ તો એમ વદે શ્રુતિ સ્મૃતિ સાંખ દે,
કનક કુંડલ વિષે ભેદ ન જોયે,
ઘાટ ઘડ્યા પછી નામ રૂપ જુજવાં,
અંતે તો હેમનું હેમ હોયે....અખિલ—૨

વૃક્ષમાં બીજ તું બીજમાં વૃક્ષ તું,
જોયું પટંતર એ તપાસે;
ભણે નરસિંયો એ મનતણી શોધના,
પ્રીત કરૂં પ્રેમથી પ્રગટે પાસે....અખિલ૦—૩

પદ ૭ (રાગ-રામગરી—તાલ-દીપચંદી)

કોણ રે સમાના રે કામની, દત્ત ફરિયલ રામા;
પાંડવોની પ્રતિજ્ઞા પાળવા, વાલો મારો ઉભા છે સામા—ટેક૦
વાલોજી પધાર્યાતા વાડિયે, સર્વે સાહેલિયોની સાથે;
શેરડીનો સાંઠો છોલતાં, પારી બેઠી છે હાથે....કોણ—૧

માનેતીના મંદિરિયે પધારિયા, ચીથલડીના કાજે;
દ્રૌપદીએ ચીર વિદારિયાં, હરિ પાટો બાંધોને હાથે....કોણ—૨
ત્રિકમે તાગા લેખિયા, લેખી કીધા છે લેખે;
નવસો નવાણું ચીર પૂરિયાં, સઘડી સભા દેખે....કોણ—૩
ગરૂડે ચડી ગોવિંદ આવિયા, આવ્યા અંતરજામી;
ભક્ત ઉદ્ધારણ ભૂધરા, મહેતા નરસિંયાના સ્વામી....કોણ—૪

પદ ૮ (હુંડી—રાગ-રાસનો)

મારી હુંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી;
મારી હુંડી શામળિયાને હાથ રે, શામળા ગિરધારી....ટેક.
સાખી:-રાણાજીએ રીસ કરી, વળી મીરાં કેરે કાજ;
ઝેરના પિયાલા મોકલ્યા રે,
વાલો ઝેરના જારણહાર રે....શામળા—૧
સાખી:-સ્થંભ થકી પ્રભુ પ્રકટિયા, વળી ધર્યું નરસિંહનું રૂપ;
પ્રહલાદને ઉગારિયો, વાલે માર્યો હરણાકંસ ભૂપ રે.
સાખી:-ગજને વાલે ઉગારિયો, વળી સુદામાની ભાંગી ભૂખ;
દોહેલી વેળાના મારા વાલમા,
તમે ભક્તોને ઘણાં આપ્યાં સુખ રે....શામળા—૩
સાખી:-પાંડવોની પાળી પ્રતિજ્ઞા, વળી દ્રૌપદીનાં પૂર્યાં ચીર;
નરસિંહ મહેતાની હુંડી સ્વીકારજો,
તમે સુભદ્રા બાઈના વીર રે....શામળા—૪

સાખી:–સાડાત્રણુસો તીર્થવાસી, વળી રૂપિયા છે સો સાત;
વાલા વહેલા પધારજો દ્વારકાં રે,
એને ગોમતી ન્હાવાની ઘણી ખંત રે....શામળા—૫

સાખી:–તીર્થવાસી સહુ ચાલિયા, વળી આવ્યા નગરની માંહી;
આ શહેરમાં એવું કોણ છે,
જેનું શામળશા શેઠ એવું નામ રે....શામળા—૬

સાખી:–નથી બ્રાહ્મણ નથી વાણિયો, નથી ચારણ નથી ભાટ;
લોક કરે સૌ ઠેકડી, નથી શામળશા શેઠ એવું નામ રે.

સાખી:–રહેવાને નથી ઝુંપડું, વળી જમવા નથી જાર;
બેટો બેટી વોળાવિયાં, મેં તો વોરાવી ઘર કેરી નાર રે.

સાખી:–ગ્રથ મારૂં ગોપીચંદન, વળી તુલસી હેમનો હાર;
સાચું નાણું મારો શામળો,
મારી દોલતમાં ઝાંઝ પખાવાજ રે....શામળા—૯

સાખી:–તીર્થવાસી સૌ ચાલિયા, વળી આવ્યા નગરની બહાર;
વેષ લીધો વાણિયાનો, મારૂં શામળશા શેઠ એવું નામરે.

સાખી:–હુંડી લાવો હાથમાં, વળી આપું પુરૂં દામ;
રૂપિયા આપું રોકડા, તેને ગણી લ્યો તમે તમામ રે.

સાખી:–હુંડી સ્વીકારી વાલે શામળે, વળી અરજે કીધાં કામ;
મહેતાજી ફરી લખજો મને,
મુજ વાણોતર સરખાં કાજ રે....શામળા—૧૨

પદ ૯ (રાગ—પરજ તાલ દીપચંદી)

આજ મેરે સદ્‌ગુરૂ દીયા રે બતાઇ રે,દલાલી મૈં તો રામકી હો....

તેરા સાહેબ તુજ પાસ હૈ, જ્યોં પત્થર બીચ આગ;
જો ચાહે દીદારકો, તો ચકમક હોઇકે લાગ રે....દલાલી—૧

હીરા સંધી ગાંઠડી, ઘરાક વિના મત ખોલ;
જબ મિલે હીરાકા પારખુ, તબ લેવે મોંઘે મૂલ રે....દલાલી—૨

હીરા સબકે પાસ હૈ, પરખી ન જાણે કોય;
જો હીરાકો પારખે, તો કંગાળ કાહેકો હોય રે....દલાલી—૩

લાલી મેરે લાલકી, જહાં દેખું તહાં લાલ;
દેખન ગઈ મૈં લાલકું, તો હો ગઈ મૈં ન્યાલ રે....દલાલી—૪

જહાં આપો તહાં આપદા, અરૂ સંશય તહાં શોક;
કહે કબીર કયોં ઉદ્ધરે, જાકો લાગા હૈ જલંધર રોગ રે....દ—૫

પદ ૧૦ (રાગ—કાલિંગડો તાલ ૩)

લજ્જા મોરી રાખો શ્યામ હરિ,
હરિ હરિ કરે દ્રૌપદા પુકારે ચરનોમેં ચિત ધરી—ટેક૦

કઠિનકર દુશાસન મારે, ગ્રહી ચોટી પકડી;
ભરી સભામેં દુર્યોધન રાજા, ચાહત નગન કરી....લજ્જા—૧

ભીષ્મ દ્રોણુ મુખસે નહીં બોલે, ઉન મુન શૂન્ય ખડી;
અર્જુન ભીમ યુધિષ્ઠિર રાજા, તિનસે કછુ ન સરી....લજ્જા—૨

ચીર ઉતાર કરે તન ન્યારા, સભા દેખ ખડી;
નહીં કોઇ તાત ન ભ્રાત હમાર, એકહી દ્રૌપદી ખડી....લજ્જા—૩

વસ્ત્ર પ્રદાન કીયે કરૂણાનિધિ, સભા હરખ ભરી;
જય જયકાર હુવા સર્વ જગમેં, દ્રૌપદી જન ઉગરી....લજા—૪
જો જો આયે શરન શ્યામકે, તાકી વિપત ટરી;
સુરદાસ કહે સંગ શ્યામકે, સ્યાલસે કૌન ડરી....લજા—૫

પદ ૧૧ (રાગ-ભજન—તાલ-દીપચંદી)

કરતાનો પંથ કરડો રે, ઉલટ અટપટી આંટી;
શિર સાટે શોધો રે, અવઘટ ઘાટ ગળી ઘાટી....ટેક.
હાંસી ખેલ નહીં હિંમત વિના, એ સુરા તણો સંગ્રામ;
નુરત સુરતના ધરત ભાલા જ્ઞાની, નહિં કાયરનું કામ;
અગમ પંથ એવો રે, અલક્ષમાં લક્ષ ચોટી....કરતાનો—૧
દેખાદેખી જોગ આરાધે, તનથી ન મળે તાર;
કઠણ દૂધ સિંહણુ તણું, એ તો પીએ સિંહણનાં બાળ;
બીજા પીવા ઇચ્છે રે, મિથ્યા સર્વે વાત ખોટી....કરતાનો—૨
કાચના મંદિરમાં શ્વાનજ પેઠો, દેખ્યો પોતાનો દિદાર;
પ્રતિબિંબ દેખીને ભસવા લાગ્યો, ત્યારે ભસ્યા શ્વાન હજાર;
આભાસે અથડાયો રે, મુવો શિર કુટી કુટી....કરતાનો—૩
મન બુદ્ધિ વાણીમાં નાવે, ગુરૂગમ જડે એવું જ્ઞાન;
અજર અમર અખંડ અવિનાશી, ભાઈ તે ઠરવાનું ઠામ;
રવિ સુખ સિંધુ રે, રહ્યો ઘટોઘટ ગોઠી....કરતાનો—૪

પદ ૧૨ (રાગ—રાસનો)

ધન્ય ધન્ય ઇશ્વરરામ નામને રે,
પાવન કીધું છે વાંઢાય ગામને રે—ટેક૦

53

ધન્ય ધન્ય ભૂમિ જ્યાં બિરાજહીં રે,
તે ભૂમિ તીર્થોમાં શિરતાજહીં રે—૧
ઋષિ મુનિ સર્વે ત્યાં આવહીં રે,
દર્શન કરી મહાસુખ પાવહીં રે—૨
જેનું દર્શન મહાસુખસીર છે રે,
જેનો આશય અતિ ગંભીર છે રે—૩
ઇશ્વર સાગરમાં જે નિત ન્હાય છે રે,
તેનાં પાપ તે પરલે થાય છે રે—૪
ધન્ય ધન્ય શિષ્યો શરણે રહ્યા રે,
તેનાં પૂર્વનાં પુણ્ય ઉદય થયાં રે—૫
રિદ્ધિ સિદ્ધિ તે જેહને હજુર છે રે,
સ્વામી બ્રહ્માનંદમાં ભરપૂર છે રે—૬
જેનું વર્તન ત્રિગુણાતિત છે રેં,
જેની શાસ્ત્ર અનુસારે રીત છે રે—૭
સ્વામી જ્ઞાન વિજ્ઞાન ભંડાર છે રે,
સ્વામી અભયદાનનાં દાતાર છે રે—૮
જેને રાવ રંક સર્વે એક છે રે,
જેને સહજ સમાધિની ટેક છે રે—૯
સ્વામી કલ્પતરૂ સુખધામ છે રે,
જિજ્ઞાસુને ઠરવાનું ઠામ છે રે—૧૦
જેના નયનો થકી અમૃત ઝરે રે;
જેની વાણી સંશય શોકને હરે રે—૧૧

સ્વામીજીનું તે હેત શું વખાણિયે રે,
જેના સંગે મહાસુખ માણિયે રે—૧૨
સ્વામી હસ્તકમલ જેને શિર ધરે રે,
તેના તાપ સંતાપ શોકને હરે રે—૧૩
સ્વામીના પાદપદ્મ ધોઈ પીજિયે રે,
લાભ માનવ દેહનો લીજિયે રે—૧૪
સ્વામી દેહ છતાં વિદેહ છે રે,
રહિત ધ્યાના ધ્યાન અને ધ્યેય છે રે—૧૫
ધન્ય ધન્ય જનની ધન્ય તાતને રે,
મુક્ત કીધાં દેવલબાઈ માતને રે—૧૬
ધન્ય ધન્ય કુળ પરિવારને રે,
સ્વામીના પિત્રો પામ્યા ઉદ્ધારને રે—૧૭
એ વાત તે વેદ પ્રમાણુહીં રે,
સંત મહિમા શ્રી મુખે વખાણુહીં રે—૧૮
બ્રહ્મદર્શી તે બ્રહ્મ સ્વરૂપ છે રે,
ઉપમાથી રહિત તે અનૂપ છે રે—૧૯
ભોળા બ્રહ્મ તણો અતિ ભાવ છે રે,
વાલજીભાઈ સેવાનો લે લાવ છે રે—૨૦
સ્વામીના ચરણે સદા ચિત દીજિયે રે,
તન મન ધન કુરબાન કીજિયે રે—૨૧
સ્વામીની મનોહર છબી ચિત ધારિયે રે,
હરિદાસ કહે ક્ષણુ ન વિસારિયે રે—૨૨

પદ ૧૩ (રાગ—રાસનો)

હાલો હાલો તો વાંઢાય હાલિયે રે,
મળી સંતોને મહા સુખ માલિયે રે....ટેક.
એક ગિરિવર ઉપર ગામ છે રે,
તેનું નિશ્ચય વાંઢાય રૂડું નામ છે રે—૧
પ્રથમ વિહારી સ્વામી તણો વાસ છે રે,
તેના બંધવ તે બાવો હરિદાસ છે રે—૨
તે તો સેવક ભાવે શરણે રહ્યા રે,
એ તો દેખતાં બ્રહ્મમાં ભળી ગયા રે—૩
સ્વામી ક્ષેમ તણી અતિ ખ્યાત છે રે,
તે તો સંત શિરોમણિ વિખ્યાત છે રે—૪
ગુરૂ ઇશ્વર તે આનંદરૂપ છે રે,
સર્વે સંત સભામાં અનૂપ છે રે—૫
અમે પૂરણ પુણ્ય થકી પામિયા રે,
સ્વામીના શરણે સર્વે દુઃખ વામિયા રે—૬
અતિ નિર્ગુણ સ્વામીજીનો હાલ છે રે,
જેને નવે નિધિ નિરમાલ છે રે—૭
અષ્ટ સિદ્ધિ સ્વામીજીની દાસ છે રે,
તેનો સંત ચરણમાં વાસ છે રે....૮
સ્વામીજીનાં દર્શનથી દેહભાવ જાય છે રે,
જેની કૃપાથી બ્રહ્મરૂપ થાય છે રે—૯

સ્વામી દેખતાં દીનદયાલ છે રે,
જેનો સોહં શબ્દમાં ખ્યાલ છે રે—૧૦
ધન્ય સેવક સ્વામીજીના સંગમાં રે,
પહોર આઠો આનંદ તેના અંગમાં રે—૧૧
ધન્ય ધન્ય ભૂમિ તણાં ભાગ છે રે,
જેમાં ઉત્તમ સ્વામીની જાગ છે રે—૧૨
ત્યાં સિંધલોનો સત ભાવ છે રે,
તેને દર્શનનો નિત્ય ઘણો લાવ છે રે—૧૩
વૃંદાવન તે ઇશ્વર-ધામ છે રે,
જ્યાં સંતોને મળે આરામ છે રે—૧૪
ત્યાં ઈશ્વર-સાગર ગંભીર છે રે,
જેનું ગંગા સરીખું નીર છે રે—૧૫
જ્યાં હરિજન દર્શને જાય છે રે,
તે તો નિત્ય તીરથમાં ન્હાય છે રે—૧૬
ત્યાં નંદનવન સમ બાગ છે રે,
તેમાં ભોળા બ્રહ્મનો અનુરાગ છે રે—૧૭
વૈષ્ણવ વાલજી તણું ઘણું હેત છે રે,
જેણે બાંધ્યું ધરમનું ખેત છે રે—૧૮
હરિદાસનો હિંગરિયે વાસ છે રે,
એ તો નરેડી મોથારાની પાસ છે રે—૧૯
ગુરૂ ઈશ્વર તે જ્ઞાન ગંભીર છે રે,
હરિદાસને સુખની સીર છે રે—૨૦

પદ ૧૪ (રાસ—રાગ-કલ્યાણ)

તારા મનમાં જાણે મરવું નથી રે, એવો નિશ્ચય કર્યો નિરધાર;
તેમાં ભૂલી ગયો ભગવાનને રે....ટેક.
ધન દોલત નારી ને ઘણા દીકરા રે,
ખેતી વાડી ઘોડી ને ઘરબાર....તેમાં....૧
મેડી મંદિર ઝરૂખા માળિયાં રે, સુખદાયક સુંદર સેજ—તેમાં–૨
ગાદિ તકિયા ને ગાલ મસુરિયાં રે, અતિ આડ કરે છે એજ—૩
નિચી કાંધ કરીને નમતો નથી રે, એવું સાધુ સંગે અભિમાન.
વનમાળી મોહનજીની મૂરતી રે, તેની સાથે ન લાગે તાન—૫
પાપ અનેક જન્મનાં આવી મળ્યાં રે,
તારી મતિ મલીન થઇ મંદ....તેમાં....૬
દેવાનંદના વાલાને વિસરી ગયો રે,
તારે પડ્યો ગળે જમ ફંદ....તેમાં....૭

પદ ૧૫ (રાગ—પરજ તાલ દીપચંદી)

ગુરૂજી આવ્યો રે જુઠો રે જમાન, કઠણ કલિયુગ વારો રે;
તેમાં કેમ રે દીધો કિરતાર, અવતાર અમારો રે—ટેક૦
ગુરૂજી વરણ ધરમ નહીં વેદ, આશ્રમ ભેદ ભાંગ્યું રે;
એવા જતીએ મેલ્યા જપ જોગ, લોભે મન લાગ્યું રે—૧
ગુરૂજી ગુરૂ મહિમા મરજાદ, સેવક નહીં પાળે રે;
તે તો મનના માને બહુ મત, પાખંડને પસારે રે—૨
ગુરૂજી નરપતિ નીતિ હીણ, પ્રજા બહુ પાપી રે;
એ તો કન્યા રે વેચીને કણ ખાય, વિરોધના વ્યાપી રે—૩

ગુરૂજી સૌએ મેલ્યા રે સંતોષ, એ વાટે ઓલાણા રે;
તેને કર્મે પડે દુષ્કાળ, ખાવા ન મળે દાણા રે—૪

ગુરૂજી પાપે કીધો રે પસાર, પૃથવીને બહુ પીડા રે;
એવું સત્ય ગયું સુખ નાહીં, દુઃખના આવ્યા દહાડા રે—૫

તમે સાંભળો રવિ ગુરૂ ભાણ, કલિજુગની નિશાની રે;
દાસ મોરારને ઉગારો મહારાજ, બાનું બિરદ જાણી રે—૬

પદ ૧૬ (રાગ—પરજ તાલ દીપચંદી)

મારા સનેહિ સતગુરૂ શ્યામ, સનમુખ તમે રહેજો રે;
આવો કલિજુગ વહે છે કરૂર, તેમાંથી તારી લેજો રે—ટેક૦

ગુરૂજી બાના રે બિરદની લાજ, રાખો તો હવે રહેશે રે;
તમે ભક્તવત્સલ ભગવાન, વદીને વેદ કહે છે રે—૧

ગુરૂજી પ્રગટ કરૂં રે પોકાર, સમરથ સાંભળજો રે;
તમારી ભક્તિમાં પાડે ભંગ, તે દુષ્ટોને તમે દળજો રે—૨

અમે કાલા રે ઘેલા કિરતાર, તોએ છીએ તમારા રે;
તમે આદિ રે અંત મધ્ય, એક સ્વામી છો અમારા રે—૩

ગુરૂજી દુરિજન દે બહુ દુઃખ, પ્રભુજી એને ટાળો રે;
તમે નોધારાના છો આધાર, બુડતાની બાંય ઝાલો રે—૪

દાસ મોરાર કહે મહારાજ, પૂરવની પ્રીતે રે;
તમે રહેજો મારા હૃદયામાંહી, અખંડ અદ્વૈતે રે—૫

પદ ૧૭ (રાગ—આશાવરી તાલ પંજાબી ઠેકો)

રામ રતન ધન પાયો મૈયા મેં તો, રામ રતન ધન પાયો—ટેક.
સાધુકી સંગત ગુરૂકી કૃપાસે, ભાગ્ય બડો બની આયો....મૈયા ૧
અગ્નિ ન જારે નીર ન બોડે, ધરણી ધર્યો ન સમાયો....મૈયા. ૨
ખર્ચ્યો ન ખૂટે ચોર ન લૂંટે, દિન દિન હોત સવાયો....મૈયા. ૩
નામકી નાવ ભજન કેવટિયાં, ભવ-સાગર તરી આયો....મૈયા.૪
બાઈમીરાં કહે પ્રભુ ગિરધરનાગર,ચરનકમલ ચિત લાયો....મૈ.૫

પદ ૧૮ (રાગ—ભજન તાલ ૩)

કુડા નર કેમ તરે રે, અંધા ઉજડમાં અથડાય....કુડા-ટેક.
જીવ પડ્યો જંજાલમાં, શિર ઉઠાયો ભાર;
કઈક જનમના કર્મ કમાયો, પાપી નરક દોવાર....કુડા—૧
શ્વાન સરીખો ભમે ભટકતો, પેટ ભર્યાને કાજ,
સગા કુટુંબ તને સૌ મળી લૂંટે, નકટા નાવી લાજ....કુડા—૨
ધિક જનની તોહે જન્મ ધરાયો, પાપી કરમ ચંડાલ;
મુખ દીઠે એનું દોષજ લાગે, ભૂમિ મારી ભાર....કુડા—૩
ભેખ ભગતની હાંસી લાવે, મનમાં રાજી થાય;
કુબુદ્ધિમાં કુટાઇ મુવો, પછી સેજે નરકમાં જાય....કુડા—૪
પરધન દેખી પિંડ પર જારે, મનમાં લેવા ધારે;
તિલકદાસ કહે ઝાઝા તુને, જમ જોડા શિર મારે....કુડા—૫

પદ ૧૯ (રામ—ભજન તાલ ૩)

ભજન કર ભાવસેં રે, ભજ તું એક નિરંતર રામ....ભજન-ટેક
સંશય સર્વે છોડી કરી, રહે નામમેં લીન;
જાયા સો રહેવે નહીં, જગ જીવન દિન તીન....ભજન—૧
માયાકો સંગ્રહ કરી, બાંધી બેઠો ધામ;
મરવા ટાણે મૂરખ, તુજને કોડી ન આવે કામ....ભજન—૨
સાહેબને તેં સમર્યા નહીં, મૂરખ મૂઢ ગેમાર;
આવ્યો સોદો સાધવા તું, પામી બેઠો હાર....ભજન—૩
સોદા કરી લે સાહેબસે ઓરનસે નહીં કામ;
મનની મમતા છોડ દે, ભજ એક નિરંતર નામ....ભજન—૪
શું કરવા તું સરજિયો, ભજ્યા નહીં ભગવાન;
પેટ ભર્યું તેં પાપિયા, કેમ પોચીશ પદ નિરવાણ....ભજન—૫
મરવા ટાણે મૂરખા, તને કાંઇ ન આવ્યું હાથ;
તિલકદાસ કહે શું કરવા તેં, સમર્યા નહીં શ્રીનાથ....ભજન—૬

પદ ૨૦ (રાગ—રાસનો)

વણજારો વણજારો વણજેથી આવ્યો વણજારો;
એવો દેશ પરદેશ રમનારો, વણજેથી આવ્યો વણજારો-ટેક.
શેઠની મુડી તમે લાવ્યા સંગાતે, તેમાં તે કરજો વધારો....૧
માલ કુમાલ તમે જોઇને લેજો, બીજો તે માલ છે ગારો....૨
તોલાં સાંધણની તેવડ કરજો, બાંધશોમાં પાપનો ભારો....૩
દાસ દયો કહે થાજો દલાલી, હાની લાભ પેઠીએ વધારો....૪

પદ ૨૧ (રાગ-ભજન—તાલ-૩)

ભૂલ્યા તમે કાં ભમો છો રે, આ છે હરિ ભજવાનું ટાણું....ટેક.
હરતા ફરતા હરિને સુમરો, શું બેસેછે નાણું, ભાઇ શું બેસેછે નાણું;
સમી સાંજના સુઈ રહ્યા છો, હમણાં વાસે વાણું,(૨)ભાઈ....ભૂ. ૧
ભરે ભરિયું ઠાલે ઠાલું, માયા મોટું માણું, (૨) ભાઈ;
ઓચિંતાનું આવશે આણું,પડયું રહેશે કરિયાણું,(૨)ભાઇ....ભૂ. ૨
માથે આવ્યું તે નહિ મટશે, ઘુંઘટમાં ઘેરાણું,(૨)ભાઇ;
બળ કરતાં બોલાય નહિ, માથે બેઠું યમનું થાણું(૨)ભાઈ....ભૂ. ૩
દીધા વિના તમે કયાંથી પામો,એ વાતો હું જાણું,(૨)ભાઇ;
ગણપત કહે છે ગુરૂ પ્રતાપે, ત્યાં નથી ઠેકાણું, (૨) ભાઇ....ભૂ. ૪

પદ ૨૨ (શ્રીથાળ)

હરિ મંદિરમેં હુઇ થાળી, મારા પ્રભુ મંદિરમાં હુઇ થાળી;
તમે જમોને મારા વનમાળી........ટેક૦
ઉના ઉના ભોજન ટાઢાં થાય, સાદ કરે જશોદા માય....હ. ૧
લાડવા ને લાપસી ચણાકેરી દાળ,પાપડપુરી માંય વળીનો વઘાર
હરિ તે ઉઠ્યા જમવા જાય, સાધુડા બેઠા મંગલ ગાય....હ. ૩
શેરિયે શેરિયે પડાવું સાદ, સર્વે આવી લ્યો પરસાદ....હ. ૪
લોટો ભર્યો જલ જમુના નીર,આચમન કરો મારા બલભદ્રવીર ૫
લવીંગ એલચી જાયફળ જોડ, મુખવાસ લ્યો મારા રાય રણછોડ
સરગાપુરમાં થાળી થાય,ભુતનાથ ચરણે અખો ગુણ ગાય....હ.૭

પદ ૨૩ (રાગ—રાસનો)

અંગ આઠો શીતળ થાય, સુખ કહ્યું ન જાય સત્સંગનું રે—ટેક.
અળસઠ તીરથ સૌ એને આંગણે રે, સતસંગમાં ભેળાં થાય—અં ૧
સુખ ઇંદ્રના લોકથી અધિક છે રે, વૈકુંઠથી વધતું જાય....અં. ૨
સુખ બ્રહ્માના લોકથી ભારે ઘણુંરે. એ તો વેદ પુરાણે વંચાય-અં
મ્હેતા નરસિંહ એ રીતે ભણે રે, એ તો ઓળખાવે અવિનાશ-૪

પદ ૨૪ (રાગ—ગોડી તાલ ૩)

ગર્વ કિયો સોઇ નર હાર્યો,સિયારાજીસે ગર્વ કિયો સોઇ નર હાર્યો-
ગર્વ કિયો હિરણ્યાકંસ રાજા, નરસિંહ રૂપ ધરી માર્યો....સિ. ૧
ગર્વ કિયો લંકાપતિ રાવણ, દશ મસ્તક કાપી માર્યો....સિ. ૨
ગર્વ કિયો રત્નાકર સાગર, નીર ખારો કરી ડાર્યો....સિયા—૩
ગર્વ કિયો ચકવા ને ચકવી, રૈન વિછોડો કરી ડાર્યો....સિ.—૪
ગર્વ કિયો અંજનિ કેરે પુત્ર, પાંઉ ખોડો કરી ડાર્યો....સિ.—૫
ગર્વ કિયો આવળ કેરે કુલડે, લઈને ચમાર કુંડમાં ડાર્યો—સિ.૬
ગર્વ કિયો દુર્યોધન રાજા, રાજ ખેદાન કરી ડાર્યો....સિયા.—૭
કહત કબીર સુનો ભાઈ સાધુ, શરને આયો સો ઉગાર્યો....સિ.૮

પદ ૨૫ (રાગ—ગોડી તાલ ૩)

જા ઘર કથા નહીં હરિ કિરતન, સંત નહીં મિજમાના રે;
તા ઘર જમડે ડેરા દીના, સાંજ પડે સમશાના રે—ટેક૦

મેરા મેરા કહત હૈ મૂરખ, મિથ્યો ન માન ગુમાના;
સાધુ સંતકી સેવા ન કીની, કીસ વિધ હોય કલ્યાના....જા.૧
ફૂલ્યો ફાલ્યો તું કયા ફિરત હૈ, કયા બતલાવત અંગા;
એક પલકમેં ફના હો જાયગા, જૈસા રંગ પતંગા....જા.૨
નાભિ કમલસેં નાવ ચલત હૈ, દ્વાદશ મિન ઠેરાના,
અધર તખત પર આપ બિરાજે, યહ સદગુરૂકી શાના....જા.૩
કાલ નગારાં નિશદિન બાજે, કયા બુઢા કયા જુવાના;
કહત કબીર સુનો ભાઈ સાધુ, છોડ ચલો અભિમાના....જા.૪

પદ ૨૬ (રાગ–આશાવરી—તાલ–૩)

જીન મુખસે સિયારામ ન સુમર્યો,
તિન મુખમેં તેરે ધૂળ પડી રે....જીન....ટેક.
ધિક તેરો જનમ જીવન તેરા ધિક હૈ,
ધિક ધિક મનુષ્યકી દેહ ધરી રે;
જીવત તાત મરા નહીં તેરા, કયોં જન્મ્યો તું પાપ કરી રે....૧
રામ નામ બિન રસના કૈસી, કરો ઉનકી ટુકડા ટુકડી રે;
જીન નેનનસે હરિ રૂપ ન નિરખ્યો,
ઉન નેનનમેં તેરે લુણ ભરી રે....૨
રતન પદારથ મનખો પાયો, આવત નહિ સો ફેર ફરી રે;
અબ તેરો દાવ બન્યો હૈ મૂરખ, કરના હોય સો લે તું કરીરે.૩
હાથ પસાર કિયો નહિ સુકિત, તીરથ કિયો નહીં ગમન કરીરે;
ખીમ કહે નર ફોગટ આયો, ખાલી તેરી એપ પડી રે....૪

પદ ૨૭ (રાગ-પ્રભાતી—તાલ-દીપચંદી)

હરિ તણું હેત તને કેમ ગયું વિસરી,
પશુ ટાળી જેણે નરરૂપ કીધું;
હઇડ ને છેડ કરી સૌ તને હાંકતો,
આવોજી પધારો એવું માન દીધું....ટેક.

પગ ઠોકી કરી મંદ મતિ માગતો,
ખાતો દાણા અને ઘાસ જીણું;
ગોવિંદ ગુણ તને કેમ ગયા વિસરી,
લાજ નાવે તને કર્મ હીણું....હરિ....૧

ઘાણીનું ઘાલિયું ગળે થકી ટાલિયું,
નેત્ર પાટા નાથે નાખ્યા છોડી;
તે તણું ભજન તું કરી લેને કૃતઘ્ની,
તેનો પાડ માન તું હાથ જોડી....હરિ.૨

ડોક લાંબી કરી કણકતો ચાલતો,
ભાર લાદી જેમ ઉંટ ચાલે;
હવે મલપતા ફરો અમૃત ભોજન કરો,
તેદિનાં દુઃખ તને કેમ ન સાલે....હરિ.૩

પીઠ અંબાડીએ અંકુશ બહુ મારતાં,
હસ્તિ ચાલ્યો જાય સુંઢ હેઠો;
હવે ચુવા ચંદન અંગ આભૂષણ,
વેગે ચાલ્યો જાય વેલ બેઠો....હરિ.૪

પશુ પક્ષી તણાં દુઃખથી છોડાવિયો
જાણુ પ્રભુએ તને દયા આણી;
ભણે નરસિંયો મતિ નહિ લખું તાહેરી,
માન તું મારી વેદ વાણી....હરિ ૫

પદ ૨૮ (રાગ—ભજન)

નિરંજન ધન તુમ્હરો દરબાર,
જહાં તનક ન ન્યાય બિચાર....ટેક.
રંગમહલમેં બસે મસખરે, પાસ તેરે સરદાર;
ધૂર ધૂપમેં સાધુ બિરાજે, ભયે જો ભવનિધિ પાર....૧
વેશ્યા ઓઢે ખાસા મલમલ. ગલ મોતિયનકો હાર;
પતિબરતાકો મિલે ન ખાદી, સૂખા નિરસ અહાર....૨
પાખંડીકા જગમેં આદર, સન્તકો કહે લબાર;
અજ્ઞાનીકો પરમ વિવેકી, જ્ઞાનીકો મૂઢ ગમાર....૩
કહે કબીર ફકીર પુકારી, ઉલટા સબ વ્યવહાર;
સાચ કહે જગ મારન ધાવે, ઝૂઠનકો ઇતબાર....૪

પદ ૨૯ (અજ્ઞાનીકી દશા—રાગ-ભજન)

પાનીમેં મીન પિયાસી, મોહે સુનિ સુનિ આવત હાંસી....ટેક
આતમજ્ઞાન વિના નર ભટકે, કોઇ મથુરા કોઇ કાશી;
જેસે મૃગા નાભિ કસ્તૂરી, બન બન ફિરત ઉદાસી....૧

જલ બિચ કમલ કમલ બિચ કલિયાં, તાપર ભમર નિવાસી;
સો મનવશ ત્રિલોક ભયો સબ, યતી સતી સંન્યાસી....૨

જાકો ધ્યાન ધરે વિધિ હરિહર, મુનિજન સહસ્ર અઠાસી;
સો તેરે ઘટ માહીં બિરાજે, પરમ પુરુષ અવિનાશી....૩

હૈ હાજિર તેહિ દૂર બતાવે, દૂરકી બાત નિરાશી;
કહે કબીર સુનો ભાઈ સાધુ, ગુરુ બિન ભરમ ન જાસી....૪

પદ ૩૦ (ચેતાવની—રાગ-ભજન)

ચાદર ઝીની હો રામ ઝીની, યે તો સદા રામરંગ ભીની-ટેક.

અષ્ટ કમલદલ ચરખા ચાલે, પાંચ તત્ત્વ ગુણ તીની;
કર્મકી પૂની કાતન બેઠી, કુકુરી સુરતિ મહીની....૧

ખાસકો તાર સંભારકે કાત્યો, નૌમન પ્રકૃતિ પ્રબીની;
સો લઇ સૂત જુગતિસે જનકી, રચના રચી નવીની....૨

ઇંગલા પિંગલા તાના કીનો, સુષુમન ભરની દીની;
નવ દસ માસ બીનતે લાગે, ઠોંક ઠાંકકર દીની....૩

સો ચાદર સુર નર મુનિ ઓઢી, ઓઢિકે મેલી કીની;
તાહિ કબીર જુગતિસે ઓઢી, જ્યોંકી ત્યોં ધર દીની....૪

(ધ્વની રાગ—ભીમપલાસ)

સીયારામ કહો રાધેશ્યામ કહો,
સીયારામ કહો રાધેશ્યામ કહો........ટેક૦

સીયારામ વિના દુઃખ કોન હરે;
રાધેશ્યામ વિના સુખ કોન કરે....સીયારામ—૧

સીયારામ વિના ઉદ્ધાર નહીં,
રાધેશ્યામ વિના બેડોપાર નહીં....સીયારામ—૨

ૐ શિવાય નમઃ ૐ શિવાય નમઃ
ૐ શિવાય નમઃ ૐ નમઃ શિવાય.

હરે રામ હરે રામ રામ રામ હરે હરે,
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

ૐ શ્રીરામ જય રામ જય જય રામ,
ૐ શ્રીરામ જય રામ જય જય રામ.

—: સમાપ્ત :—

realpatidar.com

realpatidar.com



શ્રી સત્સંગ પ્રેસ,
રાજકોટ.